

રહસ્યકથાનાં Queen of Crime
અગાથા ક્રિસ્ટી
પળે પળે રહસ્ય સર્જતી રોમાંચક કથા
ક્રાઇમ
Scene

VISIT…

LANZAROTE Caliente.com

લેખક વિશે

'અગાથા ક્રિસ્ટી' એટલે રહસ્યકથાના લેખકોમાં જગમશહૂર નામ. તેમને 'રહસ્યકથાનાં રાણી' તરીકે ઓળખવામાં આવે છે. તેમણે લખેલ રહસ્યકથાઓની અંગ્રેજી ભાષામાં 100 કરોડથી વધુ પ્રત વેચાઈ ચુકી છે અને બીજી 100 કરોડ પ્રત દુનિયાની અનેક ભાષામાં અનુવાદિત થઈને સમગ્ર વિશ્વના વાચકો સુધી પહોંચી છે. વિશ્વના ઈતિહાસમાં તેઓ એવાં લેખિકા છે જેમનાં પુસ્તકો અંગ્રેજી અને અન્ય ભાષામાં સૌથી વધુ સંખ્યામાં પ્રકાશિત થયાં છે. ફક્ત બાઇબલ અને શેક્સપિયરના પુસ્તકોનું વેચાણ આ સંખ્યાથી વધારે છે. તેમણે રહસ્યને આલેખતી નવલકથા અને ટૂંકી વાર્તાનાં 80 પુસ્તકો લખ્યાં છે. આ ઉપરાંત 19 નાટકો અને *Mary West Mascot* ના નામે 6 નવલકથાનું સર્જન કર્યું છે.

તેમણે પોતાની પ્રથમ નવલકથા *The Mysterious Affairs at Styles* પ્રથમ વિશ્વયુદ્ધના અંતે સન્ 1920માં લખેલી. આમાં તેમણે ડિટેક્ટિવ હરક્યુલ પોઈરોના પાત્રનું નિર્માણ કર્યું. બેઠી દડીનું કદ અને મોટી આંકડા ચડાવેલી મૂછો ધરાવતા બેલ્જિયમના રહેવાસી હરક્યુલ પોઈરો રહસ્યકથાના લોકપ્રિય ડિટેક્ટિવ તરીકે શેરલોક હોમ્સ પછીનું સ્થાન ધરાવે છે.

The Murder of Roger Ackroyd અગાથા ક્રિસ્ટીની નાટ્ય રૂપાંતર પામેલી પ્રથમ નવલકથા હતી, જેનું *Alibi* નામના નાટકમાં રૂપાંતર થયું અને જે લંડનના વેસ્ટ એન્ડમાં ભજવાયું. એમણે લખેલું *Mousetrap* નાટક ઇંગ્લેન્ડમાં છેલ્લા સાઇઠ વર્ષથી દરરોજ ભજવાઈ રહ્યું છે જે એક વિશ્વવિક્રમ છે. 1971માં અગાથા ક્રિસ્ટીને *Dame* નો ઈલ્કાબ એનાયત થયેલો. 1976માં તેઓનું અવસાન થયું. તેમનાં અવસાન બાદ તેમનાં અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. બેસ્ટસેલર બનેલી નવલકથા *Sleeping Murder* 1976માં પ્રસિદ્ધ થયેલી. ત્યારબાદ તેમની આત્મકથા પ્રસિદ્ધ થઈ અને પછી ટૂંકી વાર્તાના સંગ્રહ *Miss Marple's Final cases, Problem at Pollensa Bay* અને *While the light lasts* પ્રકાશિત થયાં. ૧૯૯૮માં તેમણે લખેલા *Black Coffee* નાટકનું ચાર્લ્સ ઓસ્બોર્ન નામનાં લેખક દ્વારા નવલકથામાં રૂપાંતર થયેલું.

ક્રાઇમ *Scene*

પળે પળે રહસ્ય સર્જતી રોમાંચક કથા

અગાથા ક્રિસ્ટી

અનુવાદઃ નીતિન ભટ્ટ

સંપર્કસૂત્ર



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

116, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441

`દ્વારકેશ', રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573

Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

CRIME SCENE

Gujarati Translation of English Timeless Bestseller

`And Then There Were None'

Written in English by Agatha Christie

Translated into Gujarati by Nitin Bhatt

Published by **R. R. Sheth & Co. Pvt. Ltd.**

Mumbai □ Ahmedabad

2017

ePub Version 3.0.1
eISBN: 978-93-5122-715-1

કાર્લો અને મેરી માટે...

ખૂબ જ પ્રેમપૂર્વક
તેમનું જ તેમને અર્પણ...

લેખકનું કથન

આ પુસ્તક લખવું ઘણું અઘરું હતું એટલા માટે જ તે લખવા માટે મને અદમ્ય આકર્ષણ થયું. દસ વ્યક્તિ મૃત્યુ પામે છે એ વાત એવી રીતે કહેવાની હતી કે તે હાસ્યાસ્પદ ન લાગે અને એ સાથે જ એમના મૃત્યુનું કારણ પણ દેખાઈ ન આવે.

બહુ ઊંડા વિચાર અને આયોજન બાદ મેં આ પુસ્તક લખ્યું. જે પરિણામ આવ્યું એનાથી હું સંતુષ્ટ છું. જે રીતે ઘટનાઓ બને છે તે સરળ અને સ્પષ્ટ છે છતાં તે વાચકના મનમાં રહસ્ય પેદા કરે છે. કથાના અંતમાં દરેક ઘટનાનો યોગ્ય ખુલાસો કરવામાં આવે છે.

આ કથાને વાચકો તરફથી સારો આવકાર અને વિવેચકો પાસેથી સારો અભિપ્રાય મળ્યો છે. જો કે આ કથાથી જે વ્યક્તિને સૌથી વધુ પ્રસન્નતા થઈ છે એ હું પોતે છું, કારણકે કોઈપણ વિવેચક કરતાં મને વધુ ખબર છે કે આ વાર્તા લખવાનું કામ કેટલું કપરું હતું.

(આત્મકથામાંથી)

દસ નાના સિપાહી, સહુ જમવા ગયા,
એકનો રૂંધાયો શ્વાસ, હવે નવ રહ્યા.

નવ નાના સિપાહી મોડા સૂવા ગયા,
એક તો ઊઠ્યો જ નહીં, હવે આઠ રહ્યા.

આઠ નાના સિપાહી, ડેવોન ફરવા ગયા,
એક ત્યાં રહી ગયો, હવે સાત રહ્યા.

સાત નાના સિપાહી, લાકડા કાપવા ગયા,
એકને વાગી કુહાડી, હવે છ રહ્યા

છ નાના સિપાહી, મધપૂડા પાસે ગયા,
એકને ડંખી માખી, હવે પાંચ રહ્યા.

પાંચ નાના સિપાહી કાયદાની કોર્ટે ગયા,
એક જોડાયો અદાલતે, હવે ચાર રહ્યા.

ચાર નાના સિપાહી દરિયે ફરવા ગયા,
એક ધ્યાન ચૂક્યો, હવે ત્રણ રહ્યા.

ત્રણ નાના સિપાહી, પ્રાણીબાગે ગયા,
એકને ઝડપ્યો રીંછે, હવે બે રહ્યા.

બે નાના સિપાહીએ, તડકે આરામ કર્યો,
એકને લુ લાગી ગઈ, હવે એક રહ્યો.

એક નાનો સિપાહી, સાવ એકલો પડ્યો,
લટકી ગયો ફાંસીએ, હવે કોઈ ના રહ્યો.

પાત્ર પરિચય

૧. જસ્ટિસ લોરેન્સ વોરગ્રેવ	હાઈકોર્ટના નિવૃત્ત જજ
૨. વેરા ક્લેથોર્ન	સ્કૂલમાં PT ટીચર
૩. ફિલિપ લોમ્બાર્ડ	મજબૂત બાંધાનો ચાલાક યુવાન
૪. મિસ એમિલી બ્રેન્ટ	કડક શિસ્તમાં માનનાર રુઢિચુસ્ત મહિલા
૫. જનરલ મૅકઆર્થર	નિવૃત્ત આર્મીમેન
૬. ડૉક્ટર આર્મસ્ટ્રોંગ	ખ્યાતનામ ડૉક્ટર
૭. એન્થની માર્સ્ટન	હેન્ડસમ, નફિકરો નવજુવાન
૮. મિસ્ટર બ્લોર	ડિટેક્ટિવ
૯. મિસ્ટર રોજર્સ	બટલર-ટાપુ પરના ઘરની દેખરેખ રાખનાર
૧૦. મિસિસ રોજર્સ	રોજર્સની પત્ની, કામમાં સહાયક

1

સોલ્જર ટાપુના મહેમાનો

1

ટ્રેનના ફર્સ્ટક્લાસમાં ખૂણાની બર્થ પર બેઠેલા નિવૃત્ત જજ શ્રી વોરગ્રેવ, સિગારનો કશ લગાવતા છાપું વાંચી રહ્યા હતા. થોડીવાર બાદ છાપું મૂકીને તેમણે બારી બહાર નજર કરી. ટ્રેન સમરસેટ પરગણામાંથી પસાર થતી હતી. ઘડિયાળમાં જોઈને તેમણે વિચાર્યું: `બસ હવે બે કલાક રહ્યા.'

ડેવોન કિનારાથી થોડે દૂર આવેલા 'સોલ્જર ટાપુ' વિષે તેમણે જેટલું વાંચેલું તે બધું યાદ આવ્યું. તે ટાપુ અમેરિકાના એક કરોડપતિએ ખરીદેલો કેમકે એને યૉટમાં સફર કરવાનો બહુ શોખ હતો. તેણે ત્યાં અદ્યતન, વિશાળ મકાન બનાવેલું.

કમભાગ્યે આ અમેરિકનની ત્રીજી પત્નીને દરિયાની મુસાફરી જરાપણ અનુકૂળ નહોતી આવતી. આને કારણે એણે આ મકાન અને ટાપુ વેચવા કાઢેલાં. છાપામાં મસમોટી આકર્ષક જાહેરાતો આપેલી. ત્યારબાદ સમાચાર આવ્યા કે કોઈ મિસ્ટર ઓવેને આ ટાપુ અને મકાન ખરીદેલાં. બસ આ સમયથી જાતજાતની અફવાઓ ઊડવા લાગી. કોઈએ કહ્યું કે હીરોઈન ગેબ્રીએલા તુર્લે આ મિલકત ખરીદેલી, કારણ કે તેને વર્ષમાં થોડા મહિના એકાંતમાં રહેવું હતું. તો કોઈ એમ માનતું હતું કે રાજ્યપરિવાર માટે આ ટાપુ ખરીદવામાં આવેલો. કોઈ વળી એમ માનતું હતું કે તાજા પરણેલા લોર્ડ L— અહીં સુહાગરાત ઊજવવાના હતા અને તેમણે આ ટાપુ અને મકાન ખરીદી લીધાં'તાં.. એક માન્યતા એવી પણ હતી કે નૌસેના અહીં ચોક્કસ પ્રકારના તદ્દન ખાનગી પ્રયોગો કરવા માગતી હતી.

આમ 'સોલ્જર ટાપુ' વિષે છાપામાં ઘણા સમાચાર આવતા હતા.

જજ વોરગ્રેવે ખિસ્સામાંથી એક કાગળ કાઢ્યો. અક્ષર સ્પષ્ટ રીતે વંચાતા ન હતા પરંતુ છૂટાછવાયા અમુક શબ્દો સ્પષ્ટ દેખાતા હતા. ***પ્રિય લોરેન્સ... ઘણા સમયથી તારા તરફથી સમાચાર નથી. સોલ્જર ટાપુ પર તું જરૂર આવ. બહુ જ ગમે તેવું સ્થળ છે... કેટલી બધી વાતો ભેગી થઈ છે!.... આપણે જૂના દિવસો યાદ કરીશું... કુદરતના વાતાવરણમાં મહાલીશું... સરસ તડકો માણીશું... ૧૨.૪૦ વાગે પેડિંગટન સ્ટેશનથી ટ્રેન છે... હું***

ઓક્બ્રિજ સ્ટેશન પર તને મળીશ... રાબેતા મુજબની સહી હતી. કોનસ્ટન્સ કલ્મિંગટન.

જજ વિચારી રહ્યા "છેલ્લે કોનસ્ટન્સને પોતે ક્યારે મળ્યા હતા? યાદ આવ્યું કે આઠ વર્ષ પહેલાં તે કુદરતી સૌંદર્યને માણવા ઇટાલી જઈ રહી હતી ત્યારે તેને મળવાનું બનેલું. ત્યારબાદ તે સીરિયા જવાની હતી. જજને થયું કે કોનસ્ટન્સ કલ્મિંગટન થોડા વિચિત્ર સ્વભાવની સ્ત્રી હતી. એટલે એ શક્ય હતું કે પોતાની આસપાસ રહસ્યની જાળ ઊભી કરવા માટે પણ તેણે આવો એક ટાપુ ખરીદી લીધો હોય! જે હોય તે, આ વિચારયાત્રા અહીં અટકી ગઈ અને તેઓ ઊંઘવા માંડ્યા.

2

વેરા ક્લેથોર્ન ત્રીજા વર્ગના ડબામાં બીજા પાંચ મુસાફરો સાથે મુસાફરી કરી રહી હતી. પોતાનું માથું બર્થ પર ટેકવીને આંખો બંધ કરી વિચારવા લાગી કે 'ઓહ! ટ્રેનની મુસાફરીમાં કેવી ગરમી થતી હતી! હવે તો હું દરિયે પહોંચીશ ત્યારે જ જરા સારું લાગશે. તેને થયું કે તેનું નસીબ સારું હતું કે આ નોકરી તેને મળી ગઈ. જો કે સહેલગાહના સ્થળે નોકરી જોઈતી હોય તો મોટા ભાગે બાળકોની સંભાળ રાખવાનું કામ મળતું. કોઈની સેક્રેટરી તરીકે આવી નોકરી મેળવવી એ ઘણું અઘરું હતું. એજન્સીએ પણ એ માટે બહુ આશા નહોતી આપી.

ત્યાં એક દિવસ પત્ર આવ્યો.

મને તમારું નામ અને ભલામણ 'સ્કીલ્ડ વુમન એજન્સી' દ્વારા મળ્યાં છે. હું સમજુ છું કે તેઓ તમને અંગત રીતે ઓળખે છે. હું તમારી અપેક્ષા મુજબ પગાર આપવા તૈયાર છું અને ઇચ્છું છું કે તમે ૮મી ઑગસ્ટના રોજ તમારી ફરજ પર હાજર થાઓ. ૧૨.૪૦ વાગે પેડિંગ્ટન સ્ટેશનથી ટ્રેન છે. ઓક્બ્રિજ સ્ટેશન પર તમને કોઈ લેવા આવશે. આ સાથે ખર્ચ પેટે પાંચ પાઉંડ મોકલ્યા છે.

આપની વિશ્વાસુ
નાન્સી ઓવેન

પત્ર પર આ મુજબના સરનામાનો સિક્કો મારેલો. ***સોલ્જર ટાપુ, સ્ટીકલહેવન, ડેવોન.***

સોલ્જર ટાપુ! હમણાંનાં છાપાં તો બસ સોલ્જર ટાપુના સમાચારથી ભરપૂર હતાં! ઘણાં પ્રકારની વિગતો અને રસપ્રદ અફવાઓ વાંચવામાં આવતી હતી. કદાચ તેમાંની ઘણી ખોટી પણ

હોય તે શક્ય હતું, તો પણ એક વાત નક્કી હતી કે ત્યાનું મકાન એક કરોડપતિએ બનાવેલું અને તેમાં સર્વશ્રેષ્ઠ, મૉડર્ન સગવડો હતી.

વેરા ક્લેથોર્ન હાલની તેની સ્કૂલની નોકરીથી થાકેલી હતી. તે વિચારતી હતી. *'પછાત ગણાય એવી સ્કૂલમાં PT ટીચર તરીકે કામ કરવામાં મજા નથી. કાશ! મને કોઈ સારી સ્કૂલમાં નોકરી મળે તો કેવું સારું!'*

તરત તેનું દિલ એક થડકારો ચૂકી ગયું અને તેને વિચાર આવ્યો. 'આ નોકરી છે તે પણ મારું સારું નસીબ છે. નહીં તો પોલીસતપાસમાં જેનું નામ આવ્યું હોય તેને તો નોકરી આપવી કોઈ પસંદ જ ન કરે. જો કે, પોલીસતપાસમાં હું તદ્દન નિર્દોષ સાબિત થઈ હતી.

તેને યાદ આવ્યું કે પોલીસ અધિકારીએ તેની સમયસૂચકતા અને હિંમત માટે તેને અભિનંદન આપેલા. પોલીસતપાસ તેને માટે સારી રહેલી. શ્રીમતી હેમિલ્ટન બહુ સારાં હતાં પણ ફક્ત હ્યુગો... જવા દો એ વાત. હ્યુગો વિષે તે વિચાર કરવા માગતી નહોતી.

ટ્રેનના ડબામાં ગરમી લાગતી હતી છતાં વેરાને ઠંડીનું લખલખું આવી ગયું. તેને થયું કે દરિયાકાંઠે તે ન જાય તો સારું. તેની આંખ સામે એક દૃશ્ય આવ્યું. 'સીરીલનું માથું, પાણીમાં ઉપર-નીચે થતું, ડૂબકાં ખાતું... ખડક તરફ જતું દેખાતું હતું.' ઉપર-નીચે, ઉપર-નીચે... એ પોતે એની પાછળ પાછળ આસાનીથી તરતી તરતી જતી હતી. તેની ઝડપ સારી હતી પણ તેને ઊંડે ઊંડે ખાતરી હતી કે સિરિલ પાસે તે સમયસર નહીં પહોંચે.

એણે વહેલી સવાર દરિયાના હૂંફાળા એવા ભૂરા પાણીના કિનારાની રેતીમાં સૂતાં સૂતાં માણેલી. હ્યુગો એની સાથે હતો. હ્યુગોએ કહેલું કે એ તેને પ્રેમ કરતો હતો.

એને લાગ્યું કે એણે હવે હ્યુગો વિષે વિચાર નહીં કરવા જોઈએ.

તંદ્રાવસ્થામાંથી જાગી હોય તેમ વેરાએ આંખો ખોલી તો સાચે જ સામે એક પુરુષને બેઠેલો એણે જોયો. દેખાવે તે ઊંચો, ઘઉંવર્ણો, આછા ભૂરા રંગની આંખોવાળો અને સહેજ ક્રૂર લાગે તેવા ચહેરાવાળો હતો.

વેરાને વિચાર આવ્યો કે `આ માણસે દુનિયા જોઈ લાગે છે, ઘાટ ઘાટનાં પાણી પીધાં લાગે છે!'

ફિલિપ લોમ્બાર્ડે પોતાની સામે બેઠેલી યુવતી સામે જોઈને વિચાર્યું કે `ઘણી આકર્ષક છે, પણ થોડી સ્કૂલ ટીચર જેવી દેખાય છે. જો કે તેમ છતાંએ પ્રેમમાં કે યુદ્ધમાં કોઈથી જિતાય એવી નથી. આવી યુવતી સાથે સંબંધ વધારવાનું ગમે!'

પછી ફિલિપને થયું કે હવે આવા બધા વિચારો મારે મનમાંથી કાઢી નાખવા જોઈએ અને મારા કામ પર જ મારે દયાન આપવું જોઈએ.

જો કે ફિલિપને એ વાતનું અચરજ હતું કે આ બધું શું થઈ રહ્યું હતું? પેલો ઠીંગણો જણ ખરેખર બહુ ભેદી લાગતો હતો. એણે કહ્યું'તું "કૅપ્ટન લોમ્બાર્ડ, તમને પસંદ પડે તો હા પાડો, નહીં તો વાત જવા દઈએ."

ફિલિપે વિચારપૂર્વક કહેલું, "સો ગીનીની વાત છે, એમ?"

એણે એ રીતે કહેલું કે જાણે સો ગીનીનું તેને માટે કાંઈ જ મહત્ત્વ ન હોય પણ સાચી વાત એ હતી કે અત્યારે તો એ સાવ કંગાળ થઈ ગયો હતો અને માંડ માંડ પેટ ભરી શકે એવી એની સ્થિતિ હતી. એને એ પણ અંદાજ હતો કે સામેનો માણસ એની પરિસ્થિતિ જાણતો હતો. બધા માણસો સાથે બનાવટ ન થઈ શકે.

એ સામાન્ય વાત કરતો હોય તેમ એણે પૂછ્યું, "આનાથી વધુ માહિતી ન મળી શકે?"

ઇઝાક મોરિસે તેનું ટાલવાળું માથું ધુણાવતાં કહેલું: "નહીં કૅપ્ટન લોમ્બાર્ડ, આનાથી વધુ માહિતી હું નહી આપી શકું. વળી મારા અસીલને ખબર છે કે તમે મુશ્કેલ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવામાં કાબેલ છો. મને બસ એટલો જ અધિકાર આપવામાં આવેલ છે કે હું તમને સો ગીની આપી શકું, જેના બદલામાં તમે સ્ટીકલહેવન, ડેવોન જઈ શકો. ટ્રેનનું નજીકનું સ્ટેશન ઓકબ્રિજ છે. ત્યાં તમને કોઈ વ્યક્તિ લેવા આવશે અને મોટરમાં સ્ટીકલહેવન સુધી લાવશે. ત્યાંથી તમને મોટરબોટમાં સોલ્જર ટાપુ પર લઈ જવામાં આવશે."

"કેટલા દિવસ માટે?" લોમ્બાર્ડે વાત કાપતાં પૂછેલું.

"વધુમાં વધુ એક અઠવાડિયા માટે."

"તમને એટલી તો ખબર છે ને કે હું કોઈ ગેરકાયદેસર કામ નહીં કરું?" લોમ્બાર્ડે પોતાની આછી મૂછ પર તાવ દેતાં, મોરિસ સામે તીરછી નજરે જોઈને સવાલ કર્યો. તેણે જોયું કે જવાબ આપતી વખતે મોરિસના ચહેરા પર આછું સ્મિત આવ્યું.

"તમને જો એ પ્રકારનું કામ આપવામાં આવે તો ત્યાંથી નીકળી જવાની તમને પૂર્ણ સ્વતંત્રતા છે."

આટલું કહેતી વખતે બદમાશ આછું હસતો હતો! જાણે કે કહેતો હોય "તમે વળી કેવાં 'કાયદેસરનાં' કામ કર્યા છે તે બધી ખબર છે!"

લોમ્બાર્ડ પોતે પણ આછું સ્મિત રોકી શક્યો નહીં. એ એકબે વાર કાયદાની 'સીમા' વળોટી ગયો હતો પણ નસીબજોગે બચી ગયેલો. ખરેખર તો એ કાયદાની 'સીમા' બાંધવામાં બહુ માનતોજ ન હતો.

તેને થયું કે સોલ્જર ટાપુ પર હવે તે આનંદથી દિવસો વિતાવવાનો હતો.

4

પાંસઠ વર્ષનાં મિસ એમિલી બ્રેન્ટ ટ્રેનના કમ્પાર્ટમેન્ટમાં હંમેશની ટેવ મુજબ ટટ્ટાર બેઠાં હતાં. તેમને આળસ સહેજ પણ પસંદ નહોતી. તેમના પિતા લશ્કરી અધિકારી હોવાથી દરેક કામ આગવી છટાથી કરતા અને તેમની એ અસર મિસ બ્રેન્ટ પર પડેલી. અત્યારે તેઓ કમ્પાર્ટમૅન્ટમાં બેઠાં બેઠાં વિચારોમાં ખોવાઈ ગયાં હતાં.

આજની પેઢી ઘણી બધી રીતે શિસ્તપાલનના મામલે બેશરમ તો હતી જ, પણ બીજી ઘણી બાબતોમાં રેઢિયાળ પણ હતી.

મિસ બ્રેન્ટ સચ્ચાઈમાં અને ચુસ્ત સિદ્ધાંત પાલનમાં માનતાં હતાં. અત્યારે ત્રીજા વર્ગમાં બેસીને ત્યાંની અગવડ અને ગરમીવાળી પરિસ્થિતિ પર જાણે વિજય મેળવી લીધો હોય એ રીતે એ બેઠાં હતાં. એ ફરી વિચારોમાં ખોવાઈ ગયાં. આજકાલ બધાં બહુ ફરિયાદ કરતાં થઈ ગયાં હતાં! બધાંને દાંત ખેંચાવ્યા પહેલાં જ ઇન્જેક્શન જોઈતું હતું. ઊંઘ ન આવે તો મોટા ભાગના લોકો નશીલી દવાનું સેવન કરતાં હતાં. લોકોને આરામદાયક ખુરશી જોઈતી હતી. યુવતીઓ ગમે તે રીતે પોતાનાં શરીરનું પ્રદર્શન કરતી અને ઉનાળામાં દરિયાકાંઠે અર્ધવસ્ત્રોમાં પડી રહેતી.

આટલું વિચારતાં તો મિસ બ્રેન્ટે સખ્તાઈથી હોઠ બીડ્યા. તેમને થયું કે અમુક લોકોને પાઠ ભણાવવાની ખરેખર જરૂર છે. તેમને ગયા ઉનાળાની રજાઓ યાદ આવી. એમને થયું કે આ વખતે સોલ્જર ટાપુ પર વાતાવરણ કદાચ અગાઉ કરતાં સાવ જુદું હોય તો સારું!

તેમણે ફરી એકવાર એ પત્ર યાદ કર્યો, જે તેમણે અત્યાર સુધીમાં અનેકવાર વાંચ્યો હતો..

પ્રિય મિસ બ્રેન્ટ,

હું આશા રાખું છું કે તમને હું યાદ હોઈશ. આપણે થોડાં વર્ષ પહેલાં ઑગસ્ટ મહિનામાં, બેલહેવન ગેસ્ટહાઉસમાં સાથે હતાં. આપણાં બંનેનાં ઘણા શોખ મળતા આવતા હતા.

હું ડેવોન કિનારા પાસે આવેલા ટાપુ પર એક ગેસ્ટહાઉસ શરૂ કરું છું. મને લાગે છે કે આ સ્થળે એક એવા ગેસ્ટહાઉસની જરૂર છે જ્યાં જમવા માટે સારી, પૌષ્ટિક વાનગીઓ મળતી હોય અને અત્યારે બધે દેખાતી નગ્નતા પણ ક્યાંય જોવા ન મળતી હોય. અડધી રાત સુધી વાગતા ગ્રામોફોનનો ઘોંઘાટ પણ ન હોય. તમે જો આ ગેસ્ટહાઉસમાં મારા મહેમાન બનીને, આ ઉનાળાની રજાઓ ગાળશો તો મને બહુ આનંદ થશે! તમને ઑગસ્ટના પહેલા પખવાડિયામાં આવવાનું ફાવશે? આઠમી ઑગસ્ટે આવવાનું રાખો.

આપની વિશ્વાસુ
યુ. એન. ઓ.

લખનારનું નામ શું હતું? સહી બરાબર વંચાતી નહોતી એટલે જાણી શકાયું નહીં કે આ પત્ર લખનાર કોણ હતું? એમિલી બ્રેન્ટ અકળાઈને મનોમન બબડ્યાં! 'ઘણા લોકો એવી રીતે સહી કરે છે જે વાંચી જ ન શકાય!'

બેલહેવન ગેસ્ટહાઉસમાં જેટલા લોકો મળેલાં તે સૌને તેમણે યાદ કરવા પ્રયત્ન કર્યો. તેમણે આ ગેસ્ટહાઉસમાં બે વૅકેશન ગાળેલાં. અહીં ત્રીસી વટાવી ચૂકેલી એક સ્ત્રી એમિલી બ્રેન્ટને મળેલી. એમિલી બ્રેન્ટ એ સ્ત્રીનું નામ યાદ કરવાં લાગ્યાં પણ યાદ નહોતું આવતું. એમને એટલું યાદ આવ્યું કે ત્યાં બીજી પણ એક મહિલા હતી જેનું નામ કદાચ મિસિસ ઓલ્ટન હતું. આ નામમાંય એમને શંકા પડી. છેવટે એ નામ તાજું થઈ ગયું અને એમિલી બ્રેન્ટ મનોમન બોલી ઊઠ્યાં નામ *ઓલીવર* હતું!

સોલ્જર ટાપુ સાથે સંકળાયેલા કોઈક ફિલ્મસ્ટારની વાત હતી કે પછી કોઈ અમેરિકન કરોડપતિની, પણ છાપામાં એના વિષે વાંચેલું તે એમિલી બ્રેન્ટને યાદ આવી ગયું.

અલબત્ત આવા ટાપુ સસ્તા ભાવે મળી જતા, તેમ છતાં દરેક વ્યક્તિને ટાપુ પર રહેવાનું ફાવતું નહીં. આમ તો ટાપુ પર રહેવાનો વિચાર રોમાંચકારી લાગતો પણ એકવાર ટાપુ પર આવ્યા પછી ત્યાંની અગવડોનો ખ્યાલ આવતો અને ટાપુનો માલિક તેને જલદીથી વેચવા માટે તૈયાર થઈ જતો.

એમિલીએ વિચાર્યું. 'એ જે હોય તે, મને તો ફ્રીમાં જ વૅકેશન ગાળવાનું મળે છે ને, પછી બીજી કડાકૂટ શું કામ કરવી?'

એમિલીની આવકમાં હમણાં ધરખમ ઘટાડો થયેલો અને શેરમાં જે પૈસા રોકેલા તેમાંનાં ઘણાનાં તો ડિવિડન્ડ પણ નહોતાં મળતાં. આ સંજોગોમાં વૅકેશનની આવી ફ્રી ઑફર ખરેખર સારી હતી. એમિલી બ્રેન્ટને એક જ વાતનો અફસોસ હતો કે કાશ, એમને પેલી મહિલા, જેના નામ વિશે તેમને શંકા હતી, એના વિષે થોડું વધુ યાદ આવ્યું હોત!

5

જનરલ મૅકઆર્થરે ટ્રેનના ડબાની બારીમાંથી બહાર નજર કરીને જોયું કે એક્સ્ટર સ્ટેશન આવી રહ્યું હતું. અહીં એમણે ટ્રેન બદલવાની હતી. એમને આવી ધીમી, નાની લાઇનની ટ્રેનમાં મુસાફરી કરવાનો ભારે કંટાળો આવતો હતો. જો કે સોલ્જર ટાપુ કાંઈ દૂર નહોતો પણ ટ્રેનની મુસાફરી લાંબી થઈ જતી હતી.

મૅકઆર્થર વિચારતા હતા, "આ 'ઓવેન' વળી કોણ છે?"

પત્રમાં ઓવેને લખેલું કે એ મૅકઆર્થરના મિત્રો સ્પૂફ લેગાર્ડ અને જહોની ડાયરનો મિત્ર હતો અને જણાવેલું કે *"તમારા એક-બે જૂના સાથીદારો આવવાના છે. તેમની સાથે જૂની વાતો યાદ કરવાનું તમને બહુ ગમશે."*

મૅકઆર્થરને એમ લાગતું હતું કે હમણાં હમણાં લોકો તેમનાથી દૂર રહેતાં હતાં, તેમને અવગણતાં હતાં! આવા સંજોગોમાં, જૂની વાતો યાદ કરવી જરૂર ગમે જ. કદાચ લગભગ ત્રીસ વર્ષ પહેલાં, પેલા આર્મીટેજને લીધે જે અફવા ઊડી હતી તેને કારણે બધાંએ મોઢાં ફેરવી લીધેલાં. ત્યારે તેને બહુ કપરું લાગેલું. મૅકઆર્થરે મનોમન વિચાર્યું કે 'જવા દો. એ વાત યાદ કરીને દુ:ખી થવાનો કાંઈ અર્થ નથી. હા, એ વાતો યાદ કરતાં ક્યારેક એવું લાગે કે કોઈ તમારી સામે ટીકીટીકીને, વિચિત્ર નજરે જોઈ રહ્યું છે.'

મૅકઆર્થરને થયું કે આ સોલ્જર ટાપુ જોવામાં તેને રસ પડશે. એના વિષે બહુ અફવાઓ ઊડતી હતી. વાતો તો એવીય સાંભળવા મળતી હતી કે નૌસેનાએ કે યુદ્ધનાં કાર્યાલયે અથવા રફોર્સે આ ટાપુ ખરીદી લીધો છે.

અમેરિકાના યુવાન કરોડપતિ એલ્મર રોબ્સને લખલૂટ ખર્ચો કરીને આ ટાપુ પર એશોઆરામની બધી સવલતવાળું મકાન બનાવેલું.

એક્સ્ટર સ્ટેશન આવ્યું. અહીં એક કલાક રોકાવાનું હતું! પણ તેમને ક્યાંય રોકાવું પડે તે ગમતું નહોતું કેમકે એમને તો બસ, આગળ જ ધપવું ગમતું'તું.

6

ડૉ. આર્મસ્ટ્રોંગ પોતાની મોરિસ કાર ચલાવતા સેલીસબરી વિસ્તારમાંથી પસાર થતા હતા. એ ઘણા થાકેલા હતા. સફળતાની સાથે હંમેશાં તેની સજા જોડાયેલી હોય છે. એક સમય એવો હતો જયારે તે પોતાનાં આધુનિક સાધનોવાળા, વૈભવી ફર્નિચરથી સજાવેલાં ક્લિનિકમાં, દર્દીઓની રાહ જોઈને બેસી રહેતા. દિવસો સુધી કોઈ આવતું નહીં ત્યારે, એમને `આ ક્લિનિક શરૂ તો કર્યું છે પણ તે ચાલશે કે નહીં?' એવી ચિંતા રહ્યા કરતી.

પણ ક્લિનિક સફળતાપૂર્વક ચાલ્યું! એ નસીબવાળા હતા. તેમનામાં આવડત તો હતી જ પણ સફળ થવા માટે માત્ર આવડત જ પૂરતી નથી. નસીબની પણ જરૂર હતી અને એમનું નસીબ ચમકેલું. એમણે થોડાં યોગ્ય નિદાન કરીને એક-બે પૈસાદાર, વગદાર મહિલા દર્દીને સાજાં કરી દીધાં એટલે તેમનું નામ જાણીતું થઈ ગયેલું. પાર્ટીઓ અને મિટિંગોમાં `ડૉ. આર્મસ્ટ્રોંગ પાસે ઇલાજ કરાવો. યુવાન છે અને બાહોશ છે. મારું વર્ષો જૂનું દર્દ મટાડી દીધું' જેવા અભિપ્રાયો આપવાના શરૂ થઈ ગયા અને થોડા સમયમાં જ ડૉ. આર્મસ્ટ્રોંગની પ્રૅક્ટિસ ધમધોકાર ચાલવા લાગી!

ડૉ. આર્મસ્ટ્રોંગ આખો દિવસ વ્યસ્ત રહેતા જેથી તેમને આરામ માટે ભાગ્યે જ સમય મળતો. ઑગસ્ટ મહિનાની આ સવારે તેઓ ઘણા ખુશ હતા, કારણ કે લંડનની ધાંધલ-ધમાલથી દૂર, ડેવોન કિનારા પાસેના ટાપુ પર તેઓ થોડા દિવસો માટે જતા હતા. જો કે આને વૅકેશન કહી શકાય તેવું નહોતું. એમને જે પત્ર મળેલો એ બહુ સમજાય એવો નહોતો પણ પત્ર સાથે જે બહુ મોટી રકમની ફીનો ચેક હતો તે તરત સમજાય એવો હતો! તેમને થયું કે 'આ ઓવેન પાસે લખલૂટ પૈસો લાગે છે!' પત્રમાં જણાવેલું કે `મારી પત્નીની તબિયત બરાબર નથી રહેતી એની મને ચિંતા રહે છે. એની તબિયત વિષે એને ખબર ન પડે તે રીતે મારે રિપોર્ટ જોઈએ છે. તે બહુ નર્વસ છે એટલા માટે કોઈ ડૉક્ટરને બતાવવા તૈયાર નથી."

'નર્વસ' શબ્દ વાંચતા જ ડૉક્ટર આર્મસ્ટ્રોંગનાં ભવાં ચડી ગયેલાં! તેમને થયું કે આ મહિલાઓની નર્વસનેસનો ક્યારેય અંત નહીં આવે! જો કે પોતાના ધંધા માટે તો આ સારું જ હતું! એમના

દર્દીઓમાંની અડધા ભાગની મહિલાઓને કંટાળા સિવાય બીજી એકપણ બીમારી નહોતી. પણ તેમને આવું કહેવાતું ય નહીં! બસ, કોઈ ઉટપટાંગ રોગનું નામ લઈને કહેવાનું કે “તમને આ બીમારીની લાઇટ અસર છે. બહુ સિરિયસ નથી પણ તેની ટ્રીટમૅન્ટ જરૂરી છે. આમ જોવા જઈએ તો ડૉક્ટરની સફળતાનું મુખ્ય કારણ ડૉક્ટર પરની દર્દીની શ્રદ્ધા હોય છે. ડૉક્ટર આર્મસ્ટ્રોંગની વાત કરવાની રીત એવી હતી કે તેઓ દર્દીઓમાં આશા અને વિશ્વાસ જગાડી શકતા.

એમનું નસીબ એટલું સારું હતું કે પંદર વર્ષ પહેલાં કાયદાની કોઈ પકડમાં આવતાં આવતાં એ રહી ગયેલા. શરાબના સેવનને કારણે તેઓ સાવ બરબાદ થઈ ગયેલા. આ આઘાતને કારણે તે ફરી સજ્જ થયા. શરાબ પીવાનું સાવ બંધ કરી દીધું. તેમને યાદ આવ્યું કે સાચે જ, તે વખતે તો તેઓ જરાકમાં જ બચી ગયેલા.

ડૉક્ટર આ વિચારોમાં ખોવાયેલા હતા ત્યાં અચાનક કાનના પડદા ફાડી નાખે તેવો હૉર્નનો ભયાનક અવાજ સંભળાયો. એંશી માઈલથી વધુ ગતિએ દોડતી એક સુપરસ્પોર્ટ્સ ડાલમેઇન કાર તેમની કારને ઓવરટેક કરીને આગળ નીકળી ગઈ. ડૉ. આર્મસ્ટ્રોંગની કાર ફૂટપાથને અથડાતાં સહેજમાં રહી ગઈ. તે ગુસ્સે થઈને બબડ્યા. “આ કોણ હરામી આટલી ઝડપથી કાર ચલાવે છે? આ મૂરખ જુવાનિયા, રોડ તેમના બાપનો હોય તેમ ડ્રાઇવિંગ કરે છે?”

આવા યુવાનો તરફ આર્મસ્ટ્રોંગને બહુ નફરત હતી. અકસ્માત થતાં થતાં સહેજમાં રહી ગયો’તો.

7

પૂરઝડપે મોટર ચલાવતો ટોની માર્સ્ટન વિચારતો હતો. ‘હાઇવે પર ધીમી ગતિએ ચાલતી મોટરકારની સંખ્યા બહુ વધી ગઈ છે! કોઈક ને કોઈક તો રસ્તામાં આડું આવે જ! પાછા એ લોકો રસ્તાની વચ્ચે જ કાર ચલાવે.અહીં ઇંગ્લૅન્ડમાં કાર ચલાવવી એટલે માથાનો દુખાવો! ફ્રાંસ જેવું નહીં કે ધમધમાવીને કાર ભગાડી શકાય.’

‘કૉફી પીવા રોકાઉં કે નહીં?’ ગાડી ડ્રાઇવ કરતાં કરતાં તેણે વિચાર્યું. સમય તો પૂરતો હતો. હવે ફક્ત સો માઈલ જેટલું જ અંતર બાકી હતું. ‘તો લાવ ત્યારે જીન અને બિયર લગાવું, આમેય બહુ ગરમી લાગે છે.’ એમ વિચારી ટોનીએ એક હોટલ પાસે કાર ઊભી રાખી.

જીન-બિયર પીતાં પીતાં ટોનીના મનમાં વિચારો ચાલતા હતા. 'આ ટાપુ પર મજા તો આવશે પણ હવામાન સારું રહે તો જ! વળી પાછું એને થયું કે આ 'ઓવેન' કપલ કોણ હશે? કદાચ બહુ પૈસાદાર હશે. આવા લોકોને ઓળખવામાં બેજર ઉસ્તાદ હતો. જો કે હોય જ ને! બેજર પોતે સાવ કંગાળ હતો અને આવા લોકોના પૈસા પર જ નભતો હતો.

ટોનીને થયું 'આ લોકો પાસે ઊંચી જાતના શરાબ હોય તો સારું પણ આ પૈસાદારોનું કાંઈ કહેવાય નહીં. અમુક લોકો પોતે જ કમાયેલા પૈસા વાપરવામાં બહુ ચિંગૂસ હોય છે! સાંભળ્યું'તું કે હીરોઈન ગેબ્રીએલા તુર્લે આ સૉલ્જર ટાપુ ખરીદેલો પણ તે વાત તો સાવ ખોટી નીકળી! બાકી ફિલ્મી દુનિયાના લોકો સાથે સમય પસાર કરવામાં જલસા પડત!'

'Any way, ત્યાં થોડી યુવતીઓ હોય તો કેવું સારું!'

હોટલની બહાર નીકળી એણે હાથ-પગને થોડા સ્ટ્રેચ કર્યા, ઊંચે જોયું અને પોતાની ડાલમેઇન કારમાં બેઠો. અનેક યુવતીઓ તેને એકીટસે જોઈ રહી. ટોનીનું છ ફૂટ હાઇટ ધરાવતું સશક્ત શરીર, સરસ વાળ, ઘઉંવર્ણી ચામડી અને ભૂરી આંખો આકર્ષક લાગતાં હતાં.

કાર સ્ટાર્ટ કરી અને મોટા અવાજ સાથે ટોની સાંકડા રોડ પર આવ્યો. વૃદ્ધ લોકો અને નાનાં બાળકો કૂદીને કારના રસ્તામાંથી ખસી ગયાં. મોટા ભાગનાં બાળકો આવી સરસ કારને આશ્ચર્યથી જોઈ રહ્યાં.

એન્થની માર્સ્ટન જાણે વિજયયાત્રા પર નીકળ્યો હોય તેમ કાર ચલાવતો જઈ રહ્યો હતો!

8

પ્લાયમાઉથ સ્ટેશનથી મિસ્ટર બ્લોર પેસેન્જર ટ્રેનમાં બેઠા હતા. કમ્પાર્ટમૅન્ટમાં તેમના સિવાય ફક્ત એક જ મુસાફર હતો. નાવિક જેવો દેખાતો એ વૃદ્ધ મુસાફર અત્યારે સૂઈ ગયો હતો.

બ્લોર પોતાની ડાયરીમાં ધ્યાનપૂર્વક કશુંક લખી રહ્યા હતા.

'બધાનાં નામ આવી ગયાં.' તે મનમાં બોલ્યા. 'એમિલી બ્રેન્ટ, વેરા ક્લેથોર્ન, ડૉ. આર્મસ્ટ્રોંગ, એન્ટોની માર્સટન, જજ વોરગ્રેવ, ફિલિપ લોમ્બાર્ડ, જનરલ મૅકઆર્થર અને ટાપુ પરના મકાનની દેખરેખ રાખનાર શ્રીમાન અને શ્રીમતી રોજર્સ.

ડાયરી બંધ કરી એમણે ખીસામાં મૂકી. ખૂણામાં ઊંઘી રહેલા નાવિકને જોઈને એ ધીમેથી બબડ્યા, "આણે વધુ પડતો ઢીચ્યો લાગે છે."

પોતાને જે કામ કરવાનું હતું તેના પર તેમણે ફરીવાર ધ્યાનપૂર્વક વિચાર કર્યો. 'કામ તો સરળ લાગે છે, એટલે લાગતું નથી કે હું કોઈ ભૂલ કરી બેસીશ. છતાં સહેજ જોઈ તો લઉં, મારો દેખાવ બરાબર તો છે ને?'

તેમણે ઊભા થઈને આતુરતાપૂર્વક અરીસામાં જોયું. મૂછને કારણે તેમનો ચહેરો લશ્કરના સિપાહી જેવો લાગતો હતો. ચહેરા પર નહીંવત ભાવ હતા. ભૂખરી આંખો ચમકી રહી હતી.

અરીસામાં જોતાં જોતાં તેમણે પોતાની જાતને પૂછ્યું, 'હું લશ્કરના મેજર તરીકે ચાલુ કે નહીં? ત્યાં તેમને યાદ આવ્યું. 'અરે ભૂલ્યો. ત્યાં તો લશ્કરનો એક અનુભવી અધિકારી પહેલેથી જ હશે. મેજર જેવો દેખાવ કરીને હું જાઉં તો તરત પકડાઈ જાઉં.'

'બ્લોરને એક નવો જ વિચાર આવ્યો, 'હું સાઉથ આફ્રિકાનો છું એવી રજૂઆત કરીશ. કેમ કે આ મંડળીમાંથી લગભગ કોઈને સાઉથ આફ્રિકા વિષે કશી જ ખબર નહીં હોય. વળી મેં હમણાં જ ત્યાંના પ્રવાસનું વર્ણન પણ વાંચ્યું છે એટલે હું ત્યાંની બધી વાતો સારી રીતે કરી શકીશ.'

સદ્ભાગ્યે અહીં ઇંગ્લૅન્ડની વસાહતના ઘણા બધા લોકો ઠેકઠેકાણે મળી જતા હતા. બ્લોરને લાગ્યું કે એક પૈસાદાર સાઉથ આફ્રિકન તરીકે રહેવા માટે તેને કોઈપણ સોસાયટીમાં સ્થાન મેળવવામાં વાંધો નહીં આવે.

પોતે નાનો હતો ત્યારે તેણે સોલ્જર ટાપુ વિષે વાંચેલું. કિનારાથી એકાદ માઈલ દૂર આવેલા આ ટાપુનો આકાર માણસના માથા જેવો હતો એટલે તેનું નામ સોલ્જર ટાપુ પડેલું. અહીંની પથરાળ ભૂમિ પર પક્ષીઓની વસ્તી સારા પ્રમાણમાં જોવા મળતી હતી.

ટાપુ વિષે વિચારતાં જ બ્લોરને વિચાર આવ્યો કે, 'આવા ટાપુ પર તે કોઈ ઘર બનાવે? વળી ટાપુ પર હવામાન પણ કેટલું ખરાબ હોય છે! આ કરોડપતિઓ પણ ખરા ધૂની હોય છે!'

ખૂણામાં સૂતેલા પેલા નાવિક જેવા વૃદ્ધે જાગીને કહ્યું, "દરિયાનું કોઈ ઠેકાણું નહીં હોં! ક્યારે તોફાને ચડે તે કશું કહેવાય નહીં."

બ્લોરે શાંતિથી જવાબ આપ્યો, "તમારી વાત સાચી છે. એનું કોઈ જ ઠેકાણું નહીં."

વૃદ્ધે બે વાર ઉધરસ ખાધા પછી કહ્યું, "વંટોળ આવી રહ્યો હોય તેવું લાગે છે."

બ્લોરે કહ્યું, "હોતું હશે? દિવસ કેટલો ખુશનુમા છે! આવું ખુશનુમા વાતાવરણ હોય તો વંટોળ ક્યાંથી આવે?"

વૃદ્ધે છણકો કર્યો, "મેં કહ્યું ને, વંટોળ આવી રહ્યો છે. હું વાતાવરણને સૂંઘી શકું છું!"

બ્લોરે તેને શાંત પાડતાં કહ્યું, "OK, OK તમે સાચા છો બસ!"

ટ્રેન સ્ટેશન પર ઊભી રહી. વૃદ્ધ મુસાફર લથડતા પગે ઊભો થયો અને નશીલા અવાજમાં `મારે ઊતરવાનું છે' એવું બોલતાં બારી ખોલવા મથ્યો. બ્લોરે તેને ઊતરવા માટે કમ્પાર્ટમૅન્ટનું બારણું ખોલી આપ્યું.

બારણામાં ઊભા રહી, હાથ ઊંચો કરી, ઝાંખી પડેલી આંખ પટપટાવતાં, વૃદ્ધે કહ્યું, "ધ્યાન રાખો અને પ્રાર્થના કરો. સમજ્યા? ક્યામતનો દિન આવી રહ્યો છે." ડબામાંથી ઊતરતાં જ તે પ્લૅટફૉર્મ પર ફસડાઈ પડ્યો. ત્યાં જ સહેજ આડા પડખે થઈ, બ્લોર સામે જોઈને, સાંભળનાર સૌ કોઈને આશ્ચર્ય થાય તેવી ખુમારીથી વૃદ્ધે કહ્યું, "તને કહું છું જુવાન! ક્યામતનો દિન બહુ જ નજીક આવી ગયો છે."

પોતાની જગ્યાએ પાછા જતા બ્લોરે વિચાર્યું, `એ મારા ક્યામતના દિનની વાત કરે છે પણ અત્યારે તો એવું જ લાગે છે કે તેનો પોતાનો ક્યામતનો દિન હાથવેંતમાં જ છે.'

જો કે થોડા સમય બાદ જ ખબર પડવાની હતી કે મિસ્ટર બ્લોરની આ માન્યતા તદ્દન ખોટી હતી.

2

ટાપુ પર આગમન

1

મુસાફરોનું એક નાનું ગ્રુપ ઓકબ્રિજ સ્ટેશનની બહાર આવ્યું. તેમનો સામાન લઈને આવેલાં પોર્ટરમાંથી એક જણાએ ટૅક્સી ડ્રાઇવરને બૂમ પાડી, “જીમ…”

જીમે આગળ આવીને વિનયથી પૂછ્યું, “શું તમે લોકો સોલ્જર ટાપુ જવાના છો?”

“હા, ત્યાં જવાનું છે.” ગ્રુપના ચારેય જણાએ એક સાથે જવાબ આપ્યો અને તરત જ પછી એકબીજા સામે છાની રીતે જોઈ લીધું.

મુસાફરોના આ ગ્રુપમાં સૌથી સિનિયર દેખાતા જજ વોરગ્રેવને ટૅક્સી ડ્રાઇવરે કહ્યું, “સર, અહીં બે ટૅક્સી છે. એક્સટરથી આવતી ટ્રેનમાં એક સાહેબ આવી રહ્યા છે તેમને માટે એક ટૅક્સીએ રોકાવું પડશે. તમારામાંથી કોઈ એકને રોકાવામાં વાંધો ન હોય તો બે ટૅક્સીમાં વહેંચાઈને તમે વધુ આરામથી જઈ શકશો.”

વેરા ક્લેથોર્ન મિસિસ ઓવેનની સેક્રેટરીનો રોલ અત્યારથી જ અદા કરતી હોય તેમ બોલી, “હું રોકાઉં છું” અને બાકીના ત્રણની સામે જોઈને કહ્યું, “તમે બધા જશો ને?” જો કે આ વાત તેણે એટલી સરળતાથી કરી જાણે સ્કૂલમાં કોણ કોની સાથે ટેનિસ રમશે એ નક્કી કરતી હોય!

એમિલી બ્રેન્ટે સહેજ અકડાઈને કહ્યું, “થૅન્ક્યુ” અને ટૅક્સીમાં બેઠાં. જજ વોરગ્રેવ તેમની પાછળ ટૅક્સીમાં દાખલ થયા.

કૅપ્ટન લોમ્બાર્ડે કહ્યું, “હું પણ અહીં રોકાઈશ. મિસ……… સાથે.”

વેરાએ તરત જ પોતાનું નામ જણાવતાં કહ્યું, ‘ક્લેથોર્ન.’

“મારું નામ લોમ્બાર્ડ છે, ફિલિપ લોમ્બાર્ડ.” ફિલિપે પોતાની ઓળખાણ આપી.

પોર્ટર લોકો ટૅક્સીમાં સામાન મૂકી રહ્યા હતા. જજ વોરગ્રેવે એમિલી સાથે વાત શરૂ કરી. “સરસ હવામાન છે.” એમિલીએ સહમત થતાં કહ્યું. “હા, સીઝન સારી છે.” આ સાથે તેને વિચાર આવ્યો. ‘આ કોઈ જુદી જ પર્સનાલિટીવાળા ઈંગ્લીશમેન લાગે છે!

સમુદ્રકિનારા પાસેની હોટલોમાં જેવા પુરુષો જોવા મળે છે તેનાથી તદ્દન જુદા જ દેખાય છે! એમિલીને લાગ્યું કે તેને આમંત્રણ આપનાર મિસિસ (અથવા મિસ) ઓલીવર મોટી મોટી વ્યક્તિઓ સાથે સારી ઓળખાણ ધરાવે છે!'

વોરગ્રેવે પૂછ્યું, "મેડમ, તમે દરિયાકાંઠાના આ વિસ્તારને જાણો છો?"

એમિલીએ કહ્યું, "હું કોર્નવેલ અને ટોર્કવે જઈ આવી છું, પણ અહીં તો પહેલીવાર જ આવું છું."

"મારે માટે પણ આ જગ્યા અજાણી છે." વોરગ્રેવે જણાવ્યું.

એ બંનેને લઈને ટૅક્સી ચાલી નીકળી.

બીજી ટૅક્સીના ડ્રાઇવરે વેરા અને લોમ્બાર્ડને પૂછ્યું, "ટ્રેન આવે ત્યાં સુધી તમારે ટૅક્સીની અંદર બેસવું છે?"

વેરાએ કહ્યું, "ના, ટૅક્સીમાં નથી બેસવું."

કૅપ્ટન લોમ્બાર્ડે સ્મિત કરીને વેરાને કહ્યું, "જો તમારે સ્ટેશનમાં ન જવું હોય તો પેલી દીવાલ પાસે સરસ તડકો છે, ત્યાં જઈએ."

"ના રે, ટ્રેનમાં તો ગૂંગળામણ થતી હતી. અહીં ઘણું સારું લાગે છે." વેરાએ જણાવ્યું.

લોમ્બાર્ડે કહ્યું, "હા, આવી ગરમીમાં ટ્રેનની મુસાફરી આકરી પડે."

વેરાએ કહ્યું, "આશા રાખીએ કે આવી સરસ સીઝન લાંબો સમય ચાલે. આપણે ત્યાં તો આવી સીઝન છેતરામણી હોય છે. ક્યારે હવામાન બદલાય અને વરસાદ, વંટોળ આવી જાય તે નક્કી નહીં."

લોમ્બાર્ડે પૂછ્યું, "તમે આ વિસ્તારથી પરિચિત છો?"

"ના રે, હું તો આ પહેલાં અહીં ક્યારેય નથી આવી." વેરાએ કહ્યું અને ચોખવટ કરતાં ઉમેર્યુંઃ "અરે, મને નોકરી આપનારને મેં તો આજ સુધી જોયા પણ નથી!"

"તમને નોકરી આપનારને!" લોમ્બાર્ડે જરા આશ્ચર્ય સાથે પૂછ્યું.

"હા, હું મિસિસ ઓવેનની સેક્રેટરી છું." વેરાએ જણાવ્યું.

લોમ્બાર્ડે કહ્યું, "ઓહો એમ વાત છે! પણ આ તો જરા વિચિત્ર કહેવાયને?"

વેરાએ હસીને કહ્યું, "ના રે ના. આમાં વિચિત્ર કાંઈ નથી. તેમનાં સેક્રેટરી અચાનક બીમાર થઈ ગયાં તેથી તેમણે સેક્રેટરી મોકલવા માટે એજન્સીને ટેલિગ્રામ કર્યો. એજન્સીએ મને મોકલી છે."

"OK, OK. પણ ધારો કે તમને આ નોકરી ન ગમે તો?" લોમ્બાર્ડે પૂછ્યું.

વેરાએ ફરીવાર હસીને જવાબ આપ્યો, "આ કામ તો ટેમ્પરરી છે. ફક્ત રજાઓ પૂરતું જ. મારી કાયમી નોકરી તો ગર્લ્સ સ્કૂલમાં છે જ. મને તો બસ, આ સોલ્જર ટાપુ જોવાની બહુ તાલાવેલી છે! તેના વિષે છાપામાં કેટલું બધું લખાયું છે!" તેણે લોમ્બાર્ડને આતુરતાથી પૂછ્યું, "શું સોલ્જર ટાપુ પર બહુ મજા પડે તેવું છે?"

લોમ્બાર્ડે કહ્યું, "મને પણ કાંઈ ખબર નથી. મેં તો સોલ્જર ટાપુ જોયો પણ નથી."

વેરાએ આશ્ચર્યથી પૂછ્યું, "અરે, તમે પણ મારી જેમ સોલ્જર ટાપુથી અજાણ્યાં છો? લાગે છે કે મિસિસ અને મિસ્ટર ઓવનને સોલ્જર ટાપુ બહુ ગમે છે. એ બંને કેવાં છે? મને એમના વિષે થોડું જણાવો ને."

જવાબ આપતાં પહેલાં લોમ્બાર્ડે મનમાં વિચાર્યું, 'હમમ. આ જરા પેચીદો પ્રશ્ન છે. હું ઓવેન કપલને મળ્યો છું કે નહીં તે મારે જણાવવું જોઈએ કે નહીં? જો જણાવી દઉં તો હું જે કામ માટે આવ્યો છું તેમાં કદાચ મુશ્કેલી આવી શકે.'

તેણે વાત બદલતાં કહ્યું, "અરે! એક ભમરી તમારા હાથ પર ચડી રહી છે. ના.. હલશો નહીં. એકદમ સ્થિર રહેજો." લોમ્બાર્ડે ઝપટ મારીને ભમરી ઉડાડી દીધી અને કહ્યું, "બસ! જતી રહી."

વેરાએ કહ્યું, "થૅન્ક્યુ! ઉનાળામાં આવી ભમરીઓ બહુ ફૂટી નીકળે છે."

"હા, ગરમીને લીધે સ્તો." આટલું કહી લોમ્બાર્ડે પૂછ્યું, "તમને ખ્યાલ છે, આપણે કોની રાહ જોઈ રહ્યાં છીએ?"

"ના, મને જરાપણ ખ્યાલ નથી." વેરાએ સ્પષ્ટ કર્યું.

ત્યાં ટ્રેનની સીટી સંભળાઈ અને લોમ્બાર્ડે કહ્યું, "ચાલો, ટ્રેન આવી ગઈ."

ઊંચા કદના, ટૂંકા, ભૂખરા વાળ અને સુઘડ રીતે કાપેલી સફેદ મૂછવાળા, આર્મીમેન જેવા દેખાતા પ્રૌઢ વ્યક્તિ સ્ટેશનની બહાર

આવ્યા. તેમનો સામાન લઈને આવી રહેલા પોર્ટરે વેરા અને લોમ્બાર્ડ ઊભા હતા તે તરફ ઇશારો કર્યો.

વેરાએ તેમની પાસે જઈને પોતાની ઓળખાણ આપતાં કહ્યું "સર, હું વેરા ક્લેથોર્ન, મિસિસ ઓવેનની સેક્રેટરી છું. આ મિસ્ટર લોમ્બાર્ડ છે. આવો સર, ટૅક્સી તૈયાર છે."

"મારું નામ જનરલ મૅકઆર્થર છે." આગંતુકે પોતાની ઓળખાણ આપી અને આછી ભૂરી, ચબરાક આંખોથી લોમ્બાર્ડને માપી લેતાં વિચાર્યું, "જુવાન છે તો દેખાવડો પણ કાંઈક ગડબડ લાગે છે."

ત્રણેય જણાં ટૅક્સીમાં બેઠાં. ઓકબ્રિજ ગામની સૂની શેરીઓમાંથી પસાર થઈ, ટૅક્સી પ્લાયમાઉથના હાઇવે પર આવી અને એકાદ માઈલ પસાર કર્યા પછી હાઇવે છોડીને નાના રસ્તાઓ પર આગળ વધી. ચારે તરફ લીલીછમ વનરાજી દેખાતી હતી.

જનરલ મૅકઆર્થરે જણાવ્યું, "હું ડેવોનના આ વિસ્તારને જાણતો નથી. મારું ઘર તો પૂર્વ ડેવોનમાં છે, ડોર્સેટને અડીને."

વેરા બોલી, "આ બધું કેવું રમણીય લાગે છે! નાની નાની ટેકરીઓ, લાલ માટીવાળી જમીન, દૂર દૂર સુધી દેખાતી લીલીછમ વનરાજી... વાહ!"

ફિલિપ લોમ્બાર્ડ જાણે એક્સપર્ટ કોમેન્ટ આપતો હોય તેમ બોલ્યો, "એ તો ઠીક પરંતુ બધું જરા બંધિયાર લાગે છે. મને ખુલ્લા મેદાન વધુ ગમે. સામે દૂર સુધી જોઈ શકાય તેવાં."

જનરલ મૅકઆર્થરે ફિલિપને કહ્યું, "મને લાગે છે કે તમે દેશ-દુનિયા જોઈ વળ્યા છો, ખરું?"

લોમ્બાર્ડે ખભા ઉછાળતાં કહ્યું, "બહુ નહીં સર, થોડું ઘણું જોયું છે." તેને થયું કે હમણાં જનરલ મને પૂછશે કે તમે યુદ્ધમાં ભાગ લીધેલો કે નહીં? આર્મીમાંથી રિટાયર થયેલા આ લોકો એવું પૂછ્યા વિના રહે જ નહીં!

પણ જનરલ મૅકઆર્થરે તો યુદ્ધ વિષે કાંઈ વાત જ ન કરી.

2

ટૅક્સી એક ટેકરા પર થઈ, વાંકાચૂંકા રસ્તે ઊતરીને સ્ટીકલહેવન ગામ પાસે આવી. થોડાં છૂટાછવાયાં ઘર અને દરિયાકિનારે લાંગરેલી બે-ત્રણ બોટ સિવાય બીજું કાંઈ દેખાતું નહોતું.

અહીંથી ડૂબતા સૂરજના અજવાળામાં, સમુદ્રમાંથી ઊપસી આવેલો સોલ્જર ટાપુ દેખાતો હતો.

ત્રણેય જણાં તેને પહેલીવાર જોતાં હતાં.

વેરાએ આશ્ચર્ય સાથે કહ્યું, "અરે, સોલ્જર ટાપુ તો બહુ દૂર લાગે છે!" તેણે આ ટાપુ વિષે જુદી જ કલ્પના કરેલી અને માનેલું કે સોલ્જર ટાપુ કિનારાની નજીક હશે જેની પર સુંદર સફેદ મકાન હશે. અત્યારે ટાપુ પર કોઈ મકાન દેખાતું નહોતું. ફક્ત એક મોટો ખડક દેખાતો હતો જેનો આકાર રાક્ષસના માથા જેવો બિહામણો હતો. એને જોતાંવેત વેરાને આછી ધ્રુજારી આવી ગઈ!

ટૅક્સી સેવન સ્ટાર હોટલ પાસે પહોંચી જ્યાં ત્રણ જણાં દેખાયાં. જજ વોરગ્રેવ જરા ઝૂકીને બેઠેલા. મિસ બ્રેન્ટ હંમેશની માફક ટટ્ટાર બેઠાં હતાં. ત્રીજો એક કદાવર પુરુષ હતો જેણે આગળ આવીને પોતાની ઓળખાણ આપતાં કહ્યું, "મારું નામ ડેવિસ છે. હું દક્ષિણ આફ્રિકાના નાતાલ શહેરથી આવું છું. અમને થયું કે તમારી રાહ જોઈએ અને બધાં એક સાથે જ જઈએ."

જજ વોરગ્રેવે ડેવિસ સામે જરા અણગમા સાથે જોયું, એમ લાગ્યું કે હમણાં જજ સાહેબ એવો હુકમ આપી દેશે કે 'બધા કોર્ટ ખાલી કરો'! મિસ બ્રેન્ટ નક્કી નહોતાં કરી શકતાં કે તેમને આવાં 'વસાહતી' લોકો પસંદ હતાં કે નહીં.

"આપણે નીકળીએ તે પહેલાં કોઈને ચા-પાણી લેવાં છે?" ડેવિસે પૂછ્યું.

કોઈએ જવાબ ન આપ્યો એટલે ડેવિસે પાછળ ફરીને એક વ્યક્તિને ઇશારો કરીને બોલાવી. પછી બધાંને સંબોધીને કહ્યું, "ચાલો, મોડું ન કરીએ. આપણા યજમાન રાહ જોતાં હશે." ડેવિસે ધ્યાનથી જોયું હોત તો તેને દેખાત કે તેણે 'યજમાન'નો ઉલ્લેખ કર્યો ત્યારે ગ્રુપના બીજા મેમ્બર્સ થોડા ડઘાઈ ગયા હોય તેવો ભાવ બધાના ચહેરા પર આવેલો.

ડેવિસે જેને બોલાવેલો તે પાસે આવ્યો. તેની ચાલ પરથી લાગતું હતું કે તેણે ઘણાં વર્ષો દરિયા પર વિતાવ્યાં છે. તેનો ચહેરો રતાશ પડતો હતો અને આંખો ઘેરા રંગની હતી.

તેણે શાંત અવાજે કહ્યું, "લેડીઝ અને જેન્ટલમેન, ટાપુ પર જવા બધા તૈયાર છો ને? બોટ તૈયાર છે. બે જણા કારમાં આવી રહ્યા છે પરંતુ મિસ્ટર ઓવેને તેમને માટે રોકવાની ના પાડી છે, કારણ કે તેઓ ક્યારે આવશે તે નક્કી નથી."

બધાં ઊઠીને પથ્થરના નાના ઓવારા પર આવ્યાં, જ્યાં એક મોટરબોટ લાંગરેલી હતી.

એમિલી બ્રેન્ટ બોટ જોઈને બોલ્યાં, "આ તો બહુ નાની બોટ છે."

નાવિક ફ્રેડ નારાકોટ્ટે વિશ્વાસથી જણાવ્યું, "મેડમ, આ સારી બોટ છે. છેક પ્લાયમાઉથ સુધી થોડી જ મિનિટોમાં પહોંચાડી દે તેવી."

જજ વોરગ્રેવે કહ્યું, "પણ અમે સંખ્યામાં ઘણાં બધાં છીએ."

"અરે સાહેબ! અત્યારે જેટલાં છે તેનાંથી બમણાં માણસો હોય તો પણ વાંધો નથી." ફ્રેડે જવાબ આપ્યો.

ફિલિપ લોમ્બાર્ડ પ્રસન્નતાથી બોલ્યો, "કોઈ પ્રૉબ્લેમ નહીં આવે. સરસ હવામાન છે અને દરિયો પણ સાવ શાંત છે."

એમિલી બ્રેન્ટ નાવિકની મદદ લઈને થોડા ડર સાથે બોટમાં બેઠાં. એ પછી ગ્રુપના બાકીનાં બધાં પણ બોટમાં આવ્યાં. જોકે હજુ સુધી તે બધાં વચ્ચે મૈત્રી નહોતી થઈ. દરેક વ્યક્તિ માટે બીજી વ્યક્તિ એક કોયડારૂપ હતી!

બોટ ચાલુ થવામાં હતી ત્યાં દૂરથી એક કાર સ્ટીકલહેવનમાં આવતી દેખાઈ. બોટ તરફ પૂરઝડપે દોડતી એ કારનો દેખાવ આકર્ષક હતો. સ્ટિયરિંગ પર એક યુવાન બેઠો હતો. તેના વાળ હવામાં ઊડતા હતા. ઢળતી સંધ્યાના પ્રકાશમાં તે કોઈ પૌરાણિક, રોમાંચક સાહસકથાના હીરો જેવો લાગતો હતો.

કારનું હૉર્ન વાગ્યું અને દરિયાના ખડકો પરથી તેના પડઘા સંભળાયા. આ એક અસાધારણ, અજબ ક્ષણ હતી જેમાં એન્થની માર્સ્ટન સામાન્ય માણસ નહીં પણ અલૌકિક દેવતા જેવો દેખાતો હતો. અહીં જેટલી વ્યક્તિ હાજર હતી તેમાંની એકથી વધુ વ્યક્તિ ભવિષ્યમાં આ પળ યાદ કરવાની હતી.

3

ફ્રેડ નારકોટ્ટ બોટના એન્જિન પાસે બેસીને વિચારતો હતો 'આ બધાં કાંઈક વિચિત્ર લોકો છે! શું મિસ્ટર ઓવેનના મહેમાનો આવા હોય? એમના મહેમાનો તો આ બધાં કરતાં ઘણા વધુ પૈસાદાર અને મોભાવાળા હોય!' ફ્રેડે ધારેલું કે મિસ્ટર ઓવેનના મહેમાનોમાં આધુનિક ફૅશનના કપડાં-ઘરેણાંથી લચી પડતી સ્ત્રીઓ અને સૂટ-

બૂટ પહેરેલા, સિગારનો કશ લેતા, ઊંચા હોદ્દાવાળા શ્રીમંત પુરુષો હશે.

એને યાદ આવ્યું કે 'મિસ્ટર એલ્મર રોબસનની પાર્ટીમાં જે ક્લાસના લોકો આવેલા તેની સરખામણીમાં આ બધાં તો કાંઈ ન કહેવાય! એ પાર્ટી અને તેમાં આવેલા કરોડપતિ મહેમાનોને યાદ કરીને ફ્રેડ આછું હસ્યો. 'ઓહ! એ તો કેવી એક્સ્ટ્રા ઑર્ડિનરી પાર્ટી હતી! બધાંએ દારૂ પણ કેટલો બધો ઢીંચેલો!'

ફ્રેડે વિચાર્યું 'આ બધાંને ભેગા કરવાવાળા મિસ્ટર ઓવેન બધાંથી તદ્દન જુદા સ્વભાવના લાગે છે. મજાની વાત એ હતી કે ફ્રેડે આજની ઘડી સુધી મિસ્ટર અથવા મિસિસ ઓવેનને જોયા પણ નહોતા! સોલ્જર ટાપુ પર એ ક્યારેય આવેલો નહોતો. તેને જે કામ સોંપાયેલું તેની બધી વ્યવસ્થા પેલા મિસ્ટર મોરિસે કરેલી. મોરિસ દરેક બાબતમાં એકદમ સ્પષ્ટ સૂચના આપતા અને ફ્રેડને પૈસા પણ તરત ચૂકવાઈ જતાં. આમ છતાં બધું વિચિત્ર તો લાગતું જ હતું. છાપામાં વાંચેલું કે મિસ્ટર ઓવેન કોઈ ભેદી માણસ છે. ફ્રેડને લાગ્યું કે છાપામાં આવેલી વાત કદાચ સાચી પણ હોય.

ફ્રેડને એવો વિચાર પણ આવ્યો કે કદાચ હીરોઈન ગેબ્રીએલા તુર્લે આ ટાપુ ખરીદ્યો હોય. બીજી જ સેકન્ડે તેને થયું કે આ વિચાર કેટલો વાહિયાત હતો! આવેલાંમાંથી એકપણ જણ એવું નહોતું દેખાતું જેને આવી જાણીતી ફિલ્મ હીરોઈન સાથે રતીભારનોય સંબંધ હોઈ શકે.

ફ્રેડે બધાં પેસેન્જર પર નજર કરીને અવલોકન કર્યું.

વૃદ્ધ અપરિણીત સ્ત્રી જરા તીખા મિજાજવાળી જણાતી હતી. નિવૃત્ત આર્મીમેનમાં હજુ પણ લશ્કરી છટા દેખાતી હતી. યુવતી દેખાવડી તો હતી પણ બહુ આકર્ષક નહોતી. પેલો મજબૂત બાંધાનો અને આનંદી લાગતો માણસ કદાચ વેપારી પણ હોય. બીજો એકવડા બાંધાનો, ચકોર આંખોવાળો યુવાન, થોડો વિચિત્ર લાગતો હતો. તે કદાચ ફિલ્મી લાઇન સાથે જોડાયેલો હોય તેમ લાગતું હતું.

પેલો દેખાવડો યુવાન જે કાર ચલાવીને આવેલો, તે બધી રીતે ગમી જાય એવો એક જ પેસેન્જર હતો! ફ્રેડને યાદ આવ્યું 'કેવી અફલાતુન કાર હતી! આવી મોંઘી કાર સ્ટીકલહેવનમાં ક્યારેય કોઈએ જોઈ નહોતી.' તેને થયું કે એક આ યુવાન પૈસાદાર હતો. તેના વર્તનમાં અમીરી છલકાતી હતી.બીજા બધાં જો એનાં જેવાં જ પૈસાદાર હોત તો કદાચેય સમજાત કે મિસ્ટર ઓવેને બધાંને અહીં શા માટે બોલાવ્યાં છે. જો કે ફ્રેડને આ આખી વાત વિચિત્ર લાગતી હતી, સહેજ પણ સમજાય નહીં એવી વિચિત્ર.

4

બોટ એક રાઉન્ડ ફરીને દક્ષિણ તરફ આવી. બધાંને હવે ટાપુ પરનું ઘર દેખાયું. ટાપુના આ ભાગમાં સપાટ કિનારો હતો. મૉડર્ન ડિઝાઇનના, ચોરસ આકાર અને બેઠા ઘાટના ઘરમાં ગોળાકાર બારીઓમાંથી સૂર્યનો પ્રકાશ આવતો હતો.

ઘર જોઈને બધાં ખુશ થઈ ગયાં! બધાંને લાગ્યું કે એમણે જેવું ધાર્યું હતું તેવું જ આ ઘર છે.

ફ્રેડે એન્જિન બંધ કરી બોટને બે નાના ખડક વચ્ચેથી લીધી.

ફિલિપ લોમ્બાર્ડે ફ્રેડને પૂછ્યું, "અહીં ખરાબ હવામાનમાં આવવું અઘરું પડતું હશે, કેમ?."

ફ્રેડે કહ્યું, "જ્યારે દક્ષિણ-પૂર્વ તરફનું વાવાઝોડું હોય કે પછી ભારે વરસાદ હોય ત્યારે સોલ્જર ટાપુ પર આવી શકાતું નથી. ક્યારેક તો અઠવાડિયા સુધી ટાપુ સાથેનો સંપર્ક તૂટી જાય છે.

વેરાએ વિચારમાં પડી. `તો પછી અહીં ખાવા-પીવાની વ્યવસ્થા કરવાનું તો બહુ અઘરું પડતું હશે. ટાપુ પર રહેવાની આ જ મોટી તકલીફ. કિનારા સાથેનો કૉન્ટેક્ટ તૂટે એટલે ઘર ચલાવવું બહુ કપરું થઈ જાય.'

બોટને કિનારે ઊભી રાખી ફ્રેડ કૂદીને બહાર આવ્યો. તેણે અને લોમ્બાર્ડે બાકીનાં બધાંને બોટમાંથી ઊતરવામાં મદદ કરી. પછી ફ્રેડે બોટને એક રિંગ સાથે બાંધી અને ખડકમાં બનાવેલાં પગથિયાં પર થઈ ઘર તરફ ચાલ્યો.

જનરલ મૅકઆર્થરે કહ્યું, "મજાનું સ્થળ છે!" પરંતુ તેમનાં મનમાં તો બેચેની હતી કેમકે આ સ્થળ જરા વિચિત્ર લાગતું હતું.

બધાં જ્યારે પગથિયાં ચડીને અગાશીમાં આવ્યાં ત્યારે જે જોવા મળ્યું તેને કારણે તેમના આનંદમાં વધારો થયો! ઘરનાં બારણાંમાં જ એક બટલર ઊભેલો દેખાયો. તેની ઊભા રહેવાની સ્ટાઇલ અને અદબ જોઈને બધાંને લાગ્યું કે આ સ્થળ સારું છે. બધાંને ઘર તો અત્યંત આકર્ષક લાગેલું જ હતું. અત્યારે અગાશી પરથી સમુદ્રનું જે ભવ્ય દૃશ્ય દેખાતું હતું તેને કારણે સ્થળ પણ સારું લાગતું હતું.

ઊંચા કદનો, ભૂખરા વાળવાળો બટલર પર્સનાલિટીવાળો લાગતો હતો. તેણે આગળ આવી, સ્હેજ નમીને બધાંને કહ્યું, "આ તરફ આવો પ્લીઝ."

એક વિશાળ હૉલમાં ડ્રિન્ક્સ તૈયાર રાખવામાં આવ્યાં હતાં. વિવિધ પ્રકારના શરાબની બૉટલો હારબંધ ગોઠવાયેલી હતી. આ જોઈને એન્થની માર્સ્ટન રાજીનો રેડ થઈ ગયો! તેને પહેલાં તો એવું લાગેલું કે એને પ્રિય છે એવા એકેય ડ્રિન્ક્સ અહીં નહીં મળે, મળે તો કદાચ રમ મળશે. આવું વિચારીને તેણે બેજરને મનમાં ને મનમાં ઠપકારેલો પણ ખરો! એને માટે સુખદ આશ્ચર્ય એ હતું કે અહીં દરેક જાણીતી બ્રાન્ડનાં ડ્રિન્ક્સ હાજર હતાં. બરફ પણ પૂરતો હતો.

હારબંધ ગોઠવેલી શરાબની બૉટલોને એન્થની જોતો હતો ત્યારે તેને અહેસાસ થયો કે બટલર બધાને કાંઈક કહી રહ્યો હતો.

બટલરે બધાંને એ વાત જણાવી કે, "મિસ્ટર ઓવેન આજે નહીં પણ આવતીકાલે અહીં આવી પહોંચશે. તેમણે મને સૂચના આપી છે કે તમારે બધાંને જે કાંઈ જોઈએ તે મારે પૂરું પાડવું." પછી સહેજ અટકીને તેણે પૂછ્યું, "હવે તમારે તમારા રૂમમાં જઈને થોડીવાર આરામ કરવો છે? ડિનર રાતે આઠ વાગે તૈયાર હશે."

5

વેરા મિસિસ રોજર્સ સાથે ઉપરના માળે આવી. મિસિસ રોજર્સે લૉબીના છેડે આવેલા રૂમનું બારણું ખોલ્યું અને વેરા એક સુંદર બેડરૂમમાં આવી. બેડરૂમની એક વિશાળ બારી સમુદ્ર તરફ ખૂલતી હતી અને બીજી પૂર્વ દિશામાં ખૂલતી હતી. રૂમ જોઈને વેરા પ્રસન્નતાથી બોલી ઊઠી 'વાહ!'

મિસિસ રોજર્સે પૂછ્યું, "તમારે જે કાંઈ જોઈએ છે તે બધું અહીં છે ને?"

વેરાએ રૂમમાં નજર ફેરવી. તેનો સામાન આવી ગયો'તો. રૂમની એક તરફ ખુલ્લાં બારણામાંથી ભૂરી ટાઇલ્સવાળો બાથરૂમ દેખાતો હતો. આટલું જોઈને વેરાએ કહ્યું, "હા, બધું છે."

"બીજું કાંઈ જોઈએ તો આ બેલ વગાડીને મને બોલાવજો." મિસિસ રોજર્સે બેલ બતાવતાં કહ્યું. તે એવાં ભાવહીન અવાજમાં બોલતાં હતાં કે વેરાએ તેમની સામે જરા અચરજથી જોયું. મિસિસ રોજર્સનો ચહેરો સાવ ફિક્કો લાગતો હતો, જાણે કોઈ પ્રેતનો ચહેરો ન હોય! તેમણે કાળા રંગનો ડ્રેસ પહેરેલો અને કસીને વાળ બાંધેલા. આમ તો તેઓ જાજરમાન લાગતાં હતાં પરંતુ તેમની આંખો ચકળવકળ થતી હતી અને ક્યાંય સ્થિર નહોતી રહેતી.

આ જોઈને વેરાને થયું કે 'મિસિસ રોજર્સ કોઈ વાતથી બહુ ડરતાં હોય એવું લાગે છે. જાણે કે પોતાના પડછાયાથી પણ ડરતાં હોય! એમને વળી શેનો ડર હશે?' એવું વિચારતાં વેરા સહેજ ધ્રુજી ઊઠી.

છવાયેલી ચુપકીદી દૂર કરવા વેરાએ ઉત્સાહપૂર્વક મિસિસ રોજર્સને કહ્યું, "હું મિસિસ ઓવેનની નવી સેક્રેટરી છું. જો કે તમને તો આની ખબર જ હશે."

"ના, મિસ, મને કાંઈ ખબર નથી" મિસિસ રોજર્સે કહ્યું, "મને તો કેટલાં લોકો આવવાનાં છે અને તેમને ક્યા રૂમ આપવાનાં છે તેની ફક્ત યાદી મળી છે, બીજું કાંઈ નહીં."

વેરાએ આશ્ચર્ય સાથે પૂછ્યું, "મિસિસ ઓવેને મારા વિષે કંઈ જ નથી જણાવ્યું?"

મિસિસ રોજર્સે જરા સંકોચ સાથે કહ્યું, "મિસિસ ઓવેનને તો હું હજુ સુધી મળી પણ નથી. અમે તો બે દિવસ પહેલાં જ અહીં આવ્યાં છીએ."

વેરાને થયું 'ખરાં છે આ મિસ્ટર અને મિસિસ ઓવેન!' તેણે પૂછ્યું, "અહીં કેટલા જણ કામ કરે છે?"

"અમે બે જણ, હું અને મિસ્ટર રોજર્સ." મિસિસ રોજર્સે કહ્યું.

વેરા આશ્ચર્યથી વિચારી રહી... 'ઘરમાં આઠ વ્યક્તિ છે, આ ઉપરાંત ઘરની સંભાળ લેવાવાળા બે એટલે દસ અને ફક્ત બે જ જણ બધાં કામ કરશે?'

વેરાના મનની વાત સમજી ગયાં હોય તેમ મિસિસ રોજર્સે કહ્યું, "હું રસોઈ સારી બનાવું છું. ઘરનાં બીજાં કામ રોજર્સ સારી રીતે સંભાળે છે. જો કે મને ખબર નહોતી કે આટલાં બધાં લોકો આવવાના છે."

વેરાએ પૂછ્યું, "પણ તમે આ બધું કામ સંભાળી લેશોને?"

"હા, મિસ. હું બધું સંભાળી લઈશ." મિસિસ રોજર્સે કહ્યું, "પણ જો વારંવાર મોટી પાર્ટીઓ થવાની હોય તો વધારાના માણસોની વ્યવસ્થા મિસિસ ઓવેન કરશે."

"હું પણ એવું ઇચ્છું છું." વેરાએ જવાબ આપ્યો.

કોઈ પડછાયો જતો હોય એમ મિસિસ રોજર્સ જરાપણ અવાજ કર્યા વિના, ધીમે પગલે રૂમમાંથી બહાર ગયાં.

વેરા બારી પાસે ખુરશી પર બેઠી. એ જરા બેચેન હતી કારણ કે અહીં બધું જરા ઢંગધડા વગરનું અને શંકાસ્પદ જણાતું હતું. ઘરમાં યજમાન ઓવેન કપલની ગેરહાજરી, ફિક્કા પ્રેત જેવાં દેખાતાં મિસિસ રોજર્સ, તે ઉપરાંત અહીં આવેલાં ‘મહેમાનો'! હા, બધાં ‘મહેમાનો' પણ જરા વિચિત્ર તો હતા જ. ખરો શંભુમેળો ભેગો થયેલો!

વેરાએ વિચાર્યું કે ઓવેન કપલને એ મળી હોત તો સારું થાત. એ બંને કેવા છે તે ખબર હોત તો જરા ઠીક રહેત..

તે ઊઠીને રૂમમાં આંટા મારવા લાગી. સુંદર રીતે સજાવેલો બેડરૂમ અફલાતુન હતો. લાકડાની ચમકતી ફર્શ પર પાથરેલા આછા સફેદ રંગના ગાલીચા, એવા જ સરસ રંગવાળી દીવાલો, મોટા કદના અરીસાની આજુબાજુ ગોઠવેલી લાઇટો. બધું એકદમ મૉડર્ન સ્ટાઇલનું હતું. પથ્થરની અભરાઈ પર સફેદ આરસપહાણમાંથી બનાવેલું, રીંછનું મૉડર્ન શિલ્પ હતું જેમાં એક ઘડિયાળ ફીટ કરેલી. તેની ઉપરની દીવાલ પર લટકતી ચમકદાર ફ્રેમમાં જૂના જમાનામાં પ્રચલિત હતાં તેવાં ચર્મપત્ર પર લખેલું એક કાવ્ય મઢેલું હતું.

વેરાએ કાવ્ય વાંચ્યું અને તેને યાદ આવ્યું. ‘અરે! આ તો બાલમંદિરનું જોડકણું છે!'

દસ નાના સિપાહી, સહુ જમવા ગયા,
એકનો રૂંધાયો શ્વાસ, હવે નવ રહ્યા.

નવ નાના સિપાહી મોડા સૂવા ગયા,
એક તો ઊઠ્યો જ નહીં, હવે આઠ રહ્યા.

આઠ નાના સિપાહી, ડેવોન ફરવા ગયા,
એક ત્યાં રહી ગયો, હવે સાત રહ્યા.

સાત નાના સિપાહી, લાકડા કાપવા ગયા,
એકને વાગી કુહાડી, હવે છ રહ્યા

છ નાના સિપાહી, મધપૂડા પાસે ગયા,
એકને ડંખી માખી, હવે પાંચ રહ્યા.

પાંચ નાના સિપાહી કાયદાની કોર્ટે ગયા,
એક જોડાયો અદાલતે, હવે ચાર રહ્યા.

ચાર નાના સિપાહી દરિયે ફરવા ગયા,
એક ધ્યાન ચૂક્યો, હવે ત્રણ રહ્યા.

ત્રણ નાના સિપાહી, પરાણીબાગે ગયા,
એકને ઝડપ્યો રીંછે, હવે બે રહ્યા.

બે નાના સિપાહીએ, તડકે આરામ કર્યો,
એકને લુ લાગી ગઈ, હવે એક રહ્યો.

એક નાનો સિપાહી, સાવ એકલો પડ્યો,
લટકી ગયો ફાંસીએ, હવે કોઈ ના રહ્યો.

કાવ્ય વાંચીને વેરા આછું મલકી 'અલબત્ત, આ તો 'સોલ્જર' ટાપુ છે! અહીં તો આવું 'સિપાહીઓનું' જ કાવ્ય હોય ને!'

ફરીવાર તે બારીએ બેસીને દરિયો જોવા લાગી.

તે વિચારતી હતી 'દરિયો કેટલો વિશાળ હતો! દૂર દૂર સુધી જમીન નહોતી દેખાતી. બસ, સાંજના પ્રકાશમાં બધે ભૂરાં પાણીના તરંગો જ દેખાતાં હતાં.'

હજુ પણ એ વિચારોમાં ખોવાયેલી હતી. અત્યારે દરિયો કેવો શાંત હતો! આ જ દરિયો ક્યારેક એવો ક્રૂર બની જાય છે કે જે ઊંડે સુધી ખેંચી જાય અને બધું ડુબાડી દે.

"બસ" એ મનોમન બોલી ઊઠી. "હવે આવા વિચારો બંધ!" આ વાત હવે એ ક્યારેય યાદ નહીં કરે. યાદ તો શું એના વિષે ક્યારેય વિચાર પણ નહીં કરે. બસ, એ વાત અહીં જ પૂરી.

6

ડૉ. આર્મસ્ટ્રોંગ સોલ્જર ટાપુ પર પહોંચ્યા ત્યારે સૂરજ ડૂબી રહ્યો હતો. બોટમાં બેઠા કે તરત તેમણે પોતાની આતુરતા સંતોષવા બોટચાલક ફ્રેડને ટાપુના માલિક ઓવેન કપલ વિષે પ્રશ્નો પૂછેલા પરંતુ ફ્રેડના જવાબ પરથી એમને લાગ્યું કે કાં તો ફ્રેડ આ કપલ વિષે બહુ ઓછું જાણતો હતો અથવા તો બધું જાણતો હતો, પણ એ કશું કહેવા નહોતો માંગતો. પછી
ડૉ. આર્મસ્ટ્રોંગે ફ્રેડ સાથે હવામાન અને ફિશિંગની વાતો કરી.

કારની લાંબી મુસાફરી કરીને તેઓ થાક્યાં હતાં અને તેમની આંખો પણ દુખતી હતી. પશ્ચિમ દિશામાં મુસાફરી કરવાની મોટી તકલીફ એ હતી કે સૂરજ સતત આંખ સામે રહેતો હોવાથી આંખોને સ્ટ્રેન પડે.

તેઓ સાચે જ બહુ થાકી ગયેલાં. એમને આવા રમ્ય દરિયાકિનારે શાંત વાતાવરણમાં એક બ્રેક લેવાની જરૂર હતી. તેમને થતું હતું કે 'હું લાંબી રજા લઈ શક્યો હોત તો કેવું સારું

થાત!' પરંતુ લાંબી રજા લેવાનું તો પોસાય એમ જ નહોતું! અલબત્ત, આર્થિક રીતે વાંધો આવે એવું નહોતું પણ એટલો લાંબો સમય પ્રૅક્ટિસ ન કરવી તે ધંધા માટે બરાબર નહોતું. તેમને વિચાર આવ્યો 'કે લોકો સાથે સંપર્કમાં મોટો બ્રેક આવે તો સ્વાભાવિક છે કે આજકાલના લોકો મને તરત ભૂલી જાય અને બીજા ડૉક્ટર પાસે જતાં રહે!' આટલી ધીકતી પ્રૅક્ટિસ જમાવ્યા બાદ એમને પેશન્ટ ગુમાવવાનું પરવડે તેમ નહોતું.

ડૉ. આર્મસ્ટ્રોંગે વિચાર્યું `એ બધું તો ઠીક પણ આજ પૂરતું તો હું એમ જ વિચારીશ કે હમણાં હું પાછો નથી જવાનો. બસ, લંડન, હાર્લે સ્ટ્રીટ, પ્રૅક્ટિસ અને દર્દીઓ, આ બધાથી મુક્ત થઈ ગયો છું!'

તેમને લાગ્યું કે 'ટાપુ' શબ્દમાં જ એવો જાદુ હતો કે જેને સાંભળતાં જ કલ્પનાના ઘોડા દોડવા લાગે અને રોજનું ધમાલિયું જીવન ભુલાઈ જાય.ટાપુની પણ પોતાની એક અલગ દુનિયા હતી. એક એવી દુનિયા જ્યાંથી કદાચ પાછા આવવાનું શક્ય ન પણ બને. ડૉ. આર્મસ્ટ્રોંગ વિચારતાં હતાં 'હું મારી રોજની રફતારવાળી જિંદગી પાછળ મૂકીને અહીં આવ્યો છું.' પોતાના રોમાંચક ભવિષ્યની કલ્પના કરીને તે આનંદથી મલકાવા લાગ્યાં. પગથિયાં ચડીને મકાન તરફ આવ્યાં ત્યારે પણ તેમના ચહેરા પર સ્મિત હતું.

અગાશીમાં આવીને એમણે જોયું કે એક વૃદ્ધ વ્યક્તિ ખુરશી પર બેઠી હતી. આર્મસ્ટ્રોંગને લાગ્યું કે 'મેં આ ભાઈને પહેલાં ક્યાંક જોયેલાં છે! આ ચહેરો ક્યાં જોયેલો? પરિચિત લાગતો એ જ ચહેરો, એ જ નાની ડોક, ઝૂકીને બેસવાની એ જ અદા, ચબરાક આંખો.' અચાનક એમને યાદ આવ્યું. 'અરે આ તો જજ વોરગ્રેવ!' આર્મસ્ટ્રોંગે એક વખત એમની અદાલતમાં સાક્ષી તરીકે જુબાની આપેલી.

આર્મસ્ટ્રોંગે યાદ કર્યું કે જજ વોરગ્રેવ કોર્ટમાં બેઠા હોય ત્યારે તે અડધા ઊંઘમાં હોય તેવું લાગતું, પણ કાયદા-કાનૂનની બાબતમાં તે બહુ ચતુર અને વિચક્ષણ હતાં. જ્યુરી પર તેમનો બહુ પ્રભાવ પડતો અને એમ કહેવાતું કે જ્યુરી શું અભિપ્રાય આપશે તે જજ વોરગ્રેવ પોતાની સૂઝને લીધે અગાઉથી નક્કી શકતા હતા. એક-બે કેસમાં તો તેમણે જ્યુરી પાસે એવી સજા મંજૂર કરાવેલી જે બીજા કોઈ જજ મંજુર કરાવી શક્ય ન હોત. કદાચ આને કારણે જ અમુક લોકો તો એમને 'ફાંસી આપનારા જજ' પણ કહેતાં.

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ મનમાં બોલ્યા. "જજ વોરગ્રેવને અહીં મળવાનું થશે એવું તો મેં સપનામાં પણ નહોતું વિચાર્યું!"

7

જજ વોરગ્રેવ વિચારતા હતા. ‘હમમ.. આ તો આર્મસ્ટ્રોંગ છે. મને યાદ છે કે મારી કોર્ટમાં તે સાક્ષી તરીકે જુબાની આપવા આવેલો. તે બહુ સાલસ અને વિવેકી હતો. બાકી મોટા ભાગના ડૉક્ટરો તો મૂરખ હોય છે. એમાંય હાર્લે સ્ટ્રીટ પર પ્રૅક્ટિસ કરવાવાળા તો મૂરખના સરદાર જ હોય છે!’ હમણાં જ તેમને હાર્લે સ્ટ્રીટના એક ‘પ્રતિષ્ઠિત’ ડૉક્ટર સાથે મગજમારી થયેલી તે યાદ આવ્યું.

વોરગ્રેવે ગળું સાફ કરીને ડૉ. આર્મસ્ટ્રોંગને જણાવ્યું, “ડ્રિન્ક્સની વ્યવસ્થા હૉલમાં રાખી છે.”

“પહેલાં તો હું આપણા યજમાન મિસિસ અને મિસ્ટર ઓવેનને મળી લઉં.” ડૉ. આર્મસ્ટ્રોંગે કહ્યું.

જજ વોરગ્રેવે આંખો બંધ કરતાં કહ્યું, “એ શક્ય નથી.”

ડૉ. આર્મસ્ટ્રોંગે જરા ચોંકીને પૂછ્યું, “શા માટે?”

જજે આંખો બંધ રાખીને જ જવાબ આપ્યો, “નવાઈ લાગે તેવી વાત છે પણ અહીં યજમાન કપલ હાજર નથી. મને તો આ જગ્યા વિષે કાંઈ સમજાતું જ નથી.”

ડૉ. આર્મસ્ટ્રોંગે જજ વોરગ્રેવ સામે જોયું. એમ લાગતું હતું કે જજ અત્યારે સૂઈ ગયા હોય તેવું લાગે છે. ત્યાં જ અચાનક જજે પ્રશ્ન કર્યો, “તમે કોન્સ્ટાન કલ્મીંગટનને ઓળખો છો?”

આર્મસ્ટ્રોંગે કહ્યું, “ના, હું એમને નથી ઓળખતો.”

જજે જણાવ્યું, “જો કે એ બહુ મહત્ત્વનું નથી. કોન્સ્ટાન સાવ બેદરકાર છે. આ સ્ત્રી જરાપણ ચોકસાઈવાળી નથી. તેના અક્ષરો પણ એવા જ ગડબડિયા છે, સમજાય નહીં તેવાં! મને તો વારંવાર એવોય વિચાર આવે છે કે હું ખોટી જગ્યાએ તો નથી આવી ગયો ને?”

ડૉ. આર્મસ્ટ્રોંગ જજની વાત સાથે સંમત થતા હોય તેમ સહેજ માથું હલાવી મકાનની અંદર ગયા.

જજ વોરગ્રેવ કોન્સ્ટાન કલ્મીંગટન વિષે વિચારતા હતા. તેય બીજી સ્ત્રીઓ જેવી જ નીકળી, જેનો ભરોસો ન કરી શકાય!

આ સાથે જ તેમણે ગ્રુપમાં આવેલી બે સ્ત્રીઓને યાદ કરી. ‘એક પ્રૌઢ છે તે ઓછાબોલી છે. બીજી યુવાન છે તે ઉદ્ધત અને લાગણીહીન લાગે છે. હા, મિસિસ રોજર્સને ગણતાં ત્રણ સ્ત્રીઓ

હતી. મિસિસ રોજર્સ તો બહુ ડરી ગઈ હોય એવી લાગતી હતી. અલબત્ત રોજર્સ યુગલ ખાનદાન હતું અને પોતાનું કામ સારી રીતે કરતું હતું.

ત્યારે જ રોજર્સ અગાશીમાં આવ્યો. જજે તેને પૂછ્યું, "તને કાંઈ ખબર છે કે શ્રીમતી કોન્સ્ટાન કલ્મીગટન અહીં આવવાનાં છે કે નહીં?"

રોજર્સે જજ સામે જોઈને કહ્યું, "ના સર, મને ખબર નથી કે તે આવવાનાં છે કે નહીં."

આ સાંભળી જજે આશ્ચર્યથી ભવાં ચડાવ્યાં પણ કાંઈ બોલ્યા નહીં. તે વિચારતા હતા 'કેવી વિચિત્ર છે આ સોલ્જર ટાપુની મુલાકાત! મામલો સમજાતો નથી પણ દાળમાં ચોક્કસ કાંઈક કાળું લાગે છે.'

8

એન્થની માર્સટન બાથરૂમના ટબમાં લાંબો થઈને ગરમ પાણીમાં નહાવાની મજા માણતો હતો. લાંબી મુસાફરીને કારણે અક્કડાઈ ગયેલાં શરીરને ગરમ પાણીમાં ઝબકોળી એ થાક ઉતારતો હતો ત્યારે તેનાં મનમાં બીજા કોઈ જ વિચાર નહોતા આવતા. આમ પણ લાંબું વિચારવાનું એના સ્વભાવમાં જ નહોતું. એને તો બસ એવાં કામ કરવાં ગમતાં જેમાં ભરપૂર ઉત્તેજના અને સાહસ હોય.

એ મનમાં બોલ્યો, "અહીં જેટલું રહેવાનું છે તેટલા દિવસ જલસાથી રહીશ."

તેણે નક્કી કર્યું, 'આ ગરમાગરમ વરાળ કાઢતાં પાણીમાં હજુ થોડીવાર નાહીશ એટલે થાકેલા શરીરમાં તાજગી આવી જશે, પછી એકાદ પેગ શરાબનો પીને ડિનર લઈશ. પણ એ પછી... એ પછી શું?

9

મિસ્ટર બ્લોર ટાઈ બાંધતા હતા પણ તેમને આવાં કામમાં ફાવટ નહોતી.

એમને થયું કે 'હું ઠીકઠાક દેખાઉં છું કે નહીં?' પછી એમણે પોતે જ નક્કી કર્યું કે 'બધું ઠીક છે.'

એમને લાગતું હતું કે ગ્રુપમાંથી કોઈપણ વ્યક્તિ એમની સાથે નિખાલસતાથી કે મૈત્રીભાવે વાત નહોતી કરતી. જો કે બધાં

એકબીજાને પણ શંકાની નજરે જ જોતાં હતાં ને!

મિસ્ટર બ્લોરે નિર્ધાર કર્યો કે પોતાનું કામ એ સારી રીતે કરશે. કોઈ ગફલત નહીં થવા દે.

દીવાલ પર લટકતી ફ્રેમમાં મઢેલું બાલ જોડકણું વાંચતા તેમને થયું 'હમમ... સોલ્જર ટાપુ પર સૈનિકોનું જોડકણું.. સારું કહેવાય!

એમણે નાનપણમાં આ ટાપુ વિષે સાંભળેલું. ત્યારે તો એવી કલ્પના પણ નહોતી કરી કે પોતે આ ટાપુ પરના કોઈ ઘરમાં જઈ આ પ્રકારનું કામ કરશે. તેમને થયું કે 'એક રીતે એ સારું જ છે કે ભવિષ્યમાં જે કાંઈ થવાનું છે. તેને કોઈ જોઈ કે જાણી નથી શકતું.'

10

જનરલ મૅકઆર્થર ઊંડા વિચારમાં હતા કે 'અહીંયા જે કાંઈ બની રહ્યું હતું તે, એમને જે જણાવવામાં આવ્યું હતું તેનાથી સાવ જુદું હતું.'

એમને એવો પણ વિચાર આવ્યો કે કોઈ બહાનું બનાવીને તે અહીંથી નીકળી પાછા ચાલ્યા જાય. તેલ પીવા જાય આ સોલ્જર ટાપુ!'

પણ મોટરબોટ તો પાછી ચાલી ગઈ હતી. હવે અહીં રોકાયા વિના છૂટકો નહોતો.

તેમને સમગ્ર ઘટના અને તેમાંની વ્યક્તિઓ વિચિત્ર લાગતી હતી. જેમ કે પેલો લોમ્બાર્ડ. જનરલે તેને પહેલીવાર જોયો ત્યારે જ તેમને થયેલું કે 'આ કોઈ વિચિત્ર માણસ લાગે છે.' એ તો શરત મારવા પણ તૈયાર હતા કે 'લોમ્બાર્ડ દેખાય છે તેવો સીધોસાદો લાગતો નથી. તેનામાં ચોક્કસ કાંઈક ગડબડ છે.'

11

ડિનરનો બેલ વાગ્યો એટલે ફિલિપ લોમ્બાર્ડ પોતાના રૂમમાંથી દાદર પાસે આવ્યો. ચિત્તાની જેમ એ સહજ રીતે, અવાજ કર્યા વિના ચાલતો હતો. તેની પર્સનાલિટીમાં વાઘ કે ચિત્તા જેવાં પ્રાણીઓની મનમોહક છટા હતી.

એ મનમાં મલકાતો મલકાતો વિચારી રહ્યો હતો કે 'અહીં એક અઠવાડિયું રહેવાનું છે એમાં તો બસ ભરપૂર મજા કરવી છે.'

12

સિલ્કનો કાળા રંગનો ડ્રેસ પહેરી એમિલી બ્રેન્ટ, ડિનરનો બેલ વાગે તેની રાહ જોતાં, પોતાનાં રૂમમાં બાઇબલ વાંચી રહ્યાં હતાં.

તે બાઇબલના શબ્દો વાંચતાં હતાં. 'નાસ્તિક લોકો પોતે ખોદેલા ખાડામાં જ દટાય છે. તે લોકો જે જાળ બનાવે છે તેમાં પોતે જ ફસાય છે. પરમેશ્વર તો પોતાના ન્યાયથી ઓળખાય છે. દુરાચારી પોતાનાં જ ફંદામાં ફસાય છે. દુરાચારીને નરકમાં ધકેલી દેવામાં આવશે.'

આટલું વાંચતાં તેમના હોઠ સખ્તાઈથી બિડાઈ ગયા. તેમણે બાઇબલ બંધ કર્યું અને ડિનરનો બેલ સંભળાયો એટલે પોતાના ડ્રેસ પર પીળા રંગનો બિલ્લો લગાડી તે નીચે ગયાં.

3

તહોમતનામું

1

ડિનર લગભગ પૂરું થવામાં હતું.

ડિનરમાં પીરસાયેલી બધી વાનગીઓ સ્વાદિષ્ટ હતી. તેની સાથે સર્વ થયેલો વાઇન પણ ઉત્તમ પ્રકારનો હતો. રોજર્સ કપલે બધાની સારી સરભરા કરેલી.

આટલા સરસ ડિનર બાદ બધાં સારા મૂડમાં હતાં. બધાંએ એકબીજા સાથે વધુ નિખાલસતા અને મૈત્રીથી વાતો કરવાનું શરૂ કર્યું.

જજ વેનગ્રેવ ઊંચી જાતનો શરાબ પીધા પછી રંગમાં આવી ગયા અને ડૉક્ટર આર્મસ્ટ્રોંગ તથા ટોની માર્સ્ટન સાથે વાતો કરતાં કરતાં તીખાશભરી રમૂજ પણ કરી લેતા હતા. મિસ બ્રેન્ટને જનરલ મૅકઆર્થર સાથે વાત કરતાં એ વાતની ખબર પડેલી કે એ બંનેના અમુક કોમન મિત્રો હતા. વેરા ક્લેથોર્ન મિસ્ટર ડેવિસને સાઉથ આફ્રિકા વિષે વિગતથી પ્રશ્નો પૂછતી હતી અને મિસ્ટર ડેવિસ કોઈ નિષ્ણાતની સ્ટાઇલમાં જવાબ આપતાં હતા. લોમ્બાર્ડે એ લોકોની વાતો સાંભળતા સાંભળતા એકબે વાર ડેવિસ સામે ઝીણી આંખ કરીને જોયું. ટેબલની આસપાસ બેઠેલાં લોકો પર તે વારંવાર નજર નાખી લેતો હતો.

ટેબલ તરફ અચાનક ઇશારો કરી એન્થની માર્સ્ટન બોલ્યો, “આ રહસ્યમય લાગે છે નહીં?”

બધાનું ધ્યાન ગોળ ટેબલની વચ્ચે, ગ્લાસના સ્ટેન્ડમાં મૂકેલા, નાના કદના ચીનાઈ માટીના પૂતળા તરફ ગયું.

ટોનીએ કહ્યું, “આ સોલ્જર્સના પૂતળાં છે અને આ સોલ્જર ટાપુ છે, કદાચ એટલે જ આ પૂતળાં અહીં મૂક્યાં લાગે છે.”

વેરાએ આગળ ઝૂકીને પૂછ્યું, “કેટલાં પૂતળાં છે? દસ?”

“હા દસ છે.” જવાબ મળ્યો.

વેરાએ ઉત્સાહથી કહ્યું, “અરે વાહ! આ તો બહુ સારી વાત છે! મને લાગે છે આ તો પેલા બાલજોડકણાના દસ સિપાહી છે અને એ જોડકણાને તો ફ્રેમમાં મઢીને મારા રૂમમાં દીવાલ પર ટાંગેલું છે.”

લોમ્બાર્ડે કહ્યું, "એ જોડકણું તો મારા રૂમમાં પણ છે."

"મારા રૂમમાં પણ," "મારા રૂમમાં પણ." બધા એક સાથે બોલી ઊઠ્યા.

વેરાએ પૂછ્યું, "કોઈનો આ ફની આઇડિયા લાગે છે, નહીં?"

જજ વેનગ્રેવ ગળું સાફ કરી બોલ્યા, "તદ્દન થર્ડ ક્લાસ આઇડિયા છે." તેમણે એક પેગ ભર્યો.

એમિલી બ્રેન્ટ અને વેરા ક્લેથોર્ન એકબીજા સામે જોતાં જોતાં ડ્રોઇંગ રૂમમાં ગયાં.

ડ્રોઇંગ રૂમની અગાશી તરફ પડતી ફ્રેંચ બારીઓ ખુલ્લી હતી. ત્યાંથી ખડક સાથે અથડાતા દરિયાઈ મોજાનો અવાજ સંભળાતો હતો.

એમિલી બ્રેન્ટે કહ્યું, "મજાનો અવાજ છે, નહીં? "

પણ વેરાએ પોતાનો અણગમો બતાવતાં કહ્યું, "મને આ અવાજ જરાપણ નથી ગમતો."

મિસ બ્રેન્ટે આશ્ચર્યથી વેરા સામે જોયું. વેરા થોડી શરમાઈ ગઈ અને તેણે સ્વસ્થ અવાજે કહ્યું, "દરિયામાં તોફાન આવે ત્યારે આવી જગ્યામાં રહેવાનું કપરું પડે."

એમિલી બ્રેન્ટે આ વાતમાં સહમતી દર્શાવતાં કહ્યું, "સાચી વાત. મને લાગે છે કે આ ઘર શિયાળામાં તો બંધ જ રહેતું હશે, કેમકે કોઈ નોકર શિયાળામાં અહીંયા રહેવા માટે તૈયાર જ ન થાય."

વેરાએ કહ્યું, "અરે સારી સીઝન હોય ત્યારે પણ આવી જગ્યાએ નોકર મેળવવાનું અઘરું જ પડતું હશે."

એમિલી બ્રેન્ટે કહ્યું, "મિસિસ ઓલીવર નસીબદાર ગણાય કે મિસ્ટર અને મિસિસ રોજર્સ તેમને મળ્યાં, અને હા, મિસિસ રોજર્સ રસોઈ સારી બનાવે છે."

એમિલી બ્રેન્ટે મિસિસ ઓવેનને બદલે 'મિસિસ ઓલીવર' કહ્યું તે સાંભળીને વેરાને થયું "આ ઘરડા માણસો લોકોનાં નામ હંમેશાં ભૂલી જતાં હોય છે!" પછી તે ચોખવટ કરતાં બોલી, "હા, હું પણ માનું છું કે મિસિસ ઓવેન બહુ નસીબદાર છે."

એમિલી બ્રેન્ટે બૅગમાંથી કપડાનો નાનો ટુકડો કાઢ્યો જેના પર તે ભરતકામ કરતાં હતાં. સોયમાં દોરો પરોવવાનું પડતું મૂકીને તેમણે વેરાને કડક અવાજે પૂછ્યું, "તેં મિસિસ ઓવેન નામ કહ્યું?"

વેરાએ જવાબ આપ્યો, “હા.”

એમિલી બ્રેન્ટ છણકો કરતાં બોલ્યાં, “મારી જિંદગીમાં હું ઓવેન નામની કોઈ વ્યક્તિને મળી નથી.”

વેરાએ કહ્યું, “પરંતુ...”

પણ તેનું વાક્ય અધૂરું રહ્યું. ડ્રોઇંગ રૂમનું બારણું ખૂલ્યું અને બધા પુરુષો અંદર આવ્યા. રોજર્સ એમની પાછળ કૉફીની ટ્રે લઈને આવ્યો.

જજ એમિલી પાસે બેઠા અને ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ વેરા પાસે. ટોની માર્સ્ટન ખુલ્લી બારી પાસે ગયો. બ્રાસનું એક નાનું બાવલું જોઈને બ્લોર વિચારતો હતો કે આ ઉટપટાંગ વળાંકોવાળું પૂતળું ખરેખર કોઈ સ્ત્રીનું હતું કે નહીં. જનરલ મૅકઆર્થરને ડિનર બહુ સારું લાગેલું એટલે અભરાઈ તરફ પીઠ કરીને ઊભાં રહી ખુશમિજાજમાં એ મૂછ પર તાવ દેતાં હતાં. તો બીજી બાજુ લોમ્બાર્ડ ખૂણાનાં ટેબલ પર પડેલાં *‘પંચ’* મૅગેઝિનનાં પાનાં ઉથલાવતો હતો.

રોજર્સે બધાને બ્લેક કૉફી આપી.

બધાં નિરાંતે જમીને ખુશમિજાજમાં બેઠાં બેઠાં ગરમ કૉફીની લિજ્જત માણતાં હતાં. નવ વાગીને વીસ મિનિટ થઈ’તી. ડ્રોઇંગ રૂમમાં શાંતિ હતી.

અને ત્યાં જ કોઈ પણ જાતની ચેતવણી વિના, શાંતિને ચીરતો, સાવ અચાનક એક અવાજ સંભળાયો.

લેડીઝ એન્ડ જેન્ટલમેન! સાઇલન્સ પ્લીઝ!

દરેક જણ ચોંકીને પોતાની આસપાસ જોવા લાગ્યા, કેટલાકે એકબીજા સામે જોયું, તો વળી કેટલાક દીવાલો તરફ જોઈને વિચારવા લાગ્યા. આ કોણ બોલતું હતું? આ કોનો અવાજ હતો?

ઊંચો અવાજ ડ્રોઇંગ રૂમને ભરી રહ્યો. રૂમમાં બેઠેલું કોઈ કાંઈ સમજી નહોતું શકતું.

“તમારા બધાં પર નીચે મુજબનાં તહોમતનામાં છે.”

“એડવર્ડ જ્યોર્જ આર્મસ્ટ્રૉંગ, ૧૪મી માર્ચ, ૧૯૨૫ના દિવસે લુસિયા મેરી ક્લીસનું મૃત્યુ થયું તેમાં તમે કારણભૂત બનેલાં.”

“એમિલી કેરોલીન બ્રેન્ટ, ૫મી નવેમ્બરના ૧૯૩૧ના દિવસે બીયાટ્રેઈસ ટેય્લરનું મૃત્યુ થયું તેને માટે તમે જવાબદાર છો.”

"વિલિયમ હેન્રી બ્લોર, ૧૯૨૮ની સાલમાં ૧૦મી ઑક્ટોબરે, જેમ્સ સ્ટીફન લેન્ડરનું મોત તમારા કારણે થયેલું."

"વેરા એલીઝાબેથ ક્લેથોર્ન, તમે ૧૧મી ઑગસ્ટ ૧૯૩૫ના રોજ સિરિલ ઓગ્લીવી હેમિલ્ટનની હત્યા કરેલી છે.

"ફિલિપ લોમ્બાર્ડ, ૧૯૩૨ના ફેબ્રુઆરી મહિનામાં પૂર્વ આફ્રિકાની એક જાતિના એકવીસ વ્યક્તિઓ તમારે કારણે મૃત્યુ પામેલા."

"જહોન ગોર્ડન મૅકઆર્થર, તમે ૪થી જાન્યુઆરી ૧૯૧૭ના રોજ, તમારી પત્નીના પ્રેમી આર્થર રીચમંડને જાણીજોઈને તેના મૃત્યુ તરફ ધકેલી દીધો."

"એન્થની જેમ્સ માર્સ્ટન, તમે ગયા વર્ષની ૧૪મી નવેમ્બરે જહોન અને લ્યુસી કોમ્બની હત્યા કરી તેના ગુનેગાર છો."

"થોમસ રોગર્સ અને એથેલ રોગર્સ, દ્દઠ્ઠી મે,૧૯૨૯ના દિવસે જેનીફર બ્રાડીનું મૃત્યુ તમારે કારણે થયેલું."

"લોરેન્સ જહોન વોરગ્રેવ, ૧૯૩૦ના જૂન મહિનાની ૧૦મી તારીખે એડવર્ડ સેટોનની હત્યા થઈ તેને માટે તમે ગુનેગાર છો."

"ઓ ગુનેગારો, બોલો હવે તમારે તમારા બચાવમાં કાંઈ કહેવાનું છે?"

2

રૂમમાં આવતો અવાજ બંધ થયો.

ડ્રોઇંગ રૂમમાં સન્નાટો છવાઈ ગયો. ભયને કારણે બધા અવાક થઈ ગયેલા ત્યાં જ ક્રોકરી તૂટવાનો મોટો અવાજ સંભળાયો! રોજર્સના હાથમાંથી કૉફીની ટ્રે પડી ગયેલી.

બીજી જ સેકન્ડે રૂમની બહાર એક ચીસ સંભળાઈ અને કોઈ પડ્યું હોય તેવો 'ધડામ' કરતો અવાજ આવ્યો.

લોમ્બાર્ડે દોડીને એક ઝાટકે બારણું ખોલીને જોયું તો રૂમની બહાર મિસિસ રોજર્સ બેહોશ થઈને પડેલા. લોમ્બાર્ડે બૂમ પાડી, 'માર્સ્ટન, જલદી આવ'.

ટોની તરત લોમ્બાર્ડ પાસે ગયો અને બંને જણા મિસિસ રોજર્સને ઊંચકીને ડ્રોઇંગ રૂમમાં લઈ આવ્યા. ડૉ. આર્મસ્ટ્રોંગે તરત તેમની પાસે ગયા અને ત્રણેય જણાએ થઈને મિસિસ રોજર્સને સોફા પર સુવડાવ્યા.

ડૉ. આર્મસ્ટ્રોંગે મિસિસ રોજર્સની નાડી ચેક કરી, આંખો તપાસીને કહ્યું, "ચિંતાનું કારણ નથી. થોડીવારમાં સારું થઈ જશે."

લોમ્બાર્ડે રોજર્સને કહ્યું, "જા, જલદીથી થોડી બ્રાન્ડી લઈ આવ."

રોજર્સનો ચહેરો ભયથી સફેદ પૂણી જેવો થઈ ગયેલો અને તેના હાથ કાંપતા હતા. બીકને કારણે તે બોલી નહોતો શકતો. ધીમા અવાજે "હા સર, હમણાં લાવું" કહીને એ રૂમની બહાર ગયો.

વેરાએ ભયભીત અવાજમાં *"આ કોણ બોલતું હતું? બોલનાર ક્યાં હતો? મને તો એમ લાગ્યું, એમ લાગ્યું જાણે.."* બાકીના શબ્દો તેના ગળામાં અટવાઈ ગયા.

જનરલ મૅકઆર્થર ધ્રૂજતા અવાજે બોલ્યા, "આ શું થઈ રહ્યું છે? કોણે આવી ભદ્દી મજાક કરી છે?" તેમના હાથ કાંપતા હતા અને ખભા ઝૂકી ગયેલા. તે અકાળે વૃદ્ધ થઈ ગયા હોય તેવા દેખાતા હતા.

બ્લોર પરસેવાથી રેબઝેબ થઈ ગયેલા અને રૂમાલથી મોઢું લૂછતા હતા.

ફક્ત એમિલી બ્રેન્ટ અને જજ વોરગ્રેવ પ્રમાણમાં થોડા સ્વસ્થ દેખાતા હતા. એમિલી હંમેશ માફક ટટ્ટાર બેઠાં હતાં. ફક્ત તેમના ગાલ પર થોડી રતાશ દેખાતી હતી. જજ વોરગ્રેવ પોતાની આગવી અદામાં ડોક નીચી કરીને બેઠા હતા, જાણે તંદ્રામાં હોય. ફક્ત તેમની ચકોર નજર વારંવાર રૂમમાં ફરતી હતી, જાણે બધું માપી લેતી હોય.

ડૉ. આર્મસ્ટ્રોંગ મિસિસ રોજર્સનું ધ્યાન રાખતા હતા એટલે ફરી થયેલા. લોમ્બાર્ડે કહ્યું, "અવાજ તો આ રૂમમાંથી જ આવતો હોય એવું લાગતું હતું."

વેરાએ ચિંતાતુર અવાજમાં પૂછ્યું, "પણ એ હતું કોણ? આપણામાંથી તો કોઈ નહોતું."

લોમ્બાર્ડે રૂમમાં બધે નજર ફેરવીને જોયું. ઉઘાડી બારીને જોઈને તેને થયું કે 'અહીંથી અવાજ આવ્યો હશે' પણ એ વાત તેને અશક્ય લાગી એટલે તેણે બીજે બધે નજર ફેરવી. અચાનક તેની આંખો ચમકી ઊઠી. ફાયરપ્લેસ પાસે એક બારણું હતું જે બીજા રૂમમાં જતું હતું. લોમ્બાર્ડ તે બારણું ખોલી બીજા રૂમમાં ગયો અને તરત તેનો અવાજ સંભળાયો, "ઓહો, જુઓ અહીં શું છે?"

બધા ઉતાવળથી તે રૂમમાં ગયા. ફક્ત એમિલી બ્રેન્ટ પોતાની ખુરશીમાં ટટ્ટાર બેઠાં રહ્યાં.

બીજા રૂમમાં એક ટેબલ હતું જે ડ્રોઇંગ રૂમ તરફની દીવાલ પાસે મૂકેલું હતું. ટેબલ પર એક જૂની સ્ટાઇલનું ગ્રામોફોન હતું જેનું મોટું એમ્પ્લીફાયર દીવાલ તરફ રાખેલું. લોમ્બાર્ડે એમ્પ્લીફાયર ખસેડ્યું તો દીવાલમાં ત્રણ નાના બાંકોરા દેખાયાં, જેમાંથી ગ્રામોફોનનો અવાજ ડ્રોઇંગ રૂમ સુધી પહોંચતો હતો.

લોમ્બાર્ડે ગ્રામોફોનની બંધ પડેલી રેકર્ડ ફરી શરૂ કરી અને તરત એ જ અવાજ સંભળાયો. "લેડીઝ ઍન્ડ જેન્ટલમેન! સાઇલન્સ પ્લીઝ! *તમારા બધાં પર નીચે મુજબનાં તહોમતનામાં છે."*

વેરાએ બંને કાન પર હાથ મૂકી ચીસ પાડી, "બંધ કરો, આ ભયાનક અવાજ બંધ કરો!"

લોમ્બાર્ડે તરત ગ્રામોફોન બંધ કરી દીધું.

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ નિરાંતનો શ્વાસ લઈને બોલ્યા, "થૅન્ક ગૉડ, આ તો કોઈએ બેહુદી પ્રૅક્ટિકલ જોક કરી લાગે છે."

જજ વોરગ્રેવે તેમને પૂછ્યું, "તો તમને આ પ્રૅક્ટિકલ જોક લાગે છે, એમ?"

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગે આશ્ચર્યથી પૂછ્યું, "જો આ પ્રૅક્ટિકલ જોક નથી તો બીજું શું છે?"

જજ વોરગ્રેવ હોઠ પર આંગળી ફેરવતા બોલ્યા, "આ બાબતમાં અત્યારે હું કોઈપણ જાતનો અભિપ્રાય આપવા માંગતો નથી."

એન્થની માર્સ્ટને કહ્યું, "અરે, સાંભળો. આ ગ્રામોફોન કોઈકે શરૂ કર્યું હશે ત્યારે જ રેકર્ડ વાગી ને? આ કોણે શરૂ કર્યું હશે?"

જજે કહ્યું, "હા, એ વાત બરાબર છે. કોણે ગ્રામોફોન શરૂ કર્યું તેની તપાસ કરવી જોઈએ." આટલું કહી તે ડ્રોઇંગ રૂમમાં પાછા આવ્યા. તેમની પછી બીજાં બધાં આવ્યાં.

રોજર્સ બ્રાન્ડી લઈને આવ્યો. મિસિસ રોજર્સ હજુ બેભાન અવસ્થામાં ઊંહકારા ભરતાં હતાં. એમિલી થોડું ઝૂકીને તેમને જોતાં હતાં. રોજર્સે પાસે આવીને કહ્યું, "ઇથેલ, ઇથેલ. આંખો ખોલ. તને મારો અવાજ સંભળાય છે? બધું બરાબર છે. આંખો ખોલ."

મિસિસ રોજર્સનો શ્વાસ તૂટતો હતો. તેમણે આંખો ખોલી અને ભયભીત નજરે બધે જોયું.

રોજર્સે તેમનો હાથ દાબીને કહ્યું, "ઇથેલ, સ્વસ્થ થઈ જા. કાંઈ નથી થયું."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે શાંત, સ્વસ્થ અવાજે કહ્યું, "મિસિસ રોજર્સ, ચિંતા ન કરો. તમને તરત સારું થઈ જશે."

મિસિસ રોજર્સ ભાનમાં આવ્યાં પછી પહેલીવાર બોલ્યાં, "સર, શું હું બેભાન થઈ ગઈ'તી?"

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે જવાબમાં કહ્યું, "હા, પણ કાંઈ ચિંતા કરવા જેવું નથી."

મિસિસ રોજર્સ ગભરાઈને બોલ્યાં, "પેલો ભયાનક અવાજ, જાણે કોઈ ચુકાદો આપતું હોય એવો અવાજ." ફરીવાર તેમનો ચહેરો ફિક્કો પડવા લાગ્યો અને આંખો પહોળી થવા લાગી.

આ જોઈને ડૉક્ટર આર્મસ્ટ્રોંગ તરત બોલ્યા, "બ્રાન્ડી ક્યાં છે? જલદી બ્રાન્ડી લાવો." કોઈએ બાજૂના ટેબલ પર પડેલી બ્રાન્ડીની બૉટલ ડૉક્ટરને આપી. આર્મસ્ટ્રોંગે એ બૉટલ મિસિસ રોજર્સને આપીને કહ્યું, "લો, થોડી બ્રાન્ડી પી લો."

મિસિસ રોજર્સે બ્રાન્ડીના બે-ત્રણ ઘૂંટ પીધાં અને તેમનાં ગાલ પર થોડી રતાશ આવી. તેમણે કહ્યું, "હવે મને સારું લાગે છે. બસ, જરા ચક્કર આવી ગયા."

રોજર્સ તરત બોલ્યો, "વાત જ એવી છે કે ચક્કર આવી જાય. હું તો એટલો હેબતાઈ ગયો હતો કે મારા હાથમાંથી ટ્રે પડી ગઈ. કોઈ હડહડતું જુઠ્ઠું બોલે છે. મારે તો એ જાણવું છે કે..."

જજ વોરગ્રેવે ગળું સાફ કરતા રોજર્સ સામે એવી રીતે જોયું કે રોજર્સ બોલતાં બોલતાં અટકી ગયો અને વોરગ્રેવની સામે જોઈ રહ્યો. જજે તેને પૂછ્યું, "રોજર્સ, ગ્રામોફોન પર રેકર્ડ કોણે મૂકેલી? તેં મૂકેલી?"

રોજર્સ કરગરીને બોલ્યો, "હા સર, એ રેકર્ડ મેં મૂકેલી પણ બાય ગૉડ મને ખબર નહોતી કે એ રેકર્ડમાં શું છે. મને ખબર હોત તો હું ક્યારેય એ રેકર્ડ મૂકત નહીં."

જજે થોડા રૂક્ષ અવાજમાં કહ્યું, "તારી એ વાત કદાચ સાચી હોય તો પણ આ આખો મામલો શું છે તે તું અમને જણાવ."

રોજર્સે પોતાનું મોઢું રૂમાલથી લૂછતાં કહ્યું, "સાહેબ, હું તો ફક્ત હુકમનું પાલન કરતો હતો."

"કોના હુકમનું?"

"મિસ્ટર ઓવેનના હુકમનું." રોજર્સે જણાવ્યું.

વોરગ્રેવ બોલ્યા, "જરા વિગતથી જણાવ. મિસ્ટર ઓવેને તને શું કરવાનું કહ્યું હતું?"

રોજર્સે અચકાતા અચકાતા જણાવ્યું, "મને જણાવવામાં આવેલું કે એક રેકર્ડ ટેબલના ખાનામાં હશે જેને કાઢીને મારે ગ્રામોફોન પર મૂકવાની હતી. પછી હું જ્યારે કૉફી લઈને ડ્રોઇંગ રૂમમાં આવું ત્યારે મારી પત્નીએ ગ્રામોફોન ચાલુ કરવાનું હતું."

વોરગ્રેવે ઠંડા અવાજે કહ્યું, "હમમ... આ વાર્તા મજાની છે."

રોજર્સ ફરીવાર કરગરીને બોલ્યો, "સાહેબ, બાય ગૉડ, આ સાવ સાચી વાત છે. મને ખબર જ નહોતી એ રેકર્ડમાં શું છે. તેની ઉપરના લેબલમાં તો એ સંગીતની રેકર્ડ છે તેમ લખેલું છે."

જજે લોમ્બાર્ડને પૂછ્યું, "રેકર્ડ ઉપર લેબલ લગાડેલું છે?"

લોમ્બાર્ડે ખંધું હસીને કહ્યું, "હા સર, રેકર્ડ પર 'વિદાય ગીત' એમ લખેલું લેબલ છે!"

3

જનરલ મૅકઆર્થર બોલી ઊઠ્યા, "આ આખી વાત મૂર્ખામી ભરેલી છે. કોઈએ કેવા વાહિયાત આક્ષેપ કરેલા છે! આપણે બધાએ આના માટે કાંઈક કરવું જોઈએ. આ મિસ્ટર ઓવેન જે હોય તે..."

એમિલી બ્રેન્ટે જનરલની વાત કાપતાં કહ્યું, "એ જ પ્રૉબ્લેમ છે. આ ઓવેન કોણ છે?"

જજ વોરગ્રેવ બોલ્યા, "આપણે બધાં એ વાતની વિગતવાર તપાસ કરીએ તે જરૂરી છે." તેમણે રોજર્સને કહ્યું, "તું પહેલા તારી પત્નીને તમારા રૂમમાં મૂકીને પાછો આવ. તે પછી આપણે આગળ વાત કરીએ." તેમના અવાજમાં વર્ષોના અનુભવે મેળવેલી ઑથૉરિટીની છાંટ હતી.

રોજર્સે નમ્રતાથી કહ્યું, "ભલે સાહેબ."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે રોજર્સને કહ્યું, "ચાલો, હું સાથે આવું છું."

રોજર્સ અને આર્મસ્ટ્રોંગનો ટેકો લઈ મિસિસ રોજર્સ પોતાના રૂમ તરફ ગયાં.

ટોની માર્સ્ટન બોલ્યો, "તમારા બધાની તો ખબર નથી પણ મારે એક પેગની જરૂર છે."

ડૉ. આર્મસ્ટ્રોંગે કહ્યું, "હું પણ લઈશ."

"હું કિચનમાં જઈને ડ્રિન્ક્સ શોધી લાવું છું." એમ કહીને ટોની રૂમની બહાર ગયો. બે સેકન્ડમાં જ તે ડ્રિન્ક્સ ભરેલી ટ્રે લઈને પાછો આવ્યો અને બોલ્યો, "રૂમની બહારના ટેબલ પર ભરેલા પેગવાળી આ ટ્રે તૈયાર જ હતી. મારે ડ્રિન્ક્સ શોધવા જવાની જરૂર જ ન પડી!"

ટોનીએ બધાને ડ્રિન્ક્સ આપ્યા. જનરલ મૅકઆર્થર અને જજ વોરગ્રેવે વ્હીસ્કીનો પેગ લીધો. દરેકને એવા ડ્રિંકની જરૂર હતી જે થોડી ઉત્તેજના આપે. ફક્ત એમિલી બ્રેન્ટે પાણી મગાવીને પીધું.

ડૉ. આર્મસ્ટ્રોંગ રૂમમાં પાછા આવ્યા અને તેમણે બધાને જણાવ્યુ, "મિસિસ રોજર્સને સારું છે. મેં તેમને ઘેનની ટીકડી આપી છે." પછી તે ડ્રિન્ક્સ ભરેલી ટ્રે જોઈને બોલ્યા, "ઓહો, ડ્રિન્ક્સ તૈયાર છે! હું પણ એક પેગ લઈશ."

બધા પુરુષોએ ફરીવાર પોતાના પેગ ભર્યા. આ દરમ્યાન રોજર્સ રૂમમાં પાછો આવ્યો.

જજ વોરગ્રેવે રોજર્સને કહ્યું, "હવે અમને જણાવ કે આ મિસ્ટર ઓવેન કોણ છે?"

રોજર્સે થોડીવાર જજની સામે જોયું અને પછી તે બોલ્યો, "સર, એ આ જગ્યાના માલિક છે."

જજે જરા ગુસ્સો કરીને કહ્યું, "એ તો મને ખબર છે. તું મને એ જણાવ કે તું આ મિસ્ટર ઓવેન વિષે શું જાણે છે?"

રોજર્સે નકારમાં માથું હલાવીને કહ્યું, "હું એમના વિષે કાંઈ જાણતો નથી, સાહેબ. મેં તો એમને ક્યારેય જોયા પણ નથી!"

રૂમમાં બેઠેલા બધાને આ જવાબથી આશ્ચર્ય થયુ. વોરગ્રેવે સવાલ-જવાબ ચાલુ રાખ્યા, "તેં એમને ક્યારેય જોયા નથી? એટલે તું કહેવા શું માગે છે?"

રોજર્સે જવાબ આપ્યો, "હું અને મારી પત્ની એક અઠવાડિયા પહેલા જ અહીં આવ્યાં છીએ. પલાયમાઉથમાં રેજીના એજન્સી છે તેની દ્વારા અમને આ નોકરી મળી છે."

બ્લોરે અભિપ્રાય આપતા કહ્યું, "રેજીના જૂની અને જાણીતી એજન્સી છે."

વોરગ્રેવે રોજર્સને પૂછ્યું, “તારી પાસે એજન્સીએ આપેલો લેટર છે?”

“અમને અહીં નોકરી આપ્યાનો લેટર? ના સર, મેં એ લેટર સાચવ્યો નથી.” રોજર્સે કહ્યું.

વોરગ્રેવે કહ્યું, “OK, તારી વાત આગળ ચલાવ. એજન્સીએ તમને લેટર લખીને આ નોકરી આપી, પછી શું થયું? ”

રોજર્સે કહ્યું, “અમને અમુક તારીખે અહીં હાજર થવાનું જણાવેલું. એ પ્રમાણે અમે અહીં આવી ગયા. ઘરમાં બધી વસ્તુઓ વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. અનાજ, શાકભાજી અને બીજી જરૂરિયાતની વસ્તુઓનો પૂરતો સ્ટોક હતો. બસ થોડી સાફસૂફીની જ જરૂર હતી.

“પછી શું થયું?” જજના પ્રશ્નો ચાલુ રહ્યા.

રોજર્સે કહ્યું, “ખાસ કાંઈ નહીં સર, ગયા અઠવાડિયે અમને એક લેટર મળ્યો કે અમારે હાઉસ પાર્ટીની તૈયારી કરવાની છે. પછી ગઈકાલે બપોરે મિસ્ટર ઓવેનનો લેટર આવ્યો કે તે અને મિસિસ ઓવેન એક દિવસ મોડાં આવશે અને મારે તમારા બધાનું ધ્યાન રાખવાનું છે. તેમણે ડિનર માટે, ત્યારબાદ કૉફી આપવા માટે અને ગ્રામોફોન ચાલુ કરવા માટે વિગતવાર સૂચનાઓ આપેલી.”

જજે તરત પૂછ્યું, “રોજર્સ, તારી પાસે એ લેટર તો જરૂર હશે જ ને?

“હા સાહેબ, આ રહ્યો એ લેટર.” કહીને રોજર્સે જજને તે લેટર આપ્યો.

જજ લેટર જોઈને બોલ્યા, “હમમ… રીટ્ઝ હોટેલના લેટરહેડ પર ટાઇપ કરેલો લેટર છે.”

બ્લોરે જજ પાસે જઈને કહ્યું, “મને એ લેટર જરા જોવા દો ને.” અને જવાબની રાહ જોયા વિના તેમણે જજના હાથમાંથી લેટર લઈ લીધો. પછી લેટર વાંચતા વાંચતા ધીમે અવાજે બોલવા લાગ્યા, “હમમ.. કોરોનેશન કંપનીના ટાઇપરાઇટરથી એન્સાઈ કંપનીના કાગળ પર આ લેટર ટાઇપ કરેલો છે. અક્ષરો ક્યાંય તૂટતા નથી એટલે મશીન નવું લાગે છે. મને નથી લાગતું કે આ લેટર પરથી વધુ કોઈ માહિતી મળે. કદાચ ફિંગરપ્રિન્ટ મળે. જોકે એ પણ ડાઉટફૂલ છે.

જજ વોરગ્રેવે બ્લોરની વાત ધ્યાનથી સાંભળી અને તેમને લાગ્યું કે ‘બ્લોર પાસે આવી બાબતોની સારી માહિતી છે.’

એન્થની માર્સ્ટન બ્લોરના ખભા પાસે ઊંચો થઈને લેટર વાંચતો હતો. “મિસ્ટર ઓવેનનું નામ પણ કેવું છે? N. Oven. આમાં N.થી કયું નામ હશે?

જજ થોડી ઉત્તેજના સાથે બોલ્યા. “થૅન્ક્યુ માર્સ્ટન, તેં એક અગત્યના પોઇન્ટ પર મારું ધ્યાન દોર્યું.” પછી તેમણે બધાને કહ્યું, “હવે આપણે બધાં દરેક જણ પાસે મિસ્ટર ઓવેનની જે કાંઈ માહિતી છે તેને ભેગી કરીએ. આપણને બધાને અહીં ‘ગેસ્ટ’ તરીકે બોલાવવામાં આવ્યા છે. તો મારું સૂચન છે કે બધા પોતાને અહીં આવવાનું આમંત્રણ કઈ રીતે મળેલું તે જણાવે.”

થોડીવાર કોઈ બોલ્યું નહીં. પછી એમિલી બ્રેન્ટે વાત શરૂ કરતાં કહ્યું, “આ બધું જરા વિચિત્ર જણાય છે. મને એક લેડીએ લખેલો પત્ર મળ્યો જેમાં સહી બરાબર વંચાતી નહોતી. પત્રમાં લખેલું કે હું એ લેડીને એક સમર હાઉસમાં બે-ત્રણ વર્ષ પહેલાં મળી છું. મને લાગ્યું કે આ પત્ર મિસિસ ઓગ્દેન અથવા મિસિસ ઓલીવારે લખ્યો છે. હું એ બંનેને જાણું છું પણ મને ખાતરી છે કે હું મિસિસ ઓવેન નામની કોઈપણ વ્યક્તિને ક્યારેય પણ મળી નથી.

જજ વોરગ્રેવે પૂછ્યું, “મિસ બ્રેન્ટ, તમારી પાસે એ લેટર છે?”

એમિલી બ્રેન્ટે કહ્યું, “હા, હમણાં જ લેટર લઈ આવું છું.” થોડીવારમાં તે લેટર લઈને પાછા આવ્યા અને એ લેટર જજ વોરગ્રેવને આપ્યો.

જજ લેટર વાંચીને બોલ્યા, “હમમમ.. હવે થોડું થોડું સમજાય છે.” પછી તેમણે વેરાને પૂછ્યું, “તમને શું અનુભવ થયો?”

વેરાએ પોતાને કઈ રીતે મિસિસ ઓવેનની સેક્રેટરી તરીકે નોકરી મળી તે જણાવ્યું.

જજે માર્સ્ટન સામે જોયું એટલે ટોની બોલ્યો, “મને મારા મિત્ર બર્કલીનો ટેલિગ્રામ મળેલો. ટેલિગ્રામ જોઈને મને થોડી નવાઈ તો લાગેલી કારણ કે મારા ખ્યાલ મુજબ બર્કલી નોર્વેમાં હતો. ટેલિગ્રામમાં તેણે એટલું લખેલું કે ‘તું સોલ્જર ટાપુ પર પહોંચી જા.’

જજે ટોની તરફ હકારમાં માથું હલાવ્યું અને ડૉક્ટર આર્મસ્ટ્રોંગને પોતાની વાત જણાવવા ઇશારો કર્યો. આર્મસ્ટ્રોગે કહ્યું, “મને ડૉક્ટર તરીકે અહીં બોલાવ્યો છે.”

જજે કહ્યું, “OK. તમે આ ઓવેન યુગલને ઓળખો છો?”

આર્મસ્ટ્રોંગે જણાવ્યું, “ના, હું એમને નથી ઓળખતો. પરંતુ પત્રમાં મિસ્ટર ઓવેને એવો ઉલ્લેખ કરેલો કે તે મારા એક સાથીદારને ઓળખે છે.”

વોરગ્રેવે કહ્યું, “એ તો તમને તેમની વાતમાં વિશ્વાસ બેસે એટલે આવું લખ્યું હોય. કહો, આ સાથીદાર સાથે તમે થોડા વખતથી સંપર્કમાં નથી, એ વાત સાચી છે ને?”

આર્મસ્ટ્રોંગ થોડું ખચકાઈને બોલ્યા, “હા, એ વાત સાચી છે. હમણાં હું તેના સંપર્કમાં નથી.”

આ દરમ્યાન લોમ્બાર્ડ, જે બ્લોરને તાકીને જોઈ રહ્યો હતો, અચાનક બોલ્યો, “સાંભળો, મને હમણાંજ એક વિચાર આવેલ છે.”

જજે હાથ ઊંચો કરીને લોમ્બાર્ડને રોકતાં કહ્યું, “થોડી વાર પછી જણાવજો. હમણાં નહીં”

“પણ હું…” લોમ્બાર્ડે પોતાની વાત કહેવા પ્રયત્ન કર્યો.

જજે કહ્યું, “મિસ્ટર લોમ્બાર્ડ, આપણે એક પછી એક મુદ્દાની ચર્ચા કરીશું. અત્યારે આપણે એ વાત કરી રહ્યા છીએ કે બધાંનું અહીં આવવાનું કારણ શું છે.” આટલું કહી તેમણે મૅકઆર્થરને પૂછ્યું, “જનરલ મૅકઆર્થર, તમારે શું કહેવાનું છે?

જનરલ મૅકઆર્થરે વાત કરી, “મને પણ આ મિસ્ટર ઓવેન તરફથી લેટર મળેલો. તેમાં તેમણે મારા એક-બે જૂના સાથીદારો અહીં આવવાના છે તેમ લખેલું. એમ પણ જણાવેલું કે પત્રને જ આમંત્રણ માનીને મારે અહીં આવી જવું. જોકે મારી પાસે એ પત્ર સચવાયો નથી.”

વોરગ્રેવે લોમ્બાર્ડ સામે જોઈને પૂછ્યું, “મિસ્ટર લોમ્બાર્ડ, તમે શું કહો છો?”

લોમ્બાર્ડે વિચારી રાખેલું કે એણે પોતાની વિષે બધી વાત કરી દેવી જોઈએ કે નહીં. એને પ્રશ્ન પુછાયો ત્યારે તેણે પહેલેથી નક્કી કરી રાખેલો જવાબ આપ્યો.

લોમ્બાર્ડે જણાવ્યું, “મારી સાથે પણ આ લોકો જેવું જ થયું છે. મને અહીં આવવા માટે આમંત્રણ આપતો પત્ર મળ્યો. એમાં જણાવેલું કે મારા જૂના મિત્રો પણ અહીં આવવાના છે એટલે હું અહીં આવ્યો. મેં એ પત્ર ફાડી નાખ્યો છે.”

જજ વોરગ્રેવે બ્લોર સામે જોઈને પોતાના હોઠ પર આંગળી ફેરવતા ફેરવતા કહ્યું: “હમણાં જ આપણને બધાને એક

આઘાતજનક અનુભવ થયો. ગ્રામોફોનમાંથી આવતા અવાજે આપણાં બધાનાં નામ લઈને દરેક ઉપર તહોમત મૂક્યું છે. આપણે એ તહોમત વિષે થોડીવાર પછી વાત કરીશું. મારે અત્યારે બીજી વાત જાણવી છે. અવાજ દ્વારા 'વિલિયમ હેન્રી બ્લોર' પર તહોમત મુકાયેલું. અમને જયાં સુધી ખ્યાલ છે ત્યાં સુધી આપણામાંથી કોઈનું નામ બ્લોર નથી. તમે તમારું નામ 'ડેવિસ' કહેલું જેનો ઉલ્લેખ પણ અજાણ્યા અવાજ દ્વારા નથી થયો. તો આ બાબતમાં તમારે શું કહેવાનું છે મિસ્ટર ડેવિસ?"

ડેવિસે થોડા ક્ષોભ સાથે કહ્યું, "બધાને સિક્રેટની ખબર પડી ગઈ છે. એટલે મારા માટે એ કબૂલ કરી લેવું જ સારું છે કે મારું નામ ડેવિસ નથી."

"તું વિલિયમ હેન્રી બ્લોર છે?" જજે પૂછ્યું.

"હા, હું બ્લોર છું."

લોમ્બાર્ડ બ્લોર સામે આવીને બોલ્યો, "હું એ પણ કહેવા માગું છું મિસ્ટર બ્લોર કે તમે ફક્ત તમારું નામ નથી છુપાવ્યું, તમે એક નંબરના જુઠ્ઠાબોલા પણ છો. તમે જણાવ્યું કે તમે સાઉથ આફ્રિકાના નાતાલ શહેરથી આવો છો. હું સાઉથ આફ્રિકા અને નાતાલ શહેરથી પરિચિત છું અને શરત મારવા તૈયાર છું કે તમે તમારી જિંદગીમાં ક્યારેય સાઉથ આફ્રિકા ગયા નથી."

દરેક વ્યક્તિની નજર બ્લોર પર મંડાયેલી હતી. ટોની માર્સ્ટન મુઠ્ઠીઓ વાળતો બ્લોર પાસે ગયો અને બોલ્યો, "બોલ હરામી, તારે શું કહેવાનું છે?"

બ્લોરે ટટ્ટાર થઈને જવાબ આપ્યો, "તમને બધાને ખોટો વહેમ છે. હું નિવૃત્ત CID ઑફિસર છું. મારા ID પ્રૂફ જોવા હોય તો જોઈ શકો છો. હું અત્યારે પ્લાયમાઉથમાં ડિટેક્ટિવ એજન્સી ચલાવું છું. મને અહીં આવીને તપાસ કરવાનું કામ મળેલ છે."

જજ વોરગ્રેવે પૂછ્યું, "કોના તરફથી આ કામ મળેલ છે?"

"મને મિસ્ટર ઓવેન તરફથી આ કામ મળેલ છે." બ્લોરે જણાવ્યું અને કહ્યું, "તેમણે તેમના લેટર સાથે મારી ફી માટે મોટી રકમનો ચેક મોકલેલો. મિસ્ટર ઓવેને લખેલું કે મારે હાઉસ પાર્ટીમાં ગેસ્ટ તરીકે જોડાઈ જવું. તેમણે તમારાં બધાનાં નામ લેટરમાં લખેલાં અને જણાવેલું કે મારે તમારા બધા પર નજર રાખવાની છે."

જજે પૂછ્યું, "મિસ્ટર ઓવેને આમ કરવા માટે તમને કોઈ કારણ જણાવેલું?"

બ્લોરે કહ્યું, "તેમણે લખેલું કે મિસિસ ઓવેનનાં ઘરેણાં ચોરાઈ ન જાય તે માટે મારે બધા પર નજર રાખવાની હતી." અચાનક બ્લોરનો અવાજ આકરો થયો. "આ વાત કેટલી જુદી નીકળી. શું આ મિસિસ ઓવેન અને કેવી વાત? મને નથી લાગતું મિસિસ ઓવેન નામની કોઈ વ્યક્તિ અસ્તિત્વમાં છે."

જજ વોરગ્રેવ પોતાના હોઠ પર આંગળી ફેરવતા બોલ્યા, "બ્લોર, તમે જે વિચારો છો તે સાચું લાગે છે. હવે યજમાનનું નામ જુઓ. મિસ ક્લેથોર્નને જે લેટર મળ્યો છે તેમાં 'Nancy Oven'ની સહી છે જ્યારે બીજા પત્રમાં 'Neil Oven'ની સહી છે. બંને નામના પહેલા અક્ષરો સરખા છે. N. એટલે આખું નામ થાય 'N. OVEN.' જરાક કલ્પના કરો તો ખ્યાલ આવે કે આનો ઉચ્ચાર 'NONE' થઈ શકે છે. 'NONE' એટલે કે કોઈ નહીં!"

વેરા ઉત્તેજિત થઈને બોલી, "પણ આ તો પાગલપણું છે!"

જજે ગંભીર થઈને કહ્યું" "મારા મનમાં હવે જરાપણ શંકા નથી કે આપણને બધાને અહીં એક પાગલ માણસે બોલાવ્યા છે. તે એક ખતરનાક ખૂની હોય તેવી પૂરી શક્યતા છે."

4

દરેકની કેફિયત

1

જજની વાત સાંભળીને બધાં સ્તબ્ધ થઈ ગયાં. રૂમમાં થોડીવાર ખામોશી છવાઈ ગઈ.

વોરગ્રેવે ફરીવાર વાતનો દોર સંભાળતા કહ્યું: "હવે આપણે તપાસના બીજા સ્ટેજમાં જઈએ તે પહેલા હું મને અહીં આવવાનું આમંત્રણ કઈ રીતે મળેલું તે કહેવા માગું છું."

તેમણે ખીસામાંથી એક લેટર કાઢીને ટેબલ પર મૂક્યો અને કહ્યું, "આ લેટર મારી ફ્રૅન્ડ લેડી કોન્સ્ટાન્સ કલ્મીંગટને લખ્યો છે એવો આભાસ ઊભો કરવામાં આવ્યો છે. હું એને બે વર્ષથી મળ્યો નથી. છેલ્લા સમાચાર મુજબ તે કોઈ પૂર્વના દેશમાં ગયેલી. આ લેટર જાણે કોન્સ્ટાન્સે લખ્યો હોય એ જ સ્ટાઇલમાં લખાયો છે. એ જેવી રીતે લખે છે તેવી જ અસ્પષ્ટ ભાષામાં મને અહીં તેની સાથે સમય ગાળવા આવવાનું લખ્યું છે. યજમાન કપલ વિષે પણ જરાપણ ખબર ન પડે તે રીતે લખેલ છે. આ હું એટલે જણાવું છું કે આને હવે પછીની વાત સાથે સીધો સંબંધ છે. જે કોઈ વ્યક્તિએ આપણને અહીં 'આમંત્રણ' આપીને બોલાવ્યા છે તે કાં તો આપણા બધા વિષે ઘણું બધું જાણે છે અથવા તેણે આ બધું જાણવા માટે પ્રયત્ન કર્યા છે.

"તેને મારી અને કોન્સ્ટાન્સની મૈત્રી વિષે જાણકારી છે. તેને ખબર છે કે કોન્સ્ટાન્સ કઈ સ્ટાઇલથી લેટર લખે છે. તે ડૉક્ટર આર્મસ્ટ્રોંગના સાથીદારો વિષે જાણે છે એટલું જ નહીં પણ એ સાથીદારો અત્યારે ક્યાં છે તેની માહિતી પણ તેની પાસે છે. તેને મિસ્ટર ટોની માર્સ્ટનના મિત્રનું હુલામણું નામ ખબર છે અને તે મિત્ર માર્સ્ટનને ક્યા પ્રકારના ટેલિગ્રામ મોકલે છે તેનો પણ ખ્યાલ છે. મિસ બ્રેન્ટે બે વર્ષ પહેલા ક્યાં વૅકેશન ગાળ્યું અને તેમને ત્યાં કેવા પ્રકારના માણસો મળ્યા તેની માહિતી આની પાસે છે. જનરલ મૅકઆર્થરના જૂના સાથીદારો કોણ છે તે આ ભેદી વ્યક્તિ જાણે છે."

થોડું અટકીને જજ બોલ્યા, *"તે ઘણું જાણે છે.* એની પાસે આપણા બધા વિષે જે માહિતી છે તેના આધારે તેણે આપણા બધા પર તહોમતનામું મૂક્યું છે."

આ સાંભળતા જ બધા એકસાથે બોલવા લાગ્યા.

જનરલ મૅકઆર્થરે મોટેથી કહ્યું, "આ સાવ જુઠ્ઠી વાતો છે! આ તો આપણને બદનામ કરવા માટેનું કાવતરું છે."

વેરા બોલી, "આ વાત તદ્દન ખોટી છે. કોઈ શેતાની દિમાગનું કામ છે."

રોજર્સ ભયથી બેસી ગયેલા અવાજમાં બોલ્યો, "ના, અમે આવું નથી કર્યું, ક્યારેય નહીં."

એન્થની ક્રોધભર્યા અવાજમાં બોલ્યો, "એ મૂરખને શું જોઈએ છે? કાંઈ ખબર નથી પડતી."

જજ વોરગ્રેવે હાથ ઊંચો કર્યો એટલે બધા શાંત થઈ ગયા. વોરગ્રેવે દરેક શબ્દ પર ભાર મૂકતા કહ્યું, "મારા પર એડવર્ડ સેટોનની હત્યા કર્યાનું તહોમત છે તેના માટે મારે ચોખવટ કરવી છે. સેટોન મને બરાબર યાદ છે. એનો કેસ મારી અદાલતમાં દસ વર્ષ પહેલા જૂન મહિનામાં આવેલો. તેના ઉપર એક પ્રૌઢ મહિલાની હત્યાનો આરોપ હતો. સેટોનના વકીલે બહુ અસરકારક બચાવ કરેલો અને જ્યુરીના સભ્યો પર સારી છાપ ઊભી કરેલી, પરંતુ પુરાવા જોતાં સેટોન ગુનેગાર હતો તે વિષે કોઈ શંકા નહોતી. મેં સમગ્ર વાત માટે અભિપ્રાય આપ્યો અને જ્યુરીએ સેટોનને ગુનેગાર ઠરાવી ફાંસીની સજા કરી. મેં આ સજા માન્ય રાખી. સેટોનના વકીલે ચુકાદા વિરુદ્ધ અરજી કરેલી પણ તેને ફગાવી દેવામાં આવી અને સેટોનને ફાંસી આપવામાં આવી. હું તમને બધાને કહેવા માગું છું કે આ બાબતમાં મારું હૃદય તદ્દન સાફ છે. મેં તો ફક્ત મારી ફરજ બજાવેલી. મેં એવી વ્યક્તિને સજા કરેલી જેણે હત્યા કરી છે તે સાબિત થઈ ગયેલું."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગને આ 'સેટોન કેસ' યાદ આવ્યો જેના ચુકાદાથી ઘણાને બહુ નવાઈ લાગેલી. કેસ ચાલતો હતો ત્યારે તેની સાથે સંકળાયેલા હતા તે કે. સી. મેથ્યુસે આર્મસ્ટ્રોંગને લંચ દરમ્યાન વાત કરેલી કે 'આરોપી સેટોન ચોક્કસ નિર્દોષ સાબિત થશે. એમાં શંકાને કોઈ સ્થાન નથી.' ત્યારબાદ ફાંસીની સજાનો ચુકાદો આવેલો. આર્મસ્ટ્રોંગને થોડા સમય બાદ ખબર પડેલી કે જજ વોરગ્રેવ આરોપીની વિરુદ્ધમાં હતા અને એમણે જ્યુરીનો અભિપ્રાય બદલી નાખેલો. જોકે આ બધું કાયદા પ્રમાણે જ થયેલું તેમ છતાં અમુક લોકોને લાગેલું કે જજ વોરગ્રેવને આરોપી સેટોન સાથે અંગત અદાવત હતી એટલે એમણે એને ફાંસીની સજા આપી.

ડૉક્ટર આર્મસ્ટ્રોંગને આ બધું યાદ આવ્યું અને તેમણે આવું પુછાય કે નહીં તેનો વિચાર કર્યા વિના જ વોરગ્રેવને પ્રશ્ન કર્યો, "તમારી પાસે કેસ આવ્યો તે પહેલા તમે સેટોનને ઓળખતા હતા?"

વોરગ્રેવે ઝીણી આંખે આર્મસ્ટ્રોંગ સામે જોયું અને કહ્યું, "મારી પાસે કેસ આવ્યો તે પહેલા હું સેટોન વિષે કાંઈ જાણતો નહોતો."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ મનમાં બોલ્યા, "જજ ખોટું બોલે છે. મને ખબર છે કે એ ખોટું બોલે છે."

2

વેરા ક્લેથોર્ને ધ્રૂજતા અવાજમાં પોતાની કેફિયત આપી, "હું સિરિલ હેમિલ્ટનની ટ્યૂટર હતી. સિરિલને ઊંડા પાણીમાં તરવાની મનાઈ હતી, છતાં એક દિવસ મારું ધ્યાન નહોતું ત્યારે તે તરતો તરતો ઊંડા પાણીમાં જતો રહ્યો. હું તરત એની પાછળ તરતાં તરતાં ગઈ પણ તેની પાસે સમયસર પહોંચી ન શકી. એ બહુ દુઃખદ બનાવ હતો પણ એમાં મારો કાંઈ વાંક નહોતો. પોલીસની તપાસમાં પણ હું નિર્દોષ સાબિત થયેલી. સિરિલના મધર મિસિસ હેમિલ્ટન બહુ સારાં હતાં. તેમણે પણ મારો દોષ છે તેમ નહોતું કહ્યું. તો પછી હવે આવું શા માટે કહેવામાં આવે છે કે મેં સિરિલની હત્યા કરી છે. આ બરાબર નથી, જરા પણ યોગ્ય..." વેરાનું વાક્ય અધૂરું રહ્યું અને તે બંને હાથમાં ચહેરો છુપાવીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

જનરલ મૅક્આર્થરે તેનો ખભો થાબડીને કહ્યું "બસ, બસ, રડવાનું નહીં. આ કહેવાવાળો તો સાવ પાગલ છે. એ જે કાંઈ કહે છે તે સાવ જૂઠ્ઠું છે."

પછી તેમણે ટટ્ટાર થઈને કહ્યું, "હું તો માનું છું કે આવા વાહિયાત તહોમતનો કોઈ જવાબ જ ન આપવો જોઈએ. છતાં મારે કહેવું જોઈએ કે આર્થર રીચમંડ વિષે જે કાંઈ કહેવાયું છે તે સાવ ખોટું છે, તેમાં કાંઈ તથ્ય નથી. રીચમંડ મારી બટાલિયનનો એક ઑફિસર હતો જેને મેં દુશ્મનોની તપાસ કરવા મોકલેલો. એ ઑપરેશનમાં કમભાગ્યે એની હત્યા થઈ. યુદ્ધમાં સૈનિકનું મૃત્યુ થાય તે સ્વાભાવિક છે. મને એ વાત જરાપણ નથી ગમી કે આમાં મારી પત્નીને બદનામ કરવામાં આવી. મારી પત્ની તો બહુ સારી છે."

આટલું બોલી જનરલ મૅક્આર્થર બેસી ગયા અને ધ્રૂજતા હાથે મૂછને તાવ દેવા લાગ્યા. આટલું બોલવાથી એમને થાક લાગેલો તે દેખાતું હતું.

હવે લોમ્બાર્ડનો વારો હતો. એણે વાત શરૂ કરી, "મારે પેલા આફ્રિકન જાતિના એકવીસ માણસોની વાત..."

માર્સ્ટને તેની વાત કાપીને પૂછ્યું, "હા, એ એકવીસ માણસોની શું વાત છે?"

લોમ્બાર્ડ આછું હસીને બોલ્યો, "એ વાત સાચી છે કે હું એ બધાને એકલા મૂકીને જતો રહેલો. અમે બધા જંગલમાં ભૂલા પડી ગયેલા. હું અને મારા બે સાથીદારો જેટલું ખાવાનું બચ્યું હતું તે લઈને ભાગી ગયેલા. અરે, પોતાની જાતને બચાવવી એ તો દરેકનું પહેલું કામ હોય છે ને!"

જનરલ મૅકઆર્થરે ગંભીર થઈને પૂછ્યું, "તમે તમારા માણસોને જંગલમાં ભૂખ્યા-તરસ્યા મરવા માટે છોડી દીધા?"

લોમ્બાર્ડે બેફિકરાઈથી જવાબ આપ્યો, "મેં કદાચ એ યોગ્ય ન કર્યું પણ જાતને બચાવવી એ તો માણસનો પહેલો ધર્મ ગણાય ને? વળી એ આફ્રિકાના લોકોને મરવાની નવાઈ નથી હોતી. આપણા યુરોપિયન લોકોને જ એની હાયવોય હોય છે."

વેરાએ મોઢા પરથી હાથ હટાવી, ભયભીત આંખોથી લોમ્બાર્ડ સામે જોઈને પૂછ્યું, "સાચે જ તમે તે બધાને *મરવા માટે* છોડી દીધેલા?"

લોમ્બાર્ડે વેરાની સામે જોઈને કહ્યું, "હા, મેં એ બધાને મરવા માટે છોડી દીધેલા."

એન્થની માર્સ્ટન ધીમા અવાજે બોલ્યો, "હું આ જહોન અને લ્યુસી કોમ્બ વિષે વિચારું છું. કદાચ આ એ જ બે બાળકો છે જેમને મેં કેમ્બ્રિજ પાસે અકસ્માતથી કચડી નાખેલાં. એ બહુ કમનસીબ ઘટના હતી."

જજ વોરગ્રેવે તીખા અવાજે પૂછ્યું, "કમનસીબ કોના માટે? તમારા માટે કે એ બે બાળકો માટે?"

એન્થનીએ જવાબ આપ્યો, "હું એમ વિચારતો હતો કે મારા માટે આ ઘટના કમનસીબ હતી પણ તમે સાચું કહો છો સર, એ બે બાળકો માટે આ ઘટના બહુ કમનસીબ હતી. જોકે એ અકસ્માત જ હતો. તે બંને અચાનક ઘરમાંથી દોડીને સડક પર આવી ગયાં અને મારી કાર નીચે કચડાઈ ગયાં. મારું લાઇસન્સ એક વર્ષ માટે સસ્પેન્ડ થઈ ગયેલું જેને કારણે મને બહુ અગવડ પડેલી."

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગે તરત કહ્યું, "રોડ પર પૂરઝડપે કાર ચલાવવી તે તદ્દન અયોગ્ય છે. તમારી જેવા જુવાનિયાઓ જાહેર જનતા માટે જોખમ ઊભું કરે છે."

એન્થનીએ ખભા ઉલાળીને કહ્યું, "સ્પીડનો તો આ જમાનો છે સાહેબ. જોકે, ઇંગ્લૅન્ડના બધા રોડ સાવ બકવાસ છે. આવા રોડ પર પૂરઝડપે કાર ચલાવવી અશક્ય છે."

ટોનીએ ટેબલ પરથી પોતાનો ગ્લાસ લીધો અને વ્હીસ્કીનો એક બીજો પેગ ભરતા બોલ્યો, "Anyway, એમાં મારો કાંઈ વાંક નહોતો. એ ફક્ત એક અકસ્માત હતો."

3

રોજર્સ બહુ ઉચાટ અનુભવતો હતો અને તેના સુકાઈ ગયેલા હોઠ પર જીભ ફેરવતો હતો. તેણે ધીમેથી કહ્યું, "સર, હું કાંઈક કહેવા માગું છું."

લોમ્બાર્ડે કહ્યું, "જરૂર કહે, રોજર્સ."

રોજર્સે ગળું સાફ કરીને વાત શરૂ કરી, "પેલા અવાજમાં કહેવામાં આવ્યું કે મેં અને મારી પત્નીએ મિસ બ્રાડીની હત્યા કરી છે. સર, આ વાત સાવ ખોટી છે. મિસ બ્રાડીના અંતકાળ સુધી અમે બંને તેમની સાથે હતાં. તેમની તબિયત હંમેશાં નાજુક રહેતી હતી. અમે આવ્યાં ત્યારથી અમે તેમને આવી નાજુક તબિયતમાં જ જોયા હતા. જે રાતે તેમની તબિયત વધુ બગડી તે રાતે તોફાન આવેલું. ટેલિફોન ચાલતો નહોતો એટલે ડૉક્ટરને બોલાવવા હું ચાલીને ગયો પણ ડૉક્ટર અહીં પહોંચ્યા ત્યારે મોડું થઈ ગયેલું. અમે મિસ બ્રાડી માટે શક્ય હતું તેટલું બધું કરી છૂટેલા. અમે મિસ બ્રાડીની વફાદારીથી સેવા કરી છે. તમે કોઈને પણ પૂછશો તો એ આ જ વાત કહેશે."

લોમ્બાર્ડ રોજર્સનો સહેજ ધ્રૂજતો ચહેરો, સુકાઈ ગયેલા હોઠ અને ભયભીત આંખોને જોઈને વિચાર કરતો હતો. તેને એ પણ યાદ આવ્યું કે રોજર્સના હાથમાંથી કૉફીની ટ્રે પડી ગયેલી. લોમ્બાર્ડને કાંઈક પૂછવું હતું પણ તે અટકી ગયો.

બ્લોરે ડિટેક્ટીવની સ્ટાઇલમાં રોજર્સને પૂછ્યું, "તમને મિસ બ્રાડીના મૃત્યુ બાદ તેમના વારસામાંથી કાંઈક મળ્યું, ખરું ને?"

આ સાંભળી રોજર્સે ટટ્ટાર થઈને ગંભીરતાથી કહ્યું, "મિસ બ્રાડીએ અમને જે કાંઈ આપ્યું છે તે અમારી વફાદારીની કદર રૂપે આપ્યું છે. તેમાં ખોટું શું છે?"

લોમ્બાર્ડે બ્લોરને પૂછ્યું, "મિસ્ટર બ્લોર, તમારી શું સ્ટોરી છે?"

બ્લોરે સામો સવાલ કર્યો, "મારી શું સ્ટોરી છે? એટલે?"

લોમ્બાર્ડે કહ્યું, "તમારું નામ પણ લીસ્ટમાં હતું."

બ્લોરનો ચહેરો ક્રોધથી લાલ થઈ ગયોઃ "અરે એ લેન્ડરની વાત કરો છો? એ તો લંડન અને કૉમર્સિયલ બૅન્કમાં લૂંટ થયેલી તેમાં સંડોવાયેલો હતો."

જસ્ટિસ વોરગ્રેવે કહ્યું, "એ કેસ મારી કોર્ટમાં નહોતો આવેલો પણ મને તે કેસ યાદ છે. મિસ્ટર બ્લોર, તમે પોલીસ ઑફિસર તરીકે એ કેસના ચાર્જમાં હતા અને તમારી જુબાનીને કારણે લેન્ડરને સજા થયેલી. બરાબર?"

બ્લોરે કહ્યું, "હા, હું એ કેસના ચાર્જમાં હતો."

વોરગ્રેવે કહ્યું, "લેન્ડરને આજીવન સખત કેદની સજા થયેલી. તેની તબિયત નાજુક હતી અને એક વર્ષ બાદ ડાર્ટમુર જેલમાં તેનું અવસાન થયું."

બ્લોરે જણાવ્યું, "તે એક નંબરનો બદમાશ હતો અને તેણે બૅન્કના ચોકીદારની હત્યા કરેલી. તેની સામે બહુ સચોટ પુરાવા હતા."

વોરગ્રેવે પૂછ્યું, "તમને આ કેસ સારી રીતે હેન્ડલ કરવા માટે સરપાવ મળેલો, ખરું?"

બ્લોરે કહ્યું, "મને પ્રમોશન મળેલું." અને તરત ઉમેર્યું, "હું તો ફક્ત મારી ફરજ બજાવતો હતો."

લોમ્બાર્ડ ખડખડાટ હસી પડતાં બોલ્યો, "વાહ! એક મારી સિવાય અહીં બીજા બધા કાયદાનું પાલન કરવાવાળા અને પોતાની ફરજ ચુસ્ત રીતે બજાવવાવાળા ભેગા થયા છે! ડૉક્ટર, તમારી શું સ્ટોરી છે? કોઈ નાનીશી બેદરકારી કે પછી ગેરકાયદે કરેલું ઑપરેશન?"

એમિલી બ્રેન્ટે લોમ્બાર્ડની તરફ અણગમાંથી જોયું અને થોડા સંકોચાઈને બેઠા.

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ જરાપણ અકળાયા વિના બોલ્યા, "મને તો આ વાત સમજાતી જ નથી. મને તો યાદ નથી આવતું કે ક્લોસ કે ક્લીસ નામની કોઈ વ્યક્તિ મારી પેશન્ટ રહી હોય કે એના મૃત્યુ સાથે મારું કાંઈ કનેક્શન હોય. મારે માટે તો આ એક રહસ્ય છે. અલબત્ત આ વાત ઘણાં વર્ષો પહેલાની છે એટલે શક્ય છે કે હું હૉસ્પિટલમાં કામ કરતો હતો ત્યારે આવો કેસ આવ્યો હોય. પ્રૉબ્લેમ એ છે કે ઘણા પેશન્ટ રોગ બહુ વકરી ગયો હોય ત્યારે ડૉક્ટર પાસે આવે છે અને પછી એવા પેશન્ટ મૃત્યુ પામે ત્યારે બધા ડૉક્ટરનો વાંક કાઢે છે."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે આટલું કહી આછો નિસાસો નાખ્યો. જોકે તેમના મગજમાં જુદા જ વિચારો ચાલતા હતા. તેમણે યાદ કર્યું, *'મેં એ વૃદ્ધ લેડીનું ઑપરેશન કર્યું ત્યારે હું શરાબના નશામાં હતો! મારા હાથ કાંપતા હતા, મારું મગજ ઠેકાણે નહોતું. ઑપરેશન તો સિમ્પલ હતું. મેં જો નશો ન કર્યો હોત તો તે લેડી બચી જાત. મારા નસીબ સારા હતા કે નર્સને ખબર હતી છતાં એણે કોઈને કાંઈ કહ્યું નહીં. આ વાતનો મને એટલો શોક લાગેલો કે ત્યારબાદ મેં શરાબ પીવાનું જ છોડી દીધું. પણ આ વાતની આટલા બધા વર્ષ પછી કોને ખબર પડી હશે? કેવી રીતે ખબર પડી હશે?'*

4

રૂમમાં ફરીવાર ખામોશી છવાઈ ગયેલી. બધા સીધી અથવા તીરછી નજરથી એમિલી બ્રેન્ટને જોતા હતા. એક-બે મિનિટ પછી એમિલી બ્રેન્ટને ખ્યાલ આવ્યો કે બધા તેમની સામે જોઈ રહ્યા છે. તેમણે ભવાં ચડાવીને પૂછ્યું, "તમે બધા હું કાંઈ કહું તેની રાહ જોઈ રહ્યા છો? મારે કાંઈ કહેવાનું નથી."

વોરગ્રેવે પૂછ્યું, "તમારે કાંઈ નથી કહેવું મિસ બ્રેન્ટ?"

એમિલી બ્રેન્ટ પોતાના હોઠ સખ્તાઈથી બીડતાં બોલ્યાં, "ના."

જજે ધીમા અવાજમાં પૂછ્યું, "તો તમે તમારો બચાવ પછીથી કરવા માગો છો?"

મિસ બ્રેન્ટે ઠંડા અવાજે જવાબ આપ્યો, "મારા બચાવનો કોઈ સવાલ જ ઊભો નથી થતો."

મેં હંમેશાં મારા આત્માના અવાજ પ્રમાણે આચરણ કર્યું છે. મેં એવું એકપણ કામ નથી કર્યું જેને કારણે મારે પસ્તાવું પડે."

બધાને એવું લાગતું હતું કે એમિલી બ્રેન્ટે પોતાની સ્ટોરી કહેવી જોઈએ પણ એમિલી બ્રેન્ટ આવા 'પબ્લિક ઑપિનિયન' પ્રમાણે કોઈ કામ નહોતાં કરતાં. તે તો શાંતિથી બેઠાં રહ્યાં.

જજ વોરગ્રેવે ગળું સાફ કરીને કહ્યું, "O.K. અત્યારે આપણી તપાસ અહીં અટકાવીએ છીએ."

"રોજર્સ, એ જણાવ કે અમે બધા, તું તથા મિસિસ રોજર્સ. આટલા સિવાય આ ટાપુ પર કોણ રહે છે?"

રોજર્સે જવાબ આપ્યો, "કોઈ નહીં સર, બીજું કોઈ આ ટાપુ પર રહેતું નથી."

વોરગ્રેવે ખાતરી કરવા પૂછ્યું, "તને આ વાતની પાકી ખબર છે?"

રોજર્સે કહ્યું, "હા સર, મને પાક્કી ખબર છે કે બીજું કોઈ આ ટાપુ પર રહેતું નથી."

વોરગ્રેવે થોડીવાર વિચાર કરી વાત આગળ ચલાવી, "મને સમજાતું નથી કે આપણા અજાણ્યા યજમાને આપણને શા માટે આ જગ્યાએ ભેગા કર્યા છે. મને લાગે છે કે આ માણસ પાગલ છે અને તે ખતરનાક પણ હોઈ શકે. હું માનું છું કે આપણે બધાએ વહેલી તકે અહીંથી પાછા જતા રહેવું જોઈએ. હું તો કહું છું કે અત્યારે જ નીકળી જઈએ."

"માફ કરજો સર," રોજર્સ બોલ્યો, "પણ અત્યારે અહીં બોટ નથી."

"શું? અહી કોઈ બોટ નથી?" જજે આશ્ચર્યથી પૂછ્યું.

"ના સર." રોજર્સે ફરીથી કહ્યું.

વોરગ્રેવે પૂછ્યું, "તો પછી તમે કિનારા સાથે સંપર્ક કઈ રીતે રાખો છો?"

"સર, ફ્રેડ નારાકોટ્ટ રોજ સવારે અહીં બ્રેડ, દૂધ અને ટપાલ લઈને આવે છે અને અમારે કાંઈ જોઈતું હોય તો એનો ઑર્ડર લઈ જાય છે." રોજર્સે જણાવ્યું.

વોરગ્રેવે બધાને કહ્યું, "તો પછી આપણે આવતીકાલે સવારે જયારે બોટ આવે કે તરત અહીંથી નીકળી જઈએ."

"બરાબર છે, અહીંથી નીકળી જઈએ!" એકસાથે ઘણાએ કહ્યું.

ફક્ત એન્થની માર્સ્ટને આનો વિરોધ કરતા કહ્યું, "ના, એ બરાબર નથી. આ વાતનો ભેદ જાણ્યા વિના જ અહીંથી ચાલ્યા જઈએ તે ઠીક ન કહેવાય. અરે, આ આખી વાત તો કોઈ રોમાંચક ડિટેક્ટીવ નૉવેલ જેવી, ટોપ ક્લાસ ક્રાઇમ થ્રીલર જેવી લાગે છે! "

જજ વોરગ્રેવે તીખાશથી કહ્યું, "હવે આ ઉંમરે મને કોઈપણ પ્રકારની 'થ્રિલ'માં રસ નથી હો!"

એન્થની થોડું હસીને તોરમાં બોલ્યો, "અરે, કાયદાના ચોકઠામાં રહીએ તો જિંદગી સાવ નીરસ થઈ જાય. એવી નીરસ જિંદગી જીવવા કરતા તો ક્રાઇમ સારો! ચાલો આ વાત પર શરાબનો એક પેગ થઈ જાય!"

તેણે પોતાનો પેગ લીધો અને એક ઘૂંટડે આખો પેગ પી જવો હોય તેમ ઝડપથી પીવા લાગ્યો. કદાચ વધુ પડતી ઝડપથી, કારણકે

બીજી મિનિટે તેનો શ્વાસ રૂંધાવા લાગ્યો. તેનો ચહેરો એક તરફ તરડાઈને લાલચોળ થઈ ગયો. તેને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. હજુ કોઈ કાંઈ કરી શકે તે પહેલાં તેનું શરીર ખુરશીમાંથી નીચે સરકી ગયું અને તેના હાથમાંથી શરાબનો ગ્લાસ નીચે પડી ગયો.

5

મૃત્યુ અને મનોમંથન

1

આ બધું એટલું ઝડપથી અને અચાનક બન્યું કે બધા ડઘાઈ ગયા અને ફાટી આંખે ફ્લૉર પર ઊંધે માથે પડેલા ટોની મોર્સ્ટનને જોઈ રહ્યા.

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગે તરત ટોનીની પાસે જઈને તેની નાડી અને આંખ તપાસ્યા. થોડીવાર ખામોશ રહ્યા બાદ તેમણે બધા સામે જોઈને આઘાત અને આશ્ચર્ય વ્યક્ત કરતા ધીમા અવાજે કહ્યું, “આ તો ગુજરી ગયો છે, હી ઇઝ ડેડ !”

કોઈને આ વાત તરત ગળે ન ઊતરી. ટોની જેવો હેન્ડસમ, તંદુરસ્ત અને તરવરિયો નવજુવાન આવી રીતે વ્હીસ્કીનો પેગ પીતાં પીતાં અચાનક મૃત્યુ પામે? કોઈ આ વાત માનવા તૈયાર નહોતું.

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ ટોનીના ચહેરાનું ઝીણવટથી અવલોકન કરતા હતા. તેમણે ટોનીના ભૂરા પડી ગયેલા હોઠ સૂંઘ્યા અને પછી તેણે જેમાંથી વ્હીસ્કી પીધો હતો તે ગ્લાસ સૂંઘ્યો.

જનરલ મૅક્આર્થરે પૂછ્યું, “અરે, ડેડ એટલે? શું તમે એમ કહો છો કે તેને શ્વાસ લેવામાં જરા તકલીફ પડી એને કારણે તે ગુજરી ગયો?”

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગે બૉટલમાં બાકી રહેલા વ્હીસ્કીમાં પોતાની આંગળી ભીની કરી અને બહુ સાવચેતીપૂર્વક આંગળીને જીભ પર અડાડી. તરત એમના ચહેરા પર જણાયું કે તેમને આ રહસ્યની કોઈ અગત્યની કડી મળી છે..

મૅક્આર્થર બોલ્યા, “મેં મારી જિંદગીમાં આવી રીતે કોઈને મરતા જોયા નથી. જરાક્વાર માટે શ્વાસ ચડે એટલે કોઈ માણસ કાંઈ મરી જાય?”

એમિલી બ્રેન્ટ જરા મોટા અવાજમાં બોલ્યાં, “જીવનની વચ્ચેજ મૃત્યુ છુપાયેલું હોય છે.”

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ મૃતદેહ પાસેથી ઊભા થતાં બોલ્યા, “ના, કોઈ માણસ માત્ર શ્વાસ રુંધાય એને કારણે જ મૃત્યુ ન પામે. ટોનીનું મૃત્યુ કુદરતી મૃત્યુ નથી.”

વેરાએ ભયભીત થઈને સાવ ધીમા અવાજે પૂછ્યું, “તો પછી વ્હીસ્કીમાં કાંઈક હતું?”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ હકારમાં માથું હલાવી બોલ્યા, “હા, પરંતુ વ્હીસ્કીમાં શું હતું તે કહેવું અઘરું છે. મને લાગે છે કે કોઈએ વ્હીસ્કીમાં પોટેશિયમ સાયનાઇડ ભેળવી દીધો. તેની અસર તો થોડી સેકન્ડ્સમાં જ થતી હોય છે.”

જજ વોરગ્રેવે તરત પૂછ્યું, “ટોનીના ગ્લાસમાં આ સાયનાઇડ હતો?

“હા”, એટલું કહીને ડૉક્ટર આર્મસ્ટ્રોંગે જ્યાં ડ્રિન્કસ રાખેલા ત્યાં જઈને વ્હીસ્કીની અને સોડાની બૉટલો ખોલીને તેમાંની વ્હીસ્કી અને સોડા, સૂંઘ્યા અને ચાખ્યા. પછી માથું ધુણાવીને કહ્યું, “ના, આમાં એકપણમાં સાયનાઇડ નથી.

લોમ્બાર્ડે કહ્યું, “શું તમને એમ લાગે છે કે ટોનીએ *જાતે* જ પોતાના ગ્લાસમાં ઝેર ભેળવ્યું હશે?”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે હકારમાં માથું હલાવીને બોલ્યા, “એવું જ લાગે છે.” જો કે તેમના ચહેરા પરથી લાગતું હતું કે એમને પોતે જે કહ્યું એમાં સંપૂર્ણ વિશ્વાસ નહોતો.

બ્લોરે કહ્યું, “ટોનીએ આત્મહત્યા કરી? આખી વાત જરા વિચિત્ર લાગે છે.”

વેરા ધીમા અવાજે બોલી, “ટોની પોતે આપઘાત કરે તે માન્યામાં જ નથી આવતું. એ કેટલો જીવંત હતો! આજે એ કારમાં બોટ તરફ આવ્યો ત્યારે કેવો આકર્ષક, સોહામણો લાગતો હતો! કેટલો... ઓહ *હું વધુ કાંઈ કહી નથી શકતી!”*

વેરા વધુ બોલી ન શકી પણ બધા તેના કહેવાનો અર્થ સમજી ગયા હતા. એન્થની માર્સ્ટન હેન્ડસમ હતો, જુવાનીના જોમથી ભરપૂર હતો, એને જોઈને એમ જ લાગતું હતું કે આ તો ચિરંજીવ નવયુવાન રહેવા જ સર્જાયો છે! અને અત્યારે એ જ એન્થની માર્સ્ટન નિશ્ચેત, નિર્જીવ થઈને ફ્લૉર પર પડેલો હતો.

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે પૂછ્યું, “માનો કે આ આત્મહત્યા ન હોય તો બીજા કયા કારણે મૃત્યુ થયું હોઈ શકે?”

એક પછી એક બધાએ નકારમાં માથું હલાવ્યું. આત્મહત્યા સિવાય બીજી કોઈ રીતે ટોનીનું મૃત્યુ થયું હોય તેવું કોઈને પણ શક્ય નહોતું લાગતું. ડૉક્ટર આર્મસ્ટ્રોંગે તપાસ કરીને સાબિત કરેલું કે ડ્રિન્કસમાં કાંઈ ભેળવેલું નહોતું. બધાએ એ પણ જોયેલું

કે ટોની પોતે જ વ્હીસ્કીના પેગ ભરીને લાવેલો. દેખીતું હતું કે વ્હીસ્કીમાં સાયનાઇડ ટોનીએ પોતે જ ભેળવ્યું હશે.

છતાં બધાના મનમાં એક જ પ્રશ્ન ઘૂમરાતો હતો, “ટોની આપઘાત શું કામ કરે?”

બ્લોરે ડૉક્ટર આર્મસ્ટ્રોંગને પોતાનો વિચાર જણાવતાં કહ્યું, “મને એ વાત ઠીક નથી લાગતી. હું નથી માનતો કે ટોની માર્સ્ટન આપઘાત કરે તેવો માણસ હતો.”

આર્મસ્ટ્રોંગે કહ્યું, “હું તમારી વાત સાથે સહમત છું.”

2

બધાએ આ વાત ત્યાં જ પડતી મૂકી. એમાં હવે બીજું કાંઈ કહેવા જેવું નહોતું.

આર્મસ્ટ્રોંગ અને લોમ્બાર્ડ ટોનીના મૃતદેહને તેના બેડરૂમમાં લઈ ગયા અને તેને પલંગ પર મૂકી તેના પર ચાદર ઓઢાડી દીધી. તે બંને નીચે આવ્યા ત્યારે બધા એક ગ્રુપમાં ઊભા હતા. ઠંડો પવન નહોતો છતાં બધાના શરીરમાં થોડી ધ્રુજારી આવી જતી હતી.

એમિલી બ્રેન્ટે કહ્યું, “મોડું થઈ ગયું છે, ચાલો, સૂઈ જઈએ.”

રાતના બાર વાગીને પંદર મિનિટ થયેલી. દરેકને ઊંઘ આવતી હતી છતાં પોતાના રૂમમાં જતા અચકાતા હતા. જાણે દરેક વ્યક્તિ બધા સાથે ગ્રુપમાં રહીને સલામતી અનુભવતી હતી.

જજ વોરગ્રેવે એમિલીની વાત સાથે સંમત થતાં કહ્યું, “ચાલો, થોડીવાર સૂઈ જઈએ.”

રોજર્સે કહ્યું, “મારે હજુ ડાઇનિંગ રૂમમાં સફાઈ કરવાની બાકી છે.”

લોમ્બાર્ડે જરા કડક અવાજે કહ્યું, “હવે એ બધું કાલે સવારે કરજે.”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે રોજર્સને પૂછ્યું, “મિસિસ રોજર્સને કેમ છે?”

રોજર્સે કહ્યું, “હું એને જોઈને આવું છું.” બે મિનિટ બાદ રોજર્સ પાછો આવ્યો અને તેણે જણાવ્યું, “એ શાંતિથી સૂતી છે.”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે કહ્યું, “બહુ સરસ. તેમને ડિસ્ટર્બ નહીં કરતા.”

રોજર્સે જવાબ આપતા કહ્યું, "સારું સાહેબ. હવે ડાઇનિંગ રૂમમાં બધું વ્યવસ્થિત મૂકી દઉં અને બારણાને લોક કરી દઉં, પછી હું પણ સૂવા જઈશ." આટલું કહી તે ડાઇનિંગ રૂમમાં ગયો.

બીજા બધા ધીમે ધીમે ચાલતા ઉપલા માળે ગયા.

જો આ જૂના જમાનાનું ઘર હોત, જેમાં અંધારામાં લાકડાના ફ્લૉર પર ચાલવાનો અવાજ સંભળાતો હોત, બારણાના મિજાગરાનો કચૂડ કચૂડ અવાજ આવતો હોત, તો કદાચ બધાને બીક લાગત. પરંતુ આ તો તદ્દન મૉડર્ન ડિઝાઇનનું ઘર હતું. દરેક દીવાલ અને ફ્લૉર ઇલેક્ટ્રિક લાઇટના પ્રકાશમાં સ્પષ્ટ દેખાતી હતી. દરેક વસ્તુ ચમકારા મારતી હતી. ઘરનો એકપણ ખૂણો એવો નહોતો જ્યાં જતાં બીક લાગે.

આ કહેવાતું 'સલામત' વાતાવરણ જ બધાના મનમાં સૌથી વધુ ભય ઉપજાવે એવું હતું!

એક બીજાને 'ગૂડ નાઇટ' કહીને બધા પોતપોતાના રૂમ તરફ ગયા. બધાએ સૂતા પહેલા પોતાના બેડરૂમના દરવાજાને અંદરથી લોક કરી દીધો.

3

જજ વોરગ્રેવ સૂવાની તૈયારી કરતા હતા ત્યારે તેમને એડવર્ડ સેટોનના વિચાર આવતા હતા. તેમને એડવર્ડ સેટોન બરાબર યાદ હતો. ભૂરી આંખ અને વાંકડિયા વાળવાળો સેટોન જ્યારે વાત કરે ત્યારે તેના ચહેરા પર નિખાલસતા છલકતી. આને કારણે જ તેણે જ્યુરી પર સારી ઇમ્પ્રેશન પાડેલી.

સરકારી વકીલે લેવ્લીને સેટોન સામેનો કેસ રજૂ કરવામાં એ ગફલત કરેલી કે એણે એક સાથે ઘણું બધું પુરવાર કરવા પ્રયત્ન કરેલો. સામા પક્ષે સેટોનના વકીલ મેથ્યુઝે પોતાનો કેસ સારી રીતે રજૂ કરેલો અને સાક્ષીઓની ક્રોસ એક્ઝામિનેશન અસરકારક રીતે કરેલી. સરકારી વકીલે જ્યારે સેટોનની ક્રોસ એક્ઝામિનેશન કરી ત્યારે સેટોને જરાપણ અકળાયા કે ગભરાયા વિના જવાબ આપેલા. આ બધાને કારણે સેટોને જ્યુરી પર સારી ઇમ્પ્રેશન પાડેલી. ઘણાને એવું લાગતું હતું કે સેટોન આ કેસ જીતી જશે.

તેમને યાદ આવ્યું કે આ કેસ ચાલતો હતો ત્યારે પોતે બધું ધ્યાનપૂર્વક સાંભળીને અગત્યના મુદ્દાની નોંધ કરતા હતા અને આરોપી સામેના દરેક પુરાવા એકઠા કરતા હતા. સેટોનના વકીલ

મેથ્યુઝની અંતિમ દલીલો પણ ઉત્તમ હતી, જેની સરખામણીમાં સરકારી વકીલ લેવ્લીનની દલીલો અસરકારક નહોતી અને જ્યુરી પર સેટોનની જે સારી ઇમ્પ્રેશન પડેલી તેમાં સરકારી વકીલની રજૂઆતને કારણે કાંઈ ફેર નહોતો પડ્યો.

ત્યારબાદ એમણે આ કેસની સમીક્ષા કરવાની હતી.

વોરગ્રેવે ઘડિયાળને ચાવી દઈ પલંગની બાજૂના ટેબલ પર મૂકી. દાંતનું ચોકઠું કાઢીને પાણી ભરેલા ગ્લાસમાં મૂક્યું. ચોકઠા વિનાનો, લબડતા હોઠવાળો તેમનો ચહેરો કોઈ હિંસક પ્રાણીના ચહેરા જેવો દેખાતો હતો.

સૂતા પહેલા જજ વોરગ્રેવ મનમાં બોલ્યા, "મેં એ હરામી સેટોનને બરાબર સજા કરી." આ વિચારતા એમના લબડી પડેલા હોઠ પર ક્રૂર સ્મિત આવ્યું.

4

રોજર્સ ડાઇનિંગ ટેબલની વચ્ચે મૂકેલા ચીનાઈ માટીના પૂતળાને જોતો હતો. તે થોડી મૂંઝવણ સાથે માથું ખંજવાળીને મનમાં બબડ્યો, "મને ખાતરી છે કે અહીં આવા દસ પૂતળાં હતા. અત્યારે નવ જ દેખાય છે."

5

જનરલ મૅકઆર્થરને ઊંઘ નહોતી આવતી અને તે પડખાં ઘસતાં હતાં. તેમને અંધારામાં આર્થર રીચમંડનો ચહેરો દેખાયા કરતો હતો.

તેમને આર્થર પ્રત્યે લગાવ હતો. તેમને એ વાતની પણ ખુશી હતી કે તેમની પત્ની લેસ્લીને પણ આર્થર સાથે સારી દોસ્તી હતી. આમ તો લેસ્લીને મોટા ભાગના લોકો 'ડલ', નિસ્તેજ લાગતા, પણ આર્થર તેને ડલ નહોતો લાગ્યો. શરૂઆતથી જ તે બંને વચ્ચે સારી દોસ્તી થઈ ગઈ હતી. તે બંને નાટક, સંગીત અને ચિત્રકળા વિષે વાતો કરતા. લેસ્લી આર્થરને ચીડવતી, તેની મજાક કરતી. આ બધું જોઈ મૅકઆર્થરને એમ લાગતું હતું કે લેસ્લીને આર્થર માટે એવો સ્નેહ છે જેવો એક માતાને પુત્ર તરફ હોય.

મૅકઆર્થરને આ વાત યાદ આવી અને તેમનું મન ક્રોધ અને વેદનાથી ભરાઈ ગયું. 'કેવો 'સ્નેહ' અને શું 'માતૃત્વ'?' એવો વિચાર એમને આવ્યો. સાથે જ એમને એમ પણ થયું કે પોતાની જ મૂર્ખાઈને કારણે એમને ખ્યાલ નહોતો આવ્યો કે આર્થર લેસ્લી કરતા એક જ વર્ષ નાનો હતો.

એ લેસ્લીને ભરપૂર પ્રેમ કરતા હતા અને લેસ્લીની વફાદારીમાં તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો.

અત્યારે પણ લેસ્લીનો કોમળ ચહેરો, તેની ભૂખરા રંગની તોફાની આંખો અને વાંકડિયા રેશમી વાળ તેમની નજર સામે તરતા હતા.

ફ્રાંસમાં ભીષણ યુદ્ધ ચાલતું હતું ત્યારે પણ તેમને લેસ્લી યાદ આવતી અને તે કોટના ખીસામાં રાખેલો તેનો ફોટો જોઈ લેતા હતા.

અચાનક એક દિવસે લેસ્લીની બેવફાઈનો પુરાવો તેમના હાથમાં આવ્યો! એમને લેસ્લી તરફથી પત્ર મળ્યો અને જેવો તેમણે ઉત્સુકતાથી પત્ર વાંચવો શરૂ કર્યો ત્યાં તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ! આ પત્ર લેસ્લીએ આર્થરને લખેલો! તે બંને જણને પત્ર લખતી હતી અને આ વખતે એકનો પત્ર બીજાના એનવેલોપમાં મુકાઈ ગયેલો. અત્યારે, આટલાં વર્ષો પછી પણ આ વાત યાદ આવે ત્યારે મૅકઆર્થરને વેદના થતી હતી.

લેસ્લીનો પત્ર વાંચતા એ પણ સ્પષ્ટ થયેલું કે ઘણા વખતથી લેસ્લી અને આર્થર વચ્ચે સંબંધ હતો. બંને શનિ-રવિની રજામાં સાથે રહેતા. આર્થરે છેલ્લી રજા લીધી ત્યારે પણ બંને...

મૅકઆર્થરને આ વાત યાદ કરતા કમકમાં આવી ગયા.

તેમણે ભારોભાર નફરત સાથે આર્થર રીચમંડને યાદ કર્યો, "હરામી માણસ! એક નંબરનો ઢોંગી અને જુઠ્ઠો! આમ તો મને સ્મિત આપીને દરેક વાતે 'યસ સર' કહેતો, પણ નીકળ્યો કોઈકની પત્નીને ભોળવીને ફસાવનાર બદમાશ!"

લેસ્લી અને રીચમંડ વિષે જાણ થયા બાદ પણ મૅકઆર્થરે પોતાના રોજના વર્તનમાં કાંઈ ફેર પડવા નહોતો દીધો. રીચમંડ સાથે પણ તે નોર્મલ રીતે જ વાત કરતા હતા પણ તેમના મનમાં રીચમંડ પ્રત્યે નફરત વધતી જતી હતી. દિવસે દિવસે તેણે કરેલા વિશ્વાસઘાતનો બદલો લેવાનું ઝનૂન પ્રબળ બનતું જતું હતું.

આર્મીમાં કોઈને ખબર નહોતી પડી કે મૅકઆર્થરના મનમાં શું ચાલતું હતું. તે ક્યારેક ગુસ્સે થઈ જતા તો પણ કોઈને નવાઈ નહોતી લાગતી, કારણકે બધા એમ સમજતા હતા કે યુદ્ધ દરમ્યાન તો આવું થાય.

મૅકઆર્થરને યાદ આવ્યું કે તેમની બટાલિયનના સ્માર્ટ અને શાર્પ સૈનિક આર્મીટેજને અંદાજ આવી ગયો હતો કે તેમના મનમાં શું ચાલતું હતું. એણે મૅકઆર્થર સામે એક-બે વાર એવી રીતે જોયેલું કે જાણે એ કોઈ રહસ્ય જાણતો હોય. તેને કદાચ ખ્યાલ

આવી ગયેલો કે મૅક્આર્થરના મનમાં કાંઈક ઘમસાણ ચાલી રહ્યું છે.

ગ્રામોફોનમાંથી આવેલા અવાજે મૅક્આર્થર પર જે તહોમત મૂકેલું તે સાચું હતું. તેમણે જાણી જોઈને રીચમંડને તેના મૃત્યુ તરફ ધકેલી દીધો હતો.એમણે રીચમંડને એવા મોરચે મોકલી દીધેલો જયાંથી જીવતા પાછા આવવું લગભગ અશક્ય હતું. જોકે મૅક્આર્થરને આ વાતનો કોઈ ખેદ ન હતો. વળી આ બાબતમાં કોઈ એમનો વાંક કાઢી શકે તેમ પણ નહોતું, કારણકે યુદ્ધ દરમ્યાન આવી ઘટનાઓ તો બનતી રહેતી. જનરલના ખોટા નિર્ણયોને કારણે ઑફિસરો જાન ગુમાવતા ત્યારે એમ કહેવાતું કે ”જનરલે મોટી ભૂલ કરી પણ યુદ્ધમાં તો આવું થાય.”

ફક્ત આર્મીટેજ આનાથી જુદું વિચારતો હતો એમ લાગતું હતું. તે જયારે એમની તરફ જોતો ત્યારે મૅક્આર્થરને લાગતું કે તેને ખબર છે કે મેં રીચમંડને જાણી જોઈને તેના મોત તરફ મોકલેલો. અત્યારે પણ મૅક્આર્થરને એમ લાગતું હતું કે આર્મીટેજે જ આ વાત બહાર પાડી દીધી હશે.

લેસ્લી વિષે વિચાર કરતા મૅક્આર્થરને થયું કે તેના લવર રીચમંડના મૃત્યુના સમાચાર જાણીને તે કદાચ દુ:ખી થઈને રડી હશે, પણ જનરલ મૅક્આર્થર ઇંગ્લૅન્ડ પાછા આવ્યા ત્યાં સુધીમાં તે સ્વસ્થ થઈ ગયેલી. મૅક્આર્થરે લેસ્લીને ક્યારેય જણાવ્યું નહોતું કે તેમને તેના અને રીચમંડના અફેર વિષે ખબર હતી. તે બંનેનું જીવન રાબેતા મુજબ ચાલેલું. ફક્ત એટલું જણાતું હતું કે લેસ્લીમાં હવે તે ઉષ્મા અને ઉત્સાહ નહોતાં રહ્યાં. બે-ત્રણ વર્ષ બાદ તે ડબલ ન્યુમોનિયાનો શિકાર બનીને મૃત્યુ પામેલી.

એ વાતને પણ પંદર-સોળ વર્ષ વીતી ગયેલાં.

ત્યારબાદ તે આર્મી છોડીને ડેવોનમાં રહેવા આવી ગયેલા અને સારા વિસ્તારમાં એમને પસંદ હતું તેવું ઘર ખરીદી લીધેલું. અહીં તેમનો સમય હન્ટિંગ અને ફીશિંગમાં સારી રીતે પસાર થતો. રવિવારે તે ચર્ચ જતા. તેમની આસપાસ રહેતાં લોકો બહુ સારા હતા. જોકે હમણાં હમણાં એમને થતું હતું કે લોકો તેમની પાસે આવતા કતરાતા હતા અને તેમને વિચિત્ર નજરે જોઈને અંદર અંદર ઘુસપુસ કરતા હતા. શું બધાને રીચમંડ વિશે ખબર પડી ગઈ હશે? આર્મીટેજે વાત ફેલાવી હશે? ત્યારબાદ મૅક્આર્થરે પોતે જ લોકો પાસે જવાનું બંધ કરી દીધેલું.

આ બધું બહુ વર્ષો પહેલા બનેલું. તેને યાદ કરવાનો કાંઈ અર્થ નહોતો. લેસ્લી તો એમના જીવનમાંથી દૂર ચાલી ગયેલી. રીચમંડ

પણ ભુલાઈ ગયેલો.

ત્યાં અચાનક આજે ગ્રામોફોનમાંથી આવેલા અવાજે એ વાતને ફરી તાજી કરી દીધેલી.

મૅકઆર્થર વિચારતા હતા કે 'આજે મારી ઉપર તહોમત મુકાયું ત્યારે હું સ્વસ્થ રહેલો. ત્યારબાદ આક્ષેપ કરનાર પર ગુસ્સો કરેલો. છતાં એવું બની શકે કે બધાને ખબર પડી ગઈ હોય કે હું સાચે જ ગુનેગાર છું? પછી તેમણે થયું કે બધા આક્ષેપો સાવ જુઠ્ઠા અને પાયા વિનાના હતા. હદ તો એ હતી કે વેરા જેવી સુંદર યુવતી પર એક બાળકને ડુબાડી દીધાનો આક્ષેપ હતો. સાવ અક્કલ વિનાની વાત! કોઈ પાગલ માણસ બધા પર ખોટા આળ ચડાવતો હતો.'

એમિલી બ્રેન્ટ ઉપર એવો આક્ષેપ હતો કે તેમણે હત્યા કરી છે! તેમના જેવી સ્ત્રી આવું કરી શકે એ માની જ ન શકાય. ડિનર વખતે ઓળખાણ નીકળેલી કે એમિલી મૅકઆર્થરની રેજિમૅન્ટના ઑફિસર ટોમ બ્રેન્ટની ભત્રીજી છે. એમને જોઈને જ લાગતું હતું કે તે ધાર્મિક વૃત્તિનાં છે.

અહીં આવ્યા ત્યારથી બધું બહુ વિચિત્ર લાગતું હતું, કાંઈ સમજાતું નહોતું. હજુ તો આજે બપોરે જ અહીં પહોંચેલા છતાં એમ લાગતું હતું કે અહીં આવ્યાને બહુ સમય વીતી ગયો છે.

પથારીમાં પડ્યા પડ્યા મૅકઆર્થર વિચારતા હતા, 'અહીંથી પાછા જવાનું ક્યારે થશે? હા, આવતીકાલે મોટરબોટ આવશે તેમાં પાછા જતા રહીશું.' જો કે તેમને પાછા જવાની બહુ ઇચ્છા નહોતી. તેમણે બારીમાંથી દરિયા તરફ નજર કરી. મોજાંનો અવાજ સંભળાતો હતો. થોડો પવન પણ નીકળેલો. તેમને થયું કે અહીં શાંતિ હતી. આમ પણ એકવાર કોઈ ટાપુ પર પહોંચીએ એટલે મુસાફરીનો અંત આવી જાય. ટાપુથી આગળ ક્યાં જવાનું હોય?

મૅકઆર્થરને થયું કે *એમને આ ટાપુ પર જ રહેવું હતું. બીજે ક્યાંય નહોતું જવું.*

6

વેરા ક્લેથોર્નને પણ ઊંઘ નહોતી આવતી. તે સૂતી સૂતી એકીટસે છતને જોતી હતી. અંધારામાં તેને ડર લાગતો હતો એટલે એણે બેડ પાસેની લાઇટ ચાલુ રાખી હતી.

તેના મનમાં હ્યુગોના જ વિચાર આવતા હતા અને લાગતું હતું કે હ્યુગો આટલામાં જ ક્યાંક છે, તેની સાવ પાસે છે. તેણે તેનો વિચાર કરવો જ પડે એમ હતું. ત્યાં તેને યાદ આવ્યું કે હ્યુગો તો તેના

જીવનમાંથી ચાલ્યો ગયો છે. અત્યારે તે ક્યાં છે તે વિષે કાંઈ ખબર નથી.

વેરાએ હ્યુગોને ભૂલવાના બહુ પ્રયત્ન કર્યા પણ હ્યુગો તેની એટલો નિકટ હતો કે તેને ભૂલી જવાનું અશક્ય જણાતું હતું. વેરાને એ સમય યાદ આવ્યો જયારે તે મિસિસ હેમિલ્ટન, હ્યુગો અને નાના સિરિલ સાથે કોર્નવેલના દરિયાકિનારે ગયેલી. તે બધા કિનારાની ઝીણી રેતીમાં ચાલતા હતા ત્યારે સિરિલે હઠ કરેલી. *"મિસ ક્લેથોર્ન, મારે તરીને પેલા કાળા ખડક પાસે જવું છે. તો હું જાઉ?"*

વેરાએ કડક થઈને કહેલું, "ના, એવી રીતે અજાણ્યા પાણીમાં ન જવાય. જાનનું જોખમ છે."

સિરિલે થોડીવાર હઠ કરેલી પણ વેરા પોતાની વાતમાં મક્કમ રહેલી.

તે રાતે ડિનર પછી હ્યુગોએ વેરાને કહ્યું, "ચાલ, દરિયાકિનારે ફરીને આવીએ."

વેરા અને હ્યુગો હાથમાં હાથ નાખીને ચાલતાં હતાં. ચાંદનીનો શીતલ પ્રકાશ દરિયા પર લહેરાતો હતો. ઠંડો પવન આહ્લાદક હતો. હ્યુગોએ તેને દૃઢ આલિંગન આપીને કહેલું, *"આઇ લવ યુ, આઇ લવ યુ વેરા!"* બાકીના શબ્દો સ્પર્શ દ્વારા વ્યક્ત થયેલા.

હ્યુગોએ તેને વાત કરેલી, *"હું તારી સાથે લગ્ન કરવા માગું છું પણ અત્યારે મારી આર્થિક સ્થિતિ સાવ કંગાળ છે. મારું ગુજરાન માંડ માંડ કરી શકું છું. ત્રણ મહિના પહેલા મારો ભાઈ મોરિસ અવસાન પામ્યો ત્યારે મિસિસ હેમિલ્ટન પ્રેગ્નન્ટ હતાં. મને થોડી આશા જાગેલી કે જો એમને દીકરી આવશે તો કાયદા પ્રમાણે મને બધી મિલકત મળશે. પરંતુ તેમણે સિરિલને જન્મ આપ્યો એટલે હવે કોઈ આશા નથી કે મને એ દોલત મળે."*

આછો નિસાસો નાખીને હ્યુગોએ વાત ચાલુ રાખેલી, "અલબત્ત, મને કોઈ અફસોસ નથી કે મને મિલકત ન મળી પણ શરૂઆતમાં આકરું જરૂર લાગેલું. મારા નસીબ જ ફૂટલાં, બીજું શું? સિરિલ બહુ સારો છોકરો છે. મને કેટલો સ્નેહ કરે છે!" હ્યુગોને પણ સિરિલને ખૂબ ગમતો અને બંને જણા એકબીજાની સાથે ખુબ આનંદ કરતા. આમ પણ ઈર્ષ્યા અને કડવાશ હ્યુગોના સ્વભાવમાં જ નહોતા.

બીજે દિવસે સિરિલે ફરીવાર હઠ કરી, *"મિસ ક્લેથોર્ન, આજે તો તરીને પેલા ખડક પાસે જવા દો!"*

વેરાએ સમજાવવા પ્રયત્ન કર્યો, *"એ બડક બહુ દૂર છે, સિરિલ."*

"ના... મારે જવું જ છે." સિરિલ કજિયો કરવાના મૂડમાં હતો.

'ઓહ!' વેરા પલંગ પરથી સફાળી ઊભી થઈ ગઈ. તેનું માથું દુખતું હતું. બે હાથે માથું દબાવતી તે ડ્રેસિંગ ટેબલ પાસે ગઈ અને ત્યાં રાખેલી એસ્પીરીનની ત્રણ ટૅબ્લેટ મોઢામાં મૂકતા સ્વગત બોલી, "હું સ્લીપિંગ પિલ્સ લાવી હોત તો સારું થાત!"

આ સાથે જ એને એક વિચિત્ર વિચાર આવ્યો, `જો મારે જીવનનો અંત લાવો હોય તો હું વધુ પડતી સ્લીપિંગ પિલ્સ લઈ લઉં પણ સાયનાઇડ ક્યારેય ન લઉં!'

વેરાને એન્થની માર્સ્ટનનો વિકૃત થઈ ગયેલો ચહેરો યાદ આવ્યો અને તે કંપી ઊઠી.

પલંગ પર જતા તેની નજર ફ્રેમમાં મઢેલા જોડકણા પર પડી. પહેલી કડીમાં લખેલું:

દસ નાના સિપાહી, સહુ જમવા ગયા
એકનો રુંધાયો શ્વાસ, હવે નવ રહ્યા.

વેરાને થયું ઓહ ગૉડ, *આ તો આજે સાંજે બન્યું તેનું જ વર્ણન લાગે છે!* એન્થની માર્સ્ટન જે રીતે શ્વાસ લેવા માટે વલખા મારતો હતો તે વેરાને યાદ આવ્યું અને તે ફરીથી કંપી ઊઠી.

વેરા પથારીમાં આડી પડી ત્યારે તેને વિચાર આવતો હતો, "ટોનીએ શા કારણસર આપઘાત કર્યો હશે?" એ પોતે તો ક્યારેય મરવાનો વિચાર પણ કરવા નહોતી માંગતી.

6
બીજું મૃત્યુ

1

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ સપનું જોઈ રહ્યા હતા.

ઑપરેશન થિયેટરમાં બહુ ગરમી થતી હતી. શું ઍરકન્ડિશનર કામ નહોતું કરતું?

ડૉક્ટર પરસેવાથી રેબઝેબ થઈ ગયેલા અને તેમના ભીના થઈ ગયેલા હાથમાંથી ઑપરેશન કરવાની નાઇફ (સ્કાલપેલ) છટકી જતી હતી.

સ્કાલપેલ કાતિલ ખંજર જેવી ધારદાર હતી. ડૉક્ટરને વિચાર આવ્યો કે આવી સ્કાલપેલથી તો કોઈનું ખૂન પણ કરી શકાય! જોકે અત્યારે તે કોઈનું ખૂન જ કરી રહ્યા હતા. ઑપરેશન ટેબલ પર કોનું શરીર હતું? મેરી ક્લીસનું શરીર તો ભારેખમ હતું. અત્યારે ટેબલ પર સૂતેલી લેડીનું શરીર પાતળું, કૃશ હતું અને તેનો ચહેરો ઢંકાયેલો હતો. ડૉક્ટરને આ લેડીનું નામ યાદ નહોતું આવતું. તેમને થયું કે નર્સને પૂછું પણ નર્સ શંકા ભરેલી નજરે તેમને જોઈ રહી હતી એટલે તેમણે ન પૂછ્યું.

ડૉક્ટર હવે અકળાયા હતા. ટેબલ પર કોણ સૂતું હતું તે જાણવું જરૂરી હતું. ત્યાં જ જુનિયર ડૉક્ટરે લેડીના ચહેરા પરથી રૂમાલ હટાવ્યો અને ડૉક્ટરને પેશન્ટનો ચહેરો દેખાયો. ઓહ! આ તો એમિલી બ્રેન્ટ હતા! ડૉક્ટર એમિલી બ્રેન્ટની હત્યા કરવા જતા હતા. એમિલી ખુન્નસભરી આંખોથી ડૉક્ટરને જોઈને બોલ્યાં, *"જીવનની વચ્ચે જ મૃત્યુ છુપાયેલું હોય છે."*

એમિલી બ્રેન્ટ હસતા હતા. નર્સ એમના ચહેરાને રૂમાલથી ઢાંકવા ગઈ કે ડૉક્ટર મોટા અવાજે બોલ્યા, "સિસ્ટર, ચહેરો ખુલ્લો રાખો. મારે એનેસ્થેશિયા આપવાનો છે. અરે ઇથર ક્યાં છે. હું મારી સાથે જ ઇથર લાવેલો. સિસ્ટર, તમે ઇથર ક્યાં મૂક્યો છે?"

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ પેશન્ટને એનેસ્થેશિયા આપવા ગયા. ત્યાં તેમણે જોયું કે ટેબલ પર તો *એન્થની માર્સ્ટન સૂતેલો હતો!* તેનો ચહેરો વાંકો થઈ ગયેલો પણ તે જીવતો હતો. એ ખડખડાટ હસતો હતો જેને કારણે આખું ઑપરેશન ટેબલ હલતું હતું!

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ ઊંઘમાંથી સફાળા જાગી ગયા. તેમણે જોયું તો સવારનો તડકો રૂમમાં આવતો હતો. અચાનક તેમના ખભા પર કોઈએ હાથ મૂક્યો. તેમણે તે તરફ ચોંકીને જોયું તો રોજર્સ ઊભો હતો અને ભયભીત ચહેરે બોલતો હતો, "ડૉક્ટર, ડૉક્ટર, જલદી ચાલો. *મારી પત્ની ઊઠતી નથી.* હું બોલાવું તો એનો જવાબ પણ દેતી નથી. તેને કાંઈક થઈ ગયું છે, સર."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ ગાઉન પહેરીને તરત રોજર્સ સાથે ગયા. તેમણે પલંગ પર ઝૂકીને મિસિસ રોજર્સની નાડી તપાસી અને બંધ થયેલી આંખ ખોલીને જોઈ. થોડીવાર પછી તે રોજર્સ તરફ ફર્યા. રોજર્સે તેમની સામે જોઈને, સૂકા થઈ ગયેલા હોઠ પર જીભ ફેરવીને અત્યંત ધીમા અવાજે પૂછ્યું, "સર, તેને કેમ છે, શું તે...?"

તેના અધૂરા પ્રશ્નના જવાબમાં ડૉક્ટર આર્મસ્ટ્રોંગે કહ્યું, "આઇ એમ સૉરી પણ તે નથી રહ્યાં." આટલું કહીને તેમણે પલંગ પાસેના ટેબલ પર અને વૉશબેસિન તરફ નજર કરી.

રોજર્સે પૂછ્યું, "સર, શું તેનું હાર્ટ...? તે વધુ બોલી ન શક્યો.

આર્મસ્ટ્રોંગ થોડીવાર વિચાર કરીને બોલ્યા, "મિસિસ રોજર્સની જનરલ હેલ્થ કેવી હતી?"

રોજર્સે કહ્યું, "આમ તો કાંઈ પ્રૉબ્લેમ નહોતો. બસ, સાંધાના દુખાવાની તકલીફ હતી."

"હમણાં કોઈ ડૉક્ટરની દવા ચાલતી હતી?" આર્મસ્ટ્રોંગે પૂછ્યું.

રોજર્સે જવાબમાં કહ્યું, "ના સર, અમારે તો વર્ષોથી કોઈ ડૉક્ટર પાસે જવાનું થયું જ નથી."

"તેમને હાર્ટની તકલીફ તો નહોતી ને?"

"ના સર, એવી કોઈ તકલીફ નહોતી."

આર્મસ્ટ્રોંગે પ્રશ્ને ચાલુ રાખ્યા, "ગઈકાલે રાતે તેમને ઊંઘ બરાબર આવેલી?"

આના જવાબમાં રોજર્સે નજર નીચી કરીને ધીમા અવાજમાં જણાવ્યું "ના સર, ગઈકાલે તેને બરાબર ઊંઘ નહોતી આવી."

ડૉક્ટરે જરા કરડાકીથી પૂછ્યું, "તેમણે ઊંઘ આવે તેને માટે કોઈ દવા લીધેલી?"

રોજર્સે આશ્ચર્યથી પૂછ્યું, "ઊંઘ આવે તેને માટેની દવા? ના સર, મારી જાણમાં એવી કોઈ દવા એણે લીધી નહોતી." પછી તે બોલ્યો, "જો કે મને આ બાબતની ચોક્કસ ખાતરી નથી."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે તરત વૉશબેસિન પાસે જઈને બધી બૉટલો ચેક કરી. ત્યાં તેમને હેર લોશન, મેકઅપ કીટ અને ટૂથપેસ્ટ સિવાય કાંઈ મળ્યું નહીં. આ દરમ્યાન રોજર્સે ડ્રેસિંગ ટેબલનાં બધાં ખાનાં ખોલીને જોઈ લીધું. તેને પણ કોઈ જગ્યાએ સ્લીપિંગ પિલ્સ દેખાઈ નહીં.

રોજર્સે ડૉક્ટરને કહ્યું, "સર, એણે ગઈકાલે તમે જે આપેલું તે સિવાય રાતે કાંઈ લીધું નહોતું."

2

સવારે નવ વાગે બ્રેકફાસ્ટનો બેલ વાગ્યો ત્યારે બધા પોતાના રૂમની બહાર હતા અને બેલ પડે તેની જ રાહ જોતા હતા. જનરલ મૅકઆર્થર અને જજ વોરગ્રેવ અગાશીમાં ચાલતા ચાલતા રાજકારણની વાતો કરતા હતા.

વેરા ક્લેથોર્ન અને ફિલિપ લોમ્બાર્ડ ટાપુનો સૌથી ઊંચા ભાગ પર ગયેલા. ત્યાં પહોંચ્યા તો જોયું કે હેન્રી બ્લોર ત્યાં જ હતા અને સ્ટીકલહેવન ગામ તરફ જોઈ રહ્યા હતા. વેરા અને લોમ્બાર્ડ નજીક આવ્યા એટલે બ્લોરે કહ્યું, "હું બોટની રાહ જોઈને ઊભો છું પણ હજુ સુધી તે દેખાઈ નથી."

વેરાએ આછું હસીને કહ્યું, "અહીં બધા આરામપ્રિય લોકો છે. બધું જરા મોડું શરૂ થાય છે."

ફિલિપ લોમ્બાર્ડ બીજી દિશામાં દરિયા તરફ જોતો હતો અને અચાનક બોલ્યો, "તમને હવામાન કેવું લાગે છે?"

બ્લોરે આકાશ તરફ જોઈને કહ્યું, "મને તો હવામાન સરસ લાગે છે."

લોમ્બાર્ડે મોઢું મચકોડતાં કહ્યું, "જો જો, સાંજ પહેલાં હવામાન પલટો લેશે."

બ્લોરે પૂછ્યું, "એટલે શું વાવાઝોડું આવશે?"

લોમ્બાર્ડ આનો જવાબ આપે તે પહેલાં બ્રેકફાસ્ટનો બેલ સંભળાયો અને લોમ્બાર્ડે કહ્યું, "ચાલો, થોડો બ્રેકફાસ્ટ કરી લઈએ. મને તો ભૂખ લાગી છે."

ઘર તરફ જતી વખતે બ્લોરે લોમ્બાર્ડને કહ્યું, "મને સમજાતું નથી કે ટોની જેવો યુવાન માણસ આપઘાત શું કામ કરે? હું આખી રાત આ જ વિચાર કરતો રહ્યો."

આગળ ચાલી રહેલી વેરા સાંભળી ન જાય એટલે લોમ્બાર્ડે ધીમા અવાજે બ્લોરને પૂછ્યું, “તમને લાગે છે કે તેનું મૃત્યુ કોઈ બીજા કારણે થયું હશે?”

બ્લોરે કહ્યું, “હું કાંઈ અભિપ્રાય આપું તે પહેલાં મારે થોડા પુરાવા જોઈએ અને ટોનીની આત્મહત્યા અથવા હત્યા પાછળ શું હેતુ હતો તે જાણવું પડે. ટોની પૈસેટકે તો સુખી હોય તેવો દેખાતો હતો.”

તે ત્રણેય ઘર પાસે પહોંચ્યા ત્યાં એમિલી બ્રેન્ટે બહાર આવીને આતુરતાથી પૂછ્યું, “બોટ આવી ગઈ?”

“હજુ સુધી નથી આવી” વેરાએ જવાબ આપ્યો.

રોજર્સ ડાઇનિંગ રૂમનું બારણું ખોલીને ઊભો હતો. બ્રેકફાસ્ટ ટેબલ પર બેસતાં એમિલી બ્રેન્ટ બોલ્યા, “રોજર્સને શું થયું છે? તબિયત ઠીક નથી?”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ બારી પાસે ઊભેલા. તેમણે બધા તરફ ફરીને કહ્યું, “આજે રોજર્સે એકલાએ બ્રેકફાસ્ટ તૈયાર કર્યો છે. મિસિસ રોજર્સ નથી આવી શક્યાં.”

એમિલી બ્રેન્ટે પૂછ્યું, “શું થયું? મિસિસ રોજર્સની તબિયત સારી નથી?

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે જણાવ્યું, “પહેલાં આપણે બ્રેકફાસ્ટ કરી લઈએ. પછી મારે બધા સાથે અમુક બાબતોની ચર્ચા કરવી છે.”

બ્રેકફાસ્ટમાં એગ્સ, ટોસ્ટ અને હેમની વાનગીઓ હતી, જેને બધાએ ચા અને કૉફી સાથે માણી. આ દરમ્યાન ટાપુ પર જે બની રહ્યું હતું તે વિષે કોઈ કાંઈ બોલ્યું નહીં. રાજકારણ અને રમતગમત વિષે અછડતી વાતો થઈ.

બ્રેકફાસ્ટ પૂરો થયો એટલે ડૉક્ટર આર્મસ્ટ્રોંગે ગળું સાફ કરતાં વાત શરૂ કરી, “મને લાગ્યું કે આ વાત બધા બ્રેકફાસ્ટ કરી લે પછી કહું તો સારું. એક દુ:ખદ સમાચાર છે. મિસિસ રોજર્સનું ગઈકાલે અવસાન થયું છે. તે ઊંઘમાં જ ગુજરી ગયાં.”

આ સમાચાર જાણીને બધાં ચોંકી ઊઠ્યાં. વેરાએ કહ્યું, “ઓહ નો! અહીં આવ્યાને ચોવીસ કલાક પણ નથી થયા ત્યાં તો બે મૃત્યુ થઈ ગયાં!”

જજ વોરગ્રેવ ઝીણી આંખ કરીને બોલ્યા, “ઓહો... મૃત્યુ કયા કારણસર થયું?”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે ખભા ઉલાળીને કહ્યું, “પૂરી તપાસ કર્યા વિના કાંઈ કહેવું અશક્ય છે.”

જજ વોરગ્રેવે પૂછ્યું, “તો શું ઓટોપ્સી કરવી જોઈએ?”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે જવાબ આપતાં કહ્યું, “તપાસ કર્યા વિના હું સર્ટિફિકેટ ન આપી શકું. મને મિસિસ રોજર્સનું સ્વાસ્થ્ય કેવું હતું તેના વિષે કાંઈ ખબર નથી.”

વેરાએ કહ્યું, “તે બહુ ડરેલાં હોય તેવા લાગતા હતાં. એમાં ગઈકાલે તેમના ઉપર જે તહોમત મુકાયું તેને કારણે તેમનું હાર્ટફેઇલ થઈ ગયું હશે?”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે કહ્યું, “એ વાત નક્કી છે કે તેમનું હાર્ટ કામ કરતું બંધ થઈ ગયું, પણ શેને કારણે આવું બન્યું તે મોટો પ્રશ્ન છે.”

એમિલી બ્રેન્ટ અચાનક રુક્ષ અવાજે એક જ શબ્દ બોલ્યાં, “આત્માનો અવાજ.”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે તેમની સામે જોઈને પૂછ્યું “મિસ બ્રેન્ટ, તમે કહેવા શું માંગો છો?”

એમિલી બ્રેન્ટે કહ્યું, “બધાંને ખબર છે કે મિસિસ અને મિસ્ટર રોજર્સ પર એક વૃદ્ધ સ્ત્રીની હત્યા કરવાનું તહોમત છે.”

“તો શું?”

એમિલી બ્રેન્ટે રુક્ષ અવાજમાં વાત ચાલુ રાખી, “હું માનું છું કે આ તહોમત સાચું છે. તમે બધાંએ જોયેલું ને, કે ગ્રામોફોનમાંથી આવતો અવાજ સાંભળી મિસિસ રોજર્સ કેવાં ભાંગી પડેલાં અને બેહોશ થઈ ગયેલાં? પોતાનો ગુનો છતો થઈ ગયો એ વાત તેમના માટે અસહ્ય હતી એટલે ભયના માર્યા જ તેમનું હાર્ટફેઇલ થઈ ગયું.”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ નકારમાં માથું ધુણાવતાં બોલ્યા, “તમે કહો છો તે કદાચ સાચું હોય તો પણ મિસિસ રોજર્સનું સ્વાસ્થ્ય કેવું હતું તે જાણ્યા વિના તેને સ્વીકારી ન શકાય. જો તેમને હાર્ટની તકલીફ હોય…”

એમિલી બ્રેન્ટે વાત કાપતાં કહ્યું, “ભગવાને જ તેમને તેમના પાપની સજા કરી છે.”

આ સાંભળીને બધાંને આઘાત લાગ્યો. બ્લોરે ધીમેથી કહ્યું, “એમ કહેવું તો જરા વધું પડતું છે, મિસ બ્રેન્ટ.”

એમિલી બ્રેન્ટે બધા સામે ક્રોધભરી આંખે જોયું અને કહ્યું, "તમે બધા નથી માનતા કે ભગવાન પાપીને તેના પાપની સજા કરે છે? હું એ વાત માનું છું."

જજ વોરગ્રેવ આદત પ્રમાણે પોતાના ગાલ પર આંગળી ફેરવતાં બોલ્યા, "મેં વર્ષો સુધી કોર્ટમાં કામ કર્યું છે. મારો અનુભવ એવો છે કે ભગવાને પાપીને સજા કરવાનું અને તેને સુધારવાનું કામ મનુષ્યને સોંપ્યું છે. આ કામ અઘરું અને ગૂંચવાડાવાળું છે."

એમિલી બ્રેન્ટે આ સાંભળીને ખભા ઉછાળ્યા પણ કાંઈ બોલ્યાં નહીં.

બ્લોરે પૂછ્યું, "મિસિસ રોજર્સે ગઈકાલે તેમના રૂમમાં ગયા પછી કાંઈ ખાધું કે પીધું હતું?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "ના, એમણે કાંઈ લીધું નહોતું."

"કાંઈ નહોતું લીધું? ચા, કૉફી, પાણી, કાંઈ નહીં? મને લાગે છે તેમણે ચા તો પીધી જ હશે." બ્લોરે કહ્યું.

"રોજર્સે મને કહ્યું કે મિસિસ રોજર્સે કાંઈ નહોતું લીધું." આર્મસ્ટ્રોંગે જણાવ્યું.

બ્લોરે કહ્યું, "આહ! એ તો એવું કહે!" બ્લોરનો ટોન એવો હતો કે આર્મસ્ટ્રોંગે તેની સામે જોયું.

લોમ્બાર્ડે બ્લોરને પૂછ્યું, "તમને એવું લાગે છે કે રોજર્સ ખોટું બોલે છે?"

બ્લોરે આક્રમક અવાજમાં જવાબ આપ્યો, "શા માટે એવું ન લાગે? ગઈકાલે રાતે રોજર્સ કપલ પર જે તહોમત મુકાયું તે ખોટું હશે પણ બીજી બાજુથી વિચારીએ તો તે કદાચ સાચું પણ હોય. માની લઈએ કે રોજર્સ કપલે તે લેડીની હત્યા કરી. કોઈને એ વાતની ખબર ન પડી એટલે તે લોકો પોતે સલામત છે એમ સમજીને જીવતાં હોય...."

વેરા બોલી ઊઠી, "ના, મિસિસ રોજર્સ પોતાની જાતને સલામત નહોતાં સમજતાં."

બ્લોરે જરા ગુસ્સા સાથે વેરા સામે જોઈને વિચાર્યું કે 'લેડીઝ બીજાની વાતમાં માથું માર્યા વિના રહી ન શકે!' અને પોતાની વાત ચાલુ રાખી, "એ જે હોય તે. પરંતુ અત્યાર સુધી તેમની ઉપર કોઈ દેખીતું જોખમ ન હતું. અચાનક ગઈ કાલે તેમનું રહસ્ય ઉઘાડું પડી ગયું. મિસિસ રોજર્સ ભાંગી પડ્યાં અને બેભાન થઈ ગયાં. કોઈએ જોયેલું કે મિસિસ રોજર્સ ભાનમાં આવતાં હતાં ત્યારે રોજર્સ તેમની

સાથે કેવી રીતે ઝૂકીને વાતો કરતો હતો? એ એમની ફિકર નહોતો કરતો. એ તો ડરી ગયો હતો કે તેની પત્ની ક્યાંક સાચી વાત ન કરી દે.

હવે વિચારો. તેમણે બંનેએ ભેગાં થઈને હત્યા કરી છે. વર્ષો સુધી કોઈને તે વાતની ખબર નથી પડી પણ હવે તે બંને પર તહોમત મુકાયું છે. આની તપાસ થાય તો હું શરત મારીને કહું કે મિસિસ રોજર્સ ભાંગી પડે, પોતાનો ગુનો કબૂલ કરી લે અને સાથે સાથે રોજર્સ પણ ફસાઈ જાય. આ રીતે રોજર્સ માટે તેની પત્નીની હાજરી ખતરનાક હતી. એટલે જ રોજર્સે ચાના કપમાં ઝેર ભેળવી એને કાયમ માટે ચુપ કરી દીધી હોય."

બ્લોરની વાત પૂરી થઈ એટલે આર્મસ્ટ્રોંગે કહ્યું, "મેં તપાસ કરેલી પણ તેમના પલંગ પાસેથી કોઈ ખાલી કપ નહોતો મળ્યો."

બ્લોરે થોડા તીખા અવાજમાં કહ્યું, "અરે! રોજર્સને એ કપ-રકાબી સાફ કરીને દૂર મૂકી દેતાં કેટલી વાર લાગે?"

જનરલ મૅકઆર્થર થોડો વિચાર કરીને બોલ્યા, "મને નથી લાગતું કે કોઈ પોતાની પત્ની સાથે આવું કરે."

બ્લોરે આછું હસીને કહ્યું, "સાહેબ! જ્યારે માણસના જીવ પર વાત આવે ને, ત્યારે તે બધી લાગણીઓ ભૂલી જાય!"

થોડીવાર પછી બારણું ખૂલ્યું અને રૂમમાં આવીને રોજર્સ બોલ્યો, "કોઈને કાંઈ જોઈએ છે?"

વોરગ્રેવે પૂછ્યું, "મોટરબોટ રોજ કેટલા વાગે આવે છે?"

રોજર્સે કહ્યું, "રોજ સવારે સાતથી આઠ વચ્ચે બોટ આવી જાય છે. ખબર નહીં આજે ફ્રેડ હજુ સુધી કેમ નથી આવ્યો. એ બીમાર હોય ત્યારે તેના ભાઈને મોકલે છે."

"અત્યારે કેટલા વાગ્યા?" લોમ્બાર્ડે પૂછ્યું.

"દસ વાગવામાં દસ મિનિટ બાકી છે, સર."

લોમ્બાર્ડે ભવાં ચડાવ્યાં અને ધીમેથી માથું હલાવ્યું.

રોજર્સ રૂમની બહાર જતો હતો ત્યારે વોરગ્રેવે જરા મોટા અવાજે કહ્યું, "રોજર્સ, તારી વાઇફના અવસાનના સમાચાર ડૉક્ટરે આપ્યા. અમે બધા દિલગીર છીએ."

રોજર્સે નતમસ્તકે કહ્યું, "થૅન્ક્યુ સર" અને તે રૂમની બહાર ગયો.

રૂમમાં શાંતિ છવાઈ ગઈ. આ શાંતિ સંતોષની નહીં પણ ભયની શાંતિ હતી.

3

લોમ્બાર્ડે કહ્યું, "આ બોટ હજુ આવી નહીં." તે અને બ્લોર ટૅરેસ પર હતા.

બ્લોરે કહ્યું, "મને ખબર છે તું શું વિચારી રહ્યો છે. બોટ બે કલાક પહેલાં આવવાની હતી પણ હજુ સુધી આવી નથી. શા માટે નથી આવી? મારા મનમાં પણ એ જ પ્રશ્ન છે."

"કોઈ જવાબ મળ્યો?" લોમ્બાર્ડે પૂછ્યું.

બ્લોરે કહ્યું, "બોટ અત્યાર સુધી નથી આવી તે અણધાર્યું નથી. બોટનું ન આવવું કોઈકના પ્લાનનો એક ભાગ જ છે. બધું એકબીજા સાથે જોડાયેલું છે."

લોમ્બાર્ડે પૂછ્યું, "તમને લાગે છે કે બોટ નહીં આવે?"

અચાનક એક તીખો અવાજ સંભળાયો, "ના, બોટ નહીં આવે."

બ્લોર અને લોમ્બાર્ડે અવાજની દિશામાં જોયું અને બ્લોરે કહ્યું, "તમને પણ એવું લાગે છે જનરલ, કે બોટ નહીં આવે?"

જનરલે મૅકઆર્થર ભારપૂર્વક કહ્યું, "અલબત્ત, બોટ નહીં આવે. આપણે વિચારીએ છીએ કે બોટ આવીને આપણને અહીંથી લઈ જશે. પણ અહીં આપણને બોલાવવાનો અર્થ જ એ છે કે *આપણે કોઈએ અહીંથી પાછા નથી જવાનું*. બસ, બધાનો અંત આ જ છે, બધું અહીં જ પૂરું થશે."

થોડીવાર અટકીને મૅકઆર્થર ધીમે અવાજે બોલ્યા, "એ જ શાંતિ છે. અંત સુધી પહોંચવું, જયાંથી ક્યાંય જવાનું ન હોય. બસ, તે જ સાચી શાંતિ છે."

જનરલ અચાનક ટૅરેસના પગથિયાં ઊતરીને દરિયા પાસેના ખડક તરફ ગયા. તે લથડતી ચાલે જતા હતા, જાણે અડધા ઊંઘમાં હોય!

બ્લોરે તુચ્છકારથી કહ્યું, "આ તો અક્કલનો ઓથમીર લાગે છે! મને લાગે છે ધીમે ધીમે બધા આ જ રીતે પાગલ થઈ જવાના છે."

લોમ્બાર્ડે કહ્યું, "મને નથી લાગતું તમે પાગલ થશો, મિસ્ટર બ્લોર."

માજી પોલીસ ઑફિસરે હસીને કહ્યું, "હું કાંઈ આટલી વાતમાં પાગલ થઈ જાઉં એવો નથી. જો કે મને લાગે છે કે તું પણ સહેલાઈથી પાગલ બને તેમ નથી!"

4

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગે ટૅરેસ પર આવીને જોયું તો એક તરફ બ્લોર અને લોમ્બાર્ડ ઊભા હતા, જ્યારે બીજી તરફ જજ વોરગ્રેવ ધીમે ધીમે ચાલતા હતા. આર્મસ્ટ્રૉંગ જજ પાસે ગયા.

ત્યાં જ રોજર્સ તેમની પાસે આવીને હાંફળોફાંફળો થતો બોલ્યો, "સર, મારે તમને કાંઈ કહેવું છે." આર્મસ્ટ્રૉંગે જોયું તો રોજર્સનો ચહેરો ભયથી ફિક્કો પડી ગયેલો હતો અને તેના હાથ કાંપતા હતા. ડૉક્ટરને થયું કે થોડીવાર પહેલાં તો રોજર્સ સ્વસ્થ દેખાતો હતો અને અચાનક આ શું થઈ ગયું? ત્યાં રોજર્સ ફરીવાર કરગરીને બોલ્યો, "સર, પ્લીઝ, મારી સાથે ઘરમાં આવો ને."

"અરે આટલું બધું શું થઈ ગયું છે, રોજર્સ?" કહીને ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ તેની સાથે ઘરમાં આવ્યા. રોજર્સે ડાઇનિંગ રૂમ ખોલીને ડૉક્ટરને અંદર બોલાવ્યા. આર્મસ્ટ્રૉંગે જરા અકળાઈને ફરીવાર પૂછ્યું, "શું થયું છે?"

રોજર્સ મહામહેનતે બોલ્યો, "સર, કાંઈક થઈ રહ્યું છે જે મને સમજાતું નથી."

આર્મસ્ટ્રૉંગ ગુસ્સે થઈને બોલ્યા, "અરે પણ શું થઈ રહ્યું છે તે વાત કરને."

રોજર્સે કહ્યું, "તમને લાગશે કે હું પાગલ છું પણ સર, મને આ સમજાતું નથી. તમને થશે કે સાવ નજીવી વાત છે પણ મારા મનમાં બેસતી નથી."

આર્મસ્ટ્રૉંગે કહ્યું, "તું નહીં કહે ત્યાં સુધી મને પણ કેવી રીતે સમજાશે કે શું વાત છે?"

રોજર્સે ગળા નીચે થૂંક ઉતારીને ધીમે અવાજે કહ્યું, "સર, ટેબલની વચ્ચે મૂકેલાં ચિનાઈ માટીના પૂતળાંની વાત છે. મને ખાતરી છે કે ત્યાં દસ પૂતળાં હતાં."

આર્મસ્ટ્રૉંગ બોલ્યા, "અરે એ તો મને ખબર છે. બધાંએ જોયેલું કે ત્યાં દસ પૂતળાં હતાં."

રોજર્સ એમની પાસે આવીને બોલ્યો, "ગઈકાલે રાતે મેં ડાઇનિંગ રૂમ સાફ કર્યો ત્યારે જોયું કે ત્યાં નવ પૂતળાં હતાં. એક ગાયબ

થઈ ગયેલું. ત્યારે મેં તે વાત પર બહુ ધ્યાન નહોતું આપ્યું. આજે સવારે હું અપસેટ હતો એટલે મારું ધ્યાન પૂતળાં તરફ નહોતું ગયું પણ મેં હમણાં જોયું. મારી વાત ખોટી લાગતી હોય તો તમે જાતે જુઓ, સર."

અત્યારે ત્યાં ફક્ત આઠ પૂતળાં રહ્યાં છે. બે પૂતળાં ગાયબ થઈ ગયાં છે! આનો અર્થ શું સર, મને તો સમજાતું નથી. હવે ફક્ત આઠ જ પૂતળાં રહ્યાં છે."

7

મૃત્યુ કે હત્યા?

1

બ્રેકફાસ્ટ પછી એમિલી બ્રેન્ટે વેરાને કહ્યું, "ચાલ, આપણે પેલા રોક પર જઈને બોટની રાહ જોઈએ." વેરાએ હા પાડી અને બંને જણાં તે તરફ ચાલ્યાં.

ટાપુના સૌથી ઊંચા સ્થાન પર ઊભાં રહીને બંને જણાં દરિયા તરફ જોતાં હતાં. તાજી હવા આવતી હતી અને દરિયામાં નાનાં નાનાં મોજાં ઊભરાતાં હતાં. દૂર દૂર સુધી કોઈ ફિશિંગ બોટ કે મોટરબોટ દેખાતી નહોતી.

અહીંથી સ્ટીકલહેવન ગામ નહોતું દેખાતું. ફક્ત તેની પાછળ રહેલો મોટો ખડક દેખાતો હતો.

એમિલી બ્રેન્ટે કહ્યું, "આપણને જે માણસ બોટમાં અહીં લાવ્યો તે તો વિશ્વાસપાત્ર લાગતો હતો."

"આજે તે હજુ સુધી આવ્યો કેમ નથી તે નવાઈ લાગે એવું છે."

વેરા કાંઈ બોલી નહીં. તેને બહુ ડર લાગતો હતો જેને તે કાબૂમાં રાખવા મથામણ કરતી હતી. તેણે પોતાની જાતને કહ્યું, "અરે! આમ ડર નહીં. શાંતિ રાખ. તું તો ઘણી હિંમતવાળી છે."

થોડા સમય પછી વેરા બોલી, "હું ઇચ્છું કે એ જલદી આવે. મારે અહીંથી જતા રહેવું છે."

એમિલી બ્રેન્ટે કહ્યું, "આપણે બધાંએ ચાલ્યાં જવું છે. કોઈને અહીં રહેવું નથી."

વેરાએ કહ્યું "બધું સાવ વિચિત્ર લાગે છે. કાંઈ સમજાતું નથી."

એમિલી બ્રેન્ટે જવાબમાં કહ્યું, "મને તો મારી જાત પર બહુ ગુસ્સો આવે છે કે હું આવી રીતે મૂરખ કેમ બની? હવે જયારે એ પત્રને વાંચું છું ત્યારે સમજાય છે કે એ કેટલો વાહિયાત પત્ર છે. પણ એ પત્ર આવ્યો ત્યારે મને કોઈ જાતની શંકા નહોતી આવી."

વેરાએ સહમત થતાં કહ્યું, "હું એ વાત સમજી શકું છું."

એમિલી બ્રેન્ટે અફસોસ વ્યક્ત કર્યો, "આપણે ઘણી વાર બધું સારું અને સાચું જ હશે એમ માની લઈએ છીએ."

વેરાએ થોડા ડર સાથે પૂછ્યું, "તમે બ્રેકફાસ્ટ વખતે જે કહ્યું તે સાચું છે?"

એમિલી બ્રેન્ટે કહ્યું, "બ્રેકફાસ્ટ વખતે ઘણી વાતો થયેલી. તું કઈ વાત માટે પૂછે છે?"

"એ જ કે મિસિસ અને મિસ્ટર રોજર્સે પેલાં વૃદ્ધ લેડીની હત્યા કરેલી?"

એમિલીએ વેરા સામે જોઈને કહ્યું, "જે કાંઈ બન્યું તેના પરથી લાગે છે કે તેઓ બંને ગુનેગાર છે. તને યાદ છે, કે આ આક્ષેપ સાંભળીને રોજર્સના હાથમાંથી કૉફીની ટ્રે પડી ગયેલી? મિસિસ રોજર્સ બેહોશ થઈ ગયેલાં. પછી રોજર્સ જે રીતે વાત કરતો હતો ત્યારે પણ લાગતું હતું કે તે જુઠ્ઠું બોલી રહ્યો છે. મને લાગે છે એ બંનેએ આ હત્યા કરી છે."

વેરાએ કહ્યું, "સાચી વાત છે. મિસિસ રોજર્સ કેટલાં ડરેલાં લાગતાં હતાં. મેં કોઈ વ્યક્તિને આટલી બધી ડરેલી નથી જોઈ. કદાચ એમણે કરેલી હત્યાની યાદ એમને સતત પરેશાન કરતી હતી."

એમિલીએ ધીમેથી કહ્યું, "મને બાળપણમાં વાંચેલું એક વાક્ય યાદ આવે છે. *`તમારાં પાપ તમને શોધી કાઢશે.'* આ વાત સાવ સાચી છે!"

વેરા ઊભી થઈ ગઈ અને વ્યગ્ર અવાજે બોલી, "મિસ બ્રેન્ટ, એનો અર્થ એમ કે બીજા જેટલા પર તહોમત મુકાયાં તે *બધા* ગુનેગાર છે?"

એમિલીએ થોડા સમય પછી જવાબ આપ્યો, "જો, પેલો લોમ્બાર્ડ છે તેણે તો કબૂલ કર્યું કે તેણે વીસ માણસોને ભૂખ્યા-તરસ્યા મરવા માટે છોડી દીધેલા."

વેરાએ કહ્યું, "પરંતુ તે બધા તો આફ્રિકન હતા."

એમિલી બ્રેન્ટે ગુસ્સે થઈને કહ્યું, "તો શું? કાળા હોય કે ગોરા, બધા આપણા જ ભાઈઓ છે?"

વેરાને વિચાર આવ્યો, "કાળા લોકો પણ આપણા જ ભાઈઓ? કેવી હાસ્યાસ્પદ વાત!"

એમિલીએ વાત ચાલુ રાખી, "જો કે અમુક તહોમત સાવ વાહિયાત છે, જેમ કે જજ વોરગ્રેવ પરનું તહોમત. એ તો પોતાની ફરજ બજાવતા હતા. પેલા માજી પોલીસ ઑફિસર બ્લોરનું પણ એમ જ કહી શકાય. એ જ રીતે મારી ઉપર મુકાયેલું તહોમત પણ

સાવ જૂઠ્ઠું, પાયા વિનાનું છે. હું એ વિષે ગઈકાલે રાતે વાત કરવા નહોતી માગતી કારણકે એવી વાત પુરુષોની હાજરીમાં ન કરાય."

વેરા એમિલીની વાત ધ્યાનથી સાંભળતી હતી. એણે પૂછ્યું, "એવી કઈ વાત છે?"

એમિલી બ્રેન્ટે ગંભીર થઈને કહ્યું, "મારી ઉપર જેની હત્યા કરવાનો આરોપ છે તે બિયાટ્રીસ ટેય્લર મારી મેઇડસર્વન્ટ હતી. તે વિનયી હતી અને સરસ કામ કરતી હતી. હું તેનાથી બહુ ખુશ હતી. પણ મને બહુ મોડી ખબર પડી કે તે એક નંબરની ઢોંગી અને લુઝ કેરેક્ટરની હતી. મારે ત્યાં તેણે કામ શરૂ કર્યા પછી થોડા સમયમાં મને ખબર પડી કે તે કોઈનું પાપ એના પેટમાં ઉછેરતી હતી. કેવું ખરાબ કહેવાય!"

એમિલીએ ધૃણાથી મોઢું બગાડ્યું અને વધુમાં કહ્યું, "મને આ વાત જાણીને બહુ આઘાત લાગેલો. તેનાં મા-બાપ પણ ધાર્મિક અને સંસ્કારી હતાં. તેમણે બિયાટ્રીસને સંપૂર્ણ શિસ્તવાળા વાતાવરણમાં ઉછેરેલી. તેમણે પણ તેનો આ ગુનો માફ નહોતો કર્યો."

વેરાએ પૂછ્યું, "પછી શું થયું?"

"મેં તો તેને તરત કાઢી મૂકી. હું તો એક મિનિટ માટે પણ આવી ચરિત્રહીન અને વ્યભિચારી વ્યક્તિને મારી સાથે ન રાખું."

વેરાએ થોડી આશંકા સાથે પૂછ્યું, "પણ... પણ બિયાટ્રીસનું શું થયું?"

એમિલી બ્રેન્ટે રૂક્ષ અવાજમાં કહ્યું, "એ પાપિણીને એનું એક પાપ ઓછું લાગ્યું હશે કે તેણે બીજું, વધુ મોટું પાપ કર્યું. તેણે આત્મહત્યા કરી."

વેરાની આંખો ભય અને આઘાતથી પહોળી થઈ ગઈ. તેણે ધીમે અવાજે પૂછ્યું, "તેણે પોતાનો જ જીવ લઈ લીધો?"

"હા, તેણે નદીમાં ડૂબી જઈને આત્મહત્યા કરી." આમ કહેતી વખતે એમિલી બ્રેન્ટના ચહેરા પર જરાપણ ખેદ નહોતો દેખાતો.

વેરાએ પૂછ્યું, "આ વાતની ખબર પડી ત્યારે તમને દુઃખ નહોતું થયું? તમને એમ ન થયું કે બિયાટ્રીસના મૃત્યુ માટે તમે જવાબદાર છો?"

એમિલી બ્રેન્ટ ટટ્ટાર થઈને બોલ્યાં, "હું શું કામ મારી જાતને જવાબદાર ગણું? મેં કોઈ ખોટું કામ નહોતું કર્યું."

વેરાએ કહ્યું, “કદાચ તમે આટલાં નિષ્ઠુર, કડક રહ્યાં એટલે બિયાટ્રીસે આત્મહત્યા કરી.”

એમિલી બ્રેન્ટ ગુસ્સે થઈને બોલ્યાં, “અરે, બિયાટ્રીસે જે પાપ કર્યું તેને કારણે જ તેણે આત્મહત્યા કરવી પડી. એ જો સારી, સંસ્કારી યુવતી તરીકે જીવી હોત તો આવું ન થાત.”

એમિલી બ્રેન્ટે આટલું કહીને વેરા સામે જોયું. એમની આંખમાં કોઈ ખેદ કે પશ્ચાત્તાપ નહોતો દેખાતો અને તેમના કડક બીડેલા હોઠ જોઈને લાગતું હતું કે તે પોતાની જાતને જ શ્રેષ્ઠ માને છે. એમના વિચારો પ્રમાણે જે ન જીવે તે બધા તેમની નજરમાં પાપી અને વ્યભિચારી હતા.

વેરાને પહેલા એમ લાગેલું કે એમિલી બ્રેન્ટનું વલણ થોડું હાસ્યાસ્પદ છે, પણ હવે તેને એમ લાગ્યું કે તેમનું વલણ ત્રાસજનક અને ડરામણું છે. આ વિચાર કરીને તે જરા ધ્રૂજી ગઈ.

2

ડૉ. આર્મસ્ટ્રોંગ ડાઇનિંગ રૂમમાંથી નીકળી ફરી એકવાર ટૅરેસ પર આવ્યા. તેમણે જોયું કે જજ વોરગ્રેવ ખુરશી પર બેઠા બેઠા દરિયાને જોતાં હતા. લોમ્બાર્ડ અને બ્લોર ટૅરેસના એક ખૂણામાં ઊભા રહી સિગરેટ પીતા હતા.

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે કોઈ સાથે વાત કરવી હતી. તેમણે પહેલા જજ વોરગ્રેવ પાસે જવા વિચાર્યું પણ પછી તેમને થયું કે કોઈ એવા માણસ પાસે જવાની જરૂર છે જે ઍક્શન લઈ શકે.

એટલે તેમણે લોમ્બાર્ડ અને બ્લોર ઊભા હતા ત્યાં જઈને કહ્યું, “લોમ્બાર્ડ, મારે તારી સાથે થોડી વાત કરવી છે.”

લોમ્બાર્ડ અને આર્મસ્ટ્રોંગ ટૅરેસનાં પગથિયાં ઊતરી દરિયા તરફ ગયા. તેમનો અવાજ ટૅરેસ સુધી ન પહોંચે એટલે દૂર ગયા પછી આર્મસ્ટ્રોંગે કહ્યું, “લોમ્બાર્ડ, મારે તારી સલાહ જોઈએ છે.”

લોમ્બાર્ડે ભવાં ચડાવીને કહ્યું, “પણ ડૉક્ટર સાહેબ, હું મેડીસીન વિષે કાંઈ જાણતો નથી!”

“મારે મેડીસીન નહીં પણ બીજી બાબતમાં સલાહ જોઈએ છે.” આર્મસ્ટ્રોંગે ચોખવટ કરી.

લોમ્બાર્ડે કહ્યું, “ઓ.કે. તો પૂછો.”

આર્મસ્ટ્રોંગે પૂછ્યું, "તું અત્યારની પરિસ્થિતિ વિષે શું વિચારે છે?"

લોમ્બાર્ડે થોડું વિચારીને જવાબ આપ્યો, "જે કાંઈ બની રહ્યું છે તે સૂચક છે."

"તું મિસિસ રોજર્સના મૃત્યુ વિષે શું માને છે? તને લાગે છે કે બ્લોર કહે છે તે સાચું છે?"

લોમ્બાર્ડે ધુમાડાનાં વલયો કાઢતા જવાબ આપ્યો, "એક રીતે જોતાં એ વાત સાચી લાગે છે."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "બરાબર. હું પણ એમ જ માનું છું."

લોમ્બાર્ડે વાત ચાલુ રાખતા કહ્યું, "માની લઈએ કે રોજર્સ કપલેમિસ બ્રાડીની હત્યા કરી છતાં કોઈને તેમની પર શંકા ન આવી. તો તેમણે શું કર્યું હશે? મિસ બ્રાડીને ઝેર આપી દીધું હશે?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "ના. કદાચ ઝેર આપવાની જરૂર જ નહીં પડી હોય. સવારે રોજર્સે મને જણાવ્યું કે મિસ બ્રાડીને હૃદયની એવી બીમારી હતી જેના ઉપચારમાં એમાયલ નાઇટ્રાઇટનો ઉપયોગ થાય છે. પેશન્ટને ઍટેક આવે ત્યારે એમાયલ નાઇટ્રાઇટ સૂંઘાડવામાં આવે છે. જો ઍટેક વખતે એમાયલ નાઇટ્રાઇટ ન આપવામાં આવે તો પેશન્ટનું મૃત્યુ થઈ શકે છે."

લોમ્બાર્ડ વિચાર કરીને બોલ્યો, "હમમ... મોત નિપજાવવું આટલું સરળ હોય તો કોઈ પણ લલચાઈ જાય."

આર્મસ્ટ્રોંગ હકારમાં માથું હલાવીને બોલ્યા, "વળી પેશન્ટને મારી નાખવા માટે કાંઈ જ કરવું ન પડે. ન ઝેર આપવું પડે કે ન ગળું દબાવવું પડે. પેશન્ટને ઍટેક આવે ત્યારે એમાયલ નાઇટ્રાઇટ ન આપો એટલે તેનું કામ તમામ! તે દિવસે રોજર્સ ડૉક્ટરને બોલાવવા માટે ગયો એટલે એમ કહી શકે કે મિસ બ્રાડીનું મૃત્યુ થયું ત્યારે તે હાજર નહોતો. આ કારણે જ રોજર્સ કપલને લાગ્યું હશે કે એમનો ગુનો નહીં પકડાય."

લોમ્બાર્ડે કહ્યું, "કોઈ જાણતું હોય તો પણ આ હત્યા રોજર્સ કપલે કરી છે તે સાબિત ન થાય."

થોડું વિચારીને તે અચાનક બોલ્યો, "ઓહો! હવે બધું સમજાય છે."

આર્મસ્ટ્રોંગે પૂછ્યું, "એટલે? તું કહેવા શું માંગે છે?"

લોમ્બાર્ડે કહ્યું, "હું એ કહેવા માગું છું કે આપણને બધાને આ સોલ્જર ટાપુ પર શું કામ ભેગા કરવામાં આવ્યા છે તે હવે સમજાય છે. જે અપરાધ પુરાવાના અભાવે અદાલતમાં સાબિત નથી થઈ શકતો અને આરોપી નિર્દોષ છૂટી જાય છે, એવા અપરાધીઓને અહીં એકઠા કરવામાં આવ્યા છે. દાખલા તરીકે રોજર્સ કપલ અને જજ વોરગ્રેવ."

આર્મસ્ટ્રોંગે જરા ચોંકીને પૂછ્યું, "તું એમ માને છે કે જજ વોરગ્રેવ ગુનેગાર છે?"

ફિલિપ લોમ્બાર્ડ આછું હસીને બોલ્યો, "હા, હું એમ માનું છું કે જજ વોરગ્રેવે એડવર્ડ સેટોનની હત્યા કરી છે. આ એ જ પ્રકારની હત્યા છે કે જાણે જજ વોરગ્રેવે સેટોનની છાતીમાં ચાકુ હુલાવી દીધું હોય. જજ હોંશિયાર છે. તેમણે અદાલતની બેંચ પર બેસીને, એક જજના પાવરનો દુરુપયોગ કરીને આ હત્યા કરી છે. આને કારણે એમનો આ અપરાધ કોઈ અદાલતમાં પુરવાર થઈ શકે તેમ નથી."

આર્મસ્ટ્રોંગને અચાનક યાદ આવ્યું, *હૉસ્પિટલમાં થયેલી હત્યા. ઑપરેશન ટેબલ પર સૂતેલા પેશન્ટની હત્યા. આ હત્યા હૉસ્પિટલમાં થયેલી એટલે કોઈને ખબર ન પડી.*

લોમ્બાર્ડ કહેતો હતો, "આ કારણે જ મિસ્ટર ઓવેને બધાંને સોલ્જર ટાપુ પર ભેગાં કર્યાં છે."

આર્મસ્ટ્રોંગ ઊંડો શ્વાસ લઈને બોલ્યા, "આપણને બધાને અહીં બોલાવવાનો હેતુ શું છે?"

લોમ્બાર્ડે સામો પ્રશ્ન કર્યો, "તમને શું લાગે છે?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "મિસિસ રોજર્સના મૃત્યુ વિષે બે શક્યતા છે. એક એ કે રોજર્સે પોતાનો અપરાધ જાહેર ન થઈ જાય તે માટે તેમની હત્યા કરી હોય. બીજી એ કે મિસિસ રોજર્સ આવો આક્ષેપ આવ્યો એટલે ડરી ગયાં હોય અને તેમણે પોતે જ આત્મહત્યા કરી હોય."

લોમ્બાર્ડે કહ્યું, "આ વાત સ્વીકારી શકાત, જો એન્થની માર્સ્ટનનું મૃત્યુ ન થયું હોત તો!"

બાર કલાકમાં બે જણા આત્મહત્યા કરે તે જરા વધુ પડતું નથી લાગતું? કોઈ એમ કહેતું હોય કે એન્થની માર્સ્ટન જેવો નફિકરો, રંગીલો જુવાન, ફક્ત એટલા માટે આત્મહત્યા કરે કે તે અકસ્માતે બે બાળકોનાં મૃત્યુ નીપજાવવામાં કારણભૂત બન્યો, તો એ વાત હું હરગીજ ન માનું! ચાલો એકવાર માનીએ કે તેણે આત્મહત્યા કરી,

તો તેની પાસે પોટેશિયમ સાયનાઇડ આવ્યું ક્યાંથી? હું જાણું છું ત્યાં સુધી પોટેશિયમ સાયનાઇડ મેળવવું સહેલું નથી."

"સામાન્ય રીતે આ ઝેરનો ઉપયોગ એ લોકો કરે છે જે મધપૂડો ઉતારતા હોય."

લોમ્બાર્ડ બોલ્યો, "એનો અર્થ એમ કે બગીચાનો માળી અથવા જમીનનો માલિક એનો ઉપયોગ કરે. એન્થની આ બેમાંથી કાંઈ નહોતો. આ પોટેશિયમ સાયનાઇડ આખા કોયડાની અગત્યની કડી છે. શક્ય છે કે ટોનીએ અહીં આવી આત્મહત્યા કરવાનું નક્કી કર્યું હોય અને એ પોતાની સાથે આ ઝેર લઈને લાવ્યો હોય, અથવા પછી..."

આર્મસ્ટ્રોંગે પૂછ્યું, "અથવા પછી શું?"

લોમ્બાર્ડે આછું હસીને કહ્યું, "તમને ખબર તો છે, પછી શા માટે પૂછો છો? અથવા એ કે *એન્થની માર્સ્ટનની હત્યા થઈ છે.*"

3

આર્મસ્ટ્રોંગ ફરી એકવાર ઊંડો શ્વાસ લઈને બોલ્યા, "તો મિસિસ રોજર્સનું શું થયું હશે?"

લોમ્બાર્ડે જણાવ્યું, "હું કદાચ માનત કે એન્થની માર્સ્ટને આત્મહત્યા કરી છે, જો મિસિસ રોજર્સનું મૃત્યુ ન થયું હોત, અથવા તો હું સ્વીકારત કે મિસિસ રોજર્સે આત્મહત્યા કરી છે, જો એન્થની માર્સ્ટનનું મૃત્યુ ન થયું હોત. હું એ પણ સ્વીકારું કે રોજર્સે તેની પત્નીની હત્યા કરી છે, જો માર્સ્ટનનું આ રીતે અચાનક મૃત્યુ ન થયું હોત. બાર કલાકના સમયમાં એક પછી એક બે મૃત્યુ કઈ રીતે થયા તે સમજાતું નથી."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "રોજર્સે મને એક વાત કરી જે આ વાત સાથે સંકળાયેલી હોય." ત્યારબાદ તેમણે ડાઇનિંગ ટેબલ પરનાં દસ પૂતળાંમાંથી બે પૂતળાં ક્યારે ક્યારે ગાયબ થયેલાં તે વાત કરી.

લોમ્બાર્ડે સંમત થતાં કહ્યું, "મને યાદ છે કે દસ પૂતળાં હતાં. અત્યારે આઠ જ છે?"

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે જોડકણાની પહેલી બે કડી યાદ કરી.

દસ નાના સિપાહી, સહુ જમવા ગયા
એકનો રુંધાયો શ્વાસ, હવે નવ રહ્યા

નવ નાના સિપાહી મોડા સૂવા ગયા
એક તો ઊઠ્યો જ નહીં, હવે આઠ રહ્યા

લોમ્બાર્ડે સિગરેટ ફેંકીને આછું સ્મિત આપતાં કહ્યું, "બંને કડીઓ કેવી ફીટ બેસે છે! એન્થની માર્સ્ટનનો શ્વાસ રૂંધાઈ ગયેલો એટલે તે મૃત્યુ પામ્યો અને મિસિસ રોજર્સ ઊંઘમાંથી ઊઠ્યાં જ નહીં!"

ડૉક્ટરે પૂછ્યું, "આનો અર્થ શું?"

લોમ્બાર્ડે કહ્યું, "આનો અર્થ એ કે કોઈ એક સિપાહી છે જે કોઈ મિ. X ની જેમ છુપાયેલો છે. Mr. U. N. Owen, એટલે કે NONE. આ અજાણ્યો પાગલ માણસ આ બધું કરી રહ્યો છે."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "અચ્છા, તો તું પણ માને છે કે કોઈ પાગલ માણસ આ કરી રહ્યો છે. પરંતુ રોજર્સે તો કહેલું કે આપણા દસ સિવાય આ ટાપુ પર કોઈ નથી."

લોમ્બાર્ડે ભારપૂર્વક કહ્યું, "રોજર્સને ખબર નથી અથવા તો એ જુઠું બોલે છે."

આર્મસ્ટ્રોંગે નકારમાં માથું હલાવીને કહ્યું, "હું નથી માનતો રોજર્સ જુઠું બોલતો હોય. એ ડરી ગયો છે, એટલો બધો ડરી ગયો છે કે કદાચ પાગલ થઈ જશે."

લોમ્બાર્ડે કહ્યું, "જોયું? હજુ સુધી મોટરબોટ નથી આવી. એ પણ મિસ્ટર ઓવેનના પ્લાન મુજબ છે. સોલ્જર ટાપુ પર ત્યાં સુધી કોઈ નહીં આવે જ્યાં સુધી મિસ્ટર ઓવેન પોતાનું કામ પૂરું ન કરી લે."

આર્મસ્ટ્રોંગનો ચહેરો થોડો ફિક્કો પડી ગયો, "આ માણસ સાવ ચસકેલ મગજનો લાગે છે!"

લોમ્બાર્ડે કહ્યું, "મિસ્ટર ઓવેન એક વાત ભૂલી ગયો લાગે છે. આ ટાપુ સાવ નાનો અને સપાટ છે. આપણે આ મિસ્ટર ઓવેનને તરત શોધી કાઢીશું."

આર્મસ્ટ્રોંગે ચેતવણી આપતાં કહ્યું, "એ ખતરનાક હશે હોં!"

લોમ્બાર્ડે બેફિકરાઈથી કહ્યું, "એ ખતરનાક હોય તો આપણે કાંઈ કમ છીએ? એ મારા હાથમાં આવશે ત્યારે હું એને માટે ખતરનાક હોઈશ!"

થોડીવાર રોકાઈને લોમ્બાર્ડે કહ્યું, "આ કામમાં આપણે બ્લોરની મદદ લઈશું. અત્યારે લેડીઝને કાંઈ જણાવવું નથી. જનરલ જરા વધુ પડતા 'ઉત્સાહી' છે જ્યારે જજ વોરગ્રેવ તો બેસીને કામ કરવામાં જ માહેર છે. આપણે ત્રણે સાથે રહીને જ આ કામ કરીશું."

8

હત્યારાની શોધ

1

લોમ્બાર્ડે બ્લોરને વાત કરી અને તે તરત સાથ આપવા તૈયાર થઈ ગયો. એણે આર્મસ્ટ્રોંગને કહ્યું, "તમે જે નાનાં ચિનાઈ માટીનાં પૂતળાંની વાત કરી તેના પરથી લાગે છે કે કોઈ પાગલ આ બધું કરી રહ્યો છે. મને એક વિચાર આવે છે. શું આ ઓવેન દૂર રહીને જ બધું કરવા માંગે છે?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "એટલે તું શું કહેવા માંગે છે?"

બ્લોરે જવાબ આપ્યો, "જુઓ, ગઈકાલે ગ્રામોફોન વગાડીને બધા પર તહોમત મૂકવામાં આવ્યાં. આ સાંભળીને માર્સ્ટનને આત્મહત્યા કરી ત્યારબાદ રોજર્સે પોતાની પત્નીની હત્યા કરી. આ રીતે મિસ્ટર ઓવેનનો પ્લાન લાગે છે કે દૂર રહીને જ આ મોતનો તમાશો જોવો."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "માર્સ્ટનનું મૃત્યુ સાયનાઇડથી થયું. આ ઝેર સહેલાઈથી નથી મળતું."

બ્લોરે કહ્યું, "હા, એ વાત સાચી. તો એ ઝેર માર્સ્ટનના ડ્રિન્કમાં કઈ રીતે આવ્યું હશે?"

લોમ્બાર્ડે જવાબ આપ્યો, "મને એ વિષે વિચારતાં લાગ્યું છે કે માર્સ્ટને તે દિવસે ઘણા પેગ પીધેલા. છેલ્લા બે પેગ વચ્ચે ઠીક ઠીક સમય વીતેલો જે દરમ્યાન તેનો ગ્લાસ બારી પાસેના ટેબલ પર હતો. કોઈએ ખુલ્લી બારીમાંથી તેના પેગમાં સાયનાઇડ ભેળવી દીધું હશે."

બ્લોરે જરા નવાઈ સાથે પૂછ્યું, "આપણને કોઈને એ વાતની ખબર પણ ન પડી?"

લોમ્બાર્ડે કહ્યું, "તે વખતે આપણા બધાનું ધ્યાન બીજી વાતમાં હતું."

આર્મસ્ટ્રોંગે વિચારીને કહ્યું, "આપણે બધા તે વખતે આપણી ઉપર મુકાયેલા તહોમત વિષે જ વિચારતા હતા અને તેની જ ચર્ચા કરતા હતા. તે દરમ્યાન શક્ય છે કે કોઈએ આવું કર્યું હોય."

બ્લોરે ખભા ઉલાળીને કહ્યું, "O.K. એમ જ થયું હશે. ચાલો, આપણું કામ શરૂ કરીએ. કોઈ પાસે રિવૉલ્વર છે? કદાચ નહીં હોય."

લોમ્બાર્ડે પૉકેટ પર હાથ મૂકીને કહ્યું, "મારી પાસે છે."

બ્લોરે નવાઈથી પૂછ્યું, "તમે હંમેશાં રિવૉલ્વર સાથે રાખો છો?"

લોમ્બાર્ડે કહ્યું, "હા, સામાન્ય રીતે હું રિવૉલ્વર મારી સાથે રાખું છું. ઘણીવાર મારે 'ખતરનાક' પરિસ્થિતિનો સામનો કરવાનો આવે છે."

બ્લોરે જણાવ્યું, "અત્યારે જે પરિસ્થિતિ છે તેનાથી વધુ 'ખતરનાક' પરિસ્થિતિનો સામનો તને ક્યારેય નહીં થયો હોય! કોઈ ચસકેલ મગજનો માણસ ઘાતક હથિયારો લઈને આ ટાપુ પર છુપાયો લાગે છે."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "દરેક વખતે એવું નથી હોતું મિસ્ટર બ્લોર. આવા ઘણા પાગલો દેખાવે સીધાસાદા અને સ્વભાવમાં સરળ હોય છે."

"ડૉક્ટર આર્મસ્ટ્રોંગ, મને નથી લાગતું કે આ પાગલ એવો હોય."

2

ત્રણેય જણા ટાપુનો ખૂણેખૂણો તપાસી લેવા નીકળ્યા.

ટાપુની એક તરફ ઊંચા, સપાટ ખડકો હતા જેને દરિયાનાં મોજાં આવીને અથડાતાં હતાં. બીજે બધે ખડકાળ જમીન હતી. ટાપુ પર કોઈ વૃક્ષો નહોતાં અને વનસ્પતિ પણ બહુ ઓછી હતી. ત્રણેય જણાએ ટાપુનો બધો વિસ્તાર જોઈ લીધો પણ એવી કોઈ જગ્યા અથવા ગુફા ન દેખાઈ જ્યાં કોઈ વ્યક્તિ છુપાઈને રહી શકે.

ટાપુ પર ફરતા ફરતા ત્રણેય જણ એ જગ્યાએ આવ્યા જ્યાં જનરલ મૅકઆર્થર ટટ્ટાર બેસીને દરિયા તરફ જોઈ રહ્યા હતા. તેમણે આ લોકો તરફ જરાપણ ધ્યાન ન આપ્યું એટલે બ્લોરને થયું કે 'જનરલનું આ તરફ ધ્યાન નથી. શું તે તંદ્રામાં હશે?'

તેણે ગળું સાફ કરીને જનરલને કહ્યું, "તમે સરસ, શાંત જગ્યા શોધી છે."

જનરલે ભવાં ચડાવી થોડા અણગમા સાથે બ્લોર સામે જોઈને કહ્યું, "બહુ ઓછો સમય બાકી છે, તદ્દન ઓછો. પ્લીઝ મને ડિસ્ટર્બ ન કરો."

બ્લોરે હળવેથી કહ્યું, "સર, અમે તમને ડિસ્ટર્બ કરવા નથી માંગતા. અમે તો એ જોવા નીકળ્યા છીએ કે ટાપુ ઉપર કોઈ છુપાઈને રહેતું તો નથી ને."

જનરલે કડક સ્વરે કહ્યું, "તમે કાંઈ સમજતા જ નથી. પ્લીઝ અહીંથી ચાલ્યા જાઓ."

બ્લોરે પાછા જઈને લોમ્બાર્ડ અને આર્મસ્ટ્રોંગને કહ્યું, "આનું ચસકી ગયું લાગે છે. તેની સાથે વાત કરવાનો કોઈ અર્થ નથી."

લોમ્બાર્ડે પૂછ્યું, "એમણે શું કહ્યું?"

બ્લોરે કહ્યું, "બહુ ઓછો સમય બાકી છે, મને ડિસ્ટર્બ ન કરો, એવું કાંઈક કહેતા હતા."

આર્મસ્ટ્રોંગ વિચાર કરતા મનમાં બોલ્યા, "હમમ... મને લાગે છે કે..."

3

આખો સોલ્જર ટાપુ ફરીને ત્રણેય જણા, ટાપુના સહુથી ઊંચા સ્થળે ઊભા રહીને દરિયા તરફ જોતા હતા. દૂર દૂર સુધી કોઈ બોટ દેખાતી નહોતી.

લોમ્બાર્ડે કહ્યું, "એકપણ બોટ દેખાતી નથી. તોફાન આવશે એવા અણસાર છે. અહીંથી સ્ટીકલહેવન ગામ પણ દેખાતું નથી, નહીં તો આપણે સિગ્નલ મોકલીને કોઈને બોલાવી શકત."

બ્લોરે સૂચન કર્યું, "આજે રાતે આપણે મોટું તાપણું કરીએ તો?"

લોમ્બાર્ડે જરા વિચારીને કહ્યું, "મને લાગે છે મિસ્ટર ઓવેને તેનો પણ 'ઉપાય' વિચારી રાખ્યો હશે."

"એટલે?"

લોમ્બાર્ડે જણાવ્યું, "એટલે એમ કે તેણે ગામમાં કહી રાખ્યું હશે કે સોલ્જર ટાપુ પર બધા પાર્ટી કરવાના છે જેમાં મસ્તીમજાક, રમતગમત થવાનાં. એટલે ત્યાં કોઈ તાપણું દેખાય અથવા સિગ્નલ ફ્લેશ થતું લાગે તો તમારે ફિકર કરવાની જરૂર નથી."

બ્લોરે શંકા દર્શાવતાં કહ્યું, "ગામના લોકો આવી વાત માની લે?"

લોમ્બાર્ડે ખંધું હસીને કહ્યું, "સાહેબ, જૂઠી વાત માનવી બહુ સહેલી છે! જો મિસ્ટર ઓવેને બધાને સાચું કહ્યું હોત કે તે દસ જણાને સોલ્જર ટાપુ પર એકઠા કરીને તે બધાની હત્યા કરી

નાખવાની છે અને ત્યાં સુધી બીજા કોઈએ ટાપુ પર આવવાનું નથી, તો કોઈ આ વાત માનત?"

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે કહ્યું, "હું પોતે આ વાત માનતો નથી, છતાં એમ લાગે તો છે."

લોમ્બાર્ડે ક્રૂર સ્મિત કરતાં કહ્યું, "બસ, તમે કહ્યું ને કે `છતાં એમ લાગે છે.' તે જ સાચું છે."

બ્લોરે દૂર સીધા અને ઊંચા ખડક તરફ જોઈને કહ્યું, "એ ખડક પરથી તો કોઈ નીચે નહીં આવ્યું હોય ને?"

આર્મસ્ટ્રોંગ નકારમાં માથું હલાવીને બોલ્યા, "મને નથી લાગતું. ખડક સાવ સીધો અને સપાટ છે. વળી કોઈ હોય તો પણ તે ક્યાં છુપાય?"

બ્લોરે કહ્યું, "શક્ય છે કે ખડકમાં કોઈ ગુફા પણ હોય. આપણી પાસે બોટ હોય તો ખડક પાસે જઈને તપાસ કરી શકીએ."

લોમ્બાર્ડે સહેજ છણકો કરતાં કહ્યું, "આપણી પાસે બોટ હોય તો તો આપણે સ્ટીકલહેવન તરફ રવાના થઈ ગયા હોઈએ!"

"એ વાત સાચી હોં!"

લોમ્બાર્ડે કહ્યું, "આપણે આ ખડકમાં કોઈ ગુફા છે કે નહીં તેની તપાસ કરી લઈએ. જો કોઈ દોરડું મળી જાય તો હું ખડક પર ઊતરીને તપાસ કરી લઉં."

બ્લોરે કહ્યું, "O.K. મને લાગે છે કાંઈ મળશે નહીં પણ તપાસ કરી લઈએ. હું દોરડું લઈને આવું છું."

બ્લોર ઘર તરફ ગયા. લોમ્બાર્ડે જોયું કે આકાશમાં વાદળો છવાતાં હતાં અને પવનની સ્પીડ પણ વધી હતી. તેણે ડૉક્ટર આર્મસ્ટ્રોંગને પૂછ્યું, "તમે કાંઈ બોલતા નથી સર, શું વિચારી રહ્યા છો?"

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ ધીમેથી બોલ્યા, "હું વિચારું છું કે જનરલ મૅકઆર્થર પાગલ તો નથી થઈ ગયા ને?"

4

વેરા સવારથી અપસેટ હતી. તેને એમિલી બ્રેન્ટ પ્રત્યે અણગમો થઈ ગયેલો એટલે તેમની પાસે તો તે ગઈ જ નહોતી.

એમિલી બ્રેન્ટ ઘરના એક ખૂણામાં ખુરશી પર ટટ્ટાર બેસીને ગૂંથવાનું કામ કરતાં હતાં.

વેરા જયારે જયારે એમિલી બ્રેન્ટ વિષે વિચારતી ત્યારે તેની નજર સામે એક ફિક્કો ચહેરો તરી આવતો. તેને થતું કે એક જમાનામાં એમિલીનો ચહેરો કદાચ સુંદર હશે પણ અત્યારે એ ચહેરો સુંદર નહી પણ તદ્દન ભાવહીન લાગતો હતો. પ્રેમ, કરુણા જેવી એકપણ લાગણી તે ચહેરા પર દેખાતી નહોતી. અત્યારે પણ એમિલી બ્રેન્ટ એવી રીતે બેઠાં હતાં કે જાણે એમને દુનિયાની પરવા જ ના હોય અને પોતાની જાતને જ નૈતિક અને ધાર્મિક રીતે શ્રેષ્ઠ માનતા હોય.

વેરાએ ટૅરેસ પર જોયું તો જજ વોરગ્રેવ ખુરશીમાં સંકોડાઈને બેઠા હતા. હંમેશ મુજબ તેમની દાઢી છાતીને અડેલી હતી.

વોરગ્રેવને જોઈને વેરાને એડવર્ડ સેટોન વિષે વિચાર આવ્યો. તેની આંખ સામે દૃશ્ય દેખાયું કે જજ વોરગ્રેવની સામે આરોપી તરીકે ઊભેલો સેટોન તરવરિયો, ભૂરી આંખવાળો, દેખાવડો યુવાન છે, જે ઘણો મૂંઝાયેલો અને ભયભીત લાગે છે. અચાનક જજ વોરગ્રેવે સેટોનના માથા પર કાળી ટોપી મૂકી અને તેને સજા સંભળાવવા લાગ્યા. એક આંચકા સાથે વેરા વર્તમાનમાં પાછી આવી.

થોડીવાર પછી વેરા દરિયાકિનારે જનરલ મૅકઆર્થર બેઠા હતા તેમની પાસે ગઈ. પગલાંનો અવાજ સાંભળી જનરલે વેરા તરફ ફર્યા અને તેને આશ્ચર્ય તથા દહેશતભરી નજરે જોઈ રહ્યા. વેરાને થયું કે 'જનરલ આવી વિચિત્ર નજરે કેમ જુએ છે?'

જનરલે કહ્યું, "ઓહ વેરા, તું આવી છે."

વેરા તેમની પાસે બેઠી અને બોલી, "તમને અહીં બેસીને દરિયો જોવો ગમે છે ને?"

જનરલે કહ્યું, "હા, આ સરસ જગ્યા છે. હું માનું છું કે રાહ જોવા માટે આ જગ્યા બહુ સારી છે."

"રાહ જોવા માટે?" વેરા થોડી ઉત્તેજના સાથે બોલી. "તમે કોની રાહ જુઓ છે?"

જનરલ શાંતિથી બોલ્યા, "અંત સમયની રાહ જોઉં છું. જોકે તને તો ખબર જ છે. આપણે બધા અહીં આપણા અંત સમયની રાહ જોઈએ છીએ."

વેરાએ જરા ધ્રૂજતા અવાજે પૂછ્યું, "એટલે તમે કહેવા શું માગો છો?"

જનરલ મૅકઆર્થરે ગંભીર થઈને જવાબ આપ્યો, "*આપણામાંથી કોઈપણ આ ટાપુ છોડીને જઈ શકવાનું નથી.* મિસ્ટર ઓવેનનો આ

જ પ્લાન છે. તને તો આ વાતની ખબર જ છે. તમે જે નથી જોઈ શકતા તે છે છુટકારાનો આનંદ અને તેનાથી મળતી શાંતિ."

વેરાએ કહ્યું, "છુટકારાથી મળતી શાંતિ? કાંઈ સમજાયું નહીં."

મૅકઆર્થરે જવાબ આપ્યો, "તું હજી જુવાન છે. આ વાત સમજવાની તારી ઉંમર નથી. તારો પણ સમય આવશે જ્યારે તને આવો આનંદ મળશે. જ્યારે ખબર પડે કે હવે તમારે જીવનની આંટીઘૂંટીમાં ફરતા રહેવાનું નથી અને કોઈ જાતનો ભાર લઈને જીવવાનું નથી ત્યારે જે પ્રસન્નતા થાય તે અવર્ણનીય છે."

વેરાએ ઊંચે અવાજે પૂછ્યું, "તમે શું કહો છો? મને કાંઈ સમજાતું નથી." હવે તેને જનરલ મૅકઆર્થરની બીક લાગતી હતી.

મૅકઆર્થરે કહ્યું, "લેસ્લી, હું લેસ્લીને બહુ ચાહતો હતો."

"લેસ્લી તમારી વાઇફ હતી?" વેરાએ પૂછ્યું.

"હા તે મારી પત્ની હતી. હું એને બહુ પ્રેમ કરતો હતો અને મને તેની પર બહુ ગૌરવ હતું. તે બહુ દેખાવડી હતી અને તેનો સ્વભાવ આનંદી, રમતિયાળ હતો."

થોડીવાર મૌન રહીને તેમણે કહ્યું, "હું એને બહુ પ્રેમ કરતો હતો એટલા માટે જ મેં આ કર્યું."

વેરા ધીમા અવાજે બોલી, "એનો અર્થ એમ કે...." તેનું વાક્ય અધૂરું રહ્યું.

મૅકઆર્થરે માથું હલાવીને કહ્યું, "હવે જ્યારે આપણે બધા મૃત્યુના આરે બેઠા છીએ ત્યારે એ વાતનો ઇન્કાર કરવાનો કોઈ અર્થ નથી. મેં જ રીચમંડને તેના મોત તરફ ધકેલી દીધેલો. એક રીતે જોઈએ તો એ હત્યા જ હતી. ત્યારે મને એમાં કાંઈ અજુગતું નહોતું લાગ્યું. મેં એમ જ વિચારેલું કે રીચમંડ આ સજાને પાત્ર હતો અને મેં જે કર્યું તે ઠીક કર્યું. ત્યાર પછી....."

વેરાએ જરા કડક અવાજમાં પૂછ્યું, "ત્યાર પછી શું થયું?"

મેક આર્થરે વાત ચાલુ રાખી, "ત્યાર પછી બહુ યાદ નથી. હું યુદ્ધમાંથી પાછો આવ્યો. મને નથી લાગતું કે લેસ્લીને ક્યારેય ખબર પડી હોય કે રીચમંડના મૃત્યુ માટે હું જવાબદાર હતો. હા, એ થોડી અતડી અને મૂડી થઈ ગયેલી. થોડા સમય બાદ તે અવસાન પામી. ત્યાર પછી હું સાવ એકલો થઈ ગયો. તદ્દન એકલો.."

જનરલ મૅકઆર્થર વેરાની સામે જોઈને બોલ્યા, "તારા અંત સમયે તું પણ રાજી થઈશ."

વેરા ઊભી થઈ ગઈ અને ગુસ્સાથી બોલી, "તમે શું કહો છો તે મને સમજાતું નથી."

"મને સમજાય છે, દીકરા, મને સમજાય છે. તમને કોઈને નથી સમજાતું." મૅકઆર્થરે વેરાને કહીને ફરી દરિયા તરફ જોયું. એવું લાગ્યું કે જનરલ ભૂલી ગયા છે કે વેરા તેમની પાસે ઊભી હતી.

જનરલ મૅકઆર્થર એક જ શબ્દ બોલ્યા, 'લેસ્લી.'

5

બ્લોર દોરડું લઈને પાછા આવ્યા ત્યારે ડૉક્ટર આર્મસ્ટ્રોંગ દરિયા તરફ જોઈને ઊભા હતા. બ્લોરે પૂછ્યું, "લોમ્બાર્ડ ક્યાં ગયો?"

આર્મસ્ટ્રોંગે જણાવ્યું, "થોડા કામ માટે ગયો છે, હમણાં પાછો આવી જશે." અને પછી કહ્યું, "બ્લોર, મને ફિકર થાય છે."

બ્લોરે કહ્યું, "અરે, તમને એકલાને ક્યાં, આપણને બધાને ફિકર થાય છે."

ડૉક્ટરે કહ્યું, "અરે હું એની વાત નથી કરતો. મને મૅકઆર્થરનો વિચાર આવે છે."

બ્લોરે કહ્યું, "શું વિચાર આવે છે?"

આર્મસ્ટ્રોંગે ધીમેથી કહ્યું, "આપણે બધા એક પાગલ માણસને શોધીએ છીએ. મને થાય છે કે મૅકઆર્થર તો એ માણસ નથી ને?"

બ્લોરે અચરજથી પૂછ્યું, "શું તમે એમ માનો છો કે મૅકઆર્થર હત્યા કરે તેવા છે?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "ના, ના. હું એમ તો ના કહું. વળી હું કાંઈ માનસિક રોગનો નિષ્ણાત નથી. મેં તેમની સાથે લાંબા સમય સુધી વાત નથી કરી. અને એ દૃષ્ટિએ મેં તેમને જોયા પણ નથી."

બ્લોરે કહ્યું, "છતાં હું એમ ન માનું કે મૅકઆર્થર..."

આર્મસ્ટ્રોંગે એમની વાત કાપતા કહ્યું, "તમે સાચા છો, પણ કોઈક તો છે કે જે આ ટાપુ પર છુપાઈને બધું કરે છે. ચાલો, આ લોમ્બાર્ડ આવી ગયો."

લોમ્બાર્ડે પોતાની કમરે દોરડું બાંધ્યું અને કહ્યું, "હું તપાસ કરીને આવું છું. દોરડાને ઝટકો લાગે તો બરાબર પકડી રાખજો."

લોમ્બાર્ડ ચપળતાથી ખડક પરથી સરક્યો અને ઝીણવટથી બધું જોવા લાગ્યો. થોડીવાર પછી બ્લોરે થોડા અહોભાવ સાથે કહ્યું,

"વાહ, કેવી કુશળતાથી આટલા સપાટ ખડક પર ફરે છે!"

આર્મસ્ટ્રૉંગે સહમત થતાં કહ્યું, "લાગે છે કે તેને માઉન્ટેનિયરિંગનો સારો અનુભવ છે." થોડીવાર બંને શાંત રહ્યા ત્યારબાદ બ્લોરે કહ્યું, "મને એની ઉપર ડાઉટ છે."

આર્મસ્ટ્રૉંગે પૂછ્યું, "શા માટે?"

"હું ચોક્કસ કારણ નથી આપી શકતો પણ હું એનો વિશ્વાસ ન કરું, ક્યારેય નહીં."

ડૉક્ટરે કહ્યું, "એ જરા નફિકરો અને સાહસિક તો લાગે છે."

બ્લોરે જણાવ્યું, "મને ખાતરી છે કે એના અમુક 'સાહસો' વિષે બહુ બોલવા જેવું નહીં હોય." પછી તેણે પ્રશ્ન કર્યો, "ડૉક્ટર, તમે રિવૉલ્વર લાવ્યા છો?"

આર્મસ્ટ્રૉંગે કહ્યું, "રિવૉલ્વર? ના, હું શા માટે રિવૉલ્વર લાવું?"

બ્લોરે તરત પૂછ્યું, "તો પછી મિસ્ટર લોમ્બાર્ડ શા માટે રિવૉલ્વર લઈને અહીં આવ્યા છે?"

"કદાચ એમને એવી આદત હશે."

બ્લોરે કહ્યું, "આદત હોય તે સમજી શકાય. આજે કોઈ જંગલમાં જઈને ટેન્ટમાં રહેતું હોય તો તે આદત પ્રમાણે રિવૉલ્વર લઈ જાય. પરંતુ ટાપુ પર આવનાર કોઈ વ્યક્તિ 'આદત' પ્રમાણે રિવૉલ્વર લઈને આવે તે જરા વિચિત્ર કહેવાય. એવું તો ફિલ્મોમાં બને."

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ કાંઈ કહેવા ગયા પણ એટલામાં લોમ્બાર્ડ ખડક પરથી પાછો આવી ગયો અને પરસેવો લૂછતાં બોલ્યો, "બધે જોઈ લીધું. એવી એકપણ જગ્યા નથી જ્યાં કોઈ છુપાઈને રહી શકે. હવે તો બસ, ઘરની જ તપાસ કરવાની રહે છે."

6

ઘરની તપાસ ઝડપથી પૂરી થઈ ગઈ. પહેલાં એ ત્રણેય જણાએ બહારનાં નાનાં મકાનો તપાસી લીધાં અને પછી મુખ્ય મકાનની તપાસ શરૂ કરી. ગ્રાઉન્ડ ફ્લૉરના દરેક રૂમને ધ્યાનથી તપાસ્યો અને મેઝર ટેપથી માપ પણ લીધું પણ એકપણ રૂમમાં કોઈ વ્યક્તિ છુપાઈને રહી શકે એવી જગ્યા દેખાઈ નહીં. ત્યારબાદ ત્રણેય જણા પહેલા માળ પર આવતા હતા ત્યારે તેમણે જોયું કે રોજર્સ ડ્રિન્ક્સની ટ્રે લઈને ટૅરેસ પર જતો હતો.

લોમ્બાર્ડે જરા હસીને કહ્યું, "રોજર્સ બહુ કહ્યાગરો છે હોં! પોતાનું કામ બરાબર કરે છે."

આર્મસ્ટ્રોંગ બોલ્યા, "રોજર્સ ફર્સ્ટ ક્લાસ બટલર છે. કહેવું પડે!"

"મિસિસ રોજર્સ પણ બહુ સારી રસોઈ કરતાં. પહેલી રાતનું ડિનર..." બ્લોરે કહ્યું. આટલીવારમાં ત્રણેય જણા બીજા માળે આવીને પહેલા બેડરૂમમાં ગયા.

જેટલા બેડરૂમ ખાલી હતા તે બધાની તપાસ પાંચ જ મિનિટમાં કરીને ત્રણેય જણા ગ્રાઉન્ડ ફ્લૉર પર પાછા આવી ગયા. કોઈપણ બેડરૂમમાં એવી જગ્યા નહોતી જ્યાં કોઈ છુપાઈને રહી શકે.

બ્લોરે કહ્યું, "ત્યાં એક નાની સીડી છે."

"એ સીડી સર્વન્ટના રૂમમાં જાય છે." આર્મસ્ટ્રોંગે જણાવ્યું.

બ્લોરે કહ્યું, "છાપરાની નીચે પાણીની ટાંકી માટે જગ્યા હોય છે. ત્યાં કદાચ આ પાગલ રહેતો હોય. હવે એ જ શક્યતા બાકી છે."

ત્યાં તેમને કોઈના પગલાંનો અવાજ સંભળાયો. લોમ્બાર્ડે બધાને ચુપ રહેવા ઇશારો કર્યો.

ફરીથી એ અવાજ સંભળાયો. આર્મસ્ટ્રોંગે ધીમેથી કહ્યું, "અરે! આ તો મિસિસ રોજર્સના બેડરૂમમાંથી અવાજ આવે છે."

બ્લોરે તરત કહ્યું, "હા..! એ તો સંતાવા માટેનું સારામાં સારું સ્થળ! કોઈ ત્યાં તપાસ કરવાનું વિચારે જ નહીં!"

ત્રણેય જણા જરાપણ અવાજ કર્યા વિના દાદરો ચડીને મિસિસ રોજર્સના બેડરૂમ પાસે આવીને ઊભા રહ્યા. અંદરથી ફરી એકવાર પગલાંનો અવાજ આવ્યો.

બ્લોરે કહ્યું, "ચાલો!" અને ત્રણેય જણા બારણું ખોલીને રૂમમાં ધસી ગયા. અંદર જે જોયું તેનાથી ત્રણેય જણા ઠરી ગયા!

રોજર્સ હાથમાં કપડાં લઈને ઊભો હતો અને જરા અચરજથી ત્રણેયને જોતો હતો.

7

બ્લોર સ્વસ્થ થઈને બોલ્યો, "સૉરી રોજર્સ, અમે અહીયા પગલાંનો અવાજ સાંભળ્યો અને અમને થયું કે..."

રોજર્સે કહ્યું, "સૉરી સર. હું મારાં કપડાં લેવા અહીં આવેલો. હું નીચલા માળે એક નાની રૂમમાં શિફ્ટ થઈ જાઉં તો કોઈને વાંધો નથી ને?"

આ પ્રશ્ન રોજર્સે ડૉક્ટર આર્મસ્ટ્રોંગ સામે જોઈને પૂછેલો એટલે તેમણે તેનો જવાબ આપ્યોઃ

"ના રે. એમાં કોઈને શું વાંધો હોય? તું જરૂર નીચેના રૂમમાં શિફ્ટ થઈ જા."

રોજર્સ `થૅન્ક્યુ સર' કહીને પોતાનો સામાન લઈને નીચે ગયો.

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ બેડ પાસે ગયા અને મિસિસ રોજર્સના ચહેરા પરથી ચાદર હટાવીને જોઈ રહ્યા. થોડી વાર પછી આછો નિસાસો નાખીને બોલ્યા, "હું મારી સાથે મારા સાધનો લાવ્યો હોત તો સારું થાત. આમનું મૃત્યુ શેને કારણે થયું તે હું જાણી શકત."

પછી તેમણે બ્લોર અને લોમ્બાર્ડ સામે જોઈને કહ્યું, "ચાલો, આપણે તપાસ પૂરી કરીએ. મને લાગે છે કે અહીંયાં પણ કાંઈ મળશે નહીં."

બેડરૂમની ફ્લૉરમાં એક ટ્રેપડોર હતું. બ્લોર તેનો નકુચો ખોલતાં બોલ્યા, "રોજર્સ એકદમ ધીમા પગલે ચાલે છે. થોડીવાર પહેલાં આપણે તેને ટૅરેસ પર જતાં જોયેલો. એ પાછો અહીં ક્યારે આવી ગયો તે ખબર જ ન પડી."

લોમ્બાર્ડે કહ્યું, "એટલે જ આપણે માની લીધું કે રૂમમાં કોઈ અજાણી વ્યક્તિ ફરી રહી છે."

ટ્રેપડોર ખોલીને બધા નીચે આવેલા અંધારિયા ભંડકિયામાં ગયા. લોમ્બાર્ડે ખીસામાંથી ટોર્ચ કાઢીને ઓન કરી. થોડીવાર પછી ત્રણેય જણા ભંડકિયાના બીજા બારણામાંથી ઉપરના માળની લૉબીમાં આવ્યા. બધાના ચહેરા ધૂળ-ધૂળ થઈ ગયા હતા અને હાથ પર બાવાં-ઝાળાં બાઝી ગયેલાં.

ત્રણેયના ચહેરા એકદમ ગંભીર થઈ ગયા હતા. તેમને ખબર પડી ગયેલી કે આઠ વ્યક્તિની ઉપરાંત આ ટાપુ પર બીજું કોઈ નહોતું.

9

Mr. U. N. Owen કોણ છે?

1

લોમ્બાર્ડે કહ્યું, "અત્યાર સુધી આપણે સાવ ખોટા ખ્યાલમાં હતા. બબ્બે મૃત્યુ થયાં એટલે આપણે માની લીધું કે કોઈ માથાફરેલ માણસ આપણને મારી નાખવાનો છે. વળી એમાં બે પૂતળાં ગાયબ થયાં એ વાત આપણે જોડી દીધી અને બધાના મનમાં વહેમ ઊભો કરી દીધો.

આર્મસ્ટ્રોંગ ગંભીર અવાજે બોલ્યા, "છતાં એ વાત સાવ નાખી દેવા જેવી નથી. હું ડૉક્ટર છું. મને ખબર છે કે કયા પ્રકારના લોકો આત્મહત્યા કરે અને હું ખાતરીપૂર્વક કહી શકું કે એન્થની માર્સ્ટન એવો નહોતો."

લોમ્બાર્ડે શંકા વ્યક્ત કરતાં કહ્યું, "તો પછી એ કોઈ અકસ્માત હશે?"

બ્લોરે કહ્યું, "એવો અકસ્માત થયો હોય તો બહુ વિચિત્ર પ્રકારનો ગણાય." થોડું અટકીને તે બોલ્યા, "અને પેલા મિસિસ રોજર્સ. એમનું મૃત્યુ અકસ્માતથી થયું હોય તે શક્ય ખરું ને?"

લોમ્બાર્ડે પૂછ્યું, "મિસિસ રોજર્સનું મૃત્યુ એક અકસ્માત કઈ રીતે ગણાય?"

બ્લોરે થોડું અચકાઈને આર્મસ્ટ્રોંગને પૂછ્યું, "ડૉક્ટર, તમે મિસિસ રોજર્સને ઊંઘ આવે તેની દવા આપેલી ને?"

"હા આપેલી, તો શું?" ડૉક્ટર આર્મસ્ટ્રોંગ જરા ગુસ્સે થઈને બોલ્યા.

બ્લોરે પૂછ્યું, "તમે કઈ દવા આપેલી?"

આર્મસ્ટ્રોંગે અકળાઈને કહ્યું, "અરે ટીમોથોલનો સાવ નાનો ડોઝ આપેલો."

બ્લોરે પૂછવાનું ચાલુ રાખ્યું, "જુઓ ડૉક્ટર ખોટું નહી લગાડતા, પણ તમે ઓવરડોઝ તો નહોતો આપી દીધો ને?

હવે ડૉક્ટર ખરેખર ગુસ્સે થઈને બોલ્યા, "એટલે? તમે કહેવા શું માંગો છો?"

બ્લોરે જવાબ આપ્યો, "કદાચ તમારી ભૂલ થઈ હોય તે શક્ય છે ને? આવું તો થતું હોય છે."

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગે કહ્યું, "મેં કોઈ ભૂલ નથી કરી. આવો વિચાર પણ સાવ વાહિયાત છે. શું તમને એમ લાગે છે કે મેં જાણી જોઈને મિસિસ રોજર્સને ઊંઘની દવાનો ઓવરડોઝ આપ્યો હોય?"

લોમ્બાર્ડે કહ્યું, "પ્લીઝ, તમે બંને શાંતિ રાખો. અંદર અંદર ઝઘડવાનો કોઈ અર્થ નથી."

બ્લોરે કહ્યું, "મેં તો એટલું જ કહ્યું કે ડૉક્ટરથી કદાચ ભૂલ થઈ ગઈ હોય."

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ ક્રૂર સ્મિત કરીને બોલ્યા, "ડૉક્ટરોને એવી ભૂલ કરવી ન પોસાય."

બ્લોરે પોતાની દલીલ ચાલુ રાખી, "તમે એવી ભૂલ પહેલાં કરી ચૂક્યા છો એમ ગ્રામોફોન પરથી આવેલા અવાજે જણાવ્યું છે."

આર્મસ્ટ્રૉંગનો ચહેરો ગુસ્સાથી લાલઘુમ થઈ ગયો. આ જોઈને લોમ્બાર્ડે બ્લોર પર ગુસ્સો કરતાં કહ્યું, "અરે આવી રીતે આક્રમક થવાની શું જરૂર છે? આપણે બધા એક જ પરિસ્થિતિમાં છીએ. મિસ્ટર બ્લોર, એમ તો ગ્રામોફોનના અવાજે તમારા વિષે પણ કહ્યું છે કે અદાલતમાં તમે ખોટી જુબાની આપેલી."

બ્લોરે કહ્યું, "આ તદ્દન ખોટું છે. મેં ખોટી જુબાની આપી જ નથી. મિસ્ટર લોમ્બાર્ડ, તમે મને ચુપ રહેવાનું કહો છો પણ મારે *તમારા* વિષે એક વાત જાણવી છે."

લોમ્બાર્ડે ભવાં ચડાવીને પૂછ્યું, "મારા વિષે?"

"હા, મારે જાણવું છે કે તમે આ ટાપુ પર વૅકેશન માણવા આવ્યા છો તો સાથે રિવૉલ્વર શા માટે લાવ્યા છો?"

લોમ્બાર્ડે આછું હસતાં જણાવ્યું, "હું રિવૉલ્વર એટલા માટે લાવ્યો છું કે મને લાગેલું કે અહીં એની જરૂર પડશે."

બ્લોરે કહ્યું, "આ વાત તેં ગઈકાલે રાતે તો નહોતી જણાવી. શું કાંઈ છુપાવવા માંગતો હતો?"

લોમ્બાર્ડે કહ્યું, "હા, એમ કહી શકાય કે હું કાંઈક છુપાવવા માંગતો હતો."

બ્લોરે જરા ગુસ્સો કરીને કહ્યું, "તો હવે કહી દે."

બ્લોરે જણાવ્યું, "મેં તમને એમ જણાવ્યું કે હું પણ તમારા બધાની જેમ, મને અહીં વૅકેશન ગાળવાનું આમંત્રણ મળ્યું એટલે આવ્યો છું. હકીકત એ છે કે મોરિસ નામનો એક માણસ મારી પાસે આવેલો જેણે મને સારા એવા પૈસા આપી અહીં આવવાનું કહેલું. એણે એટલું જણાવેલું કે 'કપરી' પરિસ્થિતિમાં હું માર્ગ કાઢી શકું છું માટે મને આ કામ સોંપવામાં આવે છે."

બ્લોરે પૂછ્યું, "પછી? એણે વધુ શું કહેલું?"

લોમ્બાર્ડે કહ્યું, "એણે વધુ કાંઈ જ ન કહ્યું."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે કહ્યું, "એણે ચોક્કસ કાંઈક તો જણાવ્યું હશે."

લોમ્બાર્ડે ફરી જણાવ્યું, "ના, મોરિસે વધુ કાંઈ જણાવવાની ના પાડી અને કહ્યું કે મારે ફક્ત એટલું કહેવાનું હતું કે હું આ કામ કરીશ કે નહીં. મારે પૈસાની સખત જરૂર હતી એટલે મેં હા પાડી"

"આ બધી વાત તેં ગઈકાલે કેમ ન કરી?"

લોમ્બાર્ડે એના પહોળા ખભા ઉછાળતાં કહ્યું, "અરે સાહેબ, ગઈકાલે રાતે મને ખબર નહોતી કે મારે આવી 'પરિસ્થિતિ' નો સામનો કરવાનો આવશે! એટલે જ મેં આ વાત ન કરી."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે પૂછ્યું, "અને હવે? હવે તને શું લાગે છે?"

લોમ્બાર્ડનો ચહેરા સખત થયો અને તેણે દાંત કચકચાવીને કહ્યું, "હવે મને લાગે છે કે હું પણ તમારા બધાની જેમ જ Mr. Owenની જાળમાં ફસાયો છું. સો પાઉન્ડની લાલચ આપીને મને ફસાવ્યો છે. તમને ખ્યાલ આવે છે કે આપણે બધા Mr. Owenની જાળમાં ફસાઈ ગયા છીએ? પહેલાં ટોની મોર્સ્ટનનું મૃત્યુ થયું, ત્યારબાદ મિસિસ રોજર્સનું. સાથે જ ટેબલ પરના દસ પૂતળાંમાંથી બે ઓછાં થયાં. આ બધી Mr. Owenની રમત છે. *પણ Mr. Owen છે ક્યાં?"*

ઘરમાંથી લંચ માટેનો બેલ સંભળાયો.

2

ત્રણેય જણા ડાઇનિંગ રૂમ તરફ આવ્યા ત્યારે રોજર્સે પાસે આવીને કહ્યું, "આશા રાખું કે તમને બધાને લંચ પસંદ આવશે. મટનની બે વાનગી ઉપરાંત બટેટા, ચીઝ, બિસ્કિટ અને ફ્રુટ્સ છે."

લોમ્બાર્ડે કહ્યું, "સારું. આપણી પાસે બધી વસ્તુનો પૂરતો સ્ટોક છે ને?"

રોજર્સે જણાવ્યું, "હા, સર. બધી વસ્તુઓનો પૂરતો સ્ટોક છે. ટાપુ પર રહીએ ત્યારે આ જરૂરી હોય છે કારણ કે ઘણીવાર કિનારા સાથે લાંબા સમય માટે સંપર્ક તૂટી જતો હોય છે."

ત્રણેય જણની સાથે રોજર્સ ડાઇનિંગ રૂમમાં આવ્યો અને તેણે વાત ચાલુ રાખી, "મને ફિકર થાય છે કે ફ્રેડ નારાકોટ્ટ હજુ સુધી આવ્યો કેમ નથી. આ ખરી કમનસીબી છે."

લોમ્બાર્ડે કહ્યું, "હા, આ સાચે જ 'ખરી કમનસીબી' ગણાય."

મિસ એમિલી બ્રેન્ટ ઉનના દડાને વીંટતા વીંટતા ડાઇનિંગ રૂમમાં આવ્યાં અને ખુરશી પર બેસીને બોલ્યાં, "હવામાન બદલાઈ રહ્યું છે. પવન એકદમ ઝડપથી ફૂંકાઈ રહ્યો છે અને દરિયામાં મોટાં મોટાં મોજાં ઊછળે છે."

જજ વોરગ્રેવ ધીમે ધીમે ચાલીને ડાઇનિંગ રૂમમાં આવ્યા અને બધાની સામે નજર કરીને બોલ્યા, "જોઉં છું કે સવારથી ઘણી ચહલ-પહલ થઈ રહી છે."

વેરા ક્લેથોર્ન ઝડપથી ચાલીને ડાઇનિંગ રૂમમાં આવી ત્યારે જરા હાંફતી હતી. તેણે પૂછ્યું, "હું મોડી નથી પડી ને?"

એમિલી બ્રેન્ટે કહ્યું, "ના, તું મોડી નથી. જનરલ મૅકઆર્થર હજુ નથી આવ્યા."

રોજર્સે પૂછ્યું, "તમને બધાને લંચ આપી દઉં કે તમે જનરલની રાહ જોવા માગો છો?"

વેરાએ જણાવ્યું, "એ જયાં દરિયા પાસે બેઠા છે ત્યાં એમને બેલ નહીં સંભળાયો હોય. મને લાગે છે કે જનરલ આજે થોડા મૂંઝવણમાં છે."

રોજર્સે કહ્યું, "હું તેમની પાસે જઈને જણાવું છું કે લંચ તૈયાર છે."

ત્યાં ડૉક્ટર આર્મસ્ટ્રોંગે ઊભા થઈને કહ્યું, "હું એમને લઈને આવું છું, તમે બધાં લંચ શરૂ કરો."

3

ટેબલ પર બેઠેલાં પાંચ જણ વચ્ચે બહુ વાતો નહોતી થતી. બહાર પવનનું જોર વધેલું.

વેરાએ કહ્યું, "લાગે છે કે તોફાન આવવાનું છે."

બ્લોરે કહ્યું, "હા, એવું લાગે છે. હું પ્લાયમાઉથથી ટ્રેનમાં આવતો હતો ત્યારે મારી સાથે એક વૃદ્ધ નાવિક હતો. તે વારંવાર કહેતો હતો કે તોફાન આવવાનું છે. આ પીઢ નાવિકોને હવામાન વિષે બહુ સારું જ્ઞાન હોય છે, ખરું?"

રોજર્સ ટેબલ પરથી પ્લેટ એકઠી કરતો હતો ત્યાં અચાનક અટકી ગયો. તેણે ધ્યાનથી સાંભળીને થોડા ભય સાથે કહ્યું, "કોઈ દોડીને આવતું લાગે છે."

ટૅરેસ પર કોઈ દોડીને આવતું હોય તેવો અવાજ સંભળાયો. બીજી મિનિટે બધાને ખ્યાલ આવી ગયો કે શું બન્યું હશે અને બધાં ઊભા થઈ ગયાં. ડૉક્ટર આર્મસ્ટ્રોંગ હાંફતા હાંફતા રૂમમાં આવ્યા અને બોલ્યા, "જનરલ, જનરલ મૅકઆર્થર.."

વેરા ચીસ પડીને બોલી, "શું તે મૃત્યુ પામ્યા?"

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે તૂટતા અવાજે કહ્યું, "હા, એ મૃત્યુ પામ્યા છે."

ડાઇનિંગ રૂમમાં સન્નાટો છવાઈ ગયો. સાતે જણાં અવાક થઈને એક બીજાં સામે જોઈ રહ્યાં.

4

જનરલ મૅકઆર્થરનો મૃતદેહ ઘરમાં લવાતો હતો ત્યારે જ ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો અને પવનના સુસવાટા સંભળાવા લાગ્યા.

બ્લોર અને આર્મસ્ટ્રોંગ મૃતદેહને લઈને દાદરા પાસે પહોંચ્યા ત્યારે વેરા દોડીને ડાઇનિંગ રૂમમાં ગઈ. ટેબલ ઉપર બધું એમ જ હતું જેવું થોડા વખત પહેલાં બધાં છોડીને ગયાં હતાં. વેરા ડાઇનિંગ ટેબલ પાસે ઊભી રહીને વચ્ચે જોતી હતી ત્યાં રોજર્સ આવ્યો અને જરા ચોંકીને બોલ્યો, "ઓહ મેડમ, તમે અહીંયાં છો... હું તો ડાઇનિંગ ટેબલ પર એ જોવા આવેલો કે..."

વેરા ચીસ પાડીને બોલી ઊઠી, "હા રોજર્સ, જો, *હવે ફક્ત સાત પૂતળાં રહ્યાં છે*."

5

જનરલ મૅકઆર્થરના દેહને તેમના બેડરૂમના પલંગ પર મૂકેલો.

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ મૃતદેહ તરફ છેલ્લી નજર નાખીને નીચે આવ્યા અને જોયું કે બધાં પોતપોતાના કામમાં વ્યસ્ત હતાં.

એમિલી બ્રેન્ટ ગૂંથણકામ કરતાં હતાં. વેરા બારી પાસે ઊભી ઊભી ધોધમાર પડતા વરસાદને જોતી હતી. બ્લોર ખુરશી પર બેઠા હતા. લોમ્બાર્ડ રૂમમાં આંટા મારતો હતો. જજ વોરગ્રેવ રૂમના એક ખૂણામાં, આરામખુરશીમાં બેસીને, આંખો બંધ કરી કશુંક વિચારતા હતા.

ડૉક્ટર રૂમમાં આવ્યા એટલે જજ વોરગ્રેવે તેમની સામે જોઈને કહ્યું, "હા, ડૉક્ટર, શું કહો છો?"

આર્મસ્ટ્રોંગનો ચહેરો ફિક્કો પડી ગયેલો. તે ધીમા અવાજે બોલ્યા, "હાર્ટફેઇલનો તો કોઈ સવાલ નથી. મૅકઆર્થરના માથાના પાછલા ભાગ પર કોઈએ બોથડ હથિયારથી પ્રહાર કર્યો હોય, જેને કારણે તેમનું મૃત્યુ થયું છે."

રૂમમાં થોડો ગણગણાટ થયો પણ તેને દબાવી દેતાં વોરગ્રેવે પૂછ્યું, "તમને એ હથિયાર મળ્યું?"

"ના" ડૉક્ટરે જણાવ્યું.

વોરગ્રેવે કહ્યું, "છતાં તમને ખાતરી છે કે તેમનું મૃત્યુ તમે માનો છો એમ બોથડ હથિયારના પ્રહારથી જ થયું છે?"

જજ વોરગ્રેવ ગંભીર થઈને બોલ્યા, "હમમ્.. હવે થોડો ખ્યાલ આવે છે કે આપણે બધાં કઈ પરિસ્થિતિમાં છીએ." જજ એટલી ઑથૉરિટીથી બોલતા હતા જાણે પોતાની કોર્ટ ચલાવતા હોય!

બધાં તેમની વાત ધ્યાન દઈને સાંભળતાં હતાં.

વોરગ્રેવ ગળું સાફ કરીને બોલ્યા, "આજે સવારે હું ટૅરેસ પર બેસીને તમે ત્રણેય જણા શું કરતા હતા તે જોતો હતો. તમે આ પાગલ હત્યારો ક્યાં છુપાયો છે એની તપાસ કરતા હતા, ખરું?"

લોમ્બાર્ડે કહ્યું, "સાચી વાત છે સર."

જજે કહ્યું, "તમે પણ મારી જેમ એ તારણ પર આવ્યા છો કે એન્થની માર્સ્ટન અને મિસિસ રોજર્સનાં મૃત્યુ આત્મહત્યા અથવા અકસ્માતના કારણે નહોતાં થયાં. તમને એ પણ ખ્યાલ આવી ગયો હશે કે Mr. Owen એ આપણને બધાંને લાલચ આપીને અહીંયાં શા માટે એકઠાં કર્યાં છે."

બ્લોરે કહ્યું, "એ મગજનો ફરેલો, સાવ ચક્રમ લાગે છે."

જજે કહ્યું, "એ તો બધાંને ખબર છે પણ અત્યારે એ બહુ મહત્ત્વનું નથી. અત્યારે આપણું મુખ્ય કામ આપણી જાતને બચાવવાનું છે."

આર્મસ્ટ્રોંગે ડરેલા અવાજે કહ્યું, "પણ સર, આ ટાપુ પર આપણા સિવાય બીજું કોઈ નથી."

જજ વોરગ્રેવે દાઢી પર હાથ ફેરવ્યો અને ધીમેથી કહ્યું, "હું પણ આમ જ માનું છું અને સવારે તમને કહેવાનો હતો કે તેમને શોધવાના તમારા પ્રયત્નો નિષ્ફળ જવાના. છતાં હું દૃઢતાથી માનું છું કે 'Mr. U. N. Owen' આ ટાપુ પર જ છે. તેમની એ યોજના છે કે જે ગુનેગારો કાયદાની આંટીઘૂંટીને કારણે નિર્દોષ છૂટી ગયા હોય તે બધાને એકાંત સ્થળે એકઠા કરીને તેમના અપરાધની યોગ્ય સજા આપવી. *આ યોજના એક જ રીતે પૂરી થઈ શકે એમ છે.* મિસ્ટર ઓવેન એક જ રીતે આ ટાપુ પર આવી શક્યા હોય.

"એ વાત હવે દીવા જેવી સ્પષ્ટ છે કે *આપણામાંથી જ કોઈ એક Mr. Owen છે.*"

6

"ઓહ નો! ના..ના.. એવું ન હોય!" વેરાએ ડૂસકું ભરતાં કહ્યું.

જજ વોરગ્રેવ તેની સામે જોઈને બોલ્યા, "યંગ લેડી, અત્યારે લાગણીવશ થયા વિના હકીકતનો સામનો કરવાની જરૂર છે. આપણાં બધાં પર બહુ મોટું જોખમ છે. આપણામાંથી કોઈ એક Mr. U. N. Owen છે. આ ટાપુ પર દસ જણા આવેલા એમાંથી ત્રણ, એન્થની માર્સ્ટન, મિસિસ રોજર્સ અને જનરલ મૅકઆર્થર તો સ્વધામ પહોંચી ગયાં છે એટલે એ બધાં તો શંકાથી પર છે. હવે જે સાત રહ્યા એમાંથી એક Mr. Owen છે."

તેમણે બધાં તરફ જોઈને પૂછ્યું, "તમે બધાં આ વાત સાથે સહમત છો?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "માન્યામાં ન આવે એવી વાત છે પણ હું માનું છું કે તમે સાચા છો."

બ્લોરે પોતાનો અભિપ્રાય આપ્યો, "મને આ બાબતે કોઈ શંકા નથી. મને એક એવો વિચાર…"

વોરગ્રેવે હાથનો ઇશારો કરીને બ્લોરને વધુ બોલતા અટકાવ્યા, "એ વાત પછીથી કરીએ. અત્યારે તો મારે એ જાણવું છે કે બધાં મારી વાત સાથે સંમત છે કે નહીં."

એમિલી બ્રેન્ટ ગૂંથતા હતાં ત્યાંથી ઊંચું જોઈને બોલ્યાં, "તમારી વાત ઠીક લાગે છે. આપણામાંથી કોઈ એકમાં શેતાનનો વાસ છે."

વેરાએ કહ્યું, "હું માની નથી શકતી... સહેજ પણ માની નથી શકતી.."

વોરગ્રેવે લોમ્બાર્ડને પૂછ્યું, "લોમ્બાર્ડ, તું શું કહે છે?"

લોમ્બાર્ડે કહ્યું, "હું તમારી વાત સાથે સો ટકા સહમત છું, સર."

જજ વોરગ્રેવે કહ્યું, "સારું છે કે આપણે બધાં આ વાતમાં સહમત છીએ. તો હવે વધુ તપાસ કરીએ. મારે એ જાણવું છે કે આપણામાંથી કોઈને એમ લાગે છે કે કોઈ એક વ્યક્તિ પર, બીજા બધાંની સરખામણીમાં, વધુ શંકા આવી શકે એવું કોઈ કારણ છે? હા બ્લોર, તમે કાંઈ કહેવા માગો છો?"

બ્લોરે ઉત્તેજિત થઈને કહ્યું, "આ લોમ્બાર્ડ પાસે રિવૉલ્વર છે. ગઈકાલે રાતે એણે આ વાત નહોતી કરી. હવે સ્વીકારે છે કે એની પાસે રિવૉલ્વર છે."

લોમ્બાર્ડે તિરસ્કારથી હસીને કહ્યું, "મેં એકવાર તો મારી વાત કહી છે. લાગે છે કે મારે એ વાત ફરીવાર કહેવી પડશે." આટલું કહી એણે ફરી એકવાર પોતાની સમગ્ર વાત બધાંને કહી.

બ્લોરે તરત કહ્યું, "આ બધું સાચું છે એની શું સાબિતી છે?"

જજે ગળું સાફ કરીને કહ્યું, "તમે કોઈ હજુ સુધી આ વાતની ગંભીરતા સમજ્યા નથી લાગતા. મારા મતે એક જ રસ્તો અપનાવવા જેવો છે. પહેલું એ નક્કી કરીએ કે આપણી પાસે જેટલી વિગત છે તે પરથી આપણામાંથી તદ્દન નિર્દોષ કોણ છે તે સાબિત કરી શકાય એવું છે?"

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે કહ્યું, "હું પોતે ખ્યાતનામ ડૉક્ટર છું. કોઈ એવું વિચારી પણ..."

ફરીવાર વોરગ્રેવે હાથ ઊંચો કર્યો અને આર્મસ્ટ્રોંગ વધુ કાંઈ બોલતા અટકી ગયા.

જજે કહ્યું, "હું પણ જાણીતો છું પણ તેનું અત્યારે કાંઈ મહત્ત્વ નથી! ડૉક્ટરો અને જજ પાગલ થઈ ગયા હોવાના દાખલા બન્યા જ છે." પછી તે બ્લોર સામે જોઈને બોલ્યા, "પોલીસમેન પણ પાગલ થઈ જતા હોય છે."

લોમ્બાર્ડે કહ્યું, "હું માનું છું કે કોઈને લેડીઝ પર શક નહીં હોય."

જજે ભવાં ચડાવીને તીખા અવાજમાં કહ્યું, "શું તમે એમ કહેવા માગો છો કે લેડીઝ પર પાગલપણાના દોર નથી પડતા?"

લોમ્બાર્ડે જરા અકળાઈને કહ્યું, "હું એમ નથી કહેતો.. છતાં મને શક્ય નથી લાગતું કે..."

જજ વોરગ્રેવ તેને અટકાવીને બોલ્યા, "ડૉક્ટર આર્મસ્ટ્રોંગ, તમને લાગે છે કે કોઈ લેડી એવો પ્રહાર કરી શકે જેવા પ્રહારથી જનરલ મૅકઆર્થરનું મૃત્યુ થયું?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "ચોક્કસ કરી શકે. જો યોગ્ય સાઇઝનો પાઇપ અથવા દંડો હાથમાં હોય તો કોઈપણ લેડી આવો પ્રહાર કરી શકે."

વોરગ્રેવે ખાતરી કરવા પૂછ્યું, "એમાં બહુ તાકાતની જરૂર પડે?"

ડૉક્ટર બોલ્યા, "ના. જરાપણ નહી."

વોરગ્રેવ બોલ્યા, "હમમ્... બીજાં બે મૃત્યુ ઝેર આપવાથી થયાં છે જે તે કોઈ તદ્દન નિર્બળ વ્યક્તિ પણ આપી શકે."

વેરાએ ગુસ્સામાં સહેજ મોટા અવાજે કહ્યું, "તમે તે કાંઈ પાગલ થઈ ગયા છો?"

જજ વોરગ્રેવ ધીમેથી વેરા તરફ ફર્યા અને સાવ તટસ્થ નજરે તેની સામે જોઈ રહ્યા. વેરાને લાગ્યું કે વોરગ્રેવ તેને એક વ્યક્તિ તરીકે નહી પણ વસ્તુ તરીકે જોતા હતા અને એને એમ પણ લાગ્યું કે વોરગ્રેવ તેને બહુ પસંદ નહોતા કરતા!

વોરગ્રેવ દરેક શબ્દ પર ભાર મૂકીને બોલ્યા, "યંગ લેડી, આમ અકળાઈ ન જાઓ. હું તમારી પર કોઈ આક્ષેપ નથી કરતો." પછી તેમણે એમિલી બ્રેન્ટ સામે જોઈને કહ્યું, "મિસ બ્રેન્ટ, હું માનું છું કે મેં જે વાત કરી, કે આપણે બધાં શંકાના દાયરામાં છીએ, તેનાથી તમને માઠું નહી લાગ્યું હોય."

એમિલી બ્રેન્ટે ગૂંથણકામ ચાલુ રાખતાં શુષ્ક અવાજે કહ્યું, "જે લોકો મને ઓળખે છે તેમને કહેવામાં આવે કે મેં કોઈ જીવની, એક નહી પણ ત્રણ જીવની હત્યા કરી છે, તો તે બધાં એમ જ કહે કે આવો વિચાર પણ હાસ્યાસ્પદ છે. છતાં હું સ્વીકારું છું કે આપણે બધાં એકબીજાથી અપરિચિત છીએ અને આવા સંજોગોમાં નક્કર સાબિતી સિવાય કોઈને પણ નિર્દોષ માની ન શકાય. મેં જણાવ્યું એમ આપણામાંથી કોઈમાં શેતાન વસેલો છે."

જજ બોલ્યા, "તો આપણે માનીએ છીએ કે ફક્ત હોદ્દા અથવા સ્વભાવને આધારે કોઈને નિર્દોષ ન માની શકાય."

લોમ્બાર્ડે પૂછ્યું, "તો રોજર્સનું શું?"

વોરગ્રેવે તેની સામે જોઈને કહ્યું, "હા, તેનું શું?"

લોમ્બાર્ડે જણાવ્યું, "મારા મતે રોજર્સ પર શક કરવાનું કોઈ કારણ નથી."

જજે કહ્યું, "અચ્છા? શા માટે તેના પર શક ન કરવો જોઈએ?"

લોમ્બાર્ડે કહ્યું, "એક તો એનામાં આવી યોજના કરી શકે એટલી અક્કલ હોય તેમ લાગતું નથી અને બીજું કે એની પત્નીની પણ હત્યા થઈ છે."

વોરગ્રેવે કહ્યું, "મારી કોર્ટમાં એવા અનેક કેસ આવેલા છે, જેમાં પતિએ પત્નીની હત્યા કરી હોય અને તે અપરાધ પુરવાર પણ થયો હોય."

લોમ્બાર્ડે કહ્યું, "O.K. હું માનું છું કે પતિએ પત્નીની હત્યા કરી હોય, પણ આ પ્રકારે નહીં. હું માનું છું કે રોજર્સ તેની પત્નીની હત્યા એવી બીકથી કરી હોય કે તેનો પોતાનો અપરાધ કદાચ ઉઘાડો ન પડી જાય એવું પણ માની શકાય કે રોજર્સને કોઈ સાથે અફેર થઈ ગયો હોય અને તે પોતાની પત્નીને રસ્તામાંથી દૂર કરવા માંગતો હોય. પરંતુ હું એ નથી માનતો કે Mr. Owenની માફક રોજર્સ બધાને સજા આપવા આવો ગહન પેંતરો રચી શકે અને તેમાં પોતાની પત્નીની એવા અપરાધ માટે હત્યા કરે, જે અપરાધ તે બંનેએ સાથે મળીને કરેલો હોય."

જજ વોરગ્રેવ બોલ્યા, "તમે સાંભળેલી વાતને સાબિતી માનો છો કારણ કે હજુ સુધી એ સાબિત નથી થયું કે રોજર્સ કપલે મિસ બ્રાડીની હત્યા કરી હતી. રોજર્સ કપલ પર આ આક્ષેપ પણ કદાચ એટલે મુકાયો હોય જેથી એમ લાગે કે રોજર્સ પણ આપણાં બધાંની જેમ ગુનેગાર છે.

મિસિસ રોજર્સ ગઈકાલે રાતે બહુ ડરેલાં લાગતાં હતાં તેનું કારણ એ પણ હોઈ શકે કે એમને લાગ્યું હોય કે રોજર્સ ખરેખર પાગલ થઈ ગયો છે!"

લોમ્બાર્ડે કહ્યું "O.K. એક વાત તો નક્કી, આપણામાંથી જ કોઈ એક Mr. U. N. Owen છે."

શકના એ દાયરામાંથી કોઈ બહાર નથી.

જસ્ટિસ વોરગ્રેવ ચોખવટ કરતા બોલ્યા, "મારું એ કહેવાનું છે કે કોઈ પોતાના *હોદ્દા* અથવા *સ્વભાવને* કારણે જ આ બાબતમાં નિર્દોષ હોય એવું ન માની શકાય. હવે આપણે હકીકત તપાસીને નક્કી કરીએ કે આપણામાંથી કોઈ એવું છે ખરું જેની પાસે આ

ત્રણ વ્યક્તિની હત્યા કરવાની તક જ નહોતી? જેના સંજોગ જોઈને એમ કહી શકાય કે તેને માટે માર્સ્ટનના ડ્રિંકમાં સાયનાઇડ મિક્સ કરવાનું, કે મિસિસ રોજર્સને સ્લીપિંગ પિલ્સનો ઓવરડોઝ આપવાનું અથવા જનરલ મૅકઆર્થર પર જીવલેણ પ્રહાર કરવાનું શક્ય જ નહીં હોય?"

બ્લોરે ઉત્સાહપૂર્વક કહ્યું, "હા, એ વાત બરાબર. આપણે માર્સ્ટનથી શરૂઆત કરીએ તો એમ વાત થઈ કે કોઈએ બારીની બહાર ઊભા રહીને તેના ગ્લાસમાં સાયનાઇડ રેડી દીધું હોય. આ કામ રૂમમાં રહેલી વ્યક્તિ વધુ આસાનીથી કરી શકે. મને યાદ નથી કે ત્યારે રોજર્સ રૂમમાં હતો કે નહીં પણ બીજાં બધાં રૂમમાં હાજર હતાં તેમાંથી કોઈએ પણ આ કામ આસાનીથી કર્યું હોય."

"હવે મિસિસ રોજર્સની વાત કરીએ તો તેમના પતિ રોજર્સ અથવા ડૉક્ટર આર્મસ્ટ્રોંગ તેમને બહુ આસાનીથી સ્લીપિંગ પિલ્સનો ઓવરડોઝ આપી શક્યા હોય."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ ઊભા થઈ ગયા અને ગુસ્સામાં ધ્રૂજતા બોલ્યા, "આ સાવ ખોટી વાત છે! હું ખાતરીપૂર્વક કહી શકું છું કે મેં મિસિસ રોજર્સને એકદમ યોગ્ય ડૉઝ આપેલો."

"ડૉક્ટર આર્મસ્ટ્રોંગ." જજ વોરગ્રેવનો અવાજ સાંભળી ડૉક્ટર વધુ બોલતા અટકી ગયા.

વોરગ્રેવે કહ્યું, "તમારો ગુસ્સો સમજી શકાય એવો છે પણ આપણે હકીકતનો સામનો કરવો જ પડે."

રોજર્સ અથવા તમે મિસિસ રોજર્સને સ્લીપિંગ પિલ્સનો ઓવરડોઝ આસાનીથી દઈ શક્યા હોત તે હકીકત છે. હવે બીજા બધાના સંજોગ વિષે વિચારીએ. શું ઇન્સ્પેક્ટર બ્લોર, મિસ બ્રેન્ટ, મિસ ક્લેથોર્ન, મિસ્ટર લોમ્બાર્ડ અથવા મારી પાસે એવી કોઈ તક હતી કે અમે મિસિસ રોજર્સને સ્લીપિંગ પીલ્સનો ઓવરડોઝ આપી શકીએ?" થોડું અટકીને તે બોલ્યા "હું માનું છું કે આવી તક હતી."

વેરા ક્રોધથી બોલી, "અરે, તમને બધાને ખબર છે કે હું તો તેમની પાસે ફરકી પણ નથી!"

વોરગ્રેવે થોડું વિચારીને કહ્યું, "જ્યાં સુધી મને યાદ છે ત્યાં સુધી લોમ્બાર્ડ અને માર્સ્ટને મિસિસ રોજર્સને ઊંચકીને રૂમમાં લાવી સોફા પર સુવાડેલાં અને ડૉક્ટર આર્મસ્ટ્રોંગે એમને તપાસીને રોજર્સને બ્રાન્ડી લાવવા માટે મોકલેલો. ત્યારપછી મિસ બ્રેન્ટ સિવાય બધાં ગ્રામોફોન પરનો અવાજ ક્યાંથી આવતો હતો તેની

તપાસ કરવા બાજુના રૂમમાં ગયાં. આ સમયે ફક્ત મિસ બ્રેન્ટ બેહોશ થયેલાં મિસિસ રોજર્સ સાથે રૂમમાં હતાં.''

મિસ એમિલી બ્રેન્ટ ગૂંથવાનું બંધ કરીને બોલ્યાં, ''આ સાવ નકામી, વાહિયાત વાત છે!''

જજ વોરગ્રેવે વાત ચાલુ રાખતાં કહ્યું, ''મિસ બ્રેન્ટ, અમે બધાં જ્યારે રૂમમાં પાછાં આવ્યાં ત્યારે અમે જોયેલું કે તમે મિસિસ રોજર્સ પાસે ઝૂકીને ઊભાં હતાં.''

એમિલી બ્રેન્ટે કડક અવાજમાં કહ્યું, ''માણસાઈ દેખાડવી તે કાંઈ ગુનો છે?''

જજ વોરગ્રેવે સ્વસ્થ અવાજમાં પોતાની વાત ચાલુ રાખી, ''હું તો ફક્ત હકીકતમાં શું બનેલું તે કહું છું. ત્યારબાદ રોજર્સ બ્રાન્ડી લઈને આવ્યો. અલબત્ત એ શક્ય છે કે રૂમમાં આવતાં પહેલાં તેણે બ્રાન્ડીમાં સ્લીપિંગ પિલ્સ ભેળવી દીધી હોય. મિસિસ રોજર્સને બ્રાન્ડી આપ્યા પછી રોજર્સ અને ડૉક્ટર આર્મસ્ટ્રોંગ તેમને બેડરૂમમાં લઈ ગયેલા જ્યાં ડૉક્ટર આર્મસ્ટ્રોંગે તેમને સ્લીપિંગ પિલ્સ આપી.''

બ્લોરે ઉત્સાહથી કહ્યું, ''બરાબર. આમ જ થયું હતું. આનો અર્થ એ કે હું, લોમ્બાર્ડ, જજસાહેબ અને મિસ ક્લેથોર્ન આ બાબતમાં શંકાથી પર છીએ.''

બ્લોર ઉત્તેજના અને આનંદથી આ કહેતા હતા ત્યાં વોરગ્રેવે એમની સામે જોઈને કહ્યું, ''સાચે જ તમે બધાં શંકાથી પર છો? આપણે તમામ સંજોગોને ધ્યાનમાં લેવા જોઈએ.''

બ્લોરે નવાઈથી જજની સામે જોઈને પૂછ્યું, ''તમે કહેવા શું માંગો છો? હું સમજ્યો નહીં.''

વોરગ્રેવે કહ્યું, ''માની લો કે મિસિસ રોજર્સ તેમના રૂમમાં ડૉક્ટરે આપેલી દવા લઈને સૂતાં છે. દવાની અસર હજુ પૂરેપૂરી થઈ નથી એટલે તે અર્ધજાગ્રત અવસ્થામાં છે ત્યારે તેમને બારણા પર ટકોરો સંભળાય છે. મિસિસ રોજર્સ બારણું ખોલે છે તો આવનાર એમને એક ગોળી આપીને કહે છે `ડૉક્ટર આર્મસ્ટ્રોંગે આ ગોળી લેવાનું કહ્યું છે.' જો આવું બન્યું હોય તો તમને નથી લાગતું કે મિસિસ રોજર્સે એ દવા તરત લઈ લીધી હોય?''

રૂમમાં શાંતિ છવાઈ ગઈ. બ્લોર કાંઈ બોલ્યા વગર બેસી રહ્યો પણ લોમ્બાર્ડે તરત કહ્યું, ''આવું થયું હોય તેમ હું માનું જ નહીં. મિસિસ રોજર્સના ગયા પછી કલાકો સુધી આપણામાંથી કોઈ

ડાઇનિંગ રૂમની બહાર નીકળ્યું જ નહોતું. યાદ છે ને ટોની માર્સ્ટનનું મૃત્યુ ત્યારે જ થયેલું?"

"શક્ય છે કે આપણે બધાં સૂવા માટે ગયાં પછી એ રૂમમાં કોઈ ગયું હશે." વોરગ્રેવ બોલ્યા.

લોમ્બાર્ડે કહ્યું, "પણ રોજર્સને તો તેની ખબર હોય ને?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "ના, એ વખતે રોજર્સ ડાઇનિંગ રૂમ અને પેન્ટ્રીની સફાઈ કરતો હતો. આ સમયમાં કોઈપણ વ્યક્તિ મિસિસ રોજર્સના રૂમમાં જઈ શકી હોત."

એમિલીએ પૂછ્યું, "પણ ડૉક્ટર, ત્યાર સુધીમાં તમે જે ઊંઘની દવા આપી તેની અસરથી મિસિસ રોજર્સ સૂઈ નહીં ગયાં હોય?"

ડૉક્ટરે જણાવ્યું, "મોટાભાગે એવું બને પણ દરેક કેસમાં એવું જ બને તેમ ખાતરીપૂર્વક કહી ન શકાય. ડૉક્ટરે આપેલી દવા પેશન્ટે બે-ત્રણ વખત લીધી ન હોય ત્યાં સુધી નક્કી ન થાય કે પેશન્ટને કેટલા સમયમાં દવાની અસર થાય છે. કોઈકને વહેલી અસર થાય તો કોઈકને મોડી."

લોમ્બાર્ડ બોલ્યો, "તમે તો આવું જ કહો ને, ડૉક્ટર! આવી વાતથી તમને ફાયદો થાય છે!"

ફરીવાર ડૉક્ટર આર્મસ્ટ્રોંગનો ચહેરો ગુસ્સાથી લાલ થયો પણ તે કાંઈ બોલે તે પહેલાં વોરગ્રેવે વાતનો દોર પોતાના હાથમાં લઈને કહ્યું, "એકબીજાં પર આક્ષેપ કરવાથી આપણને કાંઈ મળવાનું નથી. આપણે ફક્ત હકીકતને વળગી રહેવું જોઈએ. આપણે એ સ્વીકારવું જોઈએ કે મેં જે કહ્યું તેમ બન્યું હોય તેવું શક્ય લાગે છે, પછી ભલે તે શક્યતા ઘણી ઓછી હોય. એ પણ સાચું છે કે મિસ બ્રેન્ટ અથવા મિસ ક્લેથોર્ન ગયાં હોત તો મિસિસ રોજર્સને જરાપણ નવાઈ ન લાગત. હું, બ્લોર અથવા લોમ્બાર્ડ ગયા હોત તો તેમને થોડી નવાઈ લાગત પણ કોઈ જાતની શંકા ન આવત."

બ્લોરે કહ્યું, "તો હવે શું કરવાનું?"

7

જજ વોરગ્રેવે ચહેરા પર કોઈ જાતના ભાવ લાવ્યા વિના, તદ્દન લાગણીશૂન્ય અવાજે પોતાની વાત ચાલુ રાખી.

"આપણે બીજા મૃત્યુ વિષે વાત કરી અને એ સાબિત થયું કે આપણામાંથી કોઈ એવું નથી જેને આ હત્યા માટે નિર્દોષ ઠરાવી શકાય." થોડીવાર શાંત રહીને તે બોલ્યા, "હવે આજે સવારે થયેલા

જનરલ મૅકઆર્થરના મૃત્યુ વિષે વાત કરીએ. ફરીવાર હું બધાને પૂછું છું કે કોઈ એવું સાબિત કરી શકે તેમ છે કે આ હત્યા થઈ ત્યારે તે બીજે હતા? હું મારા વિષે કહીશ કે મારી પાસે એવી કોઈ સાબિતી નથી. સવારથી શરૂ કરીને જમવાનો બેલ પડ્યો ત્યાં સુધી હું ટૅરેસ પર જ બેઠો હતો. પરંતુ ત્યારે ઘણો સમય એવો હતો જ્યારે મારી ઉપર કોઈની નજર નહોતી અને દરિયાકિનારે જઈને જનરલ મૅકઆર્થરની હત્યા કરવાની મારે માટે તક હતી. હું પોતે કહું છું કે હું ટૅરેસ પર જ હતો પણ તે પૂરતું નથી. મારી પાસે એની કોઈ સાબિતી નથી."

જજની વાત પૂરી થઈ એટલે બ્લોરે કહ્યું, "હું બધો સમય લોમ્બાર્ડ અને આર્મસ્ટ્રોંગ સાથે હતો. પૂછી જુઓ એમને."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે કહ્યું, "તમે દોરડું લેવા ગયા હતા."

બ્લોરે કહ્યું, "ચોક્કસ હું ગયો હતો પણ સીધો ઘરે જઈ, દોરડું લઈને પાછો આવી ગયો હતો."

"તમને દોરડું લઈને પાછા આવતાં ઘણી વાર લાગેલી." ડૉક્ટર આર્મસ્ટ્રોંગે જણાવ્યું.

બ્લોરના ચહેરા પર ગુસ્સો દેખાયો. એમણે પૂછ્યું, "તમે કહેવા શું માગો છો ડૉક્ટર?"

આર્મસ્ટ્રોંગે શાંતિથી જવાબ આપ્યો, "એટલું જ કે તમને પાછા આવતાં ઘણી વાર થયેલી."

બ્લોરે અકળાઈને કહ્યું, "અરે પણ ઘરમાં જઈને દોરડું શોધવું પડે કે નહીં? હવામાંથી ટપકે?"

જજ વોરગ્રેવે લોમ્બાર્ડ અને આર્મસ્ટ્રોંગને પૂછ્યું, "બ્લોર ગેરહાજર હતા તે સમય દરમ્યાન તમે બંને સાથે જ હતા?"

આર્મસ્ટ્રોંગે સહેજ આકરા અવાજે કહ્યું, "અલબત્ત અમે લોકો સાથે હતા. હા, થોડા વખત માટે લોમ્બાર્ડ ક્યાંક ગયેલો."

લોમ્બાર્ડે સ્મિત કરીને ખુલાસો કરતાં કહ્યું, "હું એ જોવા ગયો હતો કે સોલ્જર ટાપુ ઉપરથી કાચ દ્વારા સૂર્યકિરણનું પરાવર્તન કરીને સ્ટીકલહેવન ગામ સુધી સિગ્નલ મોકલી શકાય એવું છે કે નહીં. મિનિટ બે મિનિટમાં તો હું પાછો આવી ગયેલો."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "એ બરાબર. એમ કહી શકાય કે હત્યા કરીને પાછો આવી શકે એટલો લાંબો સમય એ ગેરહાજર નહોતો."

જજે પૂછ્યું, "તમારા બંનેમાંથી કોઈએ ઘડિયાળમાં ચેક કરેલું?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "ના."

લોમ્બાર્ડે જણાવ્યું, "મેં ઘડિયાળ નહોતી પહેરી."

વોરગ્રેવ બોલ્યા "મિનિટ – બે મિનિટ એ અચોક્કસ સમય ગણાય." પછી તેમણે એમિલી બ્રેન્ટ સામે જોઈને પૂછ્યું, "મિસ બ્રેન્ટ, તે સમયે તમે શું કરતા હતા?"

એમિલીએ કહ્યું, "હું મિસ ક્લેથોર્ન સાથે ટાપુ પર ચાલવા ગઈ હતી. ત્યારબાદ ટૅરેસમાં બેઠી હતી."

વોરગ્રેવે કહ્યું, "મેં તમને ટૅરેસ પર જોયા હોય તેવું યાદ નથી."

"હું ઘરના ખૂણામાં, સીધો પવન ન આવે તેવી જગ્યાએ બેઠી હતી." એમિલીએ જણાવ્યું.

"તમે લંચનો બેલ વાગ્યો થયા સુધી તે જગ્યાએ જ બેઠાં હતાં?"

"હા". મિસ બ્રેન્ટે કહ્યું.

વોરગ્રેવે વેરા તરફ ફરીને પૂછ્યું, "મિસ ક્લેથોર્ન, તમારે શું કહેવાનું છે?"

વેરાએ જણાવ્યું, "હું સવારે મિસ બ્રેન્ટ સાથે હતી, પછી ટાપુ પર થોડું ફરી અને ત્યારબાદ જનરલ મૅકઆર્થર જયાં બેઠા હતા ત્યાં જઈને મેં તેમની સાથે વાતો કરી."

વોરગ્રેવે તેને અટકાવીને પૂછ્યું, "તે વખતે શું સમય થયેલો?"

વેરા એ જરા અચકાઈને કહ્યું, "બહુ યાદ નથી. લંચના એક કલાક પહેલાં."

બ્લોરે પૂછ્યું, "અમે તેમની સાથે વાત કરી તે પછી તારી વાત થયેલી કે પહેલાં?"

વેરાએ કહ્યું, "એ પણ મને ખ્યાલ નથી. જનરલ આજે બહુ વિચિત્ર રીતે વર્તતા હતા."

જજ વોરગ્રેવે પૂછ્યું, "વિચિત્ર રીતે એટલે કઈ રીતે?"

વેરાનો અવાજ સાવ ધીમો થઈ ગયો. "એમણે કહેલું કે આપણે બધાં મૃત્યુ પામવાના છીએ અને એ પોતે અંત આવે તેની રાહ જોતા હતા. એમણે મને ડરાવી દીધેલી!"

જજે પૂછ્યું, "પછી તમે શું કર્યું?"

"હું ઘરમાં પાછી આવી ગયેલી. પછી જમવાના સમયની આસપાસ, ફરી હું ઘરની પાછળ ગઈ. કોણ જાણે કેમ પણ આજે

મને બહુ બેચેની લાગતી હતી.” વેરાએ જણાવ્યું.

વોરગ્રેવ એમની આદત મુજબ હોઠ પર હાથ ફેરવીને બોલ્યા, “હવે રોજર્સ બાકી રહ્યો. જોકે મને નથી લાગતું કે એની પાસેથી કોઈ ઉપયોગી માહિતી મળે.”

રોજર્સને બોલાવવામાં આવ્યો પણ એની પાસે કાંઈ કહેવાલાયક હતું નહીં. તેણે જણાવ્યું કે તે આખો દિવસ ઘરકામ અને રસોઈમાં વ્યસ્ત હતો. વચ્ચે ટૅરેસ પર તે ડ્રિન્ક્સ લઈ ગયેલો અને કબાટમાંથી પોતાની વસ્તુઓ લેવા બેડરૂમમાં ગયેલો.

આ સમયમાં એકપણ વાર તેણે બારીમાંથી બહાર નહોતું જોયું. એને એવું કાંઈ દેખાયું નહોતું જેને જનરલ મૅકઆર્થરની હત્યા સાથે સાંકળી શકાય. એને ખાતરી હતી કે લંચ માટે તેણે ટેબલ તૈયાર કર્યું ત્યારે તેની પર ચિનાઈ માટીના આઠ પૂતળાં હતાં.

લોમ્બાર્ડ વેરા તરફ ઝૂકીને ધીમેથી બોલ્યો, “હવે નામદાર કોર્ટ સમીક્ષા કરશે!”

રોજર્સની વાત પૂરી થઈ એટલે વોરગ્રેવે ગળું સાફ કરીને કહ્યું, “આપણે ત્રણેય હત્યા વિષે વિગતે વાત કરી છે. અત્યારે કોઈપણ વિષે ખાતરીપૂર્વક કહી શકાય નહી કે તે નિર્દોષ છે. મેં પહેલાં કહેલું એમ મને લાગે છે કે આપણા સાતમાંથી કોઈ ખતરનાક, પાગલ ગુનેગાર છે. એ વ્યક્તિ કોણ છે એની કોઈ માહિતી અત્યારે આપણી પાસે નથી. આ સંજોગોમાં આપણે બે કામ કરવાં જોઈએ. પહેલું કે આપણે વહેલી તકે સ્ટીકલહેવન ગામ સાથે સંપર્ક કરવો જોઈએ. બીજું કે અહીં કોઈ મદદ ન આવે, અને આવા હવામાનમાં મદદ જલદી નહી આવે, ત્યાં સુધી આપણે આપણી સલામતી વિષે તાકીદે પગલાં લેવાં જોઈએ.

હું તમને બધાને આ વાત પર વિચાર કરવા અને યોગ્ય સૂચન આપવા વિનંતિ કરું છું. સાથે જ તમને બધાંને સાવચેત રહેવાની તાકીદ કરું છું. અત્યાર સુધી આ હત્યારો આસાનીથી હત્યા કરી શક્યો કારણકે આવું કાંઈ થાય એવી કોઈને શંકા નહોતી. હવે આપણે પૂરી સાવચેતી રાખવાની છે. કોઈએ કોઈનો વિશ્વાસ કરવો નહી. ‘ચેતતા નર સદા સુખી’ એ યાદ રાખવાનું.”

લોમ્બાર્ડ ધીમેથી બબડ્યો, “કોર્ટ હવે થોડા સમય માટે મુલતવી રાખવામાં આવે છે.”

10

હત્યારો કોણ?

1

"તને આ વાત સાચી લાગે છે?" વેરાએ લોમ્બાર્ડને પૂછ્યું.

તે બંને જણાં લિવિંગ રૂમની બારી પાસે બેઠાં હતાં. બહાર ગાજવીજ સાથે વરસાદ પડતો હતો અને સુસવાટા મારતો પવન વીંઝાતો હતો.

લોમ્બાર્ડે કહ્યું, "વોરગ્રેવે જે કહ્યું તેના વિષે તું પૂછે છે? કે આપણામાંથી જ કોઈ કાતિલ છે?"

વેરાએ કહ્યું, "હા, હું એ વિષે જ પૂછું છું."

લોમ્બાર્ડે ધીમેથી કહ્યું "કહેવું અઘરું છે. એક રીતે એમની વાત સાચી લાગે છતાં..."

વેરા એની વાત કાપતાં બોલી, "છતાં એ વાત માન્યામાં ન આવે એવી પણ છે, બરાબર?"

લોમ્બાર્ડે મોઢું બગાડતાં કહ્યું, "આખી વાત માન્યામાં ન આવે એવી જ છે પણ એક વાત નક્કી છે. જનરલ મૅકઆર્થરના મૃત્યુ પછી એ સાબિત થઈ ગયું છે કે આ ત્રણ મૃત્યુ આત્મહત્યા અથવા અકસ્માતને કારણે નથી થયાં. ત્રણેય વ્યક્તિની હત્યા કરવામાં આવી છે."

વેરા સહેજ ધ્રૂજીને બોલી, "એવું લાગે છે કે આપણે કોઈ ખરાબ સપનું જોઈ રહ્યાં છીએ."

લોમ્બાર્ડે સહાનુભુતિ દેખાડતાં કહ્યું, "હા, એમ ઇચ્છીએ કે હમણાં આંખ ઊઘડશે અને બધું સારું થઈ જશે."

વેરાએ આછો નિસાસો નાખીને કહ્યું, "કાશ! એવું થાય તો કેટલું સારું!"

લોમ્બાર્ડે ગંભીર થઈને કહ્યું, "પરંતુ એવું નહીં થાય. આ જ વાસ્તવિકતા છે. આપણે બધાંએ સાવચેત, સતર્ક રહેવું પડશે."

વેરા મૂંઝાયેલા અવાજમાં બોલી, "જો આ કાતિલ પેલા બધાંમાંથી કોઈ એક હોય તો તને કોની પર શંકા છે?"

લોમ્બાર્ડે સ્મિત કરીને કહ્યું, "એટલે તું આપણે બંને નિર્દોષ છીએ તેમ કહે છે ને? બરાબર છે. હું સારી રીતે જાણું છું કે હું ખૂની નથી અને તું પાગલ હો એવું તો વિચારી પણ ન શકાય. વેરા, હું શરત મારવા તૈયાર છું કે હું જેટલી યુવતીઓને ઓળખું છું એમાંથી તું મને સૌથી વધુ સમજુ અને સરળ લાગી છે."

વેરા થોડું વક્ર સ્મિત કરીને બોલી, "થૅન્ક્યુ."

લોમ્બાર્ડે મજાકમાં કહ્યું, "મિસ વેરા ક્લેથોર્ન, તમે મારા વિષે કાંઈ નહીં કહો?"

વેરાએ થોડો વિચાર કરીને કહ્યું, "તેં તારી કેફિયત આપતી વખતે કહેલું કે તને માણસના જીવનની બહુ કિંમત કે પરવા નથી છતાં હું એવું નથી માની શકતી કે તેં આવી ગ્રામોફોન રેકર્ડ તૈયાર કરાવી બધા પર આક્ષેપ મૂક્યા હોય."

લોમ્બાર્ડે કહ્યું, "તું બરાબર વિચારે છે. મારે જો હત્યા કરવી હોય તો મને કોઈ લાભ થતો હોય તો જ હું હત્યા કરું. આવી રીતે બધાંને મારી નાખવાનું ન વિચારું. તો આપણી જાતને દૂર રાખીને બાકીના પાંચ વિષે વિચારીએ. એમાંથી કોણ Mr. U. N. Owen હોઈ શકે? હું તો કહું કે જજ વોરગ્રેવ જ હોઈ શકે!"

"ઓહ!" વેરાએ અચંબા સાથે કહ્યું અને પૂછ્યું, "તને કેમ એવું લાગે છે?"

લોમ્બાર્ડે કહ્યું, "ચોક્કસ કારણ આપવું અઘરું છે પણ તેમણે ઘણાં વર્ષો જજ તરીકે કામ કરીને કોર્ટમાં ચુકાદા આપ્યા છે જયાં તેમનો જ હુકમ ચાલતો. આવી પરિસ્થતિમાં કોઈપણ માણસ ઘમંડી બની જાય. એ જીવન મરણના ફેંસલા કરતા હોય એટલે પોતાને સહુથી વધુ તાકાતવર માને. આને કારણે શક્ય છે કે તેમના મગજમાં રાઈ ભરાઈ ગઈ હોય અને એ પોતાની જાતને જજ અને જલ્લાદ, બંને માનવા લાગે."

વેરાએ ધીમેથી કહ્યું, "હા, એ શક્ય છે."

લોમ્બાર્ડે કહ્યું, "તને કોની પર શક છે?"

વેરાએ જણાવ્યું, "ડૉક્ટર આર્મસ્ટ્રોંગ પર."

લોમ્બાર્ડે આશ્ચર્યથી સીટી વગાડતાં કહ્યું, "ડૉક્ટર પર? હું તો તેમને સહુથી વધુ નિર્દોષ ગણું."

વેરાએ પોતાનો ડાઉટ સમજાવતાં કહ્યું, "ત્રણમાંથી બે મૃત્યુ ઝેર આપવાથી થયા છે. આને કારણે મારી શંકા મજબૂત બને છે.

વળી એ ન ભૂલવું જોઈએ કે બધાની જાણકારીમાં મિસિસ રોજર્સે ઊંઘ માટે જે દવા લીધી તે ડૉક્ટર આર્મસ્ટ્રોંગે જ તેમને આપેલી.”

લોમ્બાર્ડે કહ્યું, “હા, એ વાત બરાબર છે.”

વેરાએ વાત ચાલુ રાખી, “વળી કોઈ ડૉક્ટર પાગલ થઈને આવું કરે તો બીજાને તે વાતની ખબર પડતાં બહુ વાર લાગે. ડૉક્ટરો ઘણા લાંબા સમય સુધી અને ઘણા તનાવ વચ્ચે કામ કરતા હોય એટલે તેમનું મગજ છટકી શકે.”

લોમ્બાર્ડ બોલ્યો, “હા, તે સાચું. પણ હું નથી માનતો કે આર્મસ્ટ્રોંગે મૅકઆર્થરની હત્યા કરી હોય. હું બહુ થોડા સમય માટે તેમનાથી દૂર ગયેલો અને એટલીવારમાં એ હત્યા કરીને પાછા આવી જાય તે શક્ય નથી લાગતું. અલબત્ત તે બહુ ઝડપથી દોડ્યા હોય તો વાત જુદી છે, પણ અત્યારે તેમનું શરીર જોતાં એવું નથી લાગતું કે એ બહુ ફાસ્ટ દોડી શકે.”

વેરાએ કહ્યું, “તેમણે તે સમયે હત્યા નહી કરી હોય. તેમની પાસે બીજી તક પણ હતી.”

“ક્યારે?”

“એ જયારે મૅકઆર્થરને લંચ માટે બોલાવવા ગયા ત્યારે.” વેરાએ જણાવ્યું.

લોમ્બાર્ડ ફરી નાની સીટી વગાડી બોલ્યો, “ઓહો! તો તને એમ લાગે છે કે આર્મસ્ટ્રોંગે મૅકઆર્થરની હત્યા તે સમયે કરી હશે?”

વેરાએ જરા અકળાઈને કહ્યું, “એમને માટે ત્યારે કોઈ જોખમ નહોતું. એ બે સિવાય ત્યારે ત્યાં કોઈ નહોતું. વળી ડૉક્ટર તરીકે એ તપાસ કરીને એમ કહે કે મૅકઆર્થરની હત્યા એક કલાક પહેલાં થઈ છે તો એમની વાત કોણ ન માને?”

લોમ્બાર્ડે થોડો વિચાર કરીને કહ્યું, “વેરા, તારી વાત ઠીક છે હોં, હવે મને પણ થાય છે કે…”

2

“મિસ્ટર બ્લોર, મિસ્ટર બ્લોર, કોણ છે જે આ બધું કરે છે? મને જણાવો, કોણ છે?” રોજર્સ ગભરાયેલા અવાજમાં પૂછતો હતો.

બ્લોરે કહ્યું, “એ તો મોટો પ્રશ્ન છે રોજર્સ.”

રોજર્સ બોલ્યો, “જજસાહેબે કહ્યું કે આપણામાંથી કોઈ એક છે. કોણ છે રાક્ષસ?”

ઑક્સ ઇન્સ્પેક્ટર બ્લોરે ફરીવાર કહ્યું, “રોજર્સ, એ તો આપણે બધા જાણવા માગીએ છીએ.”

“પણ સર, તમને તો થોડો ખ્યાલ હશે ને? આ કોણ છે તેનો તમને ખ્યાલ છે ને?” રોજર્સે કરગરતા અવાજે પૂછ્યું.

બ્લોરે જવાબ આપતાં કહ્યું, “મને ખ્યાલ હોય તો પણ કોઈ પુરાવા વિના કાંઈ કહી ન શકાય. હું ખોટો પણ હોઈ શકું. એટલું ખરું કે આ જે કોઈ છે તે બહુ ચાલાક અને બુદ્ધિશાળી છે.”

રોજર્સે કપાળ પરથી પરસેવો લૂછતાં કહ્યું, “આ કોઈ ભયાનક સપના જેવું લાગે છે.”

બ્લોરે રોજર્સની સામે જોઈને પૂછ્યું, “રોજર્સ, તને કોઈની ઉપર શક પડે છે?

રોજર્સ સાવ બેસી ગયેલા અવાજે બોલ્યો, “ના સર, મને કોઈની ઉપર શક નથી. મને જરાપણ ખબર નથી પડતી કે આ શું થઈ રહ્યું છે અને એ જ વાતની મને બહુ બીક લાગે છે.”

3

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે મોટા અવાજે કહ્યું, “આપણે બધાએ અહીંથી વહેલી તકે નીકળી જવું જોઈએ. કોઈપણ કિંમતે આપણે અહીંથી ચાલ્યા જવું જોઈએ.”

જજ વોરગ્રેવ બારીમાંથી બહાર જોતાં બોલ્યા, “હું હવામાનશાસ્ત્રી નથી પણ મને લાગે છે કે આવા વરસાદ અને વાવાઝોડામાં કોઈ બોટ અહીં આગલા ચોવીસ કલાક સુધી આવી શકે તેવી શક્યતા નથી.”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે બે હાથમાં માથું પકડી, દર્દભર્યો ઉંહકારો કરીને કહ્યું, “એટલી વારમાં તો જ્યારે આપણે ઊંઘમાં હઈશું ત્યારે જ બધાની હત્યા થઈ જશે.”

વોરગ્રેવે કહ્યું, “ના, એવું નહીં થવા દઈએ. આપણે બધાં પૂરેપૂરી તકેદારી રાખીશું.”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગને યાદ આવ્યું કે એમણે અનેકવાર અનુભવેલું કે મોટી ઉંમરના માણસોની જિજીવિષા બહુ પ્રબળ હોય છે. અત્યારે પણ જજ વોરગ્રેવ જાન બચાવવા માટે તકેદારી રાખવાની વાત કરતા હતા, જ્યારે પોતે આ બાબતમાં એટલા સજાગ નહોતા.

જજને પણ વિચાર આવતો હતો 'બધા ડૉક્ટરો હંમેશાં બેડમાં હત્યા થવાની વાત કરે છે. તે લોકો મોટાભાગના દર્દીઓને બેડમાં મૃત્યુ પામતા જુએ એટલે આવું હશે?'

ડૉક્ટર આર્મસ્ટ્રૉંગે કહ્યું, "યાદ છે ને કે અત્યાર સુધીમાં ત્રણ મૃત્યુ થઈ ચૂક્યાં છે?"

વોરગ્રેવે શાંત અવાજમાં કહ્યું, "ત્યારે એ લોકો આવા હુમલા માટે તૈયાર નહોતા, હવે આપણે બધાં તૈયાર છીએ."

આર્મસ્ટ્રૉંગે કડવાશથી કહ્યું, "આપણે કરી શું શકીએ? વહેલા કે મોડા, બધાએ જવાનું તો છે જ."

વોરગ્રેવે કહ્યું, "આપણે ઘણું કરી શકીએ."

આર્મસ્ટ્રૉંગે કહ્યું "શું કરી શકીએ? આપણને તો એ પણ ખબર નથી કે આ પાગલ છે કોણ?"

જજે તેની વાત કાપતા કહ્યું, "હું એવું ન કહું કે હત્યારા વિષે હું કાંઈ જાણતો નથી."

આર્મસ્ટ્રૉંગ જજ તરફ જોઈને આશ્ચર્યથી બોલ્યા, "શું તમને ખબર છે કે આ વ્યક્તિ કોણ છે?"

વોરગ્રેવે જવાબ આપતા કહ્યું, "બધા સંજોગોને ધ્યાનમાં લઈને હું કહી શકું કે હું જાણું છું કે આ પાગલ હત્યારો કોણ છે. જોકે મારી પાસે એવો કોઈ પુરાવો નથી જેને આધારે કોર્ટમાં આ વાત સાબિત કરી શકાય."

આર્મસ્ટ્રૉંગ જજની સામે જોઈ રહ્યા અને પછી ધીમેથી બોલ્યા, "સર, મને કાંઈ સમજાતું નથી."

4

મિસ બ્રેન્ટ પોતાના રૂમમાં બારી પાસે ખુરશી પર બેઠાં બેઠાં બાઇબલ વાંચતા હતાં. થોડીવાર પછી તેમણે બાઇબલ બંધ કર્યું અને ડ્રેસિંગ ટેબલના ખાનામાંથી એક કાળા કવરની નોટબુક લઈને તેમાં લખવા લાગ્યાં.

"એક ભયંકર બનાવ બન્યો છે. જનરલ મૅકઆર્થરનું મૃત્યુ થયું છે. (મૅકઆર્થરનો કઝીન એલ્સી મેકફેરસનનો પતિ છે.) એ વાતમાં કોઈ શંકા નથી કે મૅકઆર્થરની હત્યા થઈ છે. લંચ પછી જજ વોરગ્રેવે બધાને જણાવ્યું કે આ હત્યા કરનાર અમારામાંથી જ કોઈ એક છે. આનો અર્થ એ કે અમારામાંથી કોઈ એકમાં શેતાન વસેલો છે. મને તો આ

વાતની ગઈકાલથી ખબર છે. બધાં તપાસ કરે છે કે આ હત્યા કરનાર કોણ છે પણ મને એકલીને ખબર છે...”

મિસ બ્રેન્ટ થોડો વખત સ્થિર બેસી રહ્યાં. તેમની આંખોમાં અકળ ભાવ હતા. તેમણે ધ્રૂજતા હાથે લખ્યું, ***આ હત્યા કરનાર બિયાટ્રીસ ટેય્લર છે. અને આંખો બંધ કરી દીધી.***

થોડી વાર પછી તેમણે અચાનક આંખો ખોલી અને આશ્ચર્યથી પોતે લખેલા શબ્દો વાંચીને ધીમેથી બબડ્યા, “આ મેં લખ્યું છે? મેં...? હું પાગલ તો નથી થઈ ગઈ ને...”

5

તોફાનનું જોર વધતું હતું. સુસવાટા મારતો પવન ઘરના બારી-બારણાંને અથડાતો હતો.

બધાં લિવિંગ રૂમમાં એકસાથે બેઠાં હતાં અને ચોરીછૂપીથી એકબીજાને જોતાં હતાં.

રોજર્સ બધા માટે ચા લઈને આવ્યો અને ટેબલ પર ટ્રે મુકીને બોલ્યો, “હું પડદા બંધ કરીને લાઇટ ઓન કરું? જરા સારું લાગશે.” બધાંની સંમતિથી રોજર્સે પડદા બંધ કરી લૅમ્પ ઓન કર્યા. બધાનો મૂડ થોડો સારો થયો. બધાંના મનમાં એક જ વિચાર હતો. *આવતીકાલે આ તોફાન શમી જશે અને બોટ આવશે તેમાં આપણે જતા રહીશું.*

વેરાએ કહ્યું, “મિસ બ્રેન્ટ, તમે ચા બનાવશો?”

એમિલી બ્રેન્ટે જવાબ આપ્યો, “પ્લીઝ, તું બનાવી દે. કીટલી બહુ ભારે છે.”

વેરાએ બધાં માટે ચા બનાવી. ચા પીધા પછી બધાંનો મૂડ વધુ સારો થયો.

“સાંજની ચા જેવું એકેય નહીં હો!” લોમ્બાર્ડે ખુશમિજાજમાં કહ્યું. બ્લોરે તેમાં સૂર પુરાવ્યો. ડૉક્ટર આર્મસ્ટ્રોંગે એક જોક કહી. જજ વોરગ્રેવને ચા પસંદ નહોતી પરંતુ આજે તો તે પણ આનંદથી ચાની ચુસ્કી લગાવતા હતા.

ત્યાં રોજર્સે આવીને પૂછ્યું, “કોઈને ખબર છે કે બાથરૂમમાં પડદો હતો તે ક્યાં છે?”

લોમ્બાર્ડે તેની સામે જોઈને પૂછ્યું, “બાથરૂમનો પડદો? એટલે તું શું પૂછે છે રોજર્સ?”

રોજર્સે થોડા મૂંઝાઈને કહ્યું, "સર, બાથરૂમનો પડદો નથી. હું બધે પડદા બંધ કરતો હતો ત્યારે મારું ધ્યાન પડ્યું કે બાથરૂમનો પડદો ગુમ થઈ ગયો છે."

જજ વોરગ્રેવે પૂછ્યું, "સવારે એ પડદો ત્યાં હતો?"

"હા સર, સવારે એ પડદો હતો." રોજર્સે જણાવ્યું.

બ્લોરે પૂછ્યું, "કેવા રંગનો પડદો હતો?"

રોજર્સે કહ્યું, "લાલ રંગનો સિલ્કનો પડદો હતો, સર."

લોમ્બાર્ડે કહ્યું, "અને હવે તે ત્યાં નથી?"

રોજર્સે કહ્યું, "ના સર, હવે તે ત્યાં નથી."

બ્લોરે કહ્યું, "ઠીક છે, પડદો નથી તો એમાં શું મોટી વાત થઈ ગઈ? આમ પણ પડદાથી કોઈ કોઈની હત્યા ન કરી શકે. જવાદો એ વાત..."

રોજર્સે કહ્યું, "થૅન્ક્યુ સર." અને તે લિવિંગરૂમની બહાર ગયો.

લિવિંગરૂમમાં ફરીવાર ગમગીની અને શંકાનું વાતાવરણ છવાઈ ગયું. બધાં એકબીજાંને ચોરીછૂપીથી જોવા લાગ્યાં.

6

રાતનું સાદું ડિનર લેતી વખતે બધાં વચ્ચે બહુ ઓછી વાતો થઈ. બધાં ટૅન્શનમાં હતાં.

નવ વાગ્યા એટલે એમિલી બ્રેન્ટે કહ્યું, "હું સૂવા જાઉં છું."

વેરાએ કહ્યું, "હું પણ જાઉં છું."

બંને જણાં તેમના બેડરૂમ તરફ ગયાં. લોમ્બાર્ડ અને બ્લોર તેમની સાથે ગયા. એમિલી અને વેરા પોતપોતાના રૂમમાં ગયાં અને બીજી સેકન્ડે બંને રૂમના દરવાજા અંદરથી લોક થતા હોય તેવો અવાજ સંભળાયો.

લૉબીમાં ઊભેલા બ્લોરે આછું હસીને લોમ્બાર્ડને કહ્યું, "લો, એમને તો કહેવું જ ન પડ્યું કે રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દેજો."

"હા, આજ રાત પૂરતા તો તે બંને સલામત છે." લોમ્બાર્ડે કહ્યું અને બંને જણા પાછા ગયા.

7

ચાર પુરુષો એક કલાક પછી પોતાના બેડરૂમમાં ગયા. રોજર્સ ડાઇનિંગ રૂમમાં બ્રેકફાસ્ટ માટે ટેબલ સેટ કરતો હતો ત્યાં તેને પહેલા માળે ઊભા રહી વાતો કરતા આ ચાર જણાના અવાજ સંભળાતા હતા.

જજ વોરગ્રેવે કહ્યું, "મારે એ કહેવાની જરૂર નથી કે બધા પોતાના રૂમને અંદરથી લોક કરજો."

બ્લોરે કહ્યું, "એ ઉપરાંત બારણાના હેન્ડલ નીચે એક ખુરશી મૂકી રાખજો. લોક તો બહારથી પણ ખૂલી શકે."

લોમ્બાર્ડે બ્લોરને કહ્યું, "દોસ્ત! તારી એ તકલીફ છે કે આવી બાબતમાં તું બહુ બધું જાણે છે!"

જજ વોરગ્રેવ રૂમમાં જતા બોલ્યા, "ગૂડનાઇટ જેન્ટલમૅન, સવારે સાજા સારા મળીશું તેવી આશા રાખીએ."

રોજર્સ ડાઇનિંગ રૂમમાંથી બહાર આવી દાદરના અડધા પગથિયા ચડીને ઊભો રહ્યો. તેણે જોયું કે ચારેય જણા પોતાના રૂમમાં ગયા અને દરેકે બારણું અંદરથી બંધ કરી દીધું."

રોજર્સ ધીમેથી બબડ્યો, "હમમ.. હવે ઠીક છે." પછી તેણે ડાઇનિંગ રૂમમાં જઈને બ્રેકફાસ્ટ માટે ટેબલ બરાબર સેટ થયું છે કે નહી તે ચેક કરી લીધું. તેની નજર ટેબલની વચ્ચે રહેલા સાત ચિનાઈ માટીના પૂતળાં પર ગઈ.

અચાનક તેના ચહેરા પર આછું સ્મિત આવ્યું અને તે મનમાં બોલ્યો, "હું આજે કોઈને પૂતળાં સાથે રમત કરવા નહી દઉં." તેણે પેન્ટ્રીનું બારણું લોક કર્યું અને પછી ડાઇનિંગ રૂમમાંથી બહાર આવી તેના બારણાને પણ લોક કર્યું અને તેની ચાવી પોતાના ખિસ્સામાં મૂકી. ત્યારબાદ બધી લાઇટો બંધ કરીને તે પોતાના નવા રૂમમાં ગયો.

રૂમનું બારણું અંદરથી લોક કરીને તેણે સૂવાની તૈયારી કરતાં વિચાર કર્યો. "આજે ચિનાઈ માટીનાં પૂતળાંને કોઈ હાથ નહીં લગાડી શકે, મેં બારણું જ લોક કરી દીધું છે."

11

રોજર્સની હત્યા

1

લોમ્બાર્ડ હંમેશની ટેવ પ્રમાણે વહેલો ઊઠ્યો. પથારીમાં રહીને જ તેણે સાંભળ્યું તો પવનની ઝડપ ઘટી ગઈ હતી અને વરસાદ બંધ થઈ ગયેલો. એ પાછો સૂઈ ગયો.

ફરી ઊઠીને તેણે ઘડિયાળમાં જોયું તો સાડા નવ વાગેલા. તે થોડું લુચ્ચું હસીને મનમાં બોલ્યો, “હમમ. હવે કાંઈક કરી દેખાડવાનો સમય આવી ગયો છે.”

કલાક પછી લોમ્બાર્ડ તૈયાર થઈને બહાર આવ્યો અને તેણે બ્લોરના રૂમનું બારણું ખટખટાવ્યુ. બ્લોરે સાવચેતીથી બારણું ખોલ્યું. તેના વીંખાયેલા વાળ અને ઊંઘભરેલી આંખ જોઈ લોમ્બાર્ડે કહ્યું, “ઓહો, હજી ઊઠ્યો નથી?”

બ્લોરે થોડું અકળાઈને પૂછ્યું, “વાત શું છે એ બોલને?”

લોમ્બાર્ડે કહ્યું, “સવારમાં કોઈ તને ચા આપવા આવેલું? તને ખબર છે શું ટાઇમ થયો છે?”

બ્લોરે પલંગ પાસે મૂકેલી નાની ઘડિયાળમાં જોઈને કહ્યું, “ઓહ, દસ ને પચીસ થઈ ગઈ! માન્યામાં નથી આવતું કે હું આટલું બધું સૂતો! રોજર્સ ક્યાં છે?”

લોમ્બાર્ડે કહ્યું, “કોણ જાણે!”

બ્લોરે આશ્ચર્યથી પૂછ્યું “એટલે? એનો શું અર્થ?”

લોમ્બાર્ડે કહ્યું, “એનો અર્થ એ કે રોજર્સ એના રૂમમાં કે બીજે ક્યાંય દેખાતો નથી. કિચનમાં ચાની કીટલી પણ તૈયાર નથી.”

બ્લોરે કહ્યું, “તો પછી એ ક્યાં ચાલ્યો ગયો હશે? ટાપુ પર? હું જરા કપડાં બદલીને આવું પછી આપણે તેની તપાસ કરીએ.”

ફિલિપ લોમ્બાર્ડ બીજા બેડરૂમ તરફ ગયો. ડૉક્ટર આર્મસ્ટ્રોંગ તૈયાર થઈને બેઠા હતા. જજ વોરગ્રેવ હજુ સુધી સૂતા હતા જેમને લોમ્બાર્ડે જગાડ્યા. વેરા ક્લેથોર્ન તૈયાર હતી. એમિલી બ્રેન્ટ તેમના રૂમમાં નહોતાં.

લોમ્બાર્ડ, આર્મસ્ટ્રોંગ અને વેરાએ રોજર્સના રૂમમાં જઈને જોયું તો બેડ હજુ અસ્તવ્યસ્ત હતો. બાથરૂમમાં રેઝર અને સ્પોંજ ભીના હતા.

લોમ્બાર્ડે કહ્યું, "એ ઊઠીને કોઈ જગ્યાએ ગયો લાગે છે."

વેરા ડરેલા અવાજમાં બોલી, "એ આપણી પર હુમલો કરવા ક્યાંક સંતાયો તો નહી હોય ને?"

લોમ્બાર્ડે કહ્યું, "વેરા, એ પણ શક્ય છે. હું તો કહું છું કે એ મળે નહી ત્યાં સુધી આપણે બધાં એકસાથે રહીએ."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "એ કદાચ ટાપુ પર ગયો હોય."

બ્લોરે આવીને કહ્યું, "મિસ બ્રેન્ટ ક્યાં છે એ એક બીજું રહસ્ય છે!"

એ લોકો હૉલમાં આવ્યા ત્યારે તેમણે એમિલીને અંદર આવતા જોયા. બધાને જોઈને તે બોલ્યાં, "આજે પણ દરિયો એટલો જ તોફાની છે. બોટ આવે એવી કોઈ શક્યતા નથી લાગતી."

બ્લોરે કહ્યું, "મિસ બ્રેન્ટ, બહાર તમે ટાપુ પર એકલા ગયેલાં? તમને ખબર નથી કે આ કેટલું જોખમ ભરેલું છે? આવી મૂર્ખાઈ કરાય?"

મિસ એમિલીએ કહ્યું, "મિસ્ટર બ્લોર, હું અત્યંત સાવધાન હતી હો!"

બ્લોરે જરા અણગમો દેખાડી કહ્યું, " O.K, O.K. તમે રોજર્સને ક્યાંય જોયો?"

મિસ એમિલીએ આશ્ચર્યથી ભવાં ચડાવી પૂછ્યું, "રોજર્સ? મેં તો તેને આજે જોયો જ નથી. કેમ, શું થયું?"

જજ વોરગ્રેવ તૈયાર થઈને નીચે આવ્યા અને ડાઇનિંગ રૂમમાં જોઈને બોલ્યા, "ઓહો, બ્રેકફાસ્ટ ટેબલ તૈયાર છે."

લોમ્બાર્ડે કહ્યું, "રોજર્સે ગઈકાલે રાતે ડાઇનિંગ ટેબલ તૈયાર કર્યું હશે."

બધાએ રૂમની અંદર જઈને જોયું તો પ્લેટ્સ, ચમચા, છરી, કાંટા યોગ્ય જગ્યાએ મુકાયેલા હતા.

બાજુમાં કપ-રકાબીની વ્યવસ્થિત હાર હતી. વેરાએ ટેબલની વચ્ચે નજર કરી અને ડરના માર્યા તેની પાસે ઊભેલા જજ

વોરગ્રેવનો હાથ એટલા જોરથી પકડી લીધો કે જજ દર્દનો આછો ઉંહકારો કરી ઊઠ્યા. વેરા ચીસ પાડીને બોલી ઊઠી.

"જુઓ, આ પૂતળાં જુઓ!"

હવે ટેબલની વચ્ચે ફક્ત છ પૂતળાં જ દેખાતા હતા!

2

થોડીવાર પછી રોજર્સનો મૃતદેહ મળી આવ્યો.

એ ઘરની બહાર નાની ઓરડી હતી તેમાં લાકડા કાપતો હતો. હજુ નાની કુહાડી તેના હાથમાં હતી. ઓરડીના બારણા પાસે લોહીથી ખરડાયેલી એક મોટી કુહાડી પડી હતી. રોજર્સના માથાના પાછલા ભાગ પર જે ઘા દેખાતો હતો એ જોઈને લાગતું હતું કે આ મોટી કુહાડીથી જ રોજર્સના માથા પર કોઈએ જીવલેણ પ્રહાર કરેલો.

3

આર્મસ્ટ્રોંગે કહ્યું, "ચોખ્ખું જોઈ શકાય છે રોજર્સ જ્યારે લાકડા કાપવા આગળ ઝૂકેલો હતો ત્યારે હત્યારાએ તેની પાછળ આવીને મોટી કુહાડીથી તેના માથા પર આ જીવલેણ પ્રહાર કર્યો."

બ્લોર કુહાડીના હાથાની ઝીણવટભરી તપાસ કરતો હતો.

વોરગ્રેવે પૂછ્યું, "આવો પ્રહાર કરવા માટે બહુ તાકાતની જરૂર પડે?"

આર્મસ્ટ્રોંગે ગંભીર થઈને જવાબ આપ્યો, "જો તમે એમ પૂછતા હો કે કોઈ લેડી આવો પ્રહાર કરી શકે કે નહીં તો હું એમ કહું કે હા, કોઈ લેડી આવો પ્રહાર કરી શકે." આગળ બોલતા પહેલા આર્મસ્ટ્રોંગે જોઈ લીધું કે વેરા અને એમિલી કિચનમાં હતાં. "વેરા આવો પ્રહાર આસાનીથી કરી શકે. મિસ એમિલી દેખાવમાં દૂર્બળ લાગે પણ આવી લેડીઝમાં બહુ તાકાત હોય છે. વળી એ યાદ રાખવા જેવું છે કે જે પાગલ હોય તેનામાં ઘણી તાકાત છુપાયેલી હોય છે."

જજ વોરગ્રેવે હકારમાં માથું હલાવી આ વાતને સમર્થન આપ્યું. બ્લોર ઊભો થઈને બોલ્યો, "કોઈ ફિંગરપ્રિન્ટ દેખાતા નથી. હત્યારાએ કુહાડીનું હેન્ડલ બરાબર લૂછી નાખ્યું છે."

અચાનક કોઈના હસવાનો અવાજ સંભળાયો! બધાંએ જોયું તો વેરા યાર્ડમાં ઊભી રહીને ધ્રૂજતી હતી અને પાગલની જેમ હસતા

હસતા ચીસ પાડીને બોલી, "કોઈને ખબર છે કે આ ટાપુ પર મધપૂડો છે કે નહીં? બતાવો, મધ ક્યાં મળે?"

બધાં તેની સામે જોઈ રહ્યાં. તેનું આવું વિચિત્ર વર્તન કોઈને સમજાતું નહોતું. એવું લાગતું હતું કે એક સમજુ યુવતી અચાનક પાગલ થઈ ગયેલી.

"બધાં મારી સામે શું જુઓ છો? હું કાંઈ પાગલ છું? મને ખબર છે હું શું કહું છું. અરે યાદ કરો પેલું દરેક રૂમમાં છે તે બાલ જોડકણું! આપણામાં જો અક્કલ હોત તો અત્યાર સુધીમાં આ વાતની ખબર પડી ગઈ હોત."

સાત નાના સિપાહી, લાકડા કાપવા ગયા.

એકને વાગી કુહાડી, હવે છ રહ્યા.

વેરા બોલતી રહી, "રોજર્સની હત્યા કઈ રીતે થઈ? કુહાડી મારીને. બરાબર?" અને હવે પછી કઈ લાઇન આવે છે? મને તો આ જોડકણું મોઢે છે.

છ નાના સિપાહી, મધપૂડા પાસે ગયા,

એકને ડંખી માખી, હવે પાંચ રહ્યા.

"એટલે જ પૂછું છું. આ ટાપુ પર મધપૂડો છે કે નહીં? આ બધું કેવું હાસ્યાસ્પદ છે, નહીં?"

ફરીવાર વેરા પાગલની જેમ હસવા લાગી. ડૉક્ટર આર્મસ્ટ્રોંગે વેરા પાસે જઈને જોરથી એક તમાચો તેના ગાલ પર મારી દીધો! અચાનક વેરાનું હસવાનું બંધ થઈ ગયું. એણે એક-બે ઉધરસ ખાધી, થોડીવાર સાવ શાંત રહીને તે બોલી, "થૅન્ક્યુ ડૉક્ટર. હવે મને સારું લાગે છે."

વેરા ઘર તરફ જતા બોલી, "હું અને મિસ બ્રેન્ટ બધા માટે બ્રેકફાસ્ટ બનાવીએ છીએ. કોઈ થોડી લાકડીઓ કાપીને આપી જશે? અમારે સ્ટવમાં અગ્નિ પેટાવવા માટે જોઈશે." તેનો અવાજ અને વર્તન સાવ નોર્મલ થઈ ગયા હતા, જાણે ફરી એ સેક્રેટરીના રોલમાં આવી ગઈ ન હોય!

બ્લોરે કહ્યું, "ડૉક્ટર, તમે વેરાને બહુ સારી રીતે હેન્ડલ કરી."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "એના વિના છૂટકો જ નહોતો. આવા કપરા સંજોગોમાં કોઈને આવી રીતે હિસ્ટીરિયા આવી જાય તે તો ચાલે એમ જ નથી."

લોમ્બાર્ડે કહ્યું, "વેરાને આવી રીતે હિસ્ટીરિયા આવતો હોય એવું લાગતું નથી."

આર્મસ્ટ્રોંગ બોલ્યા, "ના રે, એ તો બહુ સમજુ છે. આ તો અચાનક આઘાત લાગે એટલે ક્યારેક આવું થઈ જાય. કોઈપણ વ્યક્તિ સાથે આવું થઈ શકે."

રોજર્સે કાપેલાં લાકડાં લઈ બંને જણા કિચનમાં ગયા. મિસ બ્રેન્ટ સ્ટવ પાસે હતાં અને વેરા મટન ડીશ તૈયાર કરતી હતી. એમિલી બ્રેન્ટે લાકડાં લેતા કહ્યું, "થૅન્ક્યુ. બ્રેકફાસ્ટ અડધી-પોણી કલાકમાં તૈયાર થઈ જશે."

4

બ્લોરે લોમ્બાર્ડને ધીમે અવાજે કહ્યું, "હું શું વિચારું છું તે તું કલ્પી શકે છે?"

લોમ્બાર્ડે મજાક કરતા કહ્યું, "તમે મને જણાવવાના જ છો, એટલે કલ્પના શું કામ કરવી?"

બ્લોરે વાત કરી, "અમેરિકામાં આવો એક કેસ થયેલો. એક વૃદ્ધ દંપતીની કુહાડી મારીને હત્યા કરવામાં આવેલી. તેમની સાથે તેમની પ્રૌઢ વયની કુંવારી દીકરી અને એક નોકરાણી રહેતાં હતાં. એ સાબિત થયેલું કે નોકરાણીએ આ હત્યા ન કરી હોય જ્યારે દીકરી માટે એમ માની લેવામાં આવેલું કે તે તો આ પ્રકારની હત્યા કરી જ ન શકે. આ કારણે આ હત્યા એક રહસ્ય જ રહી." થોડું અટકીને બ્લોરે કહ્યું, "આજે જ્યારે મેં લોહિયાળ કુહાડી જોઈ અને પછી રસોડામાં ગયો ત્યારે એમિલી બ્રેન્ટને સાવ શાંતિથી, જાણે કશું થયું જ ન હોય એમ બેઠેલાં જોયા ત્યારે મને આ બનાવ યાદ આવ્યો. વેરા ઘણી અપસેટ થઈ ગયેલી જે સ્વાભાવિક હતું. તને શું લાગે છે?"

લોમ્બાર્ડે ટૂંકો જવાબ આપતા કહ્યું, "હા, વેરા વિષે એમ કહી શકાય."

બ્લોરે કહ્યું, "પણ એમિલી બ્રેન્ટ! એ તો પૂતળાં જેમ શાંત, અક્કડ થઈને બેઠાં હતાં અને એટલું જ બોલ્યા 'બ્રેકફાસ્ટ અડધી-પોણી કલાકમાં તૈયાર થઈ જશે.' મને તો લાગે છે કે એ પાગલ છે. ઘણી કુંવારી સ્ત્રીઓ મોટી ઉંમરે આવી થઈ જતી હોય છે. તેં જોયું છે ધર્મ બાબતે એ કેટલા ચુસ્ત છે? આખો દિવસ બાઇબલ વાંચ્યા કરે છે. આવા લોકો એમ માનતા હોય છે કે તે પ્રભુના દૂત છે."

લોમ્બાર્ડે કહ્યું, "મિસ્ટર બ્લોર, ફક્ત એ વાતને કારણે તેઓ પાગલ છે એમ ન કહી શકાય."

બ્લોરે પોતાની વાત સમજાવવાનું ચાલુ રાખ્યું "અને તે સવારમાં લાંબો કોટ પહેરીને બહાર પણ ગયેલાં. જો કે એમના કહેવા મુજબ તે દરિયાકાંઠે ગયેલાં."

લોમ્બાર્ડે નકારમાં માથું હલાવતા કહ્યું, "રોજર્સની હત્યા તે વહેલી સવારમાં લાકડાં કાપતો હતો ત્યારે થયેલી. એમિલી બ્રેન્ટે જો હત્યા કરી હોય તો એમણે કલાકો સુધી બહાર રખડવાની શું જરૂર હતી? રોજર્સનો હત્યારો તો પોતાના પર શંકા ન પડે તે માટે પાછો આવીને સૂઈ ન જાય?"

બ્લોરે કહ્યું, "તું એક વાત ભૂલે છે લોમ્બાર્ડ. જો આ લેડી નિર્દોષ હોય તો એકલા બહાર જવાની તેની હિંમત ન ચાલે. તે એકલી ત્યારે જ બહાર ફરવા નીકળી હોય જ્યારે તેને ખાતરી હોય કે બીજા કોઈ તરફથી એની ઉપર ખતરો નથી, મતલબ એ કે તે પોતે જ પાગલ કાતિલ હોય."

લોમ્બાર્ડે સંમત થતા કહ્યું, "એ વાત બરાબર હો. મને આ વિચાર નહોતો આવ્યો." પછી તેણે આછું મલકીને કહ્યું, "હું ખુશ છું કે તમને મારી પર શંકા નથી."

બ્લોરે કહ્યું, "મને પહેલા તારી ઉપર શંકા પડેલી. ખાસ કરીને તારી પાસે રિવૉલ્વર હતી અને શરૂઆતમાં તે જે વિચિત્ર સ્ટોરી કહેલી તેને કારણે. હવે મને ખ્યાલ આવ્યો કે તું હત્યારો ન હોઈ શકે." બ્લોરે થોડું અટકીને કહ્યું, "હું માનું છું કે તું પણ મને નિર્દોષ સમજે છે."

લોમ્બાર્ડે થોડો વિચાર કરીને બોલ્યો, "હું ખોટો હોઈ શકું પણ હું માનું છું કે તારામાં એટલી કલ્પનાશક્તિ નથી કે તું આવું કરી શકે. એટલું જરૂર કહું કે જો તું ખરેખર હત્યારો હો તો તું બહુ સારો એક્ટર છે અને હું તને સલામ કરું." પછી લોમ્બાર્ડે ધીમા અવાજે પૂછ્યું, "આપણે બંને જાણીએ છીએ કે કદાચ આપણી જિંદગીનો અંત નજીકમાં છે માટે મને સાચું કહી દો કે તમે લેન્ડોરને ફસાવવા જુઠ્ઠી જુબાની આપેલી કે નહીં? આ વાત આપણી વચ્ચે જ રહેશે."

બ્લોરે થોડું અચકાઈને કહ્યું, "હવે સાચું કહી દેવાથી કોઈ ફરક નથી પડવાનો. હા, લેન્ડોર સાવ નિર્દોષ હતો. તેની ગેંગને મારે હિસાબ ચૂકતે કરવાનો હતો એટલે અમે ભેગા મળીને તેને લાંબા સમય સુધી જેલમાં ધકેલી દીધો. જો કે આ વાત હું ક્યારેય કબૂલ નહીં કરું હો!"

લોમ્બાર્ડે કહ્યું, "મેં કહ્યું તેમ આ વાત આપણા બે વચ્ચે જ રહેશે. મને ખાતરી છે કે આ સોદામાં તમે સારો એવો તોડ કર્યો હશે."

બ્લોરે કડવાશભર્યા અવાજે કહ્યું, "મેં ધારેલું એના કરતાં સાવ ઓછું મળ્યું! પુર્સેલ ગેંગવાળા બધા હરામી બદમાશ હતા! હા. મને પ્રમોશન જરૂર મળેલું."

"લેન્ડરને સખત કેદ થયેલી અને તેનું મૃત્યુ જેલમાં જ થયેલું, ખરું?" લોમ્બાર્ડે પૂછ્યું.

બ્લોરે ઉત્તેજિત થઈને કહ્યું, "મને થોડી ખબર હતી કે તે જેલમાં જ મૃત્યુ પામશે?"

"એ તમારું કમનસીબ હતું."

બ્લોરે પૂછ્યું, "મારું કમનસીબ કે એનું?"

લોમ્બાર્ડે કહ્યું, "તમારું કમનસીબ પણ ખરું જ. કારણ કે આ બનાવના પરિણામે કદાચ તમારી જિંદગી ટૂંકી થઈ જશે!"

બ્લોરે આશ્ચર્યથી કહ્યું, "મારી જિંદગી? તું એમ માને છે કે મારો અંત પણ એ જ રીતે આવશે જે રીતે રોજર્સ અને બીજા ત્રણનો આવ્યો? એવું ક્યારેય નહીં થાય. હું બહુ સાવચેત છું."

લોમ્બાર્ડે મજાકમાં કહ્યું, "હું શરત નથી મારતો. આમ પણ તમે મૃત્યુ પામો તો હું શરતના પૈસા કોની પાસે લેવા જાઉં?"

બ્લોરે ગંભીર અવાજમાં કહ્યું, "મિસ્ટર લોમ્બાર્ડ, તમે કહેવા શું માગો છે?"

લોમ્બાર્ડે હસીને કહ્યું, "હું કહેવા એ માગું છું કે તમારે માટે બચવાની કોઈ તક નથી. તમારા જેવા અક્કલ વિનાના માણસને Mr. U. N. Owen જેવો શિકારી ચપટીમાં ચોળી નાખે."

બ્લોર ગુસ્સામાં લાલચોળ થઈ બોલ્યા, "અને તારું શું થશે?"

લોમ્બાર્ડનો ચહેરો સખ્ત થયો અને તેણે કહ્યું, "હું આની પહેલા પણ આનાથી વધુ ખતરનાક પરિસ્થિતિમાંથી સલામત બહાર નીકળ્યો છું. અત્યારે હું વધુ કાંઈ નહીં કહું, પણ એટલું *ચોક્કસ* છે કે હું આ પરિસ્થિતિમાંથી પણ સલામત નીકળી જઈશ."

5

વેરા બ્રેકફાસ્ટ બનાવતા બનાવતા પોતાની જાતને કોસતી હતી. 'મેં શા માટે આવું પાગલ જેવું વર્તન કરીને આવી લવારી કરી? એ

મોટી ભૂલ હતી. મારે શાંત રહેવાનું હતું.' પછી તેણે પોતાની જાતને મનમાં કહ્યું 'બેબી, તારે શાંત રહેવાનું છે, સ્વસ્થ રહેવાનું છે.'

તેને યાદ આવ્યું કે તેની સ્વસ્થતા માટે લોકો હંમેશાં તેના વખાણ કરતા. મિસિસ હેમિલ્ટને કહેલું, "મિસ ક્લેથોર્ન બહુ સારાં છે. તેમણે સ્વસ્થતા રાખેલી અને સિરિલની પાછળ પાછળ છેક સુધી તરતાં તરતાં ગયેલાં."

તેને વિચાર આવ્યો કે અત્યારે આ બધું યાદ કરવાનો શું અર્થ? તે બધું તો ક્યારનું ખતમ થઈ ગયું હતું. તે સિરિલ પાસે પહોંચી તે પહેલા જ તે દરિયામાં ગરકાવ થઈ ગયેલો. ત્યારબાદ વેરાએ પોતાની જાતને દરિયામાં વહી જવા દીધી હતી. બોટ આવી ત્યાં સુધી તે તરતી રહેલી.

બધાએ તેની ધીરજ અને સ્વસ્થતાના વખાણ કરેલા.

સિવાય હ્યુગોએ. હ્યુગો ફક્ત તેની સામે જ જોઈ રહેલો.

અત્યારે પણ હ્યુગોને યાદ કરીને વેરાને વેદના થતી હતી.

ક્યાં હશે હ્યુગો? શું કરતો હશે? તેણે લગ્ન કર્યા હશે?

એમિલી બ્રેન્ટના અવાજે વેરાને તન્દ્રામાંથી જગાડી. "વેરા, ટોસ્ટ બળી રહ્યું છે."

"ઓહ સૉરી મિસ બ્રેન્ટ." કહી, વેરાએ બીજી સ્લાઇસ ટોસ્ટ શેકવા માટે મૂકતા કહ્યું, "મિસ બ્રેન્ટ, તમે હંમેશાં શાંત અને સ્વસ્થ દેખાઓ છો."

મિસ બ્રેન્ટે કડક સ્વરે કહ્યું, "મને નાનપણથી શીખવવામાં આવ્યું છે કે ગમે તેવી પરિસ્થિતિમાં પણ શાંત રહેવાનું અને રઘવાટ નહીં કરવાનો."

વેરાએ વિચાર્યું `નાનપણમાં બહુ દબાણ હેઠળ ઉછેર થયો લાગે છે એટલે જ આવો સ્વભાવ થઈ ગયો છે.'

વેરાએ પૂછ્યું, "તમને ક્યારેય ડર નથી લાગતો? કે પછી તમને મરી જવામાં વાંધો નથી?"

'મરી જવામાં' આ શબ્દો સાંભળતા જ એમિલી બ્રેન્ટને ઇલેક્ટ્રિક શોક જેવો આંચકો લાગ્યો. એમને ખાતરી હતી કે એ ક્યારેય મૃત્યુ નહોતા પામવાના. બીજા બધાને મૃત્યુ આવે પણ એમિલી બ્રેન્ટ નહોતા મરવાના.

એમિલી બ્રેન્ટ વિચારતાં હતાં કે વેરા આ વાત સમજતી નહોતી. બ્રેન્ટ કુટુંબમાંથી કોઈને મૃત્યુનો ભય નહોતો. બધા પ્રભુના

સેવકો હતા અને મૃત્યુનો સામનો નિર્ભયતાથી કરવાવાળા હતા. તે બધા પવિત્ર, નીતિમય જીવન જીવતા હતા અને એમિલી બ્રેન્ટ પણ નીતિમય જીવન જીવતાં હતાં. તેમણે ક્યારેય એવું કામ નહોતું કર્યું જેને કારણે તેમણે શરમાવું પડે. આને કારણે જ એ ક્યારેય મૃત્યુ નહોતા પામવાના.

પ્રભુ પોતાના ભક્તોનો ખ્યાલ રાખે છે. તમે ક્યારેય રાતે ભયભીત નહીં થાઓ અને દિવસ દરમ્યાન આવતા સંકટથી નહીં ડરો. અત્યારે સવારનો સમય હતો. કોઈ ભય નહોતો .

આપણામાંથી કોઈ આ ટાપુ પરથી પાછું નહીં જાય. આવું કોણે કહેલું? પેલા જનરલ મૅકઆર્થરે. એવું લાગેલું કે એને આ બાબતની જરાપણ દરકાર અથવા ફિકર નહોતી, જાણે કે એને કોઈ પાછું નથી જઈ શકવાનું તે વાત ગમતી હોય! કેવા વાહિયાત વિચારો! કેટલો નાસ્તિક અભિગમ!

એમિલીએ વિચાર્યું કે 'અમુક લોકો મૃત્યુ વિષે એટલા બેફિકર હોય છે કે પોતાની જિંદગી પણ લઈ લે છે.' તેમને *બિયાટ્રીસ ટેય્લર* યાદ આવી. ગઈકાલે રાતે બિયાટ્રીસ તેમના સપનામાં આવી હતી અને બારી બહાર ઊભી રહીને રૂમની અંદર આવવાની રજા માગતી હતી. એમિલી બ્રેન્ટ તેને રૂમની અંદર આવવા દેવા નહોતા માંગતા કારણ કે તે માનતા હતા કે બિયાટ્રીસ રૂમમાં આવશે તો કોઈ ભયંકર બનાવ બનશે.

એમિલી એક આંચકા સાથે વર્તમાન સમયમાં પાછાં આવ્યાં. વેરા તેમને વિચિત્ર નજરે જોઈ રહી હતી. એમિલી બ્રેન્ટે ઉત્સાહથી કહ્યું, "બધું તૈયાર છે ને? ચાલો, આપણે બ્રેકફાસ્ટ લઈને જઈએ."

6

બ્રેકફાસ્ટ કરતી વખતે બધાં એકબીજા સાથે વિનયપૂર્વક વાત કરતાં હતાં. કદાચ વધુ પડતાં વિનયપૂર્વક.

"મિસ બ્રેન્ટ, તમને થોડી કૉફી આપું પ્લીઝ?"

"મિસ ક્લેથોર્ન, મને બ્રેડની એક સ્લાઇસ આપશો?"

ટેબલ પર બેઠેલા છ જણા શાંત અને સ્વસ્થ દેખાતાં હતાં પણ દરેકના મનમાં વિચારોનું ઘમસાણ ચાલતું હતું.

"હવે શું થશે? હવે કોનો વારો? આ બધું કોણ કરે છે?"

"હું જે કરવા ધારું છું તેમાં સફળતા મળશે? એ તો સમય જ કહેશે. પણ સમય જ ક્યાં છે?"

"ધર્મ બાબતે એ કેટલા ઝનૂની છે! એમને જોઈને તો આવો ખ્યાલ પણ ન આવે!"

"બધું બહુ વિચિત્ર છે. કાંઈ સમજાતું નથી. ઉનનો બોલ ખોવાઈ જાય છે, લાલ રંગનો રેશમી પડદો ગુમ થઈ જાય છે, મને તો કાંઈ સમજાતું નથી."

"એ કેવો મૂરખ છે! મેં જેટલું કહ્યું તે બધું સાચું માની ગયો! આ તો સાવ સહેલું થઈ ગયું! જોકે મારે બહુ ધ્યાન રાખવું પડશે."

"હવે ટેબલ પર ચિનાઈ માટીના ફક્ત છ પૂતળાં રહ્યાં છે. આજે રાતે કેટલા રહેશે?"

આમ છતાં બ્રેકફાસ્ટ કરી રહેલાં બધાં શાંત અને સ્વસ્થ દેખાતાં હતાં.

12

મિસ બ્રેન્ટ અને મધમાખી

1

બ્રેકફાસ્ટ પૂરો થયો એટલે જજ વોરગ્રેવે પોતાના સત્તાવાહી અવાજમાં કહ્યું, “મને લાગે છે કે આપણે અત્યારની પરિસ્થિતિ વિષે ચર્ચા કરવી જોઈએ.અડધા કલાક પછી ડ્રોઇંગ રૂમમાં મળીએ?”

બધાંએ સંમતિ દર્શાવી.

“હું પ્લેટ્સ સાફ કરી નાખું છું.” કહી વેરા ટેબલ પરથી પ્લેટ્સ લેવા લાગી.

લોમ્બાર્ડે કહ્યું, “અમે બધાં વાસણ પેન્ટ્રીમાં લઈને આવીએ છીએ.”

એમિલી બ્રેન્ટ ખુરશીમાંથી ઊભા થયાં પણ તરત પાછાં બેસી ગયાં અને બોલ્યાં, “ઓ ગૉડ!”

વોરગ્રેવે પૂછ્યું, “શું થયું મિસ બ્રેન્ટ?”

એમિલી ખેદ વ્યક્ત કરતાં બોલ્યાં, “મારે વેરાને મદદ કરવી જોઈએ પણ મને અત્યારે ઠીક નથી લાગતું, સહેજ ચક્કર આવે છે.”

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે એમિલી પાસે જઈને બોલ્યા, “ચક્કર આવે છે? હું તમને કાંઈ આપું.”

“ના... મારે કાંઈ જોઈતું નથી!” મિસ બ્રેન્ટે મોટે અવાજે કહ્યું. બધાં ચોંકી ઊઠ્યાં. એમના ચહેરા ઉપર અવિશ્વાસ અને ભય દેખાતા હતા.

આર્મસ્ટ્રોંગનો ચહેરો લાલ થઈ ગયો. તેમણે ધીમેથી કહ્યું, “O.K. જેવી તમારી ઇચ્છા.”

એમિલીએ જણાવ્યું, “મારે કાંઈ કરતા કાંઈ લેવું નથી. હું અહીં શાંતિથી બેસીને આરામ કરીશ. મને હમણાં સારું થઈ જશે.”

બ્લોરે વેરાને કહ્યું, “મને ઘરકામ કરવાની ટેવ છે, હું તમને મદદ કરીશ.”

એમિલી બ્રેન્ટ ડાઇનિંગ રૂમમાં એકલાં બેઠાં રહ્યાં. તેમને પેન્ટ્રીમાંથી આવતા અવાજ સંભળાતા હતા. હવે તેમને ચક્કર નહોતા આવતા, જરા ઊંઘ આવતી હતી.

તેમને કાનમાં ગણગણાટ સંભળાયો. તેમણે વિચાર્યું કે ‘આ અવાજ રૂમમાંથી આવે છે? કોઈ મધમાખી ઊડતી લાગે છે.’

તેમની નજર બારી ઉપર પડી જ્યાં એક મધમાખી કાચ પર ફરતી હતી.

તેમને યાદ આવ્યું કે વેરા સવારે મધમાખી અને મધ વિષે બોલી હતી. મિસ બ્રેન્ટને મધ પ્રિય હતું. મધપૂડામાંથી ટીપે ટીપે ટપકતું મધ…

તેમને લાગ્યું કે રૂમમાં કોઈ છે. કોઈના ભીંજાઈ ગયેલા શરીરમાંથી પાણી ટપકે છે. ‘શું બિયાટ્રીસે ટેય્લર નદીમાંથી બહાર નીકળી અહીં રૂમમાં આવી છે?”

મિસ બ્રેન્ટને થયું કે એ પાછળ નજર કરે તો બિયાટ્રીસને જોઈ શકે પણ તે માથું નહોતા ફેરવી શકતા. એમણે વિચાર્યું કે એ કોઈને બૂમ પાડીને બોલાવે પણ તે બોલી નહોતાં શકતાં.

રૂમમાં બીજું કોઈ નહોતું. તે સાવ એકલાં હતાં.

તેમને કોઈના પગલાનો અવાજ સંભળાયો. તેમની પાછળ કોઈ આવી રહ્યું હતું. શું બિયાટ્રીસ ધીમે પગલે તેમની પાસે આવી રહી હતી?

તેમણે સ્પીરીટની તીવ્ર ગંધ અનુભવી અને ડોક પર કાંઈ ભીનું ભીનું લાગ્યું. બારીના કાચ પર ફરતી મધમાખીનો ગણગણાટ સંભળાતો હતો.

અચાનક તેમને ડોક પર મધમાખીએ ડંખ દીધો હોય તેવો અહેસાસ થયો.

2

ડ્રોઇંગ રૂમમાં બધાં એમિલી બ્રેન્ટની રાહ જોઈને બેઠાં હતાં.

વેરાએ ઊભા થઈને કહ્યું, “હું એમને બોલાવી લાવું?”

બ્લોરે તેણે રોકીને કહ્યું, “એક જ મિનિટ.” વેરા બેસી ગઈ. બધાંએ બ્લોરની સામે જોયું એટલે બ્લોરે પોતાના વિચાર વ્યક્ત કર્યા, “હું તો એમ માનું છું કે આપણે આ હત્યારાને શોધવા માટે

ડાઇનિંગ રૂમથી આગળ જવાની જરૂર નથી. હું સોગંદપૂર્વક કહી શકું કે એમિલી બ્રેન્ટે આ હત્યાઓ કરી છે!"

આર્મસ્ટ્રૉંગે પૂછ્યું, "એમાં એમનો હેતુ શું હોઈ શકે?"

બ્લોરે કહ્યું, "ધર્મનું ઝનૂન. બીજું કોઈ કારણ નહીં. તમે શું કહો છો ડૉક્ટર?"

આર્મસ્ટ્રૉંગે કહ્યું, "હા, એ શક્ય છે. અલબત્ત આપણી પાસે તેની કોઈ સાબિતી નથી."

વેરાએ કહ્યું, "અમે કિચનમાં બ્રેકફાસ્ટ તૈયાર કરતા હતા ત્યારનું તેમનું વર્તન બહુ વિચિત્ર હતું. એમની આંખો તો એવી થઈ ગઈ હતી કે જાણે બીજી દુનિયામાં ચાલ્યા ગયા હોય!"

લોમ્બાર્ડે કહ્યું, "એને કારણે એમ ન માની શકાય કે તે હત્યારા છે. અત્યારે આપણે બધાં ટૅન્શનમાં છીએ એટલે આવું વર્તન નોર્મલ ગણાય."

બ્લોરે કહ્યું, "તમે બધાંએ જોયેલું કે ગ્રામોફોન પર અવાજ સાંભળ્યા બાદ એકલા એમિલી બ્રેન્ટ એવાં હતાં કે જેમણે પોતાની કેફિયત આપવાની ના પડેલી. શા માટે? એટલે જ કે કદાચ તેમની પાસે કહેવા માટે કાંઈ હતું જ નહીં."

વેરાએ જણાવ્યું, "ના, એવું નથી. એમિલી બ્રેન્ટે મને વાત કરેલી."

વોરગ્રેવે પૂછ્યું, "શું વાત કરેલી?"

એમિલી બ્રેન્ટે બિયાટ્રીસ ટેય્લર વિષે જે વાત કરેલી તે વેરાએ બધાને કહી.

વોરગ્રેવે અભિપ્રાય આપ્યો, "મિસ બ્રેન્ટની વાત સાવ સીધી અને ગળે ઊતરે એવી છે. મિસ ક્લેથોર્ન, તમને ક્યારેય એવું લાગેલું કે મિસ બ્રેન્ટને કોઈ વાતનો પસ્તાવો થતો હતો અથવા તે કોઈ કારણસર પોતાની જાતને ગુનેગાર સમજતા હતાં?

"ક્યારેય નહીં." વેરાએ તરત કહ્યું, "તે હંમેશાં શાંત અને સ્વસ્થ દેખાતા."

બ્લોરે કહ્યું, "આવી અપરિણીત સ્ત્રીઓ સાવ લાગણીશુન્ય, પથ્થર જેવી થઈ જતી હોય છે. એમના મનમાં ભારોભાર ઈર્ષ્યા હોય છે."

વોરગ્રેવે ઘડિયાળમાં જોઈને કહ્યું, "અગિયાર વાગવામાં પાંચ મિનિટ બાકી છે. આપણે હવે મિસ બ્રેન્ટને બોલાવી લેવા જોઈએ."

બ્લોરે પૂછ્યું, "તમે કાંઈ ઍક્શન નહીં લો?"

વોરગ્રેવ બોલ્યા, "આપણે શું ઍક્શન લઈ શકીએ? આપણી પાસે કોઈ સાબિતી નથી જેને આધારે મિસ બ્રેન્ટ પર કોઈ ઍક્શન લઈ શકાય. હા, હું ડૉક્ટર આર્મસ્ટ્રોંગને વિનંતિ કરું કે તે મિસ બ્રેન્ટ પર ચાંપતી નજર રાખે. ચાલો, આપણે બધા ડાઇનિંગ રૂમમાં જઈએ."

ડાઇનિંગ રૂમમાં આવીને બધાંએ જોયું તો એમિલી બ્રેન્ટ એ જ ખુરશીમાં બેઠાં હતાં. મિસ બ્રેન્ટને બધાના આવવાનો અવાજ સંભળાયો હોય તેવું લાગ્યું નહીં કારણકે તે સ્થિર બેઠાં રહ્યાં.

બધાં તેમની નજીક આવ્યાં ત્યારે હેબતાઈ ગયાં! ખુરશીમાં બેઠેલા એમિલી બ્રેન્ટનો ચહેરો લોહીથી ખરડાયેલો હતો, હોઠ ભૂરા પડી ગયેલા અને નિશ્ચેત આંખો ખુલ્લી રહી ગયેલી.

બ્લોર આભો થઈને મોટેથી બોલ્યો, "ઓહ માય ગૉડ, આ તો મૃત્યુ પામ્યા છે!"

3

વોરગ્રેવે ધીમા અવાજે કહ્યું, "આપણામાંથી એક વધુ વ્યક્તિ નિર્દોષ સાબિત થઈ. જોકે બહુ મોડું થઈ ગયું!"

આર્મસ્ટ્રોંગ મિસ બ્રેન્ટના મૃત શરીરને તપાસતો હતો. તેણે હોઠ સૂંઘ્યા અને આંખ તપાસી.

લોમ્બાર્ડે જરા વિહ્વળ થઈને પૂછ્યું, "ડૉક્ટર, એમને શું થઈ ગયું? હમણાં સુધી તો સાજાં સારાં હતાં."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ એમિલી બ્રેન્ટની ગરદનની જમણી તરફ એક નિશાન હતું તેને ધ્યાનથી જોતાં કહ્યું, "આ નિશાન ઇન્જેક્શનની સોયનું છે."

બારી પાસેથી ગણગણાટ સંભળાયો. વેરા ઉત્તેજિત થઈને બોલી, "જુઓ અહીં મધમાખી છે. હું આજે સવારે નહોતી કહેતી? જોડકણામાં આવે છે તે મધમાખી."

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ ગંભીર થઈને બોલ્યા, "એમિલીનું મૃત્યુ મધમાખીને કારણે નથી થયું. તેમને કોઈએ ઝેરનું ઇન્જેક્શન આપ્યું છે."

વોરગ્રેવે પૂછ્યું, "ક્યું ઝેર ઈન્જેક્ટ કરવામાં આવ્યું છે તે ખબર પડે?"

આર્મસ્ટ્રોંગે જવાબ આપ્યો, "મોટે ભાગે પોટેશિયમ સાયનાઇડ, જેનાથી એન્થની માર્સ્ટનની હત્યા કરવામાં આવેલી. ઇન્જેક્શન આપ્યા બાદ થોડા જ સમયમાં એમિલી બ્રેન્ટનું મૃત્યુ થયું હશે."

વેરાએ પોતાની દલીલ ચાલુ રાખી, "પણ આ મધમાખીનું શું? એ સાવ અકસ્માતે અહીં આવી હોય તેવું નથી લાગતું."

લોમ્બાર્ડે ગંભીર થઈને કહ્યું, "ના, મધમાખીનું અત્યારે અહીં હોવું એ અકસ્માત નથી જ. આ હત્યારો ક્રૂર મજાક કરવામાં આનંદ લે છે અને દરેક હત્યા બાલજોડકણા પ્રમાણે કરી રહ્યો છે." આમ બોલતા લોમ્બાર્ડનો અવાજ તૂટતો હતો. સામાન્ય રીતે સ્વસ્થ અને સાહસિક દેખાતો લોમ્બાર્ડ અત્યારે ભયભીત થઈ ગયેલો હતો. એણે ચીસ પાડીને કહ્યું, "આ તો પાગલપણું છે. આપણે બધાં પાગલ થઈ ગયાં છીએ."

વોરગ્રેવ શાંતિથી બોલ્યા, "આપણે હજુ આ બાબતે શાંતિથી વિચાર કરી શકીએ એમ છીએ. કોઈ પોતાની સાથે ઇન્જેક્શન લાવ્યું છે?"

ડૉક્ટર આર્મસ્ટ્રોંગ જરા અચકાતા અવાજે બોલ્યા, "હા, હું ઇન્જેક્શન લાવ્યો છું."

ચારેય જણાં એમને તાકીને જોઈ રહ્યાં. બધાંની આંખમાં જે પ્રશ્ન હતો તેનો જવાબ આપતા આર્મસ્ટ્રોંગે કહ્યું, "બધા ડૉક્ટરો જયાં જાય ત્યાં પોતાની સાથે ઇન્જેક્શન રાખતા જ હોય છે."

વોરગ્રેવે કહ્યું, "ડૉક્ટર, એ વાત બરાબર પણ અત્યારે એ ઇન્જેક્શન ક્યાં છે તે જણાવશો?"

"મારા રૂમમાં રાખેલી મારી સૂટકેસમાં છે." આર્મસ્ટ્રોંગે જણાવ્યું.

"આપણે જરા ચેક કરી લઈએ?" વોરગ્રેવે કહ્યું અને પાંચેય જણાં આર્મસ્ટ્રોંગના રૂમમાં ગયાં.

સૂટકેસ ખોલીને જોયું તો તેમાં ઇન્જેક્શન નહોતું.

4

આર્મસ્ટ્રોંગે આક્રોશ સાથે કહ્યું, "મારું ઇન્જેક્શન કોઈ ચોરી ગયું છે!"

ચારેય જણા આર્મસ્ટ્રોંગને શક અને નફરતભરી નજરથી જોતા હતા. આર્મસ્ટ્રોંગે વેરા અને વોરગ્રેવ તરફ જોઈને લાચારીભર્યા અવાજે કહ્યું, "હું સાચું કહું છું. કોઈએ મારા ઇન્જેક્શનની ચોરી કરી છે."

બ્લોર અને લોમ્બાર્ડ એકબીજા સામે જોતા હતા. જજ વોરગ્રેવ બોલ્યા, "આ રૂમમાં આપણે પાંચ જણા છીએ. આપણામાંથી એક જણ ખૂની છે. પરિસ્થિતિ એટલી જોખમકારક છે કે અત્યારે જે ચાર જણા નિર્દોષ છે તેમની સલામતી માટે બધા પ્રયત્ન કરવા જોઈએ. ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ, તમે પ્લીઝ જણાવશો કે અત્યારે તમારી પાસે કઈ કઈ દવાઓ છે?"

આર્મસ્ટ્રૉંગે જણાવ્યું, "મારી પાસે દવાની પેટી છે જેમાં ઊંઘની ગોળીઓ, બ્રોમાઇડ અને એસ્પીરીનની ગોળીઓ છે. જેને આ પેટી જોવી હોય તે જોઈ શકે છે. મારી પાસે સાયનાઇડ નથી."

વોરગ્રેવે કહ્યું, "મારી પાસે પણ ઊંઘની ગોળીઓ છે. હું માનું છું કે જો વધુ પડતી ગોળીઓ લેવામાં આવે તો મૃત્યુ થઈ શકે છે. મિસ્ટર લોમ્બાર્ડ, તમારી પાસે રિવૉલ્વર છે ને?"

લોમ્બાર્ડે કહ્યું, "હા, છે. તો તેનું શું?"

વોરગ્રેવે ગંભીર અવાજે જણાવ્યું, "મારે એમ કહેવાનું છે કે ડૉક્ટર પાસે છે તે દવાઓ, મારી પાસે છે તે ઊંઘની ગોળીઓ, તમારી રિવૉલ્વર અને બીજા કોઈ પાસે દવા અથવા હથિયાર હોય તો એ બધું એકઠું કરીને આપણે એક જગ્યાએ રાખી દેવું જોઈએ. ત્યાર પછી આપણે બધાએ પોતાની અને પોતાના સામાનની તપાસ કરાવવી જોઈએ."

લોમ્બાર્ડે તોરમાં કહ્યું, "હું કોઈને મારી રિવૉલ્વરને હાથ પણ ન અડાડવા દઉં હો!"

વોરગ્રેવે કહ્યું, "મિસ્ટર લોમ્બાર્ડ, તમે જેમ સશક્ત છો તેમ બ્લોર પણ સશક્ત છે. તમે બંને લડો તો કોણ જીતે તે કહેવું મુશ્કેલ થાય પણ જો હું, ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ અને મિસ વેરા બ્લોરની મદદે આવીએ અને તમારી સાથે લડીએ તો તમને ભારે પડી જાય તે નક્કી!"

લોમ્બાર્ડ થોડું હસીને બોલ્યો, "ઓહ, તો તમે બધો પ્લાન કરી રાખ્યો છે, એમ?"

વોરગ્રેવે કહ્યું, "તમે સમજુ માણસ છો. હવે કહી દો કે તમે રિવૉલ્વર ક્યાં રાખી છે?"

"મારા બેડ પાસેના ટેબલના ડ્રોઅરમાં, તમે કહો તો લઈ આવું." લોમ્બાર્ડે જણાવ્યું.

જજ વોરગ્રેવ બધાંની સામે જોઈને બોલ્યા, "મને લાગે છે આપણે બધાં જઈએ."

લોમ્બાર્ડ ફૂંફાડો મારતા બોલ્યો, “બધા પર બહુ શંકા કરો છો, કાં?”

બધા લોમ્બાર્ડના રૂમમાં ગયા. ત્યાં પહોંચીને લોમ્બાર્ડે ઝડપથી ટેબલ પાસે જઈને ડ્રોઅર ખોલ્યું અને આઘાતથી અને આશ્ચર્યથી “ઓહ નો,” કહેતો બે ડગલાં પાછળ હટી ગયો!

ટેબલનું ખાનું ખાલી હતું. ત્યાં કોઈ રિવૉલ્વર નહોતી.

5

“બસ? હવે તો બધા ખુશ ને?” લોમ્બાર્ડ દાંત ભીંસીને ગુસ્સામાં બોલ્યો.

બાકીના ત્રણેય પુરુષોએ એના બધાં કપડાં કાઢીને તેની તલાશી લીધેલી અને હવે તેના રૂમની ઝીણવટથી તપાસ કરતા હતા. વેરા રૂમની બહાર ઊભી હતી.

ત્યારબાદ આર્મસ્ટ્રોંગ, વોરગ્રેવ અને બ્લોરની પણ આજ રીતે તલાશી લેવામાં આવી.

ચારેય પુરુષો રૂમની બહાર આવ્યા અને વેરા પાસે આવ્યા ત્યારે વોરગ્રેવે કહ્યું, “મિસ ક્લેથોર્ન, તમે સમજી શકશો કે બધાની તલાશી લેવી જરૂરી છે. રિવૉલ્વર શોધવી જ પડશે. તમારી પાસે સ્વીમિંગ કોસ્ચ્યુમ છે?”

વેરાએ ઇશારાથી હા પડી એટલે વોરગ્રેવે કહ્યું, “પ્લીઝ, તમે એને પહેરી આવો પછી અમે તમારા રૂમની તલાશી લઈશું.”

વેરાએ પોતાના રૂમમાં જઈ બારણું બંધ કર્યું. થોડીવારે સ્વીમિંગ કોસ્ચ્યુમ ઉપર નાઇટ ગાઉન પહેરીને બહાર આવી.

“થૅન્ક્યુ.” જજે કહ્યું અને બધાં વેરાના રૂમમાં ગયા. થોડીવારે બધાં બહાર નીકળ્યા એટલે વેરા ફરીવાર રૂમમાં ગઈ અને પહેલાનો ડ્રેસ પહેરીને લૉબીમાં બધાં ઊભાં હતાં ત્યાં આવી.

જજ વોરગ્રેવે કહ્યું, “એક વાત નક્કી થઈ ગઈ કે આપણા પાંચમાંથી કોઈ પાસે ઝેર, ઘેનની દવા કે ઘાતક હથિયાર નથી. આ એક સારી વાત છે. આપની પાસે જે ઊંઘની ગોળીઓ છે તેને આપણે કોઈ સલામત જગ્યાએ મૂકી દઈએ. મારા ખ્યાલ મુજબ પેન્ટ્રીમાં એક મોટી પેટી છે, ખરું?”

બ્લોરે કહ્યું, “એ તો બધું ઠીક પણ આ પેટીની ચાવી કોની પાસે રહેશે? તમારી પાસે જ ને?”

જસ્ટિસ વોરગ્રેવે કોઈ જવાબ ન આપ્યો. તે પેન્ટ્રીમાં ગયા અને બધા તેમની પાછળ ગયા.

પેન્ટ્રીમાં ચાંદીનાં વાસણો રાખવા માટે નાની પેટી હતી. વોરગ્રેવની સૂચના અનુસાર બધી દવાઓ તેમાં મૂકવામાં આવી અને તેને તાળું મારવામાં આવ્યું. વોરગ્રેવે આ પેટીને કબાટમાં મૂકી અને કબાટને બીજું તાળું માર્યું. પછી એક ચાવી બ્લોરને અને બીજી લોમ્બાર્ડને આપી.

ત્યારબાદ વોરગ્રેવ બધાને સંબોધીને બોલ્યા, "તમે બંને જણા સૌથી વધુ તાકાતવાળા છો એટલે એકબીજા પાસેથી ચાવી પડાવી લેવાનું તમારે માટે અઘરું બનશે. અમે તો તમારા કોઈ પાસેથી ચાવી લઈ શકીએ એ શક્ય જ નથી. કોઈને માટે કબાટ અથવા પેટીને તોડીને ઉઘાડવાનું કામ અઘરું અને જોખમી છે, કારણ કે એને લીધે થતા અવાજથી બધાનું ધ્યાન ખેંચાશે."

થોડું અટકીને જજ વોરગ્રેવે કહ્યું, "હજુ એક મોટા કોયડાનો ઉકેલ નથી આવ્યો. મિસ્ટર લોમ્બાર્ડની રિવૉલ્વર ક્યાં છે?

બ્લોરે કહ્યું, "હું તો એવું માનું કે જેની રિવૉલ્વર છે તેને એના વિષે ખબર હોય."

લોમ્બાર્ડનો પિત્તો ગયો અને એણે કહ્યું, "અરે મૂરખ, તને સમજાતું કેમ નથી? કોઈ મારી રિવૉલ્વર ચોરી ગયું છે."

વોરગ્રેવે પૂછ્યું, "તમે છેલ્લે તમારી રિવૉલ્વર ક્યારે જોયેલી?"

"ગઈકાલે રાતે સૂતા પહેલા મેં તેને મારા બેડ પાસેના ટેબલના ખાનામાં મૂકી હતી."

જજે કહ્યું, "એનો અર્થ એમ કે આજે સવારે આપણે જયારે રોજર્સને શોધતા હતા ત્યારે કોઈકે આ ચોરી કરી હોય એવું લાગે છે."

વેરાએ કહ્યું, "રિવૉલ્વર ઘરમાં કે તેની આસપાસ જ છુપાવવામાં આવી હશે. આપણે તપાસ કરીએ તો મળી આવશે."

વોરગ્રેવે કહ્યું, "હું નથી માનતો કે આપણી તપાસ કોઈ પરિણામ લાવશે. હત્યારા પાસે રિવૉલ્વર છુપાવવા માટે પૂરતો સમય હતો અને એણે એને એવી જગ્યાએ છુપાવી હશે જે શોધવી આસાન નહીં હોય."

બ્લોરે ભારપૂર્વક કહ્યું, "મને એ ખબર નથી કે રિવૉલ્વર ક્યાં છે પણ મને એ ખ્યાલ છે કે ઇન્જેક્શન ક્યાં છે. આવો મારી સાથે." અને તે ઘરની બહાર નીકળી ડાઇનિંગ રૂમની બારી પાસે ગયા.

બારીથી થોડે દૂર ઇન્જેક્શન પડેલું. એની પાસે જ ચિનાઈ માટીનું એક તૂટેલું પૂતળું પડેલું.

બ્લોરે કહ્યું, "જોયું! મને ખાતરી હતી કે ઇન્જેક્શન આ જગ્યાએ મળશે. ખૂનીએ મિસ બ્રેન્ટની હત્યા કરી ઇન્જેક્શન બારીમાંથી ફેંકી દીધું હશે અને પછી ડાઇનિંગ ટેબલ પરથી પૂતળું ઉઠાવી અહીં ફેંક્યું હશે!" ઇન્જેક્શન પર આંગળીની છાપનું કોઈ નિશાન નહોતું. તેને સાફ કરી દેવામાં આવેલું.

વેરાએ દૃઢતાપૂર્વક કહ્યું, "હવે તો આપણે રિવૉલ્વરની તપાસ કરવી જ જોઈએ."

વોરગ્રેવે સંમતિ આપતા કહ્યું, "ચોક્કસ. પણ આપણે બધા સાથે રહીને તપાસ કરીએ. આપણે છૂટા પડીએ છીએ ત્યારે હત્યારાને તક મળી જાય છે."

બધાંએ સાથે રહીને ઘરનો ખૂણેખૂણો તપાસ્યો પણ કોઈ જગ્યાએથી રિવૉલ્વર મળી નહીં

13

ભયનું સામ્રાજ્ય

1

આપણામાંથી જ કોઈ એક પાગલ ખૂની છે... આપણામાંથી જ કોઈ એક છે.

પાંચ જણાના મનમાં આ વિચાર સતત ઘૂમરાતો હતો. બધાં ડરેલાં હતાં, એકબીજાંને શંકાથી જોતાં હતાં. હવે તો કોઈ પોતે નોર્મલ છે એવો દેખાડો પણ નહોતું કરતું. બધાના ચહેરા પર ટૅન્શન દેખાતું હતું. હવે કોઈ એકબીજા સાથે મૈત્રીભાવે વાત નહોતું કરતું. પાંચેય જણા એકબીજાના શત્રુ હોય અને ફક્ત મોતથી બચવા માટે એકબીજાનો સહારો લઈ રહ્યાં હોય તેવું લાગતું હતું.

દરેકના વર્તનમાં પણ ફેર પડી ગયેલો. હવે દરેક વ્યક્તિમાં મનુષ્યમાં સહજ હોય તેવી સહકારની ભાવનાને બદલે પશુમાં સહજ હોય તેવી સ્વબચાવની વૃત્તિ દેખાતી હતી.

કાચબો જેમ પોતાના કવચમાં અંગ સંકોરીને બેસી જાય, એ રીતે જજ વોરગ્રેવ થોડા ઝૂકીને બેઠા હતા. ફક્ત એમની ચકોર આંખો બધે ફરતી રહેતી.

બ્લોર કોઈ સ્થૂળ પ્રાણીની જેમ ધીમી ચાલે ફરતા હતા. વિખરાયેલા વાળ અને લાલચોળ આંખોવાળો તેમનો ચહેરો ક્રૂરતા દર્શાવતો હતો, જાણે હમણાં કોઈની ઉપર હુમલો કરશે!

લોમ્બાર્ડની ચપળતા અને ઝડપમાં ઘટાડો નહીં પણ વધારો થયેલો! જરાપણ અવાજ થતો તો તે સાવચેત થઈ જતો. ઘણીવાર એ ક્રૂર સ્મિત પણ કરતો.

વેરા બહુ શાંત થઈ ગઈ હતી. લગભગ આખો દિવસ તે ખુરશીમાં બેસી રહેતી અને શુષ્ક, ભાવહીન આંખોથી બધું જોતી રહેતી. જેમ કોઈ બારી સાથે અથડાઈને ભયભીત થયેલા પક્ષીને ઘરમાં લવાયું હોય અને તે પક્ષી જે રીતે ડરીને સ્થિર બેસી રહે, તે જ રીતે વેરા શરીર સંકોરીને પૂતળાની જેમ સ્થિર બેસી રહેતી, જાણે એમ માનતી હોય કે આમ કરવામાં જ સલામતી છે.

આર્મસ્ટ્રોંગની દશા સૌથી વધુ ખરાબ અને દયાપાત્ર હતી. તેમના હાથ ધ્રૂજતા રહેતા. તે વારંવાર સિગરેટ સળગાવતા પણ એકબે દમ મારીને બુઝાવી દેતા હતા. આ રીતે કાંઈ કર્યા વિના બેઠા

રહેવું એમના માટે અસહ્ય હતું. તે વારંવાર બોલી ઊઠતા, "આપણે *કાંઈક* કરવું જોઈએ. આમ બેઠાં રહેવાથી શું વળવાનું? આપણે *કાંઈક* તો કરી શકીએ ને? ચાલો તાપણું સળગાવીએ"

બ્લોરે પૂછ્યું, "આ વરસાદમાં?" બહાર ધોધમાર વરસાદ પડતો હતો અને પવનના સુસવાટા સંભળાતા હતા. બારી પર પડતા વરસાદનો અવાજ અંદર બેઠેલા બધાંને પાગલ કરી મૂકતો હતો.

પાંચેય જણાં ડ્રોઇંગ રૂમમાં સાથે બેસી રહેતાં. એક સમયે એક જ વ્યક્તિ રૂમની બહાર જાય અને એ પાછી ન આવે ત્યાં સુધી બાકીના ચાર એની રાહ જોઈને બેસી રહે તેવો વણબોલ્યો નિયમ બધાંએ અપનાવેલો.

લોમ્બાર્ડે કહ્યું, "બસ, થોડા સમયમાં જ વરસાદ અટકી જશે પછી આપણે તાપણું સળગાવીશું અથવા તરાપો બનાવીશું."

આર્મસ્ટ્રોંગ અચાનક મોટેથી હસીને બોલ્યા, *થોડા સમયમાં* એમ? અરે આપણી કોઈની પાસે સમય ક્યાં છે? બધાં મોતના આરે ઊભાં છીએ. કોઈ બચવાનું નથી."

જજ વોરગ્રેવે શાંત અવાજમાં દૃઢતાપૂર્વક કહ્યું, "*આપણે બધાં સાવચેત રહીએ તો એવું નહીં બને.* આપણે બહુ સાવચેત રહેવાનું છે."

બપોરે બધાંએ સાથે લંચ લીધું. ફ્રીઝમાં જાતજાતની વાનગીઓના ટીન પડેલા જેમાંથી બધાંએ પોતાની મનગમતી વાનગી લઈને ટેબલની પાસે ઊભાં રહીને ખાધી. ફરી પાછાં બધાં ડ્રોઇંગ રૂમમાં આવ્યાં અને બેસીને એકબીજાંને જોતા બેસી રહ્યાં.

દરેકના મનમાં વિચારોનું ઘમસાણ ચાલતું હતું.

"મને તો લાગે છે કે *આ આર્મસ્ટ્રોંગ જ હત્યારો છે.* મારી સામે તીરછી નજરે જોતો હતો અને એની આંખો કેવી ચકળવકળ થાય છે! શું સાચે જ એ ડૉક્ટર છે? ના! એ ડૉક્ટર નથી લાગતો. એ તો મેન્ટલ હૉસ્પિટલમાંથી ભાગીને આવેલો કોઈ પાગલ જણાય છે જે ડૉક્ટર થવાનો ઢોંગ કરે છે."

હું બધાંને કહી દઉં? ના... એનાથી તો એ સાવચેત થઈ જશે! અત્યારે તો કેવો ડાહ્યોડમરો લાગે છે!

કેટલા વાગ્યા? ઓહ, હજુ તો સવા ત્રણ જ થયા છે. જો આ આર્મસ્ટ્રોંગ ફરીવાર મને જોઈ રહ્યો છે."

"આ પાગલ ખૂની મને કાંઈ નહીં કરી શકે. હું એને પહોંચી રહીશ. આની પહેલા પણ હું આવી કપરી પરિસ્થિતિમાંથી સલામત બહાર આવ્યો છું. પેલી રિવૉલ્વર ક્યાં છે? કોણ લઈ ગયું? જોકે બધાની તલાશી લેવામાં આવેલી ત્યારે કોઈ જગ્યાએથી રિવૉલ્વર નહોતી મળી, પરંતુ એ વાત નક્કી છે કે *કોઈકને ખબર છે કે રિવૉલ્વર ક્યાં છે.*"

"બધાં મૃત્યુના ભયથી પાગલ થઈ ગયાં છે. મને પણ મૃત્યુનો ભય લાગે છે પણ તેને કારણે મૃત્યુ અટકી નથી જવાનું! કોઈ જગ્યાએ વાંચેલું કે *શબવાહિની દરેકના દ્વારે ઊભી છે.* હું આ યુવતી પર નજર રાખીશ.. તે ખતરનાક લાગે છે."

"હજુ તો ચાર વાગવામાં વીસ મિનિટ બાકી છે. ઘડિયાળ બંધ પડી ગઈ લાગે છે! કાંઈ સમજાતું નથી કે આ બધું શું થઈ રહ્યું છે! શું આ કોઈ ખરાબ સપનું છે? મારે વિચાર કરવાની જરૂર છે પણ મગજમાં કાંઈ આવતું નથી. માથું ભારે ભારે લાગે છે, જાણે હમણાં ફાટી જશે... ઓહ ગૉડ! આ શું થઈ રહ્યું છે... કેટલા વાગ્યા? હજુ પોણા ચાર જ થયા છે."

"મારે શાંત રહેવાની જરૂર છે. હું જો સ્વસ્થ રહીશ તો બધું બરાબર થઈ જશે. કોઈને શંકા ન પડવી જોઈએ. આ બધું કોણ કરે છે? તે જ મોટો પ્રશ્ન છે. મને અંદાજ છે, ના ખાતરી છે કે એ કોણ છે?"

ઘડિયાળમાં પાંચના ટકોરા પડ્યા અને બધાં સજાગ થઈ ગયાં.

વેરાએ પૂછ્યું, "કોઈને ચા જોઈએ?"

થોડા સમય પછી બ્લોર બોલ્યા, "હું એક કપ લઈશ."

વેરાએ કહ્યું, "હું બનાવીને લાવું છું. તમે બધાં અહીં બેસો."

જજ વોરગ્રેવે તરત કહ્યું, "મિસ ક્લેથોર્ન, અમે બધાં તમારી સાથે કિચનમાં આવીને તમે ચા બનાવો તે જોઈશું."

વેરા થોડીવાર એમની સામું જોઈ રહી અને પછી હસીને બોલી, "ઓહ, હું તો ભૂલી જ ગઈ. તમે બધાં તો એ જ પસંદ કરો ને!"

પાંચેય જણા કિચનમાં ગયાં. વેરાએ ચા બનાવી જે તેણે અને બ્લોરે પીધી. બીજા ત્રણ જણાએ વ્હીસ્કીની નવી બૉટલ ઉઘાડીને એક એક પેગ પીધો.

જજ વોરગ્રેવ મર્માળુ હસીને બોલ્યા, "આપણે બધાંએ બહુ સાવચેત રહેવાની જરૂર છે."

બધાં ડ્રોઇંગ રૂમમાં પાછાં ગયાં. અંધારું થઈ ગયું હતું એટલે લોમ્બાર્ડે સ્વીચ ઓન કરી પણ લૅમ્પ ઓન ન થયા એટલે એ બોલ્યો, "ઓહ, આજે કોઈએ એન્જિન શરૂ નથી કર્યું. રોજર્સ સિવાય કોણ કરે?" થોડું અટકીને એણે કહ્યું, "હું જઈને એન્જિન શરૂ કરી આવું."

વોરગ્રેવે કહ્યું, "કિચનના કબાટમાં મીણબત્તી પડી છે. એનો ઉપયોગ કરીએ."

લોમ્બાર્ડ મીણબત્તી તથા પ્લેટ્સ લઈને આવ્યો અને તેણે પાંચ મીણબત્તી સળગાવી, પ્લેટમાં મૂકીને રૂમમાં જુદી જુદી જગ્યાએ ગોઠવી.

અંધારું થઈ ગયું હતું પણ હજુ પોણા છ જ વાગેલા.

અડધા કલાક પછી વેરા માટે રૂમમાં બેસવું અસહ્ય થઈ પડ્યું. એણે કહ્યું, "મને માથું ભારે લાગે છે અને લમણામાં કળતર થાય છે. રૂમમાં જઈને ઠંડા પાણીએ સ્નાન કરી આવું છું." અને તે રૂમના બારણા સુધી ગઈ. કાંઈક યાદ આવ્યું હોય તેમ તે પાછી આવી અને એક મીણબત્તી સળગાવી, પ્લેટમાં મૂકીને પોતાની સાથે લઈ ગઈ. ચાર પુરુષો રૂમમાં રહ્યા અને વેરા પગથિયા ચડીને પોતાના રૂમ તરફ ગઈ.

વેરાએ પોતાના રૂમનું બારણું ખોલ્યું અને અચાનક અટકી ગઈ. દરિયાની ગંધથી એનું નાક ભરાઈ ગયું પણ આ સોલ્જર ટાપુના દરિયાની ગંધ નહોતી. આ તો સેઇન્ટ ટ્રેડેનીકના દરિયાની ગંધ હતી! એ જ દરિયો જયાં સિરિલ તરવાની જીદ કરીને દૂર દૂર નીકળી ગયેલો.

"મિસ ક્લેથોર્ન, હું તરીને પેલા ખડક સુધી જાઉં?"

"તમે મને તરીને જવાની ના કેમ પાડો છો?"

સિરિલ કેટલો જીદ્દી અને મોઢે ચડાવેલો છોકરો હતો! એ ન હોત તો હ્યુગો પાસે પૈસા હોત અને હ્યુગો પોતાને ગમતી યુવતી સાથે લગ્ન કરી શક્યો હોત.

હ્યુગો, હ્યુગો તેની પાસે જ હતો? કે પછી રૂમમાં તેની રાહ જોઈને બેઠો હતો?

વેરા એક ડગલું આગળ વધી ત્યાં હવાની એક લહેર આવી અને મીણબત્તી ઓલવાઈ ગઈ.

સાવ અંધારું થઈ ગયું એટલે વેરાને ડર લાગ્યો પણ હિંમત ટકાવવા તે મનમાં બોલી, "ડરવા જેવું કાંઈ નથી. પેલા ચાર તો નીચે

બેઠા છે. આ રૂમમાં બીજું કોઈ નથી, તને વહેમ છે.'

પરંતુ તેના નાકમાં જે સેઇન્ટ ટ્રેડેનીકના દરિયાની ગંધ આવતી હતી તે વહેમ નહોતો, તે હકીકત હતી. ત્યાં અચાનક તેણે કોઈના પગલાનો અવાજ સાંભળ્યો. રૂમમાં નક્કી કોઈ હાજર હતું.

વેરા ધ્યાનથી સાંભળતી હતી ત્યાં અચાનક તેના ગળા આસપાસ એક ઠંડો, ભીનો હાથ વીંટળાયો.

2

વેરાએ મોટેથી ચીસ પાડી. તેનો ભયથી ધ્રૂજતો મોટો અવાજ આખા ઘરમાં ગુંજી રહ્યો. નીચે ડ્રોઇંગ રૂમનું બારણું ખૂલ્યું અને કોઈ દોડીને દાદર ચડવા લાગ્યું હોય એવો અવાજ આવ્યો પણ વેરાએ આમાંનું કાંઈ સાંભળ્યું નહોતું. એ તો બસ, ડરની મારી ચીસો પાડતી રહી.

ત્યાં લૉબીમાં પ્રકાશ દેખાયો. બ્લોર, લોમ્બાર્ડ અને આર્મસ્ટ્રોંગ રૂમમાં દોડી આવ્યા.

"વેરા, શું થયું? કેમ આટલી ચીસો પાડે છે? અરે જણાવ તો ખરી કે શું થયું?"

વેરા ધ્રૂજતી હતી. તેણે બોલવા પ્રયત્ન કર્યો પણ કાંઈ કહી શકે તે પહેલા તે બેહોશ થઈને ઢળી પડી. અર્ધજાગ્રત અવસ્થામાં તેણે અનુભવ્યું કે કોઈ એના માથા પર હળવેથી હાથ ફેરવતું હતું.

ત્યાં અચાનક કોઈનો અવાજ સંભળાયો, "ઓ ગૉડ! અરે, જુઓ તો ખરા, આ શું છે?"

વેરાએ આંખો ખોલી અને બધા જે જોતાં હતા તે તરફ નજર કરી, તો જોયું કે છત પરથી દરિયામાં ઊગતી શેવાળ લટકતી હતી. અંધારામાં વેરા આ શેવાળ સાથે અથડાયેલી જેને કારણે એને લાગેલું કે કોઈ તેનું ગળું દબાવે છે.

વેરા મોટેથી પાગલની જેમ હસવા લાગી, "ઓહ, આ તો શેવાળ છે, ફક્ત શેવાળ. એને કારણે જ મને સેઇન્ટ ટ્રેડેનીકના દરિયાની ગંધ આવતી હતી." આટલું બોલી રહ્યા બાદ એને ફરીવાર ચક્કર આવ્યા અને સખત ઊબકા આવા લાગ્યા. કોઈએ તેનું હળવેથી માથું પકડી અને તેના ગોઠણ વચ્ચે મૂક્યું.

ઘણો સમય વીત્યા બાદ વેરાને આછો અવાજ સંભળાયો. કોઈએ તેના હોઠ પર ગ્લાસ મુકીને કહ્યું, "લે, આ પી લે." વેરાને બ્રાન્ડીની સુગંધ આવી અને તેણે આભારવશ બનીને ગ્લાસ

હાથમાં લીધો. ત્યાં જ તેના મગજમાં ખતરાની ઘંટી વાગી હોય તે રીતે તેણે ગ્લાસ દૂર હડસેલીને પૂછ્યું, "આ બ્રાન્ડી ક્યાંથી લાવ્યા?"

બ્લોર થોડીવાર તેની સામે જોઇ રહ્યો પછી તેણે કહ્યું, "હું આ બ્રાન્ડી નીચેથી લઈ આવ્યો છું."

વેરા શંકા અને ભય ભરેલા અવાજમાં બોલી ઊઠી, "ના, હું આ બ્રાન્ડી નહી પીઉં."

થોડીવાર બધાં સ્તબ્ધ થઈ ગયાં. પછી લોમ્બાર્ડે કહ્યું, "એક રીતે સારું જ છે કે તું આ બ્રાન્ડી પીવાની ના પાડે છે. એને કારણે એટલી તો ખબર પડે છે કે તું પૂરેપૂરા ભાનમાં આવી ગઈ છો અને તને બધું યાદ છે. O.K. હું નવી બૉટલ લઈને આવું છું જે તું જ ખોલજે."

આટલું કહી લોમ્બાર્ડ રૂમની બહાર ગયો. વેરાએ કહ્યું, "મને હવે સારું લાગે છે. હું થોડું પાણી પીશ." આર્મસ્ટ્રોંગનો ટેકો લઈ તે ઊભી થઈ અને જરા લથડતી ચાલે બેઝિન પાસે જઈ તેણે ગ્લાસમાં પાણી ભર્યું,

આ જોઈ બ્લોર જરા ગુસ્સે થઈને બોલ્યો, "હું જે બ્રાન્ડી લાવ્યો તે સારી જ હતી."

"તમે એ કઈ રીતે કહી શકો?" આર્મસ્ટ્રોંગનો પ્રશ્ન સંભળાયો. બ્લોરે ગુસ્સે થઈને જવાબ આપ્યો, "મેં એમાં કાંઈ ભેળવી નહોતું દીધું. તું એ જ પૂછે છે ને?"

આર્મસ્ટ્રોંગે કહ્યું, "હું એમ નથી કહેતો કે તમે કાંઈ ભેળવી દીધું છે. હું તો એટલું જ કહું છું કે તમે અથવા બીજા કોઈએ આવું કર્યું હોય તે શક્ય છે."

લોમ્બાર્ડ હાથમાં બ્રાન્ડીની નવી બૉટલ અને તેનું ઓપનર લઈને રૂમમાં આવ્યો અને વેરાને દેખાડીને કહ્યું, "જોઈ લે, આનું સીલ હજુ અકબંધ છે અને તારી સામે જ બૉટલ ખોલું છું. સારું છે કે Mr. U. N. Owen એ અહીં ડ્રિન્કસનો સારો સ્ટોક રાખ્યો છે." તેણે ગ્લાસ ભરીને વેરાને આપ્યો.

વેરાએ થોડી બ્રાન્ડી પીધી અને તેના ચહેરા પર જરા લાલી આવી.

લોમ્બાર્ડે હસીને કહ્યું, "ચાલો, આ વખતે એ પાગલ હત્યારાનો ઇરાદો પૂરો ન થયો."

વેરા આભી બનીને તેની સામે જોઈ રહી અને ધીમેથી બોલી, "શું મારી હત્યા કરવા..."

લોમ્બાર્ડે કહ્યું, "તેનો ઇરાદો તને એટલી બધી ડરાવવાનો હતો કે તારું હાર્ટફેઇલ થઈ જાય! ઘણા લોકો ડરના માર્યા મૃત્યુ પામે છે, હું સાચું કહું છું ને ડૉક્ટર?"

આર્મસ્ટ્રોંગે થોડું વિચારીને અભિપ્રાય આપ્યો, "ચોક્કસ એવું થાય જ એમ કહેવું મુશ્કેલ છે. યુવાન વયની વ્યક્તિ, જેને હાર્ટની તકલીફ ન હોય તેનું મૃત્યુ આ રીતે ન થાય. જો ઉંમરલાયક માણસ હોય અને હાર્ટની તકલીફ હોય તો...." આમ વાત કરતા એમણે બ્રાન્ડીના ગ્લાસમાં આંગળી બોળી અને પોતાની જીભ પર લગાડીને બોલ્યા, "હમમ... ટેસ્ટ બરાબર છે. આમાં કાંઈ ભેળવ્યું નથી."

બ્લોર એકદમ ક્રોધમાં આવીને બોલ્યો, "જો તમે એમ કહેવા માંગતા હો કે મે આમાં કાંઈ ભેળવ્યું છે તો એક હું તમારું જડબું તોડી નાખીશ!"

વેરાએ વાત વાળી લેતા કહ્યું, "જજ સાહેબ ક્યાં છે?"

લોમ્બાર્ડ, બ્લોર અને આર્મસ્ટ્રોંગ એકબીજાની સામે જોઈ રહ્યા.

"અરે! મને એમ કે એ આપણી સાથે ઉપર આવ્યા છે." લોમ્બાર્ડે કહ્યું.

બ્લોરે કહ્યું, "મને પણ એવો જ ખ્યાલ હતો. ડૉક્ટર, તમને ખબર છે? તમે સૌથી છેલ્લા આવ્યા હતા."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "મને તો એમ જ લાગેલું કે એ આપણી પાછળ આવે છે. આમ પણ એ વૃદ્ધ છે એટલે ધીમે ધીમે ચાલે છે. તેમણે ફરીવાર એકબીજા સામે જોયું, લોમ્બાર્ડ બોલ્યો, "કાંઈક વિચિત્ર લાગે છે."

બ્લોરે કહ્યું, "ચાલો આપણે જોઈએ કે જજ ક્યાં છે." કહીને તે દોડીને રૂમની બહાર ગયા. આર્મસ્ટ્રોંગ, લોમ્બાર્ડ તરત તેમની પાછળ ગયા અને છેલ્લે વેરા રૂમમાંથી નીકળી. આર્મસ્ટ્રોંગે કહ્યું, "કદાચ એ હજુ ડ્રોઇંગ રૂમમાં જ બેઠાં હશે."

ડ્રોઇંગ રૂમ પાસે પહોંચીને આર્મસ્ટ્રોંગે બુમ પાડી, "જજ વોરગ્રેવ, જજ વોરગ્રેવ, તમે ક્યાં છો?"

રૂમમાંથી કોઈ જવાબ ન આવ્યો. ઘરમાં સ્મશાનવત શાંતિ હતી. ફક્ત બહાર પડતા વરસાદનો આછો અવાજ આવતો હતો. ડ્રોઇંગ

રૂમના બારણા પાસે પહોંચી આર્મસ્ટ્રોંગ પૂતળાની જેમ ઊભા રહી ગયા! બીજા ત્રણેય જણાએ રૂમની અંદર નજર નાખી અને બધાં થીજી ગયાં! કોઈના ગળામાંથી આછી ચીસ નીકળી ગઈ.

જજ વોરગ્રેવ ડ્રોઇંગ રૂમના એક ખૂણા પર ખુરશીમાં બેઠા હતા. તેમની આસપાસ બે મીણબત્તી સળગતી હતી. સૌથી વધુ આઘાત અને આશ્ચર્ય ઉપજાવે એવી એ વાત હતી કે જજ વોરગ્રેવના ખભા આસપાસ લાલ ચાદર વીંટળાયેલી હતી, જાણે તે પોતાની કોર્ટમાં ગાઉન પહેરીને બેઠા હોય! તેમના માથા પર ઉનમાંથી બનેલી વિગ હતી, તે પણ જજના પરિવેશનો ભાગ હતી.

ડૉક્ટર આર્મસ્ટ્રોંગે બધાને ઇશારાથી રૂમમાં આગળ વધતા અટકાવ્યા અને પોતે ધીમે પગલે ચાલીને જજ વોરગ્રેવ પાસે ગયા. તેમણે વોરગ્રેવનો ચહેરો ઝીણવટપૂર્વક તપાસ્યો. પછી તેમણે એક જ ઝાટકે જજના માથા પર ઉનની બનેલી વિગ હતી તે કાઢી નાખી. જજના મોટા કપાળની બરાબર વચ્ચે એક લાલ, ગોળ નિશાન હતું જેમાંથી લોહી ટપકતું હતું. આર્મસ્ટ્રોંગે જજની પલ્સ તપાસી અને બધા તરફ ફરીને બોલ્યા, *"તેમની હત્યા ગોળી મારીને કરવામાં આવી છે."*

બ્લોરે કહ્યું, "ઓહ ગૉડ! *પેલી ચોરાયેલી રિવૉલ્વર!"* ડૉક્ટરે વધુ માહિતી આપી. "તેમના માથામાં ગોળી મારવામાં આવી છે. ગોળી વાગ્યા પછી તરત જ તેમનું મૃત્યુ થયું હશે."

વેરાએ જજે પહેરેલી વિગ હાથમાં લીધી અને આઘાતથી ડરેલા ધીમા અવાજે કહ્યું, "આ તો મિસ બ્રેન્ટના ઉનની કોકડી છે જે ગુમ થઈ ગયેલી!"

બ્લોરે કહ્યું, "અને પેલો લાલ ગાઉન. એ તો બાથરૂમમાંથી ચોરાયેલો પડદો હતો ને?"

વેરાએ ધીમેથી કહ્યું, "આટલા માટે જ કોઈ લાલ પડદો અને ઉનની કોકડી ચોરી ગયેલું."

અચાનક લોમ્બાર્ડ અટ્ટહાસ્ય કરીને બોલ્યોઃ

પાંચ નાના સિપાહી કાયદાની કોર્ટે ગયા
એક જોડાયો અદાલતે, હવે ચાર રહ્યા.

બસ! આ જસ્ટિસ વોરગ્રેવના જીવનનો અંત છે. હવે એ ગાઉન પહેરીને, કોર્ટમાં બેસીને ઑર્ડર નહીં આપે. હવે એ કોઈ નિર્દોષને ફાંસીની સજા આપી તેના મોત તરફ નહીં ધકેલે. આહા!

આજે જો એડવર્ડ સેટોન અહીં હોત તો તે કેટલો ખુશ થાત, ઓહ ગૉડ, એ કેટલો ખુશ થાત!"

તેની લવારી સાંભળીને બાકી બધાં જરા ચોંકી ગયાં. વેરાએ કહ્યું, "લોમ્બાર્ડ, આજે સવારે જ તેં કહેલું કે જસ્ટિસ વોરગ્રેવ હત્યારા છે."

લોમ્બાર્ડ એકદમ શાંત થઈ ગયો અને ગંભીર થઈને બોલ્યો, "હા, મને યાદ છે કે મેં આવું કહેલું. હું ખોટો હતો. કમભાગ્યે ફરી એકવાર એવું બન્યું કે કોઈક નિર્દોષ સાબિત થયું છે *પણ બહુ મોડું થઈ ગયું ત્યારે.*"

14
લાપતા આર્મસ્ટ્રૉંગ

1

ત્રણ જણા થઈને વોરગ્રેવના દેહને તેમના રૂમમાં લઈ ગયા અને તેને પલંગ પર મૂકી પાછા નીચે આવ્યા. બ્લોરે પૂછ્યું, "હવે શું કરીશું?"

લોમ્બાર્ડે કહ્યું, "પહેલા થોડું ખાઈ લઈએ. પેટમાં કાંઈક નાખવું પડશે."

કિચનમાં જઈને બધાએ મનપસંદ વાનગીના ટીન ખોલીને યંત્રવત જમવાનું શરૂ કર્યું. ખાવામાં કોઈનું મન નહોતું. વેરાએ કહ્યું, "મને આ ટીન કરેલી વાનગીઓ ખાવાનો એવો તો કંટાળો આવ્યો છે!"

જમવાનું પતાવીને ચારેય જણા ટેબલ પર એકબીજા સામે જોતા બેસી રહ્યા. થોડીવાર પછી બ્લોરે ઊંડો શ્વાસ લઈને કહ્યું, "આપણે ચાર બચ્યા છીએ. *હવે કોનો વારો છે?"*

આર્મસ્ટ્રૉંગ એની સામે જોઈને બોલ્યા, "આપણે બધાંએ બહુ સાવચેત રહેવાનું...."

બ્લોરે કહ્યું, "જજ વોરગ્રેવે આ જ વાત કરેલી અને હવે એ હયાત નથી."

આર્મસ્ટ્રૉંગે કહ્યું, "મને વિચાર આવ્યા કરે છે કે તેમની હત્યા કઈ રીતે થઈ હશે?"

લોમ્બાર્ડે ગુસ્સો કરીને કહ્યું, "ત્યાં જ એ હરામી આપણને છેતરી ગયો! એણે મિસ ક્લેથોર્નના રૂમમાં પેલી લીલ લટકાવી દીધી. એમની ચીસો સાંભળીને આપણને એમ થયું કે એ ખતરામાં છે એટલે બધા ઉપરની તરફ દોડ્યાં. આ બધાંમાં જે ધાંધલ થઈ તેનો લાભ લઈ કોઈકે જજ વોરગ્રેવના રામ રમાડી દીધા."

બ્લોરે શંકા વ્યક્ત કરી, "પણ કોઈએ રિવૉલ્વરનો અવાજ કેમ ન સાંભળ્યો?"

લોમ્બાર્ડે સમજાવ્યું, "ક્યાંથી સાંભળે? મિસ ક્લેથોર્ન ચીસાચીસ કરતા હતા, બહાર વાવાઝોડાનો અવાજ આવતો હતો. આપણે ત્રણેય દોડતાં હતાં અને મિસ ક્લેથોર્નને બૂમ પાડીને બોલાવતા

હતા. આમાં રિવૉલ્વરનો અવાજ ક્યાંથી સંભળાય?" થોડો વિચાર કરીને તેણે વાત ચાલુ રાખતા કહ્યું, "પણ હવે આ ચાલાકી નહીં ચાલે. હવે આ પાગલે બીજી તરકીબ અજમાવવી પડશે."

બ્લોરે જરા અણગમા સાથે કહ્યું, "હા, એ કદાચ બીજી તરકીબ અજમાવશે."

આર્મસ્ટ્રોંગ બોલ્યા, "આપણે ચાર જણા છીએ પણ કોઈને ખબર નથી કે...."

બ્લોરે તરત કહ્યું, "મને ખબર છે."

વેરા બોલી, "હું પણ જાણું છું અને મને જરાપણ શંકા નથી કે હું ખોટી હોઉં."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "મને લાગે છે કે મારો અંદાજ સાચો છે કે આ બધું કોણ કરે છે."

લોમ્બાર્ડે કહ્યું, "હવે મને ખબર પડી ગઈ છે." આટલું બોલી બધાં એકબીજાં સામે જોઈ રહ્યાં.

વેરા ઊભી થઈને બોલી, "હું બહુ થાકી ગઈ છું અને સૂવા જાઉં છું.

લોમ્બાર્ડે કહ્યું, "O.K. Good night. આમ પણ અહીં બેસીને એકબીજાનાં મોઢાં જોવાથી કાંઈ વળવાનું નથી."

બ્લોરે કહ્યું, "ઠીક છે, બધાં સૂઈ જઈએ."

આર્મસ્ટ્રોંગે કહ્યું, "હા, એ સારામાં સારું છે, પણ ઊંઘ કોને આવશે?"

બધાં ડ્રોઇંગ રૂમના બારણા પાસે પહોંચ્યાં ત્યારે બ્લોરે પૂછ્યું, *"પેલી રિવૉલ્વર ક્યાં છે?"*

2

બધાં બીજે માળે જઈ પોતપોતાના રૂમમાં ગયાં. બધાં રૂમમાંથી દરવાજો અંદરથી લોક થવાના અને ફર્નિચર ખસેડાતું હોય તેવા અવાજ સંભળાયા. આગલી રાતની જેમ જ આજે પણ બધાએ રૂમનું બારણું અંદરથી લોક કરીને હેન્ડલ નીચે ખુરશી મૂકી દીધેલી.

3

લોમ્બાર્ડ બારણું અંદરથી બંધ કરીને ડ્રેસિંગ ટેબલ પાસે ગયો. મીણબત્તીના ઝાંખા પ્રકાશમાં કાચમાં જોઈને તેણે ધીમેથી કાચમાં દેખાતા ચહેરાને કહ્યું, "હમમ... આ બધી ઘટનાથી તું પણ જરા હલબલી ગયો છે ને?" આટલું કહેતા તેના મોઢા પર ક્રૂરતાભર્યું સ્મિત આવ્યું.

નાઈટડ્રેસ પહેરીને લોમ્બાર્ડે કાંડાઘડિયાળ કાઢીને બેડ પાસેના ટેબલ પર મૂકી. ત્યારબાદ ટેબલનું ડ્રોઅર ખોલ્યું ત્યારે તેની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ!

તેની 'ખોવાયેલી' રિવૉલ્વર ડ્રોઅરમાં પડી હતી!

4

વેરા ક્લેથોર્ન પથારીમાં પડી હતી. બાજુના ટેબલ પર મીણબત્તી સળગતી હતી. વેરાને અંધારામાં બીક લાગતી હતી.

તે પોતાની જાતને કહેતી હતી, *સવાર સુધી કાંઈ થવાનું નથી. ગઈકાલે રાતે પણ કાંઈ નહોતું થયું એમ આજે રાતે પણ નહીં થાય. કશું થાય તેવી શક્યતા જ નથી. જો, તારો રૂમ અંદરથી બંધ છે. તારી પાસે કોઈ ફરકી પણ નહીં શકે. પછી શું કામ બીક રાખવી?*

વેરાને વિચાર સ્ફુર્યો 'હા, હું અહીં જ, આ રૂમમાં જ રહી શકું! ખાવા માટે પણ બહાર શું કામ જવું? બે-ત્રણ દિવસ નહીં ખાઉં તો મરી નહીં જાઉં. બસ, કોઈ મદદ માટે ન આવે ત્યાં સુધી અહીં જ રહેવામાં સલામતી છે.'

પણ એટલો લાંબો સમય એકલા રહી શકાય? કલાકો સુધી કોઈની સાથે બોલ્યા વિના શું કરવાનું? બસ, *વિચાર કર્યા* કરવાના?'

વેરાને કોર્નવેલના વિચારો આવવા લાગ્યા. હ્યુગો અને સિરિલ યાદ આવ્યા.

સિરિલ કેવો જીદી છોકરો હતો! વારંવાર એકની એક વાત કરીને વેરાને હેરાન કરતો રહેતો. *"મિસ ક્લેથોર્ન, પ્લીઝ મને પેલા ખડક સુધી તરીને જવા દો ને! હું ત્યાં સુધી તરી શકીશ. મને ખબર છે કે હું ચોક્કસ તરી શકીશ. પ્લીઝ, જવા દો ને!"*

હ્યુગોએ શું કહેલું? "સિરિલ આવ્યો એટલે મને મિલકતમાં ભાગ નહીં મળે. પૈસા વિના લગ્ન કેવી રીતે થાય? સિરિલ ન હોત તો જુદી વાત હતી."

વેરાને વિચાર આવ્યો કે ત્યારબાદ તેણે જે કર્યું એમાં આ વાત કારણભૂત હતી?

કેટલીય વાર ના પાડ્યા પછી પણ સિરિલ જીદ છોડતો નહોતો એટલે એક દિવસ અચાનક વેરાએ સિરિલને કહેલું, *"મને પણ ખબર છે કે તું તરીને તે ખડક પર જઈ શકીશ."*

સિરિલ ઉત્સુકતાથી બોલ્યો, "તો હું જાઉં મિસ ક્લેથોર્ન?"

વેરાએ કહ્યું "હા, પણ તારી મમ્મીને તારી બહુ ફિકર રહે છે. એટલે આવતીકાલે હું એમને વાતોમાં રોકી રાખીશ. તું તરીને સામા ખડક પર પહોંચી જજે. પછી તારી મમ્મી તને શોધશે ત્યારે તું ખડક પરથી તેને હાથ હલાવીને કહેજે, "મમ્મી, હું આ રહ્યો!"

હ્યુગો બીજે દિવસે બહારગામ જવાનો હતો. તે પાછો આવે ત્યાં સુધીમાં તો બધું પૂરું થઈ જવાનું હતું.

કદાચ કાંઈ પ્રૉબ્લેમ થાય તો? સિરિલ બચી જાય તો? પછી તો સિરિલ એમ જ કહે ને કે *"મિસ ક્લેથોર્ને મને હા પાડેલી."* તો પણ વેરાને તકલીફ થાય તેવું નહોતું. એ તો એમ કહી જ દેત કે *સિરિલ જૂઠું બોલે છે, મેં એને હા પાડી જ નથી.* જોકે કોઈ પ્રૉબ્લેમ થવાનો સવાલ જ નહોતો. એ પોતે સિરિલને બચાવવા તેની પાછળ પાછળ તરીને જાય છે તેવો ઢોંગ કરવાની હતી અને સિરિલને 'બચાવવામાં' મોડી પડી તેવો આભાસ ઊભો કરવાની હતી. કોઈને શક પડે તેવું નહોતું.

હ્યુગોને શક પડ્યો હશે? એટલા માટે જ એ પાછો આવ્યો ત્યારે તે સાવ અજાણ્યાની જેમ વેરા સામે જોઈ રહેલો? હકીકતમાં શું બનેલું તેની તેને ખબર પડી ગઈ હશે? એટલા માટે જ એ કોર્ટની તપાસ પૂરી થઈ કે તરત જતો રહેલો?

વેરાએ એને એક પત્ર લખ્યો. તેનો જવાબ પણ હ્યુગોએ નહોતો આપ્યો.

ઓહ હ્યુગો...

વેરા વર્તમાન સમયમાં આવી. પથારીમાં પડખું ફરતા તેણે વિચાર્યું 'મારે હ્યુગો વિષે વિચાર જ ન કરવો જોઈએ. એની યાદ બહુ પીડા આપે છે.' એ બધું ક્યારનું પૂરું થઈ ગયેલું. હવે એણે હ્યુગોને ભૂલી જવાનો હતો.

વેરા સિલિંગ સામે જોઈને વિચારતી હતી કે આજે સાંજે એને એમ કેમ થયેલું કે હ્યુગો તેની સાથે રૂમમાં હતો?

અચાનક એનું ધ્યાન સિલિંગમાં લગાડેલા કાળા રંગના હુક પર ગયું જેના ઉપરથી સમુદ્રની લીલ લટકાવવામાં આવેલી. અત્યાર સુધી વેરાનું ધ્યાન આ હુક પર નહોતું પડ્યું. વેરાને યાદ આવ્યું કે કઈ રીતે લીલનો ભીનો, ચીકણો સ્પર્શ તેના ગળાને થયેલો અને તે ધ્રુજી ઊઠી.

વેરાને આ કાળો હુક નહોતો ગમતો છતાં એની નજર હુક પરથી હટતી નહોતી.

5

માજી પોલીસ ઇન્સ્પેક્ટર બ્લોર પલંગ પર બેઠા હતા. તેમને ઊંઘ નહોતી આવતી અને એમની બધે ફરતી લાલઘુમ આંખોને કારણે તેઓ કોઈ હિંસક પશુ જેવા લાગતા હતા. એ આવી રહેલા જોખમ વિષે વિચારતા હતા કે 'દસમાંથી ચાર બચ્યા છે. હવે કોનો વારો હશે?'

જજ વોરગ્રેવ તો કેટલા સાવચેત અને સજાગ હતા, છતાં તેમની હત્યા થઈ. બ્લોરે થોડું ક્રૂર સ્મિત કરીને યાદ કર્યું કે વોરગ્રેવે વારંવાર કહેલું કે "આપણે બધાએ બહુ સાવચેત રહેવાનું છે."

બ્લોરે યાદ કર્યું કે વોરગ્રેવ ખુરશીમાં બેસીને હુકમ આપ્યા કરતા અને પ્રશ્નો પૂછ્યા કરતા, જાણે પોતાની કોર્ટમાં બેઠાં ન હોય! પોતે હવે ગમે એટલી સાવચેતી રાખશે તો પણ ફેર નથી પડવાનો!

હવે ચાર જણા બચેલા. વેરા, આર્મસ્ટ્રૉંગ, લોમ્બાર્ડ અને બ્લોર પોતે. હવે આ ચારમાંથી કોઈ એકનો જવાનો વારો હતો પણ પોતાને જવાનું નહીં થાય તે બાબતની એ સાવચેતી રાખવાના હતા.

ફરીવાર તેમને રિવૉલ્વર યાદ આવી. રિવૉલ્વર ક્યાં હશે એ મૂંઝવતો પ્રશ્ન હતો. બ્લોર આ બાબતે ઊંડો વિચાર કરવા લાગ્યા.

નીચેથી ઘડિયાળના ટકોરા સંભળાયા. રાતના બાર વાગેલા. બ્લોરે કપડા બદલાવ્યા વિના જ પથારીમાં લંબાવ્યું અને આ સમગ્ર ઘટનામાં શરૂઆતથી અત્યાર સુધી શું બન્યું તે દરેક પ્રસંગ યાદ કરીને મનમાં તેની છણાવટ કરવા લાગ્યા. બ્લોરે જયારે પોલીસ ઑફિસર તરીકે કામ કરેલું ત્યારે આ પદ્ધતિને કારણે જ એમને ઘણા કેસ ઉકેલવામાં સફળતા મળેલી.

બેડની પાસે મીણબત્તી બળતી હતી. બ્લોરને થયું કે અંધારામાં ઊંઘ આવશે એટલે એમણે મીણબત્તી ઓલવી નાખી પણ તેમણે ધારેલું તેનાથી ઊલટું થયું! અંધારું થયું કે તરત એમની નજર સામે અનેક ચહેરા આવા લાગ્યા. જજ વોરગ્રેવનો વિગની જગ્યાએ

ઉન પહેરેલો ચહેરો, મિસિસ રોજર્સનો ઠંડોગાર ચહેરો, એન્થની મોર્સટનનો તરડાઈ ગયેલો ચહેરો...

એક બીજો ચહેરો નજર સામે આવ્યો. ચશ્માં પહેરેલો, સહેજ ફિક્કો, તપખીરી મૂછોવાળો ચહેરો ક્યાં જોયેલો? સોલ્જર ટાપુ પર તો નહીં. ઘણા વખત પહેલા આ ચહેરો જોયો છે એમ લાગતું હતું ત્યાં અચાનક યાદ આવ્યું, "અરે! આ તો લેન્ડોર!"

ગઈકાલે પણ લેન્ડોરને યાદ કરેલો પણ તેનો ચહેરો યાદ નહોતો આવતો. અત્યારે બરાબર યાદ આવી ગયો. બ્લોરને એ પણ યાદ આવ્યું કે લેન્ડોરની પત્ની પાતળી, નાજુક હતી. તેને એક દીકરી પણ હતી. અત્યારે મા-દીકરી શું કરતાં હશે?

આવા વિચારોના ઘમસાણ વચ્ચે બ્લોરને ફરીવાર રિવૉલ્વર યાદ આવી. રિવૉલ્વરનું શું થયું? એ ક્યાં છે તે જાણવું બહુ જરૂરી હતું. એમને સમજાતું નહોતું કે રિવૉલ્વર ગુમ કઈ રીતે થઈ. કોઈકની પાસે તો હોવી જ જોઈએ. કોની પાસે હશે?

નીચે ઘડિયાળમાં એક વાગ્યાનો ટકોરો પડ્યો.

બ્લોર પલંગમાં સફાળા બેઠાં થઈ ગયાં. એમણે કોઈ અવાજ સાંભળેલો. બેડરૂમની બહારથી બહુ ધીમો અવાજ આવેલો. *અંધારામાં ઘરમાં કોઈ ફરતું હતું.*

બ્લોરના કપાળ પર પરસેવો છવાઈ ગયો! અત્યારે લૉબીમાં કોણ ફરતું હતું? અવાજ કર્યા વિના એ બેડ પરથી ઊતર્યા અને બે જ ડગલામાં રૂમના બારણા પાસે પહોંચી ધ્યાનથી સાંભળવા લાગ્યા. હવે કોઈ અવાજ નહોતો આવતો પણ બ્લોરને ખાતરી હતી કે એમણે અવાજ સાંભળેલો. ડરથી તેમના રૂંવાડાં ખડાં થઈ ગયાં!

બ્લોરે કી હૉલ પાસે કાન મૂકીને ધ્યાનથી સાંભળ્યું પણ ફરીવાર અવાજ ન આવ્યો. એમને થયું કે ઝડપથી બારણું ખોલીને ગુનેગારને 'રંગે હાથ' પકડી લે, પણ પછી એમને તરત ખ્યાલ આવ્યો કે આવું કરવું એ તો મોટી મૂર્ખાઈ ગણાય! કદાચ હત્યારાની એ જ ઇચ્છા હોય કે બ્લોર આ રીતે બહાર ધસી આવે અને એટલા માટે જ એણે જાણી જોઈને અવાજ કર્યો હોય.

તેમણે વધુ ધ્યાન દઈને અવાજ સાંભળવા પ્રયત્ન કર્યો. એમને થોડાક અવાજ સંભળાતા હતા. દાદરના પગથિયા પર પડતા પગલાનો અવાજ, લૉબીની લાદી પર ચાલવાનો અવાજ, કોઈ ધીમે અવાજે ગુસપુસ કરતું હોય એવો અવાજ... પણ બ્લોરને ખબર હતી કે આ અવાજ સાચા નહોતા. આ એમના મગજમાં દોડતી કલ્પનાના અવાજ હતા.

અચાનક એવો અવાજ સંભળાયો જે કાલ્પનિક નહોતો! કોઈ બહુ ધીમે પગલે ચાલી રહ્યું હતું. બ્લોરનો રૂમ દાદરની પાસે હતો, પછી આર્મસ્ટ્રૉંગ અને લોમ્બાર્ડના રૂમ હતા. પગલા બ્લોરના રૂમ પાસે અટક્યા વિના દાદર તરફ આગળ વધી ગયા.

બ્લોરે આ ભેદી વ્યક્તિ કોણ છે તે જાણવાનું નક્કી કર્યું. તે દોડીને બેડ પાસે આવ્યા, થોડી દીવાસળી ખીસામાં નાખી, બેડ પાસેના ભારે વજનના લૅમ્પનો વાયર છૂટો કર્યો અને તેને હથિયારની જેમ હાથમાં લઈને પોતાના રૂમનું બારણું હળવેકથી ખોલ્યું.

નીચેથી કોઈના ચાલવાનો અવાજ સંભળાયો અને બ્લોર દોડીને દાદરા પાસે ગયા. બારીમાંથી ચાંદનીનો આછો પ્રકાશ આવતો હતો જેમાં તેમને એક ઓળો ઘરની બહાર જતો દેખાયો. એને ઝડપી લેવા બ્લોર દોડીને પગથિયા ઊતર્યા પણ અધવચ્ચે જ રોકાઈ ગયા! ફરી એમને ખ્યાલ આવ્યો કે તે મૂર્ખાઈ કરવા જઈ રહ્યા હતા. કદાચ હત્યારાની આ જ યોજના હતી કે બ્લોર ઘરની બહાર નીકળે અને આસાનીથી હત્યારાનો શિકાર બની જાય.

બ્લોરે વિચાર્યું કે હત્યારાએ અહીં મોટી ગફલત કરી છે અને ફસાઈ ગયો છે! *ઉપરના ત્રણ રૂમમાંથી એક રૂમ અત્યારે ખાલી હશે* એટલે ખબર પડી જશે કે આ પાગલ કોણ છે!

બ્લોરે તરત ઉપરના માળે જઈ આર્મસ્ટ્રૉંગના રૂમ પર ટકોરા માર્યા. અંદરથી કોઈ જવાબ ન આવ્યો. થોડો વખત રોકીને એમણે લોમ્બાર્ડના રૂમનું બારણું ખટખટાવ્યુ. તરત અંદરથી અવાજ આવ્યો, "કોણ છે?"

"હું બ્લોર છું. આર્મસ્ટ્રૉંગ એમના રૂમમાં નથી લાગતા. તું બહાર આવ." બ્લોરે કહ્યું પછી તેમણે લૉબીના છેડે જઈ વેરાના રૂમના બારણે ટકોરા માર્યા અને કહ્યું, "મિસ ક્લેથોર્ન... મિસ ક્લેથોર્ન."

અંદરથી વેરાનો સહેજ ડરેલો અવાજ આવ્યો, "કોણ છે? શું થયું?"

બ્લોરે કહ્યું, "હું બ્લોર છું મિસ ક્લેથોર્ન, ચિંતા કરવા જેવું નથી, હું હમણાં પાછો આવું છું."

એ દોડીને લોમ્બાર્ડના રૂમ પાસે પહોંચ્યા ત્યાં અંદરથી બારણું ખૂલ્યું અને લોમ્બાર્ડ હાથમાં મીણબત્તી લઈને બહાર આવ્યો. તેણે નાઇટડ્રેસ પર જ પેન્ટ પહેરી લીધેલું અને તેનો બીજો હાથ જૅકેટના ખીસા પર હતો. તેણે અકળાઈને પૂછ્યું, "આ બધું શું છે?"

બ્લોરે ટૂંકમાં આખી વાત જણાવી તે સાંભળીને લોમ્બાર્ડ બોલી ઊઠ્યો, "હમમ... તો આ બધા આર્મસ્ટ્રૉંગના કારનામાં છે!" પછી

તેણે આર્મસ્ટ્રોંગના રૂમનું બારણું ખટખટાવ્યું અને મોટેથી બૂમ પાડી, "આર્મસ્ટ્રોંગ... આર્મસ્ટ્રોંગ" રૂમની અંદરથી કોઈ જવાબ ન આવ્યો.

લોમ્બાર્ડે બેસીને ફરી હૉલમાં જોઈને કહ્યું, "ચાવી દેખાતી નથી."

બ્લોરે કહ્યું, "લાગે છે કે રૂમ બંધ કરીને આર્મસ્ટ્રોંગ ચાવી પોતાની સાથે લઈ ગયા છે."

લોમ્બાર્ડે ધૂંધવાઈને કહ્યું, "બ્લોર, આ વખતે આ હરામીને છોડવો નથી. *એને પકડીને રહીશું. એક મિનિટ..*" તેણે વેરાના રૂમ પાસે જઈને કહ્યું, "વેરા..."

અંદરથી વેરાનો જવાબ આવ્યો, "હા, શું?"

"આર્મસ્ટ્રોંગ એના રૂમમાં નથી. અમે તેને પકડવા જઈએ છીએ. ગમે તે થાય તો પણ તું રૂમનું બારણું નહીં ખોલતી, સમજાયું?" લોમ્બાર્ડે કહ્યું.

વેરાએ કહ્યું, "O.K. હું સમજુ છું."

લોમ્બાર્ડે જણાવ્યું, "કદાચ આર્મસ્ટ્રોંગ આવીને કહે કે મારી અથવા બ્લોરની હત્યા થઈ છે તો પણ તું બારણું નહીં ખોલતી. જયારે હું અને બ્લોર બંને તને બોલાવીએ ત્યારે જ તું બારણું ખોલજે."

વેરાએ કહ્યું, "ભલે. હું ધ્યાન રાખીશ."

લોમ્બાર્ડે કહ્યું, "O.K." પછી બ્લોર તરફ ફરીને એ બોલ્યો, "ચાલ, આપણે આર્મસ્ટ્રોંગની પાછળ જઈએ."

બંને જણા દાદર તરફ દોડીને ગયા ત્યારે બ્લોરે કહ્યું, "જરા સાવચેત રહેવું પડશે હો! એની પાસે રિવૉલ્વર છે."

લોમ્બાર્ડે થોડું હસીને કહ્યું, "ત્યાં જ તારી ભૂલ થાય છે."

તે ઘરનું મુખ્ય બારણું ખોલીને બહાર નીકળતા બોલ્યો, "રિવૉલ્વર તો મારી પાસે છે!" તેણે જૅકેટના ખીસામાં મૂકેલી રિવૉલ્વર પર હાથ થપથપાવ્યો અને કહ્યું, "ગઈકાલે રાતે આ રિવૉલ્વર મારા ટેબલના ખાનામાં કોઈ પાછી મૂકી ગયું."

બ્લોર આભો બનીને ઊભો રહી ગયો. તેના ચહેરા પર ભય અને આશ્ચર્યના ભાવ જોઈને લોમ્બાર્ડે કહ્યું, "મૂરખ જેવા વિચાર ન કરીશ બ્લોર. હું કાંઈ તને શૂટ નથી કરવાનો. એવું હોય તો તારા રૂમમાં પાછો જતો રહે, હું એકલો આર્મસ્ટ્રોંગને પકડવા જઈશ."

લોમ્બાર્ડ આગળ દોડી ગયો. થોડો વખત વિચાર કરીને બ્લોર પણ તેની પાછળ ગયો. બ્લોરમાં બીજી જે કોઈ મર્યાદા હોય પણ તેનામાં હિંમત ભરપૂર હતી. પોલીસની નોકરી દરમ્યાન તેણે રિવૉલ્વરધારી ગુનેગારોનો સામનો કરેલો. એને દેખીતા જોખમનો ડર નહોતો. એને ડર હતો તો અજાણ્યા, છૂપા જોખમનો હતો.

6

વેરાએ રાહ જોવાની હતી એટલે એણે ઊઠીને ડ્રેસ પહેર્યો અને બારણા તરફ નજર નાખીને ખાતરી કરી લીધી કે બારણું બરાબર બંધ હતું અને હેન્ડલ નીચે ખુરશી ગોઠવેલી. હવે બારણું તોડીને કોઈ અંદર આવી શકે એમ નહોતું, ડૉક્ટર આર્મસ્ટ્રોંગ તો નહીં જ. તેમનામાં એટલી શક્તિ નહોતી.

વેરાએ વિચાર્યું કે ડૉક્ટર આર્મસ્ટ્રોંગ જો હત્યા કરવા માંગતા હોય તો ચાલાકીનો ઉપયોગ કરે, શરીરબળનો નહીં. એને થયું કે લોમ્બાર્ડે કહ્યું એ રીતે આર્મસ્ટ્રોંગ કદાચ બહારથી એવું કહે કે 'લોમ્બાર્ડ મૃત્યુ પામ્યો છે, અથવા પોતે મરણતોલ રીતે ઘાયલ થયા છે એમ જણાવે.

કદાચ એ એમ પણ કહે કે “ઘરમાં આગ લાગી છે.” કદાચ સાચે જ ડૉક્ટર આર્મસ્ટ્રોંગ ઘરને આગ લગાડી દે તો? તેમણે દરવાજા બહાર પેટ્રોલ છાંટી રાખ્યું હોય અને જેવા લોમ્બાર્ડ અને બ્લોર બહાર નીકળે કે આર્મસ્ટ્રોંગ આગ લગાડી દે જેમાં બંને જણા ભૂંજાઈ જાય. આવું થાય તો પોતાનું શું થાય? એ તો મૂરખની જેમ રૂમમાં ભરાઈ રહે અને આર્મસ્ટ્રોંગ આવીને તેનું કામ તમામ કરી દે.

આવા વિચાર આવ્યા એટલે વેરા બારી પાસે ગઈ અને જોયું તો ભોંયતળિયું બહુ દૂર નહોતું અને બારી પાસે જ ફ્લાવરબેડ હતો. અહીંથી કૂદકો મારીને ભાગવું પડે તો બહુ વાગે એવું નહોતું.

સમય તો કોઈ પણ રીતે પસાર કરવાનો જ હતો એટલે વેરાએ પોતાની ડાયરી કાઢી અને એમાં લખવા લાગી. અચાનક એના કાન ચમક્યા. નીચેથી કાચ તૂટ્યો હોય એવો અવાજ આવ્યો. તેણે ધ્યાન દઈને સાંભળ્યું પણ ફરીવાર અવાજ ન આવ્યો. એને લાગ્યું કે દાદર ઉપર કોઈ ચડતું હોય તેવો અવાજ આવે છે, પણ વેરા નક્કી નહોતી કરી શકતી કે આ અવાજ સાચે જ આવે છે કે પછી એ એના મનનો વહેમ છે.

ત્યાં તેને વધુ સ્પષ્ટ અવાજ સંભળાયો. નીચે બે જણા વાત કરતા હોય એવો અવાજ આવ્યો અને પછી દાદર પર પગલા સંભળાયા.

બારણા ખૂલવાનો અને બંધ થવાનો અવાજ સંભળાયો. ઉપરના માળે કોઈ ગયું હોય તેવું લાગ્યું.

અંતે તેને લોમ્બાર્ડનો અવાજ સંભળાયો. "વેરા, તું ઠીક છે? અમે અંદર આવીએ?"

વેરાએ બારણું ખોલીને જોયું કે લોમ્બાર્ડ અને બ્લોર હાંફી ગયેલા અને તેમના પગ અને પેન્ટ પાણીથી લથબથ હતા. વેરાએ પૂછ્યું, "શું થયું?"

લોમ્બાર્ડે ઊંડો શ્વાસ લઈને કહ્યું, *"આર્મસ્ટ્રોંગ ખોવાઈ ગયા છે, ક્યાંય પણ દેખાતા નથી."*

7

વેરા ચીસ પાડીને બોલી, "શું?"

લોમ્બાર્ડે કહ્યું, "આર્મસ્ટ્રોંગ ક્યાંય દેખાતા નથી."

બ્લોરે કહ્યું, "અમે આખો ટાપુ જોઈ વળ્યા."

વેરાએ અકળાઈને કહ્યું, "અરે એવું તે હોય? એ ક્યાંક સંતાઈ ગયા હશે."

બ્લોરે ભારપૂર્વક કહ્યું, "ના રે, એ કોઈ જગ્યાએ સંતાયા નથી. અરે આખા ટાપુ ઉપર એકપણ જગ્યા નથી જ્યાં કોઈ સંતાઈ શકે. વળી આટલી અજવાળી રાત છે. એ ક્યાંય દેખાતા નથી."

વેરાએ કહ્યું, "એ કદાચ ઘરમાં પાછા આવી ગયા હશે?"

બ્લોરે કહ્યું, "અમે એ પણ વિચારી જોયું અને આખું ઘર જોઈ વળ્યા. તને કદાચ અમારા પગલા સંભળાયા હશે. એમનો કાંઈ પત્તો નથી લાગ્યો. સાચું કહું છું એ ક્યાંય નથી. *બસ, જાણે હવામાં ઓગળી ગયા છે!"*

વેરાએ ભારોભાર અચંબા સાથે કહ્યું, "માન્યામાં ન આવે એવી વાત છે."

લોમ્બાર્ડે જણાવ્યું, "પણ આ સાચી વાત છે." થોડી વાર અટકીને એણે કહ્યું, "બીજી એક વાત બની છે. કિચનની બારીનો કાચ તૂટેલો છે *અને હવે ટેબલ પર ફક્ત ત્રણ પૂતળાં રહ્યાં છે."*

15
બ્લોર અને આર્મસ્ટ્રૉંગ

1

ક્રિચનમાં બેસીને ત્રણ જણા બ્રેકફાસ્ટ કરતા હતા. બહાર સૂર્યનો પ્રકાશ આખા ટાપુને અજવાળતો હતો. તોફાન શમી ગયું હતું. વાતાવરણ કંઈક સારું થયું તેને કારણે બધાના મૂડ પણ સારા થયા હતા. બધા જાણે ભયાનક સપનું જોઈને જાગ્યા હોય તેવો અનુભવ કરતા હતા. હજુ જોખમ હતું જ પણ અનરાધાર વરસાદ અને વાવાઝોડામાં બધા જે અસહાયતા અનુભવતા હતા તે દૂર થઈ ગયેલી.

લોમ્બાર્ડે કહ્યું, "આજે આપણે અરીસાની મદદથી સૂર્યનો પ્રકાશ સ્ટીકલહેવન તરફ મોકલવા પ્રયત્ન કરીશું. કદાચ એની ઉપર ત્યાં રહેતા કોઈનું ધ્યાન પડે. રાતે અહીં તાપણું પણ કરીશું. જોકે મુશ્કેલી એ છે કે લાકડાં ઓછાં છે અને ત્યાંના લોકોને એમ લાગશે કે આપણે પાર્ટી કરી રહ્યા છીએ."

વેરાએ કહ્યું, "ત્યાં કોઈક તો આપણું સિગ્નલ સમજી શકશે અને સાંજ થાય તે પહેલા આપણને બચાવવા આવી પહોંચશે."

લોમ્બાર્ડે કહ્યું, "વાતાવરણ સારું થઈ ગયું છે પણ દરિયો હજુ તોફાની છે અને મોટાં મોટાં મોજાં ઊછળે છે. આવામાં કોઈ બોટ આજે અહીં આવી શકે તેવી શક્યતા નથી લાગતી."

"ઓહ ગૉડ, હજુ એક રાત અહીં કાઢવી પડશે?" વેરા અકળાઈને બોલી.

લોમ્બાર્ડે ખભા ઉલાળીને કહ્યું, "ચોવીસ કલાકનો સવાલ છે. જો આપણે આ ચોવીસ કલાક ટકી ગયા તો બધું ઠીક થઈ જશે."

બ્લોર ગળું સાફ કરતા બોલ્યા, "આપણે એક વાત બરાબર સમજી લઈએ. *આર્મસ્ટ્રૉંગને શું થયું છે?"*

લોમ્બાર્ડે કહ્યું, "આપણને એક વાતની ખબર છે. ચિનાઈ માટીના પૂતળાંમાંથી એક ઓછું થયું છે. એટલે એવું લાગે છે કે આર્મસ્ટ્રૉંગ પ્રભુને પ્યારા થઈ ગયા છે."

વેરાએ પૂછ્યું, "તો પછી તમને તેમનો મૃતદેહ કેમ નથી મળ્યો?"

બ્લોરે કહ્યું, "એ વાત સાચી."

લોમ્બાર્ડે સંમત થતા કહ્યું, "એ જ સમજાતું નથી."

બ્લોરે શંકા વ્યક્ત કરી, "કદાચ એમનો મૃતદેહ દરિયામાં ફેંકી દીધો હશે?"

લોમ્બાર્ડે ઉત્તેજિત થઈને કહ્યું, "કોણે એમનો મૃતદેહ દરિયામાં ફેંક્યો હોય? તમે કે મેં? તમે તેમને ઘરની બહાર જતા જોયા પછી તમે મારી પાસે આવ્યા. આર્મસ્ટ્રોંગને શોધવા આપણે બંને સાથે નીકળ્યા હતા. આમાં મને તેમને મારી નાખવાની અને તેમની લાશ દરિયામાં ફેંકી દેવાની તક ક્યારે મળી હોય?"

બ્લોરે કહ્યું, "એની મને ખબર નથી પણ એક વાતની મને ચોક્કસ ખબર છે."

લોમ્બાર્ડે પૂછ્યું, "કઈ વાતની તમને ખબર છે?"

બ્લોરે જણાવ્યું, "રિવૉલ્વરની વાતની. તું અહીં રિવૉલ્વર લઈને આવ્યો છે. અત્યારે એ રિવૉલ્વર તારી પાસે છે. એવી કોઈ સાબિતી નથી કે એ રિવૉલ્વર બધો સમય તારી પાસે નહોતી."

"અરે બ્લોર, શું વાત કરો છો. આપણે એકબીજાની તલાશી લીધી હતી તે ભૂલી ગયા?"

બ્લોરે પોતાની વાતને વળગી રહેતા કહ્યું, "તલાશી વખતે તે એ રિવૉલ્વર ક્યાંક સંતાડી દીધી હશે. ત્યાર પછી એને પાછી પોતાની પાસે લઈ લીધી હશે. આવું ન બન્યું હોય?"

લોમ્બાર્ડે ગુસ્સે થઈને બોલ્યા, "અરે ભેજાગેપ, હું ગમે એના સોગંદ ખાઈને કહેવા તૈયાર છું કે એ રિવૉલ્વર કોઈ ચોરી ગયેલું અને પછી એણે મારા ડ્રોઅરમાં પાછી મૂકી દીધેલી. મારી જિંદગીમાં મેં આનાથી મોટું આશ્ચર્ય ક્યારેય અનુભવ્યું નથી."

બ્લોરે કહ્યું, "તું આમ કહે એટલે અમારે માની લેવાનું? આર્મસ્ટ્રોંગ અથવા બીજું કોઈપણ એ રિવૉલ્વર તારા ડ્રોઅરમાં પાછી શું કામ મુકે?"

લોમ્બાર્ડે ખભા ઊંચા કરતા કહ્યું, "મને એ જ નથી સમજાતું. આ સાવ વિચિત્ર વાત છે. મને તો આ આખી વાતનો અર્થ જ નથી સમજાતો."

બ્લોરે સંમત થતા કહ્યું, "એ વાત સાચી. તારે ખોટું બોલવું હોત તો તું માન્યામાં આવે તેવી વાત કરત."

લોમ્બાર્ડે કહ્યું, "એટલે તમે માનો છો ને કે હું સાચું બોલું છું?"

બ્લોરે કહ્યું, "જો લોમ્બાર્ડ તું એમ કહેતો હો કે તું સરળ અને નિખાલસ છે..."

લોમ્બાર્ડ બ્લોરની વાત કાપતા બોલ્યો, "મેં ક્યારે કહ્યું કે હું સરળ અને નિખાલસ છું?"

બ્લોરે વાત ચાલુ રાખી, "જો તું સાચું બોલતો હો તો એક જ વાત કરવા જેવી છે. જ્યાં સુધી તારી પાસે રિવૉલ્વર છે ત્યાં સુધી મારી અને વેરા પર ખતરો છે. માટે આપણે આ રિવૉલ્વર પેલી પેટીમાં મૂકી દઈએ જેમાં બીજી વસ્તુઓ મૂકેલી છે. આપણી બંને પાસે ચાવી રહેશે."

લોમ્બાર્ડ સિગરેટ સળગાવી ધુમાડાનું ગૂંચળું કાઢતા બોલ્યો, "અક્કલ વિનાની વાત ન કરો."

બ્લોરે કહ્યું, "તું આ વાત નહી માને એમ?"

લોમ્બાર્ડે કહ્યું, "ના, નહી માનું. એ રિવૉલ્વર મારી છે અને મારે મારી જાતના રક્ષણ માટે એને મારી પાસે જ રાખવી છે."

બ્લોર ગંભીર થઈને બોલ્યા, "એવું હોય તો આ વાતનો એક જ અર્થ થાય છે."

લોમ્બાર્ડે કહ્યું, "એ જ અર્થ ને કે હું જ Mr. U. N. Owen છું? તમારે જે માનવું હોય તે માનવાની છૂટ છે. પણ એક વાત કહો. જો એવું હોય તો ગઈકાલે રાતે જ મેં તમને ગોળી કેમ ન મારી દીધી? મારી પાસે તો ઘણા મોકા હતા."

બ્લોરે માથું ધુણાવતા કહ્યું, "એ ખબર નહી. તે મને માર્યો નહી તેનું પણ કોઈ કારણ હશે."

વેરા અત્યાર સુધી એક પણ શબ્દ બોલી નહોતી. હવે તેણે કહ્યું, "તમે બંને મૂરખની જેમ ચર્ચા કરી રહ્યા છો."

લોમ્બાર્ડે તેની સામે જોઈને પૂછ્યું, "એટલે? તું કહેવા શું માગે છે?"

વેરાએ કહ્યું, "શું તમે પેલું બાળ જોડકણું ભૂલી ગયા છો? એમાં આ કોયડાની બધી કડી આપી છે. સાંભળો:

ચાર નાના સિપાહી દરિયે ફરવા ગયા
એક ધ્યાન ચૂક્યો, હવે ત્રણ રહ્યા.

"આનો અર્થ સમજ્યા? 'એક ધ્યાન ચૂક્યો'. એનો અર્થ શું? કદાચ એમ કે 'એકે બધાનું ધ્યાન ચુકાવ્યું'. આર્મસ્ટ્રોંગ જીવે છે.

એમણે પોતે ચિનાઈ માટીનું પૂતળું તોડી નાખ્યું એટલે બધાને લાગે કે એ મૃત્યુ પામ્યા છે. એ હજુ આ ટાપુ પર જ છે."

લોમ્બાર્ડે કહ્યું, "કદાચ તારી વાત સાચી છે."

બ્લોરે કહ્યું, "એવું હોય તો એ છે ક્યાં? અમે તો આખો ટાપુ અંદર બહાર શોધી વળ્યા છીએ."

વેરાએ તુચ્છકારથી "એમ તો આપણે બધાએ રિવૉલ્વરને શોધવા બધું ઉપરતળે કરી નાખેલું છતાં રિવૉલ્વર નહોતી મળી ને? પણ એ રિવૉલ્વર તો અહીંયા જ હતી ને?"

લોમ્બાર્ડે ધીમેથી કહ્યું, "પણ વેરા, માણસ અને રિવૉલ્વરની સાઇઝમાં તો ફેર હોય ને?"

વેરાએ કહ્યું, "એ જે હોય તે. મને ખાતરી છે કે હું સાચી છું."

બ્લોરે કહ્યું, "એક રીતે જોઈએ તો આ માછલી વિષે લખી તેણે પોતાની જાતને ઉઘાડી પાડી દીધી કે નહીં? કાંઈક બીજું લખ્યું હોત તો આપણને હજુ ખબર ન પડત."

વેરાએ અકળાઈને કહ્યું, "અરે તમે જોતાં નથી, એ પાગલ છે? જોડકણા પ્રમાણે બધાના મૃત્યુ થાય છે તે પણ પાગલપણાની જ નિશાની છે. વોરગ્રેવને કોર્ટનો ડ્રેસ અને વિગ પહેરાવીને માર્યા, રોજર્સ જ્યારે લાકડા કાપતો હતો ત્યારે તેની હત્યા કરી, મિસિસ રોજર્સને ઘેનની દવાનો ઓવરડોઝ આપ્યો એટલે તે ઊઠ્યાં જ નહીં. મિસ બ્રેન્ટ મૃત્યુ પામ્યા ત્યારે મધમાખી હાજર થઈ ગઈ. આ કોઈ ખતરનાક ખેલ ખેલી રહ્યું છે. બધી હત્યા બાળજોડકણા સાથે બંધબેસતી આવે છે."

બ્લોરે કહ્યું, "વેરા, તારી વાત ઠીક લાગે છે." થોડીવાર વિચાર કરીને તે બોલ્યા, "પરંતુ હવેની કડીમાં પ્રાણીબાગની વાત આવે છે. આ ટાપુ પર કોઈ પ્રાણીબાગ નથી."

વેરાએ જરા ગુસ્સો કરીને કહ્યું, "અરે! આ આખો ટાપુ પ્રાણીબાગ છે અને *આપણે પ્રાણીઓ છીએ.* ગઈકાલે રાતે આપણામાંથી કોઈનામાં માણસ જેવા લક્ષણ હતા? *આપણે પ્રાણીઓ છીએ.*"

2

ત્રણેય જણાંએ સવારે ટાપુના સૌથી ઊંચા ખડક પર જઈને કાચથી સૂર્યકિરણના રીફલેક્શન દ્વારા સ્ટીકલહેવન ગામ તરફ સંદેશ મોકલવા પ્રયત્ન કર્યા. કોઈએ એ સિગ્નલ જોયા હોય તેવું

લાગ્યું નહીં. સામે છેડેથી કોઈ સિગ્નલ આવ્યું નહીં. દરિયામાં હજુ ઊંચાં મોજાં ઊછળતાં હતાં. કોઈ બોટ દરિયામાં દેખાતી નહોતી.

ત્રણેય જણાં ફરી એકવાર ડૉક્ટર આર્મસ્ટ્રોંગની તપાસ કરવા માટે આખો ટાપુ ફરી વળ્યાં પણ ડૉક્ટર આર્મસ્ટ્રોંગનો ક્યાંય પત્તો લાગ્યો નહીં.

વેરાએ ઘર તરફ નજર નાખીને કહ્યું, “અહીં ખુલ્લી જગ્યામાં વધારે સલામતી અનુભવાય છે. આપણે અહીંયા જ રહીએ તો? ઘરમાં નથી જવું.”

લોમ્બાર્ડે કહ્યું, “સારો વિચાર છે. ખુલ્લામાં હોઈએ તો કોઈ અચાનક હુમલો ન કરી શકે.”

વેરાએ ફરી કહ્યું, “બસ, તો તો અહીં જ રહીએ.”

બ્લોરે અભિપ્રાય વ્યક્ત કર્યો, “પણ સૂવા માટે તો ઘરમાં જવું પડશે ને?”

વેરાને સહેજ ધ્રુજારી આવી ગઈ, “મારાથી એ સહન નહીં થાય. ઘરમાં વધુ એક રાત હું નહીં રહી શકું.”

લોમ્બાર્ડે કહ્યું, “એકવાર રૂમ બંધ કરી દે એટલે તું સલામત હોઈશ.”

વેરાએ ધીમે અવાજે સંમત થતા કહ્યું, “હા, એ વાત બરાબર છે.” પછી તેણે પોતાના હાથ સ્ટ્રેચ કરતા કહ્યું, “વાહ! આ સૂર્યનાં કિરણો કેવી તાજગી આપે છે! વિચિત્ર પરિસ્થિતિ છે ને? અત્યારે હું આનંદ અનુભવું છું પણ મને ખબર છે કે મારા પર ખતરો છે. છતાં મનમાં એમ થાય છે કે દિવસ દરમ્યાન મને કોઈ કાંઈ નહીં કરી શકે. મને મોત નહીં આવે.”

બ્લોરે ઘડિયાળમાં જોઈને કહ્યું, “બે વાગ્યા છે. લંચ ક્યારે લઈશું?”

વેરાએ જીદ કરીને કહ્યું, “મેં કહ્યું ને કે હું ઘરમાં નથી જવાની... હું અહીં ખુલ્લામાં જ રહીશ.”

બ્લોરે કહ્યું, “અરે પણ ખાવું તો પડશે ને? નહીં તો શરીરમાં તાકાત ક્યાંથી રહેશે?”

વેરાએ જણાવ્યું, ”હવે હું ટીન કરેલી વાનગીને જોઈશ તો પણ મને ઊલટી થશે! મારે કાંઈ ખાવું નથી. જે લોકો ડાયેટ કરે છે તે દિવસોના દિવસો સુધી ખોરાક લીધા વિના રહે છે ને?”

બ્લોરે કહ્યું, "મારે તો સમયસર ખોરાક લેવો પડશે હો! તું શું કરવાનો, લોમ્બાર્ડ?"

લોમ્બાર્ડે કહ્યું, "મારે પણ અત્યારે કાંઈ ખાવાની ઇચ્છા નથી. હું અહીં વેરાની સાથે રહીશ."

બ્લોરને જરા અચકાતા જોઈને વેરા બોલી, "ફિકર ન કરો. લોમ્બાર્ડ મને ગોળી નહી મારી દે."

બ્લોરે કહ્યું, "પણ આપણે નક્કી કર્યું છે કે બધાં સાથે રહેશું, છુટા પડવામાં જોખમ છે."

લોમ્બાર્ડે કહ્યું, "તમારે વાઘની બોડમાં જવું છે, અમારે નહીં. બોલો, હું તમારી સાથે આવું?"

બ્લોર તરત બોલ્યા, "ના હો, તું અહીં જ રહે."

લોમ્બાર્ડે હસીને કહ્યું, "હજુ મારી બીક લાગે છે? હું ધારું તો તમને બંનેને અત્યારે જ ગોળી મારીને ખતમ કરી શકું એમ છું."

"હા, તું અમને મારી શકે પણ તે યોજના પ્રમાણે ન થાય. એક પછી એક બધાની હત્યા કરવાનું આયોજન છે ને? પેલા બાળ જોડકણામાં પણ એમ જ લખ્યું છે." બ્લોરે જણાવ્યું

લોમ્બાર્ડે કહ્યું, "અરે! તમે તો એ બાબતમાં ઘણું જાણો છો એવું લાગે છે!"

બ્લોર વિચારીને બોલ્યો, "ઘરમાં જવું જોખમ ભરેલું તો છે જ. એક કામ કરીએ.."

લોમ્બાર્ડે તેમની વાત કાપતાં કહ્યું, "એ જ ને, *કે હું તમને મારી રિવૉલ્વર આપી દઉં? ના, કોઈ કાળે હું મારી રિવૉલ્વર આપવાનો નથી.* "

બ્લોર ઘર તરફ ચાલવા લાગ્યા.

લોમ્બાર્ડે ધીમેથી કહ્યું, "પ્રાણીબાગમાં અત્યારે જમવાનો સમય થઈ ગયો છે. પ્રાણીઓ તો ખોરાક લેવામાં બહુ નિયમિત હોય છે!"

વેરાએ ચિંતા વ્યક્ત કરતા કહ્યું, "એવું નથી લાગતું કે એ મોટું જોખમ લઈ રહ્યા છે?"

"મને એવું નથી લાગતું. એક તો આર્મસ્ટ્રોંગ પાસે કોઈ હથિયાર નથી, બીજું એમના કરતા બ્લોરની તાકાત ઘણી વધારે છે અને બ્લોર સાવચેત છે. સૌથી મોટી વાત એ કે આર્મસ્ટ્રોંગ ઘરમાં હોય

તે અશક્ય છે. હું જાણું છું કે એ ઘરમાં નથી.” લોમ્બાર્ડે પોતાનું મંતવ્ય આપ્યું.

વેરાએ કહ્યું, “જો એમ હોય તો આ આખા કોયડાનો ઉકેલ શું?”

લોમ્બાર્ડ એક જ શબ્દ બોલ્યો, “બ્લોર.”

વેરાએ અચરજ બતાવતા કહ્યું, “શું તમે એમ કહો છો કે બ્લોર જ ખૂની છે?”

લોમ્બાર્ડે સમજાવતા કહ્યું, “જો વેરા, બ્લોરે જણાવ્યું કે આર્મસ્ટ્રૉંગ કઈ રીતે ઘરની બહાર ગયા. એ વાત જો સાચી હોય તો આ આખા પ્રસંગમાં હું ક્યાંય સંકળાયેલો નથી તે સ્પષ્ટ છે. પરંતુ બ્લોર નિર્દોષ છે એવી કોઈ સાબિતી નથી! આપણે તો એમની જ વાત સાચી માનીએ છીએ કે એમણે કોઈના પગલાનો અવાજ સાંભળ્યો અને કોઈ ઓળાને ઘરની બહાર જતો જોયો. આ વાત ખોટી પણ હોઈ શકે. એમણે કદાચ આર્મસ્ટ્રૉંગની હત્યા કર્યા પછી આ વાત ઉપજાવી કાઢી હોય!”

વેરાએ પૂછ્યું, “એમણે આર્મસ્ટ્રૉંગની હત્યા કેવી રીતે કરી હોય?”

લોમ્બાર્ડે ખભા ઊંચા કરીને કહ્યું, “એ મને ખબર નથી પણ હું માનું છું કે આપણી ઉપર એક જ ખતરો છે અને તે છે બ્લોર. આપણે એના વિષે શું જાણીએ છીએ? એ પોલીસમાં હતા તે વાત સાવ ખોટી હોઈ શકે. એ કદાચ મગજનો ફરેલ બિઝનેસમૅન હોઈ શકે અથવા પાગલખાનામાંથી ભાગી છૂટેલો ચક્રમ હોઈ શકે. એક વાત નક્કી છે. એણે આ દરેક હત્યા કરી હોય તે શક્ય છે.”

વેરાનો ચહેરો ભયથી ફિક્કો પડી ગયો, “એ આપણા પર હુમલો કરશે તો?”

લોમ્બાર્ડે જૅકેટના ખીસામાં રાખેલી રિવૉલ્વર પર હાથ મૂકીને કહ્યું, “હું એવું નહીં થવા દઉં.” થોડીવાર પછી એ બોલ્યો, “તને મારામાં વિશ્વાસ છે, ખરું? તને ખાતરી છે કે હું તને ગોળી નહીં મારું?”

વેરાએ કહ્યું, “કોઈનો તો વિશ્વાસ કરવો પડે ને? પરંતુ હું માનું છું કે બ્લોર બાબતમાં તમે ખોટા છો. એ નિર્દોષ છે. મને લાગે છે કે આર્મસ્ટ્રૉંગ જ આ બધું કરે છે.”

અચાનક વેરાએ લોમ્બાર્ડ તરફ ફરીને પૂછ્યું, “એવું નથી લાગતું કે અહીંયા *કોઈક છે* જે છૂપી રીતે આ બધું જોઈ રહ્યું છે?”

લોમ્બાર્ડે કહ્યું, “એ આપણા મનનો વહેમ છે.”

વેરાએ કહ્યું, "તમે પણ *એનો અનુભવ કર્યો છે ને?*" પછી તેણે લોમ્બાર્ડની પાસે જઈને કહ્યું, "મેં સાંભળ્યું છે કે અમેરિકાના એક શહેરમાં બે જજ આવેલા જેમણે બધાનો એકદમ સાચો ન્યાય કરેલો. આનું કારણ એ હતું કે તે બંને જજ આ દુનિયાના નહોતા, બીજી દુનિયામાંથી આવેલા."

લોમ્બાર્ડે પૂછ્યું, "એટલે શું એ બંને ઉપરથી ટપકેલા? હું આવી વાતોમાં વિશ્વાસ નથી કરતો."

વેરાએ ધીમે અવાજે કહ્યું, "હું પણ નહોતી માનતી પણ ક્યારેક..."

લોમ્બાર્ડે કહ્યું, "એ તો ક્યારેક અંતરાત્માનો અવાજ આવે.." થોડીવાર શાંત રહીને તેણે વેરા સામે જોઈને પૂછ્યું, "પેલા નાના છોકરાને *તેં જ ડુબાડી દીધો હતો ને?*"

વેરા મોટેથી બોલી ઊઠી, "ના! મેં તેને નહોતો ડુબાડ્યો. તું આવું કહી જ કેમ શકે?"

લોમ્બાર્ડ લુચ્ચાઈથી હસીને બોલ્યો, "મને ખબર છે કે તેં જ સિરિલને ડુબાડ્યો છે પણ કયા કારણે ડુબાડ્યો એ ખબર નથી. હમમ... કોઈ પુરુષને કારણે તેં આ કર્યું હશે. તારા લવરને કારણે?"

વેરા અત્યંત થાકી ગઈ હોય એ રીતે તેનું શરીર ઢીલું પડી ગયું અને તે સાવ ક્ષીણ અવાજમાં બોલી, "હા, મારા લવરને કારણે મેં આ કરેલું."

લોમ્બાર્ડે મૈત્રીભાવે કહ્યું, "બસ, મારે આ જ જાણવું હતું."

વેરા અચાનક ચોંકીને બોલી, "અરે, આ અવાજ શેનો આવ્યો? ક્યાંય ધરતીકંપ થયો?"

લોમ્બાર્ડે કહ્યું, "ના, ધરતીકંપ નથી થયો. હા, એક ધબાકો જરૂર સંભળાયો જેની સાથે જ ધરતી ધ્રુજી ઊઠી. મને તો લાગ્યું કે ધબાકા સાથે જ કોઈની ચીસ પણ સંભળાઈ. તને સંભળાઈ?"

બંનેએ ઘર તરફ જોયું અને લોમ્બાર્ડે કહ્યું, "અવાજ ઘર પાસેથી જ આવ્યો. ચાલો ત્યાં જઈને તપાસ કરીએ."

વેરાએ તરત કહ્યું "ના, મારે ત્યાં નથી આવવું." લોમ્બાર્ડે કહ્યું, "ઠીક છે. હું તો જાઉં છું."

વેરાએ વિચાર બદલીને કહ્યું, "O.K. હું પણ સાથે આવું છું."

ઘર પાસે આવ્યા તો તેમણે જોયું કે ટૅરેસ ઉપર કોઈ નહોતું. થોડીવાર બહાર ઊભા રહ્યા પછી ઘરની અંદર જવાને બદલે બંને

જણા ઘરની ફરતે ચક્કર મારવા સાવચેતીથી ચાલ્યા. થોડે દૂર સુધી ગયા અને બંને જણા સ્તબ્ધ થઈ ગયા!

ઘરની બીજી બાજુના ટૅરેસ પર બ્લોર ચત્તાપાટ થઈને પડેલા. તેમની ઉપર સફેદ આરસનું એક મોટું પૂતળું હતું જેની નીચે તેમનું માથું છૂંદાઈને લોહીલુહાણ થઈ ગયેલું.

લોમ્બાર્ડે ઉપર તરફ નજર કરીને કહ્યું, “આ કોના રૂમની બારી છે?”

વેરાના ગળામાંથી મહામહેનતે અવાજ નીકળ્યો, “એ મારા રૂમની બારી છે અને આ ઘડિયાળવાળું પૂતળું મારા રૂમમાં અભરાઈ ઉપર હતું. જોયું, તેનો આકાર રીંછ જેવો છે?” તેણે ધ્રૂજતા અવાજે કહ્યું, “હા, તેનો આકાર રીંછ જેવો છે.” તેના મનમાં જોડકણાની કડી ગુંજવા લાગીઃ

ત્રણ નાના સિપાહી, પુરાણીબાગે ગયા
એકને ઝડપ્યો રીંછે, હવે બે રહ્યા.

3

લોમ્બાર્ડે વેરાનો ખભો પકડીને કહ્યું, “હું કહેતો હતો ને? આર્મસ્ટ્રોંગ ઘરમાં સંતાયો છે. હું ત્યાં જાઉં છું.”

વેરાએ તેનો હાથ પકડીને તેને રોક્યો અને કહ્યું, “મૂરખ જેવી વાત નહીં કર. હવે આપણે બે જ બચ્યા છીએ. આર્મસ્ટ્રોંગ રાહ જોઈને બેઠા હશે કે આપણે એને શોધવા માટે ઘરમાં જઈશું. એનો આ પ્લાન છે.”

લોમ્બાર્ડ અટકી ગયો અને થોડું વિચારીને બોલ્યો, “તારી વાત ઠીક છે.”

વેરાએ કહ્યું, “તું માને છે ને કે હું આર્મસ્ટ્રોંગની બાબતમાં સાચી હતી?”

લોમ્બાર્ડે કહ્યું, “હા, તું સાચી હતી. આર્મસ્ટ્રોંગ જ હત્યારો છે. મને નવાઈ એ લાગે છે કે એ ક્યાં છુપાયો હશે? અમે તો ઘર અને બહાર બધે જોઈ વળ્યા હતા.”

“એ ત્યારે ન મળ્યા તો અત્યારે પણ નહીં મળે. એ તો દેખીતું છે ને?”

લોમ્બાર્ડ થોડું અચકાતા બોલ્યો, “હા એ વાત બરાબર, પણ...”

વેરાએ કહ્યું, "એમણે પહેલેથી છુપાવાની જગ્યા તૈયાર રાખી હશે. તને ખબર છે જૂનાં ઘરોમાં એવા ભોંયરા રહેતા જ્યાં દિવસો સુધી કોઈ રહે તો પણ ખબર ન પડે."

લોમ્બાર્ડે જણાવ્યું, "આ તો એકદમ મૉડર્ન ઘર છે."

વેરા પોતાની વાતમાં મક્કમ હતી, "એમણે નવા ઘરમાં પણ ભોયરું બનાવ્યું હોઈ શકે."

લોમ્બાર્ડ અકળાયો, "અરે તેં જોયું નહોતું? અમે ટેપ લઈને બધા રૂમનું માપ લીધેલું."

વેરાએ કહ્યું, "એ ગમે તે હોય. ઘરમાં ભોયરું ચોક્કસ છે."

"તો મારે ભોયરાને જોવું છે." લોમ્બાર્ડ બોલ્યો. તરત વેરાએ કહ્યું, "ફરીવાર મૂરખની જેમ વાત કરે છે? આર્મસ્ટ્રોંગને એ જ જોઈએ છે! તારી રાહ જોઈને જ બેઠા છે."

લોમ્બાર્ડે ખીસામાંથી રિવૉલ્વર કાઢીને કહ્યું, "મારી પાસે આ છે ત્યાં સુધી શેનો ડર?"

વેરાએ યાદ કરાવ્યું, "તે કહેલું કે બ્લોર આર્મસ્ટ્રોંગ કરતા વધુ તાકાતવાળા છે અને સાવચેત છે પણ તું એક વાત ભૂલે છે. આર્મસ્ટ્રોંગ પાગલ છે! આવા પાગલ માણસ બહુ ચાલાક હોય છે."

લોમ્બાર્ડે રિવૉલ્વર ખીસામાં મૂકીને કહ્યું, "ચાલ, થોડીવાર બેસીએ."

4

ઘણા સમય સુધી બંને જણાં ખડક પર બેઠાં પછી લોમ્બાર્ડ બોલ્યો, "રાતે સૂવાનું ક્યાં કરીશું તે વિષે કાંઈ વિચાર્યું છે?"

વેરાએ લાચારીથી જવાબ આપ્યો, "આપણે શું કરી શકીએ? *મને તો બહુ બીક લાગે છે.*"

લોમ્બાર્ડે વિચાર કરીને કહ્યું, "આજે હવામાન સારું છે અને આકાશ ચોખ્ખું છે. આપણે પેલા ઊંચા ખડક પર બેસીને રાત પસાર કરી શકીશું. *બેમાંથી કોઈએ સૂવાનું નહીં* એટલે બધી તરફ ધ્યાન રહેશે. કોઈ આવતું દેખાશે તો હું ગોળી મારી દઈશ."

થોડીવાર રોકાઈને લોમ્બાર્ડે કહ્યું, "તું આવા પાતળા ડ્રેસમાં તો સાવ ઠરી જઈશ.!"

વેરાએ કહ્યું, "અરે, હું જીવતી જ નહીં રહું તો તો વધુ 'ઠરી' જઈશ!"

લોમ્બાર્ડે સંમત થતા કહ્યું, “હા, એ વાત પણ બરાબર.”

વેરાએ કહ્યું, “અહીં બેઠા બેઠા તો હું પાગલ થઈ જઈશ. ચાલ થોડું ફરીએ.”

તે લોકો કિનારાના ખડક પર ધીમે ધીમે ચાલ્યા. સૂરજ ડૂબવાને હજુ થોડી વાર હતી. આખા ટાપુ પર સાંજનો સોનેરી પ્રકાશ ફેલાયેલો હતો.

વેરાએ મજાકમાં હસતા કહ્યું, “આપણે અહીં સ્નાન કરી શક્યા હોત તો મજા પડત!”

અચાનક લોમ્બાર્ડે કહ્યું, “પેલું શું છે? દેખાય છે? ત્યાં પેલા મોટા ખડકની જમણી તરફ.”

વેરાએ ધ્યાનથી જોયું પછી બોલી, ”અરે, આ તો કોઈનાં કપડાં લાગે છે.”

“અત્યારે અહીં કોણ નહાવાવાળો હોય? કદાચ સમુદ્રની લીલ હશે.” લોમ્બાર્ડે કહ્યું.

વેરાએ કહ્યું, “ત્યાં જઈને જોઈએ” અને તે કપડાની દિશા તરફ ચાલવા લાગી. લોમ્બાર્ડ તરત એની પાછળ આવ્યો અને કપડા પર નજર નાખતા બોલ્યો, “હા, આ કપડાનું બંડલ છે. ઓહો! અહીં એક બૂટ પણ છે! ચાલ, ત્યાં જલદીથી પહોંચીએ.”

બંને જણાં ઝડપથી ખડક વચ્ચે ચાલીને આવ્યાં. અચાનક વેરા રોકાઈ ગઈ અને બોલી, *“ઓહ, આ કપડા નથી. આ તો કોઈ માણસ છે!”*

કોઈ વ્યક્તિનું શરીર બે ખડક વચ્ચે ફસાયેલું હતું. સવારની ભરતીમાં આ માણસ તણાઈને અહીં ફેંકાઈ ગયો હોય તેવું લાગતું હતું.

લોમ્બાર્ડ અને વેરા તેની પાસે પહોંચ્યાં ત્યારે ભયથી બંનેનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં!

લોમ્બાર્ડ બોલી ઊઠ્યો, “ઓહ માય ગૉડ!”

આર્મસ્ટ્રોંગનો, પાણીમાં રહીને ફિક્કો પડી ગયેલો, બિહામણો ચહેરો નિર્જીવ આંખથી તેમને તાકી રહ્યો હતો.

16

વેરા અને લોમ્બાર્ડ

1

ઘણો સમય પસાર થઈ ગયો. એમ લાગ્યું જાણે યુગો વીતી ગયા! બધું સ્થિર થઈ ગયું!

હકીકતમાં બે જ મિનિટ થયેલી. વેરા અને લોમ્બાર્ડ સ્તબ્ધ ચહેરે આર્મસ્ટ્રોંગની લાશને જોતાં હતાં. ત્યારબાદ બંને જણાંએ એકબીજાંની સામે જોયું.

2

લોમ્બાર્ડ લુચ્ચું હસીને બોલ્યો, “તો એમ વાત છે, વેરા!”

વેરા સાવ ધીમા અવાજે બોલી, “ટાપુ પર બીજું કોઈ નથી, ફક્ત આપણે બે જ છીએ.”

લોમ્બાર્ડે કહ્યું, “હમમ... એટલે હવે સાચું છે તે સામે આવી ગયું, ખરું ને?”

વેરાએ પૂછ્યું, “પેલા રીછનું મોટું પૂતળું બ્લોર પર કેવી રીતે પડ્યું?”

લોમ્બાર્ડે તોરથી કહ્યું, “એ તો જાદુનો ખેલ હતો. બહુ અઘરો ખેલ હતો હો!”

વેરાએ લોમ્બાર્ડ સામે જોઈને વિચાર્યું, *હું આને ઓળખી કેમ ન શકી? આ તો ખૂંખાર વરુ જેવો છે.*

લોમ્બાર્ડે ધમકીભર્યા અવાજે કહ્યું, *“હવે અંત આવી ગયો છે, સમજાયું?* સત્ય છે તે સામે આવી ગયું છે. બધું પૂરું થઈ ગયું છે.”

વેરા નરમ અવાજમાં બોલી, “હા, મને સમજાઈ ગયું છે.” તેણે દરિયા તરફ નજર કરીને યાદ કર્યું કે જનરલ મૅક્આર્થર દરિયા સામે નજર કરીને બેઠા હતા. આ ગઈકાલે બનેલું કે પરમ દિવસે? જનરલ પણ બોલેલા કે બધું પૂરું થઈ ગયું છે. એમણે તો આ વાત એ રીતે કરેલી જાણે તે અંત આવે તેની રાહ જોઈને બેઠા હોય!

વેરાએ મનમાં નક્કી કર્યું કે એને માટે હજુ અંત નહોતો આવ્યો, હરગીજ નહોતો આવ્યો. એણે મૃતદેહ પર નજર નાખીને કહ્યું,

"બિચારા ડૉક્ટર આર્મસ્ટ્રોંગ."

લોમ્બાર્ડ તિરસ્કારપૂર્વક હસીને બોલ્યો, "ઓહો! બહુ દયા આવે છે ને કાંઈ!"

વેરાએ કહ્યું, "એવું તો થાય જ ને? તારામાં દયાનો છાંટોય નથી?"

લોમ્બાર્ડે કહ્યું, "ના હો, હું કોઈની ઉપર દયા નથી રાખતો. તારી પર પણ નહીં"

વેરાએ કહ્યું, "પહેલા આમને ઘરમાં લઈ જઈએ."

"બીજા બધાની જેમ આમને પણ એમના બેડરૂમમાં લઈ જવા છે? એ ભલે અહીં પડ્યા રહે." લોમ્બાર્ડ જાણે કોઈ કીડા-મંકોડા વિષે વાત કરતો હોય એવા તુચ્છકાર સાથે બોલ્યો.

વેરાએ આજીજી કરતા કહ્યું, "એમને પાણીમાંથી કાઢીને કિનારા પર તો મૂકી દઈએ."

લોમ્બાર્ડ જરા હસીને બોલ્યો, "ઠીક છે, જેવી તારી ઇચ્છા."

લોમ્બાર્ડે નમીને લાશને ઊંચકવા પ્રયત્ન કર્યો. વેરા તેની પાસે આવીને તેને મદદ કરવા લાગી. બંને જણાંએ પૂરી તાકાત લગાવી ત્યારે લાશને કિનારા પર લાવી શક્યા.

લોમ્બાર્ડ હાંફતા હાંફતા બોલ્યો, "બસ? હવે તો તું ખુશ છે ને?"

વેરાએ કહ્યું, "હા, હવે હું ખુશ છું."

વેરાનો ટોન સાંભળી લોમ્બાર્ડ ચોંક્યો. તે ઝડપથી વેરા તરફ ફર્યો અને સાથે જ તેનો હાથ રિવૉલ્વર તરફ ગયો પણ તે ખાલી ખીસા સાથે અથડાયો.

વેરા તેનાથી ત્રણ-ચાર ફૂટ દૂર, રિવૉલ્વર હાથમાં લઈને ઊભી હતી.

લોમ્બાર્ડે કહ્યું, "તો આને માટે તારે લાશને કિનારા પર લાવવી હતી, જેથી તું મારા ખીસામાંથી રિવૉલ્વર લઈ શકે?"

વેરાએ કાંઈ બોલ્યા વિના ફક્ત માથું હલાવીને હા પાડી.

લોમ્બાર્ડને ખ્યાલ આવી ગયો કે મોત એની સાવ નજીક હતું, છતાં એણે સત્તાવાહી અવાજે હુકમ કરતો હોય એમ કહ્યું, "એ રિવૉલ્વર મને આપી દે."

વેરા કાંઈ બોલ્યા વિના ક્રૂરતાભર્યું હસી.

લોમ્બાર્ડે ફરીવાર કહ્યું, "કહું છું ને, રિવૉલ્વર મને આપ."

લોમ્બાર્ડનું મગજ સતત વિચાર કરતુ હતું કે આ પરિસ્થિતિમાંથી કઈ રીતે છટકવું. વેરાને સમજાવવા દલીલ કરવી કે અચાનક તેની ઉપર તરાપ મારી રિવૉલ્વર છીનવી લેવી. લોમ્બાર્ડ પોતાની જાતને ખતરાનો ખેલાડી સમજતો હતો. આ વખતે પણ તેણે જોખમી માર્ગ લીધો.

તેણે વેરા તરફ જતા વાત કરી, "જો વેરા, સમજવાની કોશિશ કર. વાત એમ છે કે..."

વાક્ય પૂરું થાય તે પહેલા લોમ્બાર્ડે વેરા તરફ દીપડાની જેમ છલાંગ લગાવી... વેરાએ રિવૉલ્વરનું ટ્રીગર દબાવ્યું અને બીજી સેકન્ડે લોમ્બાર્ડ જમીન પર પટકાયો.

વેરા સાવચેતીથી, રિવૉલ્વર હાથમાં રાખીને, લોમ્બાર્ડના દેહ પાસે આવી અને એણે જોયું કે હવે સાવચેતી રાખવાની કોઈ જરूર નહોતી. ગોળીએ લોમ્બાર્ડના હાર્ટને વીંધી નાખેલું અને તે તરત મૃત્યુ પામેલો.

3

વેરાના મનમાં એકદમ શાંતિ છવાઈ ગઈ. તેણે રાહતનો લાંબો શ્વાસ લીધો..

અંતે બધું પૂરું થઈ ગયેલું. હવે કોઈનો ડર નહોતો. ટાપુ પર હવે એ એકલી હતી.

હા... તે એકલી હતી. નવ મૃતદેહો સાથે તે એકલી હતી..

પણ તેમાં શું? તે પોતે તો જીવતી હતી ને?

તે લોમ્બાર્ડના મૃતદેહથી દૂર જઈને દરિયાકિનારે નિરાંતે બેસી રહી. હવે બધે આનંદ હતો, શાંતિ હતી, કોઈ પ્રકારનો ડર નહોતો..

4

લાંબો સમય કિનારા પર બેસીને છેક સાંજ પડી ત્યારે વેરા ઊઠીને ઘર તરફ ચાલી. સૂર્યાસ્ત થવામાં હવે થોડી જ વાર હતી. 'હવે પોતે સલામત છે' એવો વિચાર વેરાના મનમાં એટલો પ્રબળ રીતે છવાઈ ગયેલો કે એને બીજા કોઈ પ્રકારના વિચારો આવ્યા જ નહોતા. બસ, બધો ખતરો ટળી ગયો હોય અને હવે બધે માત્ર સલામતી અને શાંતિ હોય તેવું વેરાને લાગતું હતું.

હવે તેને ખ્યાલ આવ્યો કે તેને કકડીને ભૂખ લાગેલી અને ઊંઘ પણ આવતી હતી. ખાસ તો એને ઊંઘની જરૂર હતી... એને મન થયું કે રૂમમાં જઈને પથારીમાં પડે અને લાં.....બા સમય સુધી સૂઈ રહે... તેને એ વિચાર પણ આવ્યો કે આવતીકાલે કદાચ કોઈ સ્ટીકલહેવનથી આવીને તેને લઈ જાય પણ પછી તેને થયું કે હવે અહીં રહેવામાં પણ વાંધો નથી. એ એકલી હતી. સલામત હતી.

તેણે ઘર સામે જોયું અને તેને યાદ આવ્યું કે હજુ થોડા કલાક પહેલા તો એ ઘરની સામે જોતા પણ ડરતી હતી! હવે બધું પૂરું થઈ ગયું હતું. તેણે બહુ કપરી પરિસ્થિતિ ઉપર પોતાની બુદ્ધિ અને ચાલાકીથી વિજય મેળવેલો હતો અને તેના ખતરનાક શત્રુનો નાશ કરેલો હતો.

આથમતા સૂર્યના પ્રકાશમાં આકાશ લાલ અને કેસરી રંગોથી ભરાઈ ગયેલું. તેને જોઈને વેરાએ વિચાર્યું, “આહા! કેટલું સુંદર દેખાય છે! આ કોઈ સપનું તો નથી ને? તેણે ફરીવાર અનુભવ્યું કે તે બહુ થાકી ગયેલી. તેના હાથપગમાં કળતર હતું અને આંખો વારેવારે બંધ થઈ જતી હતી. એ એકલી હતી અને હવે કોઈ ખતરો નહોતો એટલે એ નિરાંતે સૂઈ જવા માંગતી હતી. હવે તો એક જ ચિનાઈ માટીનો ‘સોલ્જર’ બચેલો! વેરાએ ચિનાઈ માટીના પૂતળાં યાદ કરીને સ્મિત કર્યું.

તે બારણામાંથી ઘરમાં ગઈ ત્યારે તેને લાગ્યું કે ઘરમાં પણ શાંતિ છવાયેલી હતી. વેરાના મનમાં વિચાર ઝબક્યો, “જે ઘરના મોટાભાગના બેડરૂમમાં મૃતદેહ પડ્યા હોય ત્યાં કોઈ સૂવાનું પસંદ કરે?”

‘કિચનમાં જઈને કાંઈક ખાઈ લઉં?” વેરાએ વિચાર્યું પણ પછી રૂમમાં જઈને સૂઈ જવાનું જ નક્કી કર્યું. ડાઇનિંગ રૂમના બારણામાંથી તેણે ટેબલ પર નજર કરી તો ત્રણ ચિનાઈ માટીનાં પૂતળાં દેખાયાં.

ટેબલ પાસે જતા વેરા હસીને બોલી, “અરે! તમે તો મોડા પડી ગયા!” અને તેણે બે પૂતળાં ઉપાડીને બારીની બહાર ફેંકી દીધા. પૂતળાં તૂટવાનો અવાજ અંદર સંભળાયો. પછી છેલ્લું પૂતળું હાથમાં લઈને વેરા બોલી, “તું મારી સાથે ચાલ. આપણે જીતી ગયા છીએ. સાચે જ જીતી ગયા!”

વેરા સોલ્જરનું છેલ્લું પૂતળું હાથમાં લઈને ધીમે ધીમે દાદર ચડવા લાગી. તેણે જોડકણાની કડી યાદ કરી. *એક નાનો સિપાહી, સાવ એકલો પડ્યો.... પછી શું આવતું હતું? હા...યાદ આવ્યું. ‘એ ખુશીથી પરણ્યો, હવે કોઈ ના રહ્યો.”*

'પરણવાની વાત આવી કે વેરાને હ્યુગો યાદ આવ્યો. વેરાને થયું કે હ્યુગો આ ઘરમાં હતો. હા, હ્યુગો ઉપરના રૂમમાં તેની રાહ જોતો હતો.' પાછું તેને યાદ આવ્યું કે ઘરમાં તે એકલી છે એટલે પોતાની જાત પર ગુસ્સો કરતા બબડી, "સાવ મૂરખ જેવી વાત ન કર! તને બહુ થાક લાગ્યો છે એટલે જ તારા મનમાં આવા વિચિત્ર વિચારો આવે છે."

વેરા દાદરનું છેલ્લું પગથિયું ચડી ત્યારે તેના હાથમાંથી એક વસ્તુ પડી ગઈ. સૉફ્ટકાર્પેટ પર પડેલી વસ્તુનો જરાપણ અવાજ ન થયો એટલે વેરાને ખ્યાલ ન આવ્યો કે તેના હાથમાંથી રિવૉલ્વર પડી ગયેલી. આમ પણ તેનું ધ્યાન હાથમાં પકડેલા ચિનાઈ માટીના પૂતળા પર હતું.

વેરા રૂમ તરફ જતા વિચારતી હતી કે 'ઘરમાં કેટલી બધી શાંતિ છે, છતાં એમ લાગ્યા કરતુ હતું કે ઘરમાં કોઈની હાજરી છે. કદાચ હ્યુગો તેની રાહ જુએ છે.' એને જોડકણાની કડી યાદ આવી.

એક નાનો સિપાહી, સાવ એકલો પડ્યો... પછી શું આવતું હતું? કાંઈક લગ્ન વિષે? કે પછી કાંઈક જુદું હતું?

તે રૂમના બારણાં પાસે આવી ગઈ હતી. હવે તેને ખાતરી હતી કે હ્યુગો રૂમમાં તેની રાહ જોતો હતો. તેણે બારણું ખોલ્યું અને તે હેબત ખાઈને બે ડગલાં પાછી હટી ગઈ!

રૂમમાં સિલિંગના હુક સાથે દોરડું બાંધેલું હતું જેના છેડે ફાંસો હતો. તેની નીચે એક ખુરશી હતી. ખુરશી ઉપર ઊભા રહી, ગળામાં ફાંસો નાખીને ખુરશીને લાત મારીને દૂર હડસેલી દેવાની હતી. હ્યુગો આ જ ઇચ્છતો હતો. હા! હવે યાદ આવ્યું. જોડકણાની છેલ્લી કડી પણ આ રીતે હતીઃ

એક નાનો સિપાહી, સાવ એકલો પડ્યો,
લટકી ગયો ફાંસીએ, હવે કોઈ ના રહ્યો.

વેરાના હાથમાંથી ચિનાઈ માટીનું પૂતળું પડી ગયું અને દાદરની રેલિંગ સાથે અથડાઈને તૂટી ગયું. વેરા સંમોહિત થઈને ચાલતી હોય તેમ ખુરશી તરફ આગળ વધી. બસ, બધું પૂરું થઈ ગયું હતું. આ જ જગ્યાએ સિરિલનો ઠંડોગાર હાથ તેના ગળાને અડેલો.

"સિરિલ, તું જરૂર પેલા ખડક સુધી તરીને જા." આમ કહીને સાચે જ તેણે સિરિલની હત્યા કરેલી. પોલીસે ભલે તેને નિર્દોષ ઠરાવી પણ તે પોતે આ વાત ક્યારેય ભૂલી શકી નહોતી.

ઊંઘમાં ચાલતી હોય તેવી રીતે વેરાએ ખુરશી પર ચડીને દોરડાનો ફાંસો પોતાના ગળામાં નાખ્યો. તેણે અચેત નજરે સામે જોયું તો

હ્યુગો તેને જોઈ રહ્યો હતો. વેરાએ લાત મારીને ખુરશી દૂર હડસેલી દીધી.

17

ઉપસંહાર

ઇંગ્લૅન્ડની બાહોશ ડિટેક્ટીવ એજન્સી સ્કોટલેંડ યાર્ડના આસિસ્ટંટ કમિશનર સર થોમસ લૅગ ગુસ્સે થઈને બોલ્યા, "આ આખી વાત માન્યામાં આવે એવી નથી."

તેમના સહાયક ઇન્સ્પેક્ટર મૅન સંમત થતા બોલ્યા, "એવું તો લાગે છે સર."

સર લૅગે કહ્યું, "ટાપુ પર કોઈ જીવતું બચ્યું નથી, દસ લાશ પડી છે. આ કેવી રીતે બને?"

ઇન્સ્પેક્ટર મૅને કહ્યું, "એમ છતાં *આ બન્યું છે તે હકીકત છે.*"

સર લૅગ બોલ્યા, "નક્કી કોઈએ એ બધાની હત્યા કરી હશે." મૅને કહ્યું, "એ જ કોયડો છે."

"ડૉક્ટરના રિપોર્ટમાં પણ કાંઈ કડી નથી મળતી?" સર લૅગે પૂછ્યું.

"ના સર, ડૉક્ટરનો રિપોર્ટ જણાવે છે કે વોરગ્રેવને માથામાં ગોળી મારવામાં આવી જયારે લોમ્બાર્ડને છાતીમાં... મિસ બ્રેન્ટ અને માર્સટનનું મૃત્યુ સાયનાઇડને કારણે થયું. મિસિસ રોજર્સની હત્યા ઘેનની દવાનો ઓવરડોઝ આપીને કરવામાં આવી. રોજર્સના માથામાં કુહાડી મારીને તેના રામ રમાડી દીધા. બ્લોર ઉપર પૂતળું ફેંકીને તેનું માથું છૂંદી નાખવામાં આવ્યું. આર્મસ્ટ્રોંગ દરિયામાં ડૂબી ગયા, મૅકઆર્થરની ખોપરી તોડી નાખી અને વેરાને ફાંસીએ લટકાવવામાં આવી.

સર લૅગે સહેજ કમકમાટી સાથે કહ્યું, "મામલો બહુ ત્રાસદાયક છે, દસ હત્યા થઈ ગઈ!" થોડીવાર વિચાર કરીને તે અકળાઈને બોલ્યા, "અરે, તમને સ્ટીકલહેવનના લોકો પાસેથી કાંઈ માહિતી નથી મળી? એમણે કાંઈક તો જોયું હશે ને?"

મૅને જણાવ્યું, "એ લોકો સીધાસાદા નાવિકો અને માછીમારો છે. તેમને એટલી ખબર છે કે આ ટાપુ કોઈ Mr. Owen નામના માણસે ખરીદેલો."

"ટાપુ ખરીદવાનું અને તેની પર બધો સરસામાન પહોંચાડવાનું કામ કોણે કર્યું?"

ઇન્સ્પેક્ટરે જણાવ્યું, "આ બધો કારભાર ઇસાક મોરિસ નામના શખ્સે કરેલો."

સર લૅગના પ્રશ્નો ચાલુ રહ્યા. "તો આ ઇસાક મોરિસ શું કહે છે?"

"સર, એ કાંઈ કહી શકે એમ નથી કારણ કે એનું મૃત્યુ થયું છે." મૅને જવાબ આપ્યો.

સર લૅગ ઊંડા વિચારમાં પડ્યા અને તેમણે પૂછ્યું, "આપણે આ મોરિસ વિષે કાંઈ જાણીએ છીએ?"

"હા સર જાણીએ છીએ. મોરિસ બહુ સારો માણસ નહોતો. બેનિટોમાં ત્રણ વર્ષ પહેલા જે શેરબજારનું કૌભાંડ થયેલું તેમાં મોરિસ સંડોવાયેલો હતો. જોકે આપણી પાસે તે બાબતના કોઈ પુરાવા ન હતા. મોરિસ ડ્રગની હેરાફેરી પણ કરતો હતો પરંતુ એમાં પણ આપણી પાસે તેની વિરુદ્ધ કોઈ સાબિતી નહોતી. એ બહુ ચાલાક હતો, સર."

સર લૅગે પૂછ્યું, "આ સોલ્જર ટાપુનો સોદો થયો એમાં વચમાં એ હતો?"

ઇન્સ્પેક્ટર મૅને જણાવ્યું, "એણે જ સોલ્જર ટાપુને ખરીદવા માટે બધી વિધિ કરેલી. જો કે તેણે ચોખવટ કરેલી કે તે કોઈના બદલે આ ટાપુ ખરીદી રહ્યો હતો.

પોલીસ કમિશનરે જણાવ્યું, "આ પૈસાની લેવડ-દેવડ થઈ તેમાં કાંઈક તો મોરિસ વિષે જાણવા મળે તેવું હશે ને?"

મૅને તરત જણાવ્યું, "અરે સાહેબ, તમે આ મોરિસને ઓળખતા નથી. એ પૈસાની હેરાફેરી કરવામાં અને ખોટા હિસાબ બનાવવામાં એટલો ઉસ્તાદ હતો કે ભલભલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તેના ગોટાળા ન પકડી શકે! બેનિટોમાં જે શેરબજારનું કૌભાંડ થયેલું એમાં અમને આ વાતનો અનુભવ થઈ ગયેલો. સોલ્જર ટાપુનો સોદો કરતી વખતે પણ તેણે પોતાના ક્લાયન્ટનું નામ નહોતું જણાવ્યું."

પોલીસ કમિશનરે હતાશ થઈને માથું ધુણાવ્યું. ઇન્સ્પેક્ટરે વધુ જણાવતા કહ્યું, "સ્ટીકલહેવન ગામમાં પણ બોટ ભાડે કરવાની અને જરૂરી ચીજવસ્તુઓ ખરીદવાની વ્યવસ્થા મોરિસે જ કરેલી."

એણે એમ જણાવેલું કે પોતે "Mr. Owen"ની સૂચનાથી બધું કરે છે. વધુમાં એણે બધાને સમજાવી દીધેલું કે એક અઠવાડિયા સુધી સોલ્જર ટાપુ પર Mr. Owenના મહેમાનો 'એકાંત ટાપુ' પર કઈ રીતે રહેવાય તેનો પ્રયોગ કરવાના છે. એટલે ટાપુ પરથી મદદ માટે

કોઈ સિગ્નલ દેખાય તો પણ ધ્યાન આપવું નહીં, કારણકે એ સિગ્નલ પણ આ પ્રયોગનો જ એક ભાગ હશે."

કમિશનર થોડા અકળાઈને બોલ્યા, "શું તમે એમ કહેવા માગો છો કે આવી 'એકાંત ટાપુ' જેવી ઢંગધડા વિનાની વાત પર કોઈને શક પણ ન પડ્યો?"

ઇન્સ્પેક્ટરે આખી વાત સમજાવતાં કહ્યું, "સાહેબ, એ યાદ રાખવા જેવું છે કે આના પહેલા આ ટાપુનો માલિક અમેરિકન કરોડપતિ એલ્મર રોબ્સન હતો. તેણે સોલ્જર ટાપુ પર અનેક વખત સાવ વિચિત્ર કહેવાય એવી પાર્ટીઓ કરેલી. આને કારણે સ્ટીકલહેવનના લોકોને નવાઈ તો બહુ લાગેલી પણ પછી બધા ટેવાઈ ગયેલા અને એમ માનતા થઈ ગયા કે સોલ્જર ટાપુ પર તો આવી પાર્ટીઓ થાય, તેમાં નવાઈ નહીં."

મૅને વાત ચાલુ રાખતા કહ્યું, "ફ્રેડ નારાકોટ્ટ બધાને મોટરબોટમાં પર સોલ્જર ટાપુ પર લઈ ગયેલો. તેણે એક મહત્ત્વની વાત કરી કે મિસ્ટર રોબ્સનની પાર્ટીમાં જેવા પૈસાદાર અને ફૅશનેબલ લોકો આવતા હતા એવા આ ગ્રુપમાં એકપણ નહોતા. તેના કહેવા પ્રમાણે બધા સરળ અને સીધાસાદા હતા. કદાચ આને કારણે જ જ્યારે નારાકોટ્ટને ખબર પડી કે સોલ્જર ટાપુ પરથી ખતરાના સિગ્નલ આવેલા ત્યારે મિસ્ટર મોરિસે તેને ટાપુ પર જવાની ચોખ્ખી ના પાડેલી, છતાં તે તરત મોટરબોટ લઈને ટાપુ પર ગયો."

લૅગે પૂછ્યું, "નારાકોટ્ટ અને બીજા લોકો ટાપુ પર ક્યારે પહોંચ્યા?"

"બૉય સ્કાઉટ્સના એક ગ્રુપે આ સિગ્નલ ૧૧મી તારીખે સવારે જોયેલા અને ગામમાં જાણ કરેલી. ૧૧મી તારીખે તો દરિયો બહુ તોફાની હતો એટલે કોઈ જઈ શકે તેવી શક્યતા જ નહોતી. જેવો દરિયો શાંત થયો કે તરત બધાં મોટરબોટ લઈને નીકળ્યાં અને ૧૨મીએ બપોરે સોલ્જર ટાપુ પર પહોંચ્યાં. તે લોકો પહોંચ્યાં તે પહેલા સોલ્જર ટાપુથી કોઈ નીકળી શકે તે શક્ય જ નહોતું."

"કોઈ ટાપુ પરથી તરીને આ કિનારે આવી ગયું હોય તેવું બની શકે?"

મૅને જણાવ્યું, "સર, બંને વચ્ચે બે કિલોમીટરનું અંતર છે. દરિયામાં તોફાન હતું અને મોટાં મોટાં મોજાં ઊછળતાં હતાં. વળી સ્ટીકલહેવનના ઘણા લોકો ખડક પર બેસીને સોલ્જર ટાપુ પર સતત નજર રાખતા હતા. એટલે કોઈ તરીને આવ્યું હોત તો તરત ખબર પડી હોત."

લૅંગે ઊંડો શ્વાસ લઈને પૂછ્યું, "તમને ઘરમાંથી પેલી ગ્રામોફોન રેકર્ડ મળી છે. એમાંથી પણ એવું કાંઈ નથી મળ્યું જે આ રહસ્ય ઉકેલવામાં મદદ કરે?"

ઇન્સ્પેક્ટરે કહ્યું "મેં એની વિગતે તપાસ કરી છે. આ રેકર્ડ એક ડ્રામા કંપનીએ બનાવેલી. Mr. Owen એમ જણાવેલું કે એક ગ્રુપ નાટક ભજવવાનું છે તેમાં આ રેકર્ડ વગાડવાની છે. રેકર્ડમાં શું બોલવાનું છે તેની સ્ક્રીપ્ટ તેમણે લખીને મોકલેલી. આ રેકર્ડ U. N. Owen , C\O મિસ્ટર ઇસાક મોરિસના નામે મોકલવાની હતી. કંપનીએ રેકર્ડની સાથે સ્ક્રીપ્ટ પાછી મોકલી આપેલી.

કમિશનર લૅંગેએ કહ્યું, "એ રેકર્ડમાં જે કાંઈ બોલાયું તે કેટલું સાચું હતું?"

ઇન્સ્પેક્ટરે કહ્યું, "હવે હું એ વાત જ કહેવાનો હતો સર. મેં બધા તહોમત વિષે શક્ય એટલી બધી તપાસ કરી છે."

"રોજર્સ કપલથી વાત શરૂ કરીએ તો સોલ્જર ટાપુ પર તે બંને સહુથી પહેલા આવેલા. તે બંને મિસ બ્રેડીને ત્યાં કામ કરતા હતા ત્યારે મિસ બ્રેડીનું અચાનક મૃત્યુ થયેલું. મેં ડૉક્ટરને પૂછ્યું પણ તે ચોક્કસ રીતે કહી ન શક્યા કે મૃત્યુનું કારણ શું હતું. મિસ બ્રેડીને ઝેર નહોતું આપવામાં આવેલું પણ ડૉક્ટર માનતા હતા કે રોજર્સ કપલની બેદરકારીને કારણે મિસ બ્રેડીને સમયસર સારવાર ન મળી એટલે તેમનું મૃત્યુ થયું હોય. જો કે આ વાત સાબિત કરવી શક્ય નહોતી."

"જજ વોરગ્રેવે સેટોનને સજા કરેલી તે સાચું છે. જો કે સેટોન ગુનેગાર હતો જ. એનો કેસ ચાલી ગયા પછી એવા નક્કર પુરાવા મળ્યા કે સેટોન જ ગુનેગાર હતો. જોકે સજા સંભળાવવામાં આવી ત્યારે કોર્ટમાં હાજર હતા એમાંથી દસમાંથી નવ જણાને લાગતું હતું કે સેટોન નિર્દોષ છે અને જજ વોરગ્રેવે અંગત અદાવતને કારણે તેને સજા કરી છે."

"વેરા ક્લેથોર્ન વિષે તપાસ કરતા ખબર પડી કે તે એક ઘરમાં સિરિલ નામના છોકરાની ગવર્નેસ તરીકે કામ કરતી હતી ત્યારે સિરિલ દરિયામાં ડૂબી જઈ મૃત્યુ પામેલો. જો કે આમાં વેરા ક્લેથોર્નનો કોઈ વાંક નહોતો. એ તો સિરિલને બચાવવા તેની પાછળ તરતી તરતી ગયેલી અને એટલે દૂર પહોંચી ગયેલી કે તેને પણ મહામુશ્કેલીએ બચાવી શકાઈ.

લૅંગે ઢીલા અવાજે કહ્યું, "ઠીક છે, આગળ જણાવો."

"ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ, જેમનું ક્લિનિક હાર્લે સ્ટ્રીટમાં હતું, એક બાહોશ અને પ્રમાણિક ડૉક્ટર તરીકે પ્રખ્યાત હતા. એમણે એકપણ વાર ગેરકાયદેસર કામ કર્યું હોય તેવું રેકર્ડ પર નથી. હા, એ વાત સાચી છે કે ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ જયારે ૧૯૨૫ની સાલમાં લેઈથમોર શહેરની હૉસ્પિટલમાં કામ કરતા હતા ત્યારે તેમણે મિસિસ ક્લેસનું ઑપરેશન કરેલું અને મિસિસ ક્લેસ ઑપરેશન ટેબલ પર જ મૃત્યુ પામેલા. આ કદાચ બેદરકારીનું પરિણામ હોઈ શકે પણ કોઈ પ્રકારનો ગુનો તો બનતો જ નથી."

"મિસ એમિલી બ્રેન્ટની વાત એવી છે કે તેમની જુનિયર, મિસ બિયાટ્રીસે ટેય્લર નામની યુવતી અચાનક પ્રેગ્નન્ટ થઈ ગયેલી જેને કારણે મિસ બ્રેન્ટે તેને રાતોરાત પહેરેલે કપડે કાઢી મૂકેલી. આ યુવતીએ ડૂબી જઈને આપઘાત કરેલો. આ બહુ ખરાબ ઘટના હતી પણ કાયદાની દૃષ્ટિએ કોઈ અપરાધ નહોતો.

આસિસ્ટંટ કમિશનર લૅગેએ કહ્યું, "એ જ મૂળ વાત લાગે છે. Mr. U. N. Owen એ એવા જ કેસ 'પસંદ' કર્યા છે જેમાં કાયદો કોઈ સજા કરી શકે તેમ નહોતો."

મૅને લીસ્ટ જોઈને વાત ચાલુ રાખી, "માર્સટન ઘણો બેદરકાર ડ્રાઇવર હતો અને બેફામ ઝડપે ગાડી ચલાવતો. બે વખત તો તેનું લાઇસન્સ જપ્ત થઈ ગયેલું. મારા મતે તો તેનું લાઇસન્સ કાયમ માટે જપ્ત કરી લેવા જેવું હતું. એણે કેમ્બ્રિજ પાસે જહોન અને લ્યુસી નામનાં બે બાળકોને કચડી નાખેલા. એના મિત્રની જુબાનીના આધારે મોર્સટનને ફક્ત દંડ ભરવાની સજા થઈ."

"જનરલ મૅકઆર્થર વિષે બહુ ઓછી માહિતી મળી છે. યુદ્ધમાં તેમનો દેખાવ બહુ પ્રશંસનીય હતો. આર્થર રીચમંડ તેમનો જુનિયર ઑફિસર હતો અને ફ્રાન્સમાં લડાઈ ચાલતી હતી ત્યારે મૃત્યુ પામેલો. જનરલ અને આર્થર વચ્ચે કોઈ દુશ્મનાવટ નહોતી, ઊલટાનું તે બંને તો સારા દોસ્ત હતા. યુદ્ધના તનાવમાં ઘણા જનરલ ભૂલો કરતા જેને કારણે જુનિયર ઑફિસરોને જીવ ગુમાવવા પડતા. રીચમંડનું મૃત્યુ પણ મૅકઆર્થરની એવી કોઈ મોટી ભૂલને કારણે થયું હોય તે શક્ય છે."

"હા, એ શક્ય છે." લૅગે સહમત થતા બોલ્યા.

"ફિલિપ લોમ્બાર્ડ વધુ પડતો ચાલાક અને સાહસિક હતો. એક-બે વાર તે કાયદાની પકડમાં આવતા આવતા રહી ગયેલો. એ એવો જરૂર હતો કે જે અમુક લોકોને એકાંત જગ્યાએ લઈ જઈને બધાનો ખાતમો બોલાવી દે."

બ્લોર વિષે વાત કરતા પહેલા ઇન્સ્પેક્ટર સહેજ અટક્યા અને પછી કહ્યું, “સર, બ્લોર તો આપણો જ માણસ ગણાય!”

કમિશનર અકળાઈને બોલ્યા, “બ્લોર હરામી હતો, એક નંબરનો હરામી!”

મૅને વિવેકથી પૂછ્યું, “સાહેબ, તમને સાચે જ એવું લાગે છે?”

આસીસ્ટંટ કમિશનરે જણાવ્યું, “હું તો હંમેશાં બ્લોરને નકામો જ ગણતો હતો. એ હરામીવેડા કરતો અને ઉસ્તાદીથી છટકી જતો. મારા મતે બ્લોરે લેન્ડોર પર બદલો લેવા જ એને જેલમાં પૂરી દીધેલો. મેં આખા કેસની ઝીણવટથી તપાસ કરેલી પણ બ્લોર વિરુદ્ધ મને કોઈ પુરાવો ન મળ્યો.

ત્યારબાદ હેરિસે પણ તપાસ કરી પરંતુ એને પણ નિષ્ફળતા મળેલી. હજુ આજે પણ મને અહેસાસ થાય છે કે બ્લોર જુઠ્ઠો, લબાડ માણસ હતો પણ એની સામે કોઈ પુરાવા નહોતા મળ્યા.”

થોડીવાર પછી સર લૅગેએ પૂછ્યું, “અને આ ઇસાક મોરિસ પણ હયાત નથી?”

“ઇસાક મોરિસનું મૃત્યુ ઑગસ્ટની આઠમી તારીખે થયું. એણે ઘેનની ગોળીઓનો ઓવરડોઝ લઈ લીધેલો. જો કે આ ઓવરડોઝ અકસ્માતે લેવાઈ ગયો કે પછી મોરિસે આપઘાત કર્યો એ નક્કી કરવું શક્ય નથી.” ઇન્સ્પેક્ટર મૅને જણાવ્યું.

સર લૅગે વિચાર કરતા બોલ્યા, “મૅન, આ મોરિસનું મૃત્યુ Mr. Owen માટે તો બહુ ‘અનુકૂળ’ થયું કહેવાય ને?”

મૅન બોલ્યા, “મને પણ એમ લાગે છે, સર.”

લૅગે એ ટેબલ પર મુક્કો પછાડતા કહ્યું, “મને તો આ આખી વાત કાંઈ સમજાતી જ નથી. ટાપુ પર દસ જણા મરેલા પડ્યા છે અને તે બધાને કોણે, ક્યારે અને શું કામ મારી નાખ્યા તેના વિષે આપણને રતીભાર ખબર નથી!”

મૅન થોડીવાર પછી બોલ્યો, “સર, સાવ એવું નથી. આપણને અંદાજ છે કે બધાને શું કામ મારી નાખવામાં આવ્યા. કોઈ ઝનૂની પાગલને એમ લાગ્યું છે કે કાયદો નબળો છે એટલે ગુનેગારો છૂટી જાય છે. આથી એણે પોતે એ બધા ગુનેગારોને સજા આપવાનું નક્કી કર્યું અને દસ જણને ટાપુ પર બોલાવ્યા. એ બધા સાચે જ ગુનેગાર હતા કે નહીં તે મહત્ત્વનું નહોતું.”

લૅગે બોલી ઊઠ્યા, “શું એ સાચે જ મહત્ત્વનું નહોતું?” અને ફરી ઊંડા વિચારમાં પડી ગયા. મૅને રાહ જોઈ કે સર લૅગે કાંઈક કહે

પણ લૅગેએ માથું ધુણાવ્યું અને કહ્યું "મને કાંઈક યાદ આવેલું પણ પાછું મનમાંથી નીકળી ગયું. તમે શું કહેતા હતા?"

ઇન્સ્પેક્ટરે કહ્યું, "સર, હત્યારાના વિચારો મુજબ દસ વ્યક્તિને 'મૃત્યુદંડની સજા આપવાની હતી. આ Mr. U. N. Owenએ એ કામ પૂરું કર્યું. મોટો કોયડો એ છે કે ત્યારબાદ Mr. U. N. Owen ગયા ક્યાં? શું હવામાં ઓગળી ગયા?"

લૅગેએ કહ્યું, "હા, લાગે છે કે હવામાં ઓગળી ગયા પણ મૅન, મને લાગે છે કે આ કોયડાનો ઉકેલ હોવો જ જોઈએ."

"જી, તમે જે વિચારો છો એ જ વિચાર મને પણ આવેલો." મૅને કહ્યું "Mr. Owenને તો ક્યારેય કોઈએ જોયા નથી. એટલું નક્કી કે એ બધા સાથે અહીં નહોતા આવ્યા. એમને ટાપુ પરથી સ્ટીકલહેવન આવતા કોઈએ ક્યારેય જોયા નથી અને બધાનું કહેવાનું એમ હતું કે આ ટાપુ પર બીજું કોઈ રહેતું નહોતું. આમ બધી રીતે વિચારતા કહી શકાય કે જે દસ મુસાફરો આ ટાપુ પર આવ્યા એમનામાંથી જ એક Mr. U. N. Owen છે."

લૅગેએ બોલ્યા વિના સંમતિ આપી અને મૅને વાત આગળ ચલાવી.

"અમે એ વાત ધ્યાનમાં રાખીને તપાસ કરી છે. સોલ્જર ટાપુ પર શું બન્યું તેનો થોડો અંદાજ અમને વેરા, એમિલી બ્રેન્ટ, વૉરગ્રેવ અને બ્લોરે જે ડાયરી લખેલી તેના પરથી મળ્યો છે. દરેકની વાત લગભગ સરખી છે. સૌથી પહેલાં માર્સ્ટનની હત્યા થઈ. ત્યારબાદ ક્રમમાં મિસિસ રોજર્સ, જનરલ મૅકઆર્થર, મિસ બ્રેન્ટ, જજ વૉરગ્રેવ, ડૉક્ટર આર્મસ્ટ્રૉંગ, બ્લોર, લોમ્બાર્ડ અને છેલ્લે વેરાની હત્યા થઈ."

"વેરાએ ડાયરીમાં લખ્યું છે કે `આર્મસ્ટ્રૉંગ રાતે ઘરની બહાર ગયા અને બ્લોર અને લોમ્બાર્ડ એમને શોધવા ગયા.' બ્લોરે લખ્યું છે કે `આર્મસ્ટ્રૉંગ દેખાતા નથી.' આની ઉપરથી એમ માની શકાય કે પાગલ આર્મસ્ટ્રૉંગે બધાની હત્યા કરી હશે અને પછી પોતે દરિયામાં કૂદી પડ્યા હશે અથવા એમને સ્ટીકલહેવન તરફ તરીને આવવાનો પ્રયત્ન કર્યો હશે અને વચ્ચે જ ડૂબી ગયા હશે.

"પરંતુ આમ માની લેવું બરાબર નથી. પોલીસ સાર્જન્ટ ૧૩મી તારીખે સવારે સોલ્જર ટાપુ પર પહોંચેલા. તેમના રિપોર્ટ પ્રમાણે દરેક વ્યક્તિનું મૃત્યુ છત્રીસ કલાક કે એની પહેલા થયેલું. આર્મસ્ટ્રૉંગ વિષે એવો રિપોર્ટ હતો કે તેમની લાશ કિનારે ઢસડાઈ આવી તે પહેલા ઓછામાં ઓછા દસથી બાર કલાક પાણીમાં પડી

રહેલી. આનો અર્થ એમ કે આર્મસ્ટ્રૉંગ ૧૦મી અથવા ૧૧મી તારીખે દરિયામાં ગયા હશે."

લૅગે ધ્યાનથી સાંભળતા હતા અને વચ્ચે વચ્ચે સંમતિ આપતા હતા.

"એમ માનીએ કે આર્મસ્ટ્રૉંગે તે રાતે ઘરની બહાર જતા પહેલાં બીજા ત્રણેયની હત્યા કરી નાખી, તો એ વાત એટલા માટે ખોટી ઠરે છે કે અમે જોયું કે આર્મસ્ટ્રૉંગની લાશને ઢસડીને કિનારા ઉપર, જ્યાં ભરતીનું પાણી પહોંચી ન શકે ત્યાં લાવવામાં આવેલી અને હાથપગ સીધા કરીને મૂકવામાં આવેલી.. આનો અર્થ એમ કે આર્મસ્ટ્રૉંગનું મૃત્યુ થયું પછી પણ ટાપુ પર કોઈ હયાત હતું. હવે રહ્યાં વેરા, બ્લોર અને લોમ્બાર્ડ. લોમ્બાર્ડને ગોળી મારવામાં આવેલી, વેરાને ફાંસીએ લટકાવવામાં આવી અને બ્લોર જ્યારે ટૅરેસ પર હતા ત્યારે રૂમની બારીમાંથી એમના પર આરસનું મોટું પૂતળું ફેંકીને તેમને મારી નાખવામાં આવ્યા."

લૅગેએ જરા ચોંકીને પૂછ્યું, "એ બારી કોના રૂમની હતી?"

"વેરા ક્લેથોર્નના રૂમની બારી." મૅને જણાવ્યું અને કહ્યું, "માની લઈએ કે લોમ્બાર્ડે આ પૂતળું ફેંકીને બ્લોરની હત્યા કરી, પછી વેરાને ઘેનની દવા આપી ફાંસીએ ચડાવી દીધી અને પછી દરિયાકિનારે જઈને પોતાની જાતને ગોળી મારીને આત્મહત્યા કરી. તો પ્રશ્ન એ છે કે રિવૉલ્વર ઘરમાં દાદરા ઉપર વોરગ્રેવના રૂમ પાસે કઈ રીતે પહોંચી?"

લૅગેએ પૂછ્યું, "રિવૉલ્વર પર કોઈના ફિંગરપ્રિન્ટ મળ્યા?"

મૅને કહ્યું "હા, સર, વેરાના ફિંગરપ્રિન્ટ હતા."

લૅગેએ ઉત્તેજિત થતા કહ્યું, "એનો અર્થ એમ કે વેરા..."

મૅને તરત જણાવ્યું, "સર, મને પણ વિચાર આવેલો કે વેરાએ લોમ્બાર્ડને ગોળી મારી હશે, ત્યારબાદ રિવૉલ્વર સાથે ઘરમાં આવીને બ્લોર પર પૂતળું ફેંક્યું હશે અને પછી ખુરશી પર ચડી, ફાંસો ગળામાં નાખી, ખુરશીને લાત મારીને હડસેલી દઈને આપઘાત કર્યો હશે. એના રૂમની એક ખુરશી પર દરિયાની રેતી અને લીલના નિશાન છે જેવા વેરાના બૂટ પર હતા.

"પરંતુ આમાં એક વાત નથી સમજાતી. અમે જોયું કે જે ખુરશીને લાત મારીને વેરાએ આપઘાત કરેલો તે ફ્લૉર પર નહોતી પડી. તે ખુરશીને ઉપાડીને બીજી ખુરશીઓ સાથે વૉલ પાસે મૂકી દેવામાં આવેલી. આનો અર્થ એ કે વેરાના મૃત્યુ પછી કોઈએ આ કામ કરેલું.

"છેલ્લે બ્લોરની વાત. એમ માનીએ કે એણે લોમ્બાર્ડને ગોળી મારી, વેરાને ઘેનની દવા આપી ફાંસીએ લટકાડી દીધી અને પછી આરસના એ મોટા પૂતળાને દોરીથી બાંધીને, ટૅરેસ પર ઊભા રહીને પોતાની ઉપર ખેંચ્યું હોય, તો એ વાત કાંઈ ગળે ઊતરતી નથી. કોઈ આવી રીતે આપઘાત ન કરે. વળી આપણે બ્લોરને જાણીએ છીએ. આવી રીતે બધાના 'ન્યાય તોળવાનું' અને 'સજા આપવાનું' તેના મનમાં ક્યારેય ન આવે.

લૅગેએ કહ્યું, "તમારી વાત સાથે હું સહમત છું."

મૅને કહ્યું, "સર, કોઈ બીજી વ્યક્તિ સોલ્જર ટાપુ પર જરૂર હતી જે આ બધાની હત્યા કરીને અદૃશ્ય થઈ ગઈ. પણ એ હતું કોણ અને ગયું ક્યાં? સ્ટીકલહેવનના લોકોને ખાતરી છે કે સોલ્જર ટાપુ પર બોટ પહોંચી તે પહેલા ત્યાંથી કોઈ નીકળી ન શક્યું હોય, પરંતુ જો એવું હોય...."

લૅગેએ કહ્યું, "જો એવું હોય તો..." તેમણે ઊંડો શ્વાસ લીધો, માથું ધુણાવ્યું અને ટેબલ પર મુક્કો પછાડતા કહ્યું, *"એવું હોય તો આ બધાની હત્યા કોણે કરી?"*

18

"એમા જેન" મોટરબોટના કૅપ્ટન તરફથી સ્કોટલૅંડ યાર્ડને મળેલો પત્ર

(સોલ્જર ટાપુ પર બનેલી ભયાનક ઘટનાના થોડા સમય બાદ 'એમા જેન' નામની એક મોટરબોટના કૅપ્ટનને આ ટાપુ પાસેના દરિયામાં તરી રહેલી એક કાચની બૉટલ મળેલી જેમાં એક હસ્તલિખિત પત્ર સીલ કરેલો હતો. આ પત્ર તેમણે સ્કોટલૅંડ યાર્ડને મોકલી આપેલો જેને વાંચીને આસિસ્ટંટ કમિશનર સર લૅગે અને ઇન્સ્પેક્ટર મૅન આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયેલા!)

"હું પંદર-સત્તર વર્ષનો થયો ત્યારે મને ખ્યાલ આવેલો કે મારો સ્વભાવ જરા વિચિત્ર છે. હું હંમેશાં અવનવી કલ્પનામાં રાચતો. કિશોરાવસ્થામાં જ્યારે હું સાહસકથામાં વાંચતો કે હીરો પોતાનો સંદેશ કાચની બૉટલમાં સીલ કરીને દરિયામાં તરતો મૂકે છે, ત્યારે હું બહુ રોમાંચ અનુભવતો અને મને થતું 'હું આવું ક્યારે કરીશ?"

અત્યારે પણ મને આ વાતનો એટલો જ રોમાંચ છે. એટલા માટે હું મારું કબૂલાતનામું લખીને, બૉટલમાં સીલ કરીને દરિયામાં વહાવી રહ્યો છું. મને લાગે છે કે આ બૉટલ કોઈના હાથમાં આવે તેવા ચાન્સ ઘણા ઓછા છે, પણ જો એવું થશે તો સોલ્જર ટાપુ પર જે હત્યાઓ થઈ તેના રહસ્યનો ઉકેલ બધાની સામે આવશે.

મારા સ્વભાવનું એક બીજું પાસું એ છે કે મને નાનપણથી કોઈનું મોત જોવામાં અથવા કોઈને મોતને ઘાટ ઉતારવામાં એક પ્રકારનો પિશાચી આનંદ મળે છે. નાનો હતો ત્યારે બાગમાં ભમરી અને છચળને રિબાવીને મારતો.

સાથે જ, આની સાવ વિરુદ્ધ લાગે તેવું મારા સ્વભાવનું એક એ પાસું પણ હતું કે બધાને સરખો ન્યાય મળે તે માટે મને બહુ પ્રબળ ભાવના હતી. કોઈ *નિર્દોષ વ્યક્તિ* અથવા જીવને અન્યાય થાય કે તેની હત્યા થાય તે હું જરાપણ સાંખી નહી શકતો. હું દૃઢપણે માનતો કે સત્યનો હંમેશાં જય થવો જોઈએ.

કોઈ મનોચિકિત્સક આ સમજી શકે કે મારા આ સ્વભાવને કારણે જ મેં કાયદાશાસ્ત્રમાં કારકિર્દી બનાવવાનું પસંદ કર્યું. મને અપરાધ અને સજા વિષે હંમેશાં પ્રબળ આકર્ષણ રહ્યું છે. નાનપણથી હું રહસ્ય અને રોમાંચની કથાઓ વાંચતો અને તેના

વિષે વિચાર કર્યા કરતો. મારું મન બહેલાવવા હું કલ્પના કર્યા કરતો કે કોઈની હત્યા કરવાની કેટલી રીત હોઈ શકે?

એક સમય એવો આવ્યો જયારે હું કોર્ટનો જજ બન્યો. આ સત્તાને કારણે મારી એ ઇચ્છા, કે 'અપરાધીઓને યોગ્ય સજા મળવી જ જોઈએ', વધુ અને વધુ પ્રબળ થતી ગઈ. કેટલાય ગુનેગારોને હું કોર્ટમાં તૂટી જતા જોતો ત્યારે મને બહુ રોમાંચ થતો. હા, કોઈ નિર્દોષને એ કોર્ટમાં ઊભા રહેવું પડે તો મને બહુ દુખ થતું. એક-બે કેસમાં મેં નિર્દોષ લોકોને સજા થતી અટકાવેલી. જોકે આપણો પોલીસ ફોર્સ એટલો સક્ષમ છે કે મોટાભાગના આરોપીઓ ગુનેગાર સાબિત થતા.

આવો એક કેસ એડવર્ડ સેટોનનો હતો. એના દેખાવ અને વાતચીત કરવાની સ્ટાઇલ પરથી તે બહુ સારો અને સજ્જન દેખાતો હતો. જયુરી પર પણ તેણે સારી છાપ ઊભી કરેલી. પરંતુ બધા પુરાવા તેની વિરુદ્ધમાં હતા.મને જેવો ગુનેગારોનો અનુભવ હતો, તે પરથી સ્પષ્ટ સાબિત થતું હતું કે સેટોને એક વૃદ્ધ લેડીની, જે તેને સારી રીતે ઓળખતી હતી, તેની ક્રૂર રીતે હત્યા કરેલી.

`ફાંસી આપનાર જજ' તરીકે મને ઓળખવામાં આવતો પણ એ વાત ખોટી છે. હું હંમેશાં દરેક કેસનો ઝીણવટભર્યો અભ્યાસ કરીને અને કાયદાને ચુસ્તપણે અનુસરીને જ ચુકાદો આપતો.

હા, હું તકેદારી રાખતો કે જયુરીના મેમ્બર બચાવપક્ષના વકીલની દલીલો સાંભળીને લાગણીવશ થઈને ચુકાદો ન આપે. હું હંમેશાં તેમનું ધ્યાન પુરાવા તરફ દોરતો.

થોડાં વર્ષોથી હું મારામાં એક ફેરફાર થતો અનુભવતો હતો. મને હવે ફક્ત ચુકાદો આપીને બેસી રહેવાનું નહોતું ગમતું. મારે હવે ઍક્શન પણ લેવી હતી. *હું કબૂલ કરું છું કે મને કોઈની હત્યા કરવાનું મન થતું હતું.* જેમ કોઈ ચિત્રકારને સારું ચિત્ર દોરીને પોતાની કલાને વ્યક્ત કરવાની પ્રબળ ઇચ્છા થાય એ જ રીતે મને કોઈની હત્યા કરવાનું મન થતું હતું. હું પણ અપરાધ જગતનો એક કલાકાર બની શકું એમ હતું! મારા રોજિંદા કામમાં મારે સતત અપરાધ અને સજા સાથે કામ કરવાનું થતું. આને કારણે મારી આ કલ્પના વધુ અને વધુ પ્રબળ થતી ગઈ.

"બસ, મારે કોઈની હત્યા કરવી છે, મર્ડર કરવું છે." મારા મગજમાં સતત આવા જ વિચારો આવતા હતા. વળી કોઈ 'સામાન્ય' ગણાય એવી હત્યા નહોતી કરવી. મારે કોઈની કલ્પનામાં પણ ન આવે એવો અને બધાને ચકાચોંધ કરી દે એવો અપરાધ કરવો હતો. મને ખબર છે કે આવી કલ્પના કરવી એ

છોકરમતની નિશાની હતી, પણ મારે સનસનાટી ફેલાવી દે અને તદ્દન અશક્ય લાગે એવી હત્યા કરવી હતી.

સાથે જ મારે એ ખાસ દયાન રાખવું હતું કે મારે હાથે કોઈ નિર્દોષની હત્યા ન થઈ જાય.

આ વિચારને લીધે જ હું મારી ઇચ્છાને અમલમાં નહોતો મૂકી શક્તો.

એક દિવસ હું એક ડૉક્ટર સાથે વાતો કરતો હતો ત્યાં અચાનક તેમણે કહ્યું, "કેટલીય વાર એવી રીતે હત્યા થાય છે જ્યાં કાનૂન હત્યારાને સજા નથી કરી શક્તો." તેમણે પોતાના એક પેશન્ટની વાત કરતા કહ્યું, "મારા એક હાર્ટ પેશન્ટ મિસ બ્રેડલીનું મૃત્યુ એટલા માટે થયું કે તેમને ઍટેક આવ્યો ત્યારે ત્યાં કામ કરતા હતા તે ***મિસિસ અને મિસ્ટર રોજર્સે*** સમયસર દવા ન લાવી આપી. મિસ બ્રેડલીએ તેમના વીલમાં આ કપલને સારી એવી રકમ મળે તેવી જોગવાઈ કરેલી.

ડૉક્ટરે કહ્યું, "મને ખાતરી છે કે રોજર્સ કપલે જાણી જોઈને આવું કર્યું છતાં એ વાત સાબિત ન થઈ શકે. આવા તો ઘણા કેસ હોય છે જેમાં આ રીતે હત્યા કરનારને કાયદો સજા નથી કરી શક્તો."

અહીંથી મારા વિચારોની શરૂઆત થઈ. મેં નક્કી કર્યું કે હું એક નહી પણ અનેક જણની હત્યા કરીશ. સમગ્ર કામ કોઈ મોટા પ્રોજેક્ટ તરીકે પ્લાન કરીશ. મેં જણાવ્યું એમ નાનપણમાં મને રહસ્ય અને રોમાંચની કથાઓ બહુ ગમતી. મેં એક બાળજોડકણું વાંચેલું તે યાદ આવ્યું, જેમાં દસ સૉલ્જર એક પછી એક કઈ રીતે મૃત્યુ પામે છે તેની વાત હતી. આ જોડકણું મારી યોજનાનો એક ભાગ બની ગયું.

મેં એવી વ્યક્તિઓની શોધ શરૂ કરી દીધી જે કોઈના મૃત્યુનું કારણ બન્યા હોય અને કોર્ટમાં નિર્દોષ છૂટી ગયા હોય. હું એ વિગતમાં નહી ઊતરું કે કઈ રીતે મેં બધી વ્યક્તિઓને જુદી જુદી જગ્યાએથી શોધ્યા. હું જ્યાં જાઉં ત્યાં લોકોને સામાન્ય ભાષામાં પ્રશ્નો પૂછીને માહિતી મેળવતો અને મને ચોંકાવનારી વાતો મળવા લાગી.

હું નર્સિંગ હોમમાં હતો ત્યારે ત્યાંની એક નર્સે મને ***ડૉક્ટર આર્મસ્ટ્રોંગ*** વિષે વાત કરેલી. તે નર્સ દારૂને હાડોહાડ નફરત કરતી હતી. તેણે મને જણાવ્યું, "સાહેબ, શરાબ તો ક્યારેય પીવો ન જોઈએ. વર્ષો પહેલાં હું જે હૉસ્પિટલમાં હતી ત્યાં એક ડૉક્ટર

શરાબના નશામાં ચકચૂર હતા ત્યારે તેમણે એક વૃદ્ધ લેડીનું ઑપરેશન કરેલું અને તે લેડી ઑપરેશન ટેબલ પર જ મૃત્યુ પામેલી. કહો ને કે એ ડૉક્ટરે જ તેની હત્યા કરેલી.”

મેં તેને પૂછ્યું કે આ કઈ હૉસ્પિટલની વાત હતી ત્યારે નર્સે મને તે હૉસ્પિટલનું નામ અને સરનામું આપેલાં. આના ઉપરથી મને ***ડૉક્ટર આર્મસ્ટ્રોંગ*** અને પેશન્ટનાં નામ મળી ગયેલાં.

મારી ક્લબમાં બે રિટાયર્ડ મિલિટરીમેનની વાતો પરથી મને ***જનરલ મૅકઆર્થર*** ના કારનામાં વિષે ખબર પડેલી.

એમેઝોનના જંગલમાંથી પાછા આવેલા એક જણે મને ***ફિલિપ લોમ્બાર્ડે*** કઈ રીતે બાવીસ લોકોને જંગલમાં મરવા માટે છોડી દીધા હતા અને પોતે ભાગી ગયેલો તે વિષે કહેલું.

હું મેજોરકા ટાપુ પર હતો ત્યારે એક મેડમે દાઝપૂર્વક મને રૂઢિચુસ્ત ***મિસ એમિલી બ્રેન્ટ*** અને તેની કમનસીબ મેઇડસર્વન્ટ બિયાટ્રીસ વિષે વાત કરેલી.

રોડ પર બેફામ રીતે કાર ચલાવતા મોતના સોદાગરોના ઘણા કેસ અદાલતમાં આવે છે. આમાંથી મેં ***ટોની મોર્સ્ટન*** ની વાત જાણી. મૃત્યુ પામેલા બાળકો પ્રત્યેનો તેનો તદ્દન લાગણીહીન અને બેજવાબદાર અભિગમ જોઈને મને થયું કે આવા લોકો સમાજ માટે મોટા ખતરારૂપ હોય છે.

માજી-ઇન્સ્પેક્ટર બ્લોર વિષેની માહિતી મને મારી સાથે કામ કરતા લોકો પાસેથી મળેલી. લેન્ડોરના કેસની વિગતો કોર્ટમાં સાંભળવા મળેલી. મારી દૃષ્ટિએ બ્લોરનો આ અપરાધ બહુ ગંભીર હતો કારણકે કાયદાના રક્ષક પોલીસ ઑફિસરમાં પ્રામાણિકતા અને ન્યાય પ્રત્યે નિષ્ઠા હોય તે અત્યંત જરૂરી છે. પોલીસ ઑફિસરનો હોદ્દો એવો છે કે એ જે કાંઈ કહે તે સાચું માનવામાં આવે છે.

છેલ્લે ***વેરા ક્લેથોર્ન*** ની વાત. હું ક્રુઝશીપમાં મુસાફરી કરતો હતો ત્યારે મને હ્યુગો હેમિલ્ટન નામનો દેખાવડો યુવાન મળ્યો. મોડી રાતે તુતક પર અમારા બે સિવાય કોઈ મુસાફરો નહોતા. એ સમયે મને સ્પષ્ટ દેખાતું હતું કે હ્યુગો કોઈ વાતથી પરેશાન હતો અને એ પરેશાની દૂર કરવા એણે શરાબ ઢીંચેલો.

મેં તેની સાથે ઔપચારિક વાતો શરૂ કરી અને થોડીવાર પછી રહસ્યમય હત્યાનો ટોપિક છેડ્યો. હ્યુગોએ બહુ ગુસ્સા સાથે વાત કરી, “તમે સાચું કહો છો સર... મર્ડર કાંઈ ફક્ત ઝેર આપવાથી,

છરો ભોંકી દેવાથી કે પછી ઊંચા ખડક પરથી કોઈને ધક્કો મારવાથી જ નથી થતા.”

તેનો ચહેરો મારા ચહેરાની નજીક લાવીને તે ખુન્નસથી બોલ્યો, “હું એક ખૂની સ્ત્રીને જાણું છું. તેને હું દિલોજાનથી પ્રેમ કરતો હતો અને કદાચ હજુ પણ કરું છું. એના જેવી સુશીલ અને સંસ્કારી સ્ત્રી હત્યા કરે? *માન્યામાં ન આવે એવી વાત છે પણ સાહેબ, એણે હત્યા કરી છે.* એણે એક નાના બાળકને દરિયામાં તરવાનું કહ્યું અને તે ડૂબી ગયો. દુ:ખની વાત એ છે કે એણે આવું એટલા માટે કર્યું કે મને વારસામાં ધન-દૌલત મળે. મેં તો એને ક્યારેય નહોતું કહ્યું કે તું સિરિલને મારા માર્ગમાંથી હટાવી દે.” હ્યુગોની વ્યથા એની આંખોમાં દેખાતી હતી.

મેં એને પૂછ્યું, “તને ખાતરી છે કે તેણે હત્યા કરેલી?”

હ્યુગો જરા શાંત થઈ ગયો અને થોડીવાર પછી બોલ્યો, “હા, મને ખાતરી છે કે તેણે જ આ હત્યા કરેલી. બીજા કોઈને શક નહોતો પડ્યો પણ હું તેની આંખોમાં આ વાત વાંચી શકેલો. એને ખબર હતી કે સિરિલનું મૃત્યુ થાય તો મને વારસામાં ઘણી મિલકત મળવાની હતી, પણ તેને એ ખબર નહોતી કે દુનિયાની કોઈપણ દૌલત કરતા મને સિરિલ વધુ વહાલો હતો. ભલે સાવકો હતો પણ એ મારો નાનો ભાઈ હતો અને મને બેહદ પ્રેમ કરતો હતો. હું પણ એને બહુ ચાહતો હતો.”

આટલી વાત જાણ્યા પછી વેરા વિષે સંપૂર્ણ માહિતી મેળવવાનું સહેલું હતું.

મારે દસમા શિકારની જરૂર હતી અને મને તે મોરિસના રૂપમાં મળી ગયો. મોરિસ એક બદમાશ અને લબાડ માણસ હતો અને નશીલી દવાઓ વેચવાનો ધંધો કરતો હતો. એને કારણે જ મારા મિત્રની યુવાન દીકરી ડ્રગ્સ લેતી થઈ અને એકવીસ વર્ષની ઉંમરે તેણે આપઘાત કર્યો.

આ બધી તપાસ દરમ્યાન મારા મનમાં એક યોજના આકાર લઈ રહી હતી. આ બધાને કઈ રીતે એક જગ્યાએ ભેગા કરીને તેમની સાથે ‘ન્યાય’ કરવો તે લગભગ પાકું થઈ ગયેલું.

મેં અગાઉ જણાવ્યું એમ મારું ઑપરેશન થયેલું અને હું હાર્લે સ્ટ્રીટ પરના એક ડૉક્ટરને તબિયત બતાવવા ગયો. મારા ડૉક્ટરે મને સારી ભાષામાં કહ્યું કે હવે બીજું ઑપરેશન કરવાનો કોઈ અર્થ નથી. મને સત્ય પારખવાની આદત છે માટે મને ખ્યાલ આવી ગયો કે મારો અંતકાળ નજીક છે. મેં ડૉક્ટરને એ ન જણાવ્યું કે હું

લાંબી માંદગી ભોગવીને, પથારીમાં સૂતો સૂતો મારો અંત આવે તેની રાહ નહીં જોઉં. હું તો મૃત્યુ પામતા પહેલા *જીવી* લેવા માગતો હતો!

હવે મેં સોલ્જર ટાપુ પર શું કર્યું તેની વાત.

ટાપુને ખરીદવા માટે મેં મોરિસને મારા એજન્ટ તરીકે રાખેલો અને તેને કહેલું કે મારું નામ કોઈ જગ્યાએ ન આવું જોઈએ. આવી બાબતોમાં મોરિસ ઉસ્તાદ હતો એટલે ટાપુ આસાનીથી ખરીદાઈ ગયો. મેં જેટલા ‘શિકાર’ નક્કી કરેલા તે દરેકને મેં યોગ્ય લાલચ આપીને સોલ્જર ટાપુ પર આવીને વૅકેશન ગાળવા માટે ‘આમંત્રણ’ મોકલી આપ્યું. મારો પ્લાન સો ટકા સફળ થયો. આઠમી ઑગસ્ટે સોલ્જર ટાપુ પર બધા ‘મહેમાનો’ આવી ગયા, જેમાં હું પણ સામેલ હતો!

મેં ટાપુ પર આવતા પહેલા જ મોરિસનો ખાતમો કરી દીધો. તેને કબજિયાતનું દર્દ હતું. મેં તેને એક કેપ્સ્યુલ આપેલી અને રાતે સૂતા પહેલા લેવાનું કહેલું. તે બીજે દિવસે સવારે ઊઠ્યો જ નહીં. મોરિસે મારા વિષે કાંઈ લખાણ કર્યું હોય તેવો ભય નહોતો. એ પોતે બહુ ‘સાવચેત’ હતો ને!

ગ્રામોફોન પરથી આવતો અવાજ અટક્યો ત્યારે બધા હતપ્રભ થઈ ગયેલા. તે વખતે મેં દરેકના ચહેરાનું ઝીણવટથી અવલોકન કરેલું. મારાં વર્ષોના અનુભવના આધારે હું જોઈ શક્યો હતો કે બધા અપરાધી હતા.

મેં નક્કી કરેલું કે જેનો અપરાધ સૌથી ઓછો હોય તેમને પહેલી વિદાય આપવી. જેમણે વધુ ક્રૂર રીતે હત્યા કરેલી તેમને મૃત્યુ આપતા પહેલા હું ડરાવીને માનસિક ત્રાસ આપવા માંગતો હતો.

એન્થની માર્સ્ટન અને મિસિસ રોજર્સનો પહેલો વારો હતો. મોર્સ્ટનમાં રતીભાર નૈતિકતા નહોતી અને તે લાગણીહીન હતો. તેનું મૃત્યુ પળવારમાં થયું. મિસિસ રોજર્સ ઊંઘમાં જ મૃત્યુ પામ્યાં.

હું માનું છું કે મિસિસ રોજર્સે જે કાંઈ કર્યું તે તેમના પતિના કહેવાથી કરેલું.

મારે એ જણાવવાની જરૂર નથી કે આ બંને શાને કારણે મૃત્યુ પામ્યા. પોલીસને હવે એ વાત ખબર પડી ગઈ હશે. મધમાખીઓનો નાશ કરવા માટે પોટેશિયમ સાઇનાઇડ બહુ સહેલાઈથી મળે છે જે મારી પાસે પણ હતું. ગ્રામોફોન પરથી સંભળાયેલા અવાજ બાદ જયારે બધા હતપ્રભ થઈને બેઠા હતા ત્યારે મેં માર્સ્ટનના વ્હીસ્કીના ગ્લાસમાં આસાનીથી સાઇનાઇડ ભેળવી દીધેલું.

મારું દર્દ થોડા મહિના પહેલા વધેલું જેને કારણે ડૉક્ટરે મને ઘેનની દવા આપેલી. મારી પાસે એનો જીવલેણ ડોઝ હતો. મિસિસ રોજર્સ બેહોશ થઈ ગયાં ત્યારે રોજર્સ તેમને માટે બ્રાન્ડી લાવ્યો જે એણે મારી પાસેના ટેબલ પર મૂકી. મેં એમાં ઘેનની દવાનો ઓવરડોઝ ભેળવી દીધો.

જનરલ મૅકઆર્થરને મૃત્યુ સમયે જરાપણ દર્દ નહોતું થયેલું. તેમને તો ખબર પણ નહોતી પડી કે મેં તેમની પાછળ જઈને તેમના માથા પર પ્રહાર કરેલો. અલબત્ત હું ટૅરેસ પરથી તેમની પાસે ગયો ત્યારે મારે બહુ સાવચેતી રાખવી પડેલી પણ કોઈનું દ્યાન મારી પર પડ્યું નહોતું.

મેં ધાર્યું હતું તે રીતે જ આ ‘પાગલ હત્યારા’ની આખા ટાપુ પર તપાસ કરવામાં આવી અને અંતે એ તારણ નીકળ્યું કે સાત જણા સિવાય કોઈ વ્યક્તિ આ ટાપુ પર નથી. આને કારણે બધા એકબીજા પર શક કરવા લાગેલા. આ સમયે મારે એક ‘સાથીદાર’ની જરૂરત હતી અને મેં ડૉક્ટર આર્મસ્ટ્રોંગને પસંદ કર્યા. ડૉક્ટર મને જાણતા હતા અને જરા કાચા કાનના હતા.

આર્મસ્ટ્રોંગને તો સપનામાં પણ ખ્યાલ નહી આવ્યો હોય કે મારા જેવો ‘માનનીય જજ’ એક હત્યારો હોઈ શકે! તેમને લોમ્બાર્ડ પર શંકા હતી અને મેં પણ તેમના વિચાર સાથે સંમતિ દર્શાવી.

મેં આર્મસ્ટ્રોંગને કહ્યું, “મારી પાસે એવો એક પ્લાન છે જેને કારણે આપણે આ હત્યારાને રંગે હાથ પકડી શકીશું.”

“તમે કહો તે રીતે હું એ પ્લાનને સફળ બનાવવામાં સહકાર આપીશ.” આર્મસ્ટ્રોંગે જણાવ્યું.

દરેક રૂમની તલાશી લેવામાં આવેલી પણ હજી દરેક વ્યક્તિની તલાશી લેવાઈ નહોતી.

રોજર્સ વહેલી સવારે લાકડાં કાપતો હતો ત્યારે મેં ધીમે પગલે તેની પાછળ જઈને કુહાડી મારીને તેની હત્યા કરેલી. તેણે આગલી રાતે ડાઇનિંગ રૂમને તાળું મારેલું જેની ચાવી તેના ખીસામાંથી કાઢીને મેં રાખી લીધી.

મેં મોરિસને જણાવેલું કે એ જ્યારે લોમ્બાર્ડને લખે ત્યારે જણાવે કે ‘કપરી’ પરિસ્થિતિનો સામનો કરવો પડશે. આથી મને ખબર હતી કે લોમ્બાર્ડ રિવૉલ્વર લઈને આવશે. બધા જ્યારે રોજર્સની હત્યા વિષે વાતો કરતા હતા ત્યારે હું લોમ્બાર્ડના રૂમમાં પહોંચી ગયો અને ડ્રેસિંગ ટેબલના ડ્રોઅરમાંથી મેં રિવૉલ્વર લઈ લીધી.

બ્રેકફાસ્ટ કરતી વખતે મેં મિસ બ્રેન્ટનો કૉફીનો કપ ફરીવાર ભર્યો ત્યારે મારી પાસે બાકી રહેલી ઘેનની દવાનો ડોઝ તેમાં ભેળવી દીધો. બધાં બહાર ગયાં ત્યારે એમિલી બ્રેન્ટ ડાઇનિંગ રૂમમાં બેસી રહેલાં. થોડીવાર પછી મેં ડાઇનિંગ રૂમમાં જઈને તેમને સાઇનાઇડનું ઇન્જેક્શન આપી દીધું. તે વખતે મેં બારી ઉપર મધમાખી મૂકેલી તે બાલિશતા હતી પણ મને જોડકણા પ્રમાણે કામ કરવું ગમતું હતું!

મિસ બ્રેન્ટના મૃત્યુ બાદ મેં પોતે સૂચન કર્યું કે બધા પોતાની તલાશી કરાવે. મારી પાસે સાઇનાઇડ કે ઘેનની દવા હતાં નહીં અને મેં રિવૉલ્વર સંતાડી દીધેલી.

બધાની તલાશી લેવાઈ ગઈ પછી મેં આર્મસ્ટ્રોંગને એક તરફ લઈ જઈને કહ્યું, "હવે સમય આવી ગયો છે કે આપણે હત્યારાને પકડવા એક પ્લાન કરીએ."

તેણે ઉત્સુકતાથી પૂછ્યું, "શું કરવું જોઈએ?"

મેં એને જણાવ્યું, "આપણે એવું દેખાડીએ કે મારી હત્યા થઈ ગઈ છે. આને કારણે ખૂની જરા વિચારમાં પડી જશે. વળી ફાયદો એ થશે કે એકવાર હું 'મૃત્યુ પામ્યો' છું એવું બધા માનશે પછી હું ઘરમાં છૂટથી હરીફરી શકીશ."

આર્મસ્ટ્રોંગ થોડીવાર મારી સામે આશ્ચર્યથી જોઈ રહ્યો પછી બોલ્યો, "મસ્ત આઇડિયા છે!"

તે સાંજે જ અમે આ 'નાટક' સફળતાથી ભજવ્યું. મેં ખભાની આસપાસ લાલ પડદો વીંટાળ્યો, માથા પર ઉનની વિગ પહેરી અને કપાળ પર લાલ માટીનો પોપડો લગાડ્યો. આ અગાઉ મેં મિસ ક્લેથોર્નના રૂમમાં સિલિંગ પરથી દરિયાની લીલ લટકાવીને રાખેલી. તેણે રૂમમાં જઈને મોટેથી ચીસો પાડી એટલે બધા તેના રૂમ તરફ દોડ્યા. આ બાજુ હું ખુરશી પર પોઝ લઈને બેસી ગયો.

જ્યારે બધાએ મને આ 'વેશ'માં ખુરશી પર બેઠેલો જોયો ત્યારે તેમને એમ જ લાગ્યું કે મારી હત્યા થઈ છે કારણ કે મીણબત્તીનો પ્રકાશ બહુ ઝાંખો હતો. વળી મારી પાસે આવીને 'તપાસ કરનાર' મારો 'વિશ્વાસુ' ડૉક્ટર આર્મસ્ટ્રોંગ જ હતો.

આર્મસ્ટ્રોંગે પોતાનો 'રોલ' અફલાતુન રીતે ભજવ્યો. બધાં મને ઊંચકીને મારા રૂમમાં લઈ ગયા અને મારા 'મૃતદેહ' ને પલંગ પર સુવાડ્યો. હું જોઈ શકતો હતો કે મારા વિષે કોઈને પરવા નહોતી. બધા એકદમ ભયભીત હતા અને એકબીજાથી ડરતા હતા.

તે રાતે પોણા બે વાગે મેં આર્મસ્ટ્રોંગને ઘરની બહાર મળવા બોલાવ્યો. અમે બંને ઘરની પાછળ આવેલા ઊંચા ખડક પર ગયા. મેં

એને કહ્યું, "અહીંથી આપણે કોઈ આવતું હશે તો જોઈ શકીશું. જયારે ઘરમાંથી આપણને કોઈ જોઈ નહીં શકે કારણકે બધી બારીઓ પેલી તરફ છે."

આર્મસ્ટ્રોંગને હજુ કોઈપણ જાતનો શક નહોતો કે મારા મનમાં શું ચાલી રહ્યું છે. એને જો બાળજોડકણાની કડી યાદ હોત તો જરૂર તેના મનમાં સંદેહ આવત.

ચાર નાના સિપાહી દરિયે ફરવા ગયા
એકને ભરખ્યો માછલીએ, હવે ત્રણ રહ્યા

અત્યારે અમે દરિયે 'ફરવા' જ નીકળ્યાં હતાં ને! મેં ખડકની ધાર પર નમીને આશ્ચર્ય સાથે કહ્યું, "અરે! જો, અહીં એક ગુફા જેવું કાંઈક દેખાય છે, જો!"

આર્મસ્ટ્રોંગ ખડક પર નમીને જોવા ગયો ત્યારે મેં એને જોરદાર ધક્કો મારીને દરિયામાં ધકેલી દીધો. પળવારમાં એ તોફાની દરિયાનાં ઊછળતા મોજાંમાં ગરકાવ થઈ ગયો.

હું ઘરમાં પાછો આવ્યો અને આર્મસ્ટ્રોંગના રૂમમાં ગયો. બ્લોરે મારો પગરવ સાંભળેલો. થોડીવાર પછી હું આર્મસ્ટ્રોંગના રૂમમાંથી બહાર નીકળ્યો અને આ વખતે જાણી જોઈને હું પગ પછાડતો ચાલ્યો જેથી મારા ચાલવાનો અવાજ સંભળાય. હું છેલ્લું પગથિયું ઉતર્યો ત્યારે મેં એક બારણું ખૂલવાનો અવાજ સાંભળ્યો. હું ઘરની બહાર નીકળ્યો ત્યારે મને કોઈએ ઉપરના માળથી જોયો હોય એવું લાગ્યું.

ઘર ફરતું ચક્કર મારીને હું ડાઇનિંગ રૂમની બારી પાસે ગયો જેને મેં બહાર જતા પહેલાં ખોલી નાખેલી. હવે તે બારી બંધ કરીને મેં તેનો એક કાચ તોડી નાખ્યો અને મારા બેડરૂમમાં જઈને સૂઈ ગયો. મેં ધારેલું કે બધાં ફરીવાર ઘરની તલાશી લેશે પણ મને ખાતરી હતી કે કોઈ મૃતદેહને ધ્યાનથી નહીં જુએ. બહુ બહુ તો ચાદર હટાવીને જોઈ લેશે કે આર્મસ્ટ્રોંગ તો કોઈના મૃતદેહની જગ્યાએ નથી સૂઈ ગયો ને? મેં ધાર્યું હતું તેમજ થયું.

હા, હું જણાવતા ભૂલી ગયો કે મેં રિવૉલ્વરને લોમ્બાર્ડના ટેબલમાં પાછી મૂકી દીધેલી. કોઈને સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે બધાની તલાશી લેવામાં આવી ત્યારે એ રિવૉલ્વર ક્યાં હતી? તો એનો જવાબ છે કે કબાટમાં જે વાનગીઓના ટીન ગોઠવેલાં હતાં એમાંનું સૌથી નીચેનું ટીન ખોલીને એમાં મેં એ રિવૉલ્વર મૂકી દીધેલી અને ટીન પર ફરીવાર સેલોટેપ લગાવી દીધેલી. મને ખાતરી હતી કે રિવૉલ્વરને શોધવા માટે વાનગીઓના 'સીલ' કરેલા ટીન કોઈ નહીં

ખોલે. મારો 'વેશ' ભજવવામાં મેં જે લાલ પડદાનો અને ઉનની વિગનો ઉપયોગ કરેલો તેને ખુરશીના કવરમાં કાણું પાડીને મેં સંતાડી દીધેલાં.

હું જે સમયની રાહ જોતો હતો તે આવી ગયો હતો. બચેલા ત્રણેય જણા એ વિચારથી બહુ ભયભીત હતા કે 'હવે શું થશે'. તે એકબીજાથી ડરતા હતા કારણ કે લોમ્બાર્ડ પાસે રિવૉલ્વર હતી.

હું ત્રણેયને બારીમાંથી જોયા કરતો હતો. જ્યારે બ્લોર એકલો ટૅરેસ પર આવ્યો ત્યારે મેં તેની પર આરસનું ભારે પૂતળું ફેંકીને *બ્લોરના રામ રમાડી દીધા.*

મેં મારી બારીમાંથી જોયું કે વેરાએ લોમ્બાર્ડની ગોળી મારીને હત્યા કરી. તે સાહસિક અને ચાલાક સ્ત્રી હતી અને લોમ્બાર્ડને પહોંચી વળે તેવી હતી. આખરે તેમ જ થયું. લોમ્બાર્ડનો અંત આવ્યો કે તરત મેં વેરાના રૂમમાં જઈને આખું 'સ્ટેજ' તૈયાર કર્યું.

હું વિચારતો હતો કે વેરા, જેણે લોમ્બાર્ડની હત્યા કરી છે, પોતાના અપરાધને કારણે ટૅન્શનમાં આવીને આત્મહત્યા કરી લેશે. મેં તેનું ટૅન્શન વધારવા તેના રૂમમાં ફાંસીનો ફંદો તૈયાર કરેલો અને તેની નીચે ખુરશી મૂકેલી. મારી ધારણા સાચી પડી અને વેરાએ મારી નજર સામે ફાંસીએ લટકી જઈને આત્મહત્યા કરી.

વેરાએ હડસેલી દીધેલી ખુરશી ઉપાડીને મેં દીવાલ પાસે મૂકી. ત્યારબાદ મેં રિવૉલ્વરની તપાસ કરી જે મને દાદર પાસે મળી આવી. તેના ઉપર વેરાના ફિંગરપ્રિન્ટ્સ હતાં.

હવે શું બાકી રહ્યું?

હવે હું આ લખાણ પૂરું કરીશ, તેને કાચની બૉટલમાં સીલ કરીશ અને તે બૉટલને દરિયામાં વહાવી દઈશ.

કોઈ પૂછે કે મેં આ બધું શા માટે કર્યું? તો મારો જવાબ છે કે હું 'અપરાધશાસ્ત્રનો એક કલાકાર છું' અને મારે એવી રહસ્યકથાની રચના કરવી હતી જેને કોઈ ઉકેલી ન શકે. પરંતુ બધા જાણે છે કે કોઈ કલાકાર ફક્ત પોતાની રચનાથી સંતોષ નથી પામતો. તેને તેની કલાને માન્યતા મળે અને તેની કદર થાય તેવી સ્વાભાવિક, અદમ્ય ઇચ્છા હોય છે. મને પણ એવી જ ઇચ્છા છે કે કોઈને ખબર પડવી જોઈએ કે મેં કેટલી ચાલાકીથી આ રહસ્યકથાની રચના કરી છે.

હું એવું ઇચ્છું છું કે સોલ્જર ટાપુ પર થયેલી હત્યાઓનું રહસ્ય ક્યારેય ન ઉકેલાય. એ શક્ય છે કે પોલીસ મારા ધાર્યા કરતા વધુ

બાહોશ સાબિત થાય. ત્રણ કડી એવી છે કે જેનાથી પોલીસને આ રહસ્ય ઉકેલવામાં મદદ મળે.

એક, એ સાબિત થઈ ગયું છે કે એડવર્ડ સેટોન ગુનેગાર હતો. એટલા માટે ટાપુ પરના દસમાંથી એક જણ ખૂની નહોતો. એડવર્ડ સેટોનના મૃત્યુ માટે તે જવાબદાર નહોતો. તેની ઉપર ખોટું તહોમત લગાવવામાં આવેલું. આના ઉપરથી એ અનુમાન થઈ શકે કે એ જ વ્યક્તિ આ પાગલ હત્યારો હોઈ શકે.

બીજું, બાળજોડકણાની આઠમી લાઇનમાં છે કે `એક ધ્યાન ચૂક્યો, હવે ત્રણ રહ્યા' એનો અર્થ એમ કે આર્મસ્ટ્રોંગ કોઈ કારણસર ધ્યાન ચૂક્યો અને મૃત્યુ પામ્યો. તેનું ધ્યાન કોણે ચૂકવ્યું? એ વિષે વિચાર કરવામાં આવે તો મારું નામ આવી શકે.

ત્રીજી કડી એ છે કે મારું 'મૃત્યુ' થયું ત્યારે મારા કપાળ પર ગોળીનું નિશાન હતું. આને કેઈનના કપાળ પર લાગેલા નિશાન સાથે સરખાવી શકાય. બાઇબલની કથા મુજબ આદમ અને ઈવના મોટા દીકરા કેઈને પોતાના ભાઈ એબેલની હત્યા કરેલી ત્યારે ભગવાને તેના કપાળ પર આવું નિશાન કરેલું જેથી બધા જાણે કે એ એક હત્યારો છે.

મારે વધુ કાંઈ કહેવાનું નથી. આ લખાણને કાચની બૉટલમાં મૂકી દરિયામાં વહાવી દઈને હું મારા રૂમમાં આવીશ. મારા ચશ્માંની દાંડીમાં એક ઇલાસ્ટીકની દોરી છે. હું ચશ્માં પર સૂઈને ઇલાસ્ટીકનો એક છેડો બારણાના હેન્ડલમાંથી કાઢીને રિવૉલ્વર સાથે બાંધીશ. ત્યારબાદ મારા હાથરૂમાલથી રિવૉલ્વર પકડી, તેને મારા લમણા પર તાકીને હું ટ્રીગર દબાવીશ. ગોળી વાગતાની સાથે જ મારા હાથમાંથી રિવૉલ્વર છટકી જશે અને ઇલાસ્ટીકને કારણે ખેંચાઈને બારણાના હેન્ડલ સાથે અથડાઈને નીચે પડશે. ઇલાસ્ટીક સંકોચાઈને પાછું મારા શરીર નીચે દબાયેલા ચશ્માંની દાંડી પર આવી જશે. મારો હાથરૂમાલ ફર્શ પર પડ્યો હશે જેની ઉપર કદાચ કોઈનું ધ્યાન પણ નહી જાય.

મારા પલંગ પર મારો મૃતદેહ મળશે ત્યારે વેરાએ અને બ્લોરે લખ્યું છે એ પ્રમાણે જ મારી હત્યા કપાળમાં ગોળી મારીને હત્યા કરવામાં આવી છે તેવું દેખાશે. કોઈ કહી નહી શકે કે મારું મૃત્યુ સૌથી છેલ્લે થયેલું કારણકે જયારે અમારા બધાના શરીરની તપાસ થશે ત્યારે કોનું મૃત્યુ કયા સમયે થયું તે કહેવું અશક્ય હશે.

દરિયો શાંત થશે ત્યારે સ્ટીકલહેવનથી મોટરબોટમાં લોકો આવશે. તેમને સોલ્જર ટાપુ પર દસ મૃતદેહો મળશે. એ રહસ્ય

કોઈ નહી પામી શકે કે કોણે આ હત્યાકાંડ કર્યો. મારા જીવનની આ સૌથી મોટી સફળતા છે.

– ***લોરેન્સ વોરગ્રેવ***